# संस्कृतमार्गोपदेशिका

( ગુજરાતી )

શ્રી સરલ સંસ્કૃત પાઠમાલાની સુધારેલી પૂર્તિ સાથે

-: લેખક :-

ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર

એમ.એ, એલ એલ ડી, પી.એચ.ડી., કે.સી.એસ.આઈ., ઈ.ઈ.

# સંસ્કૃતમાર્ગોપદેશિકા


લેખક

સ્વ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર

એમ એ. એલએલ. ડી., પીએચ. ડી. કે. સી. એસ. આઈ., ઈ. ઈ.

સંશોધક

શ્રીધર રામકૃષ્ણ ભાંડારકર એમ. એ.

ગુજરાતી ભાષાંતર રચનાર

મલ્હાર ભિકાજી બેલસરે,

માજી વાઈસ પ્રિન્સિપાલ-ગુજરાત ટ્રેનિંગ કૉલેજ,

અમદાવાદ



-: પ્રકાશક :-

જયંત બુક ડીપો

૧૦૬/૨, ગાંધીમાર્ગ,

અમદાવાદ-૧

સતાવીસમી આવૃત્તિ
સં. ૨૦૪૦

*

સને ૧૯૮૪
પ્રત ૨૦૦૦

Printed by Ajanta Offset Works,
Behind Calico Mills, Bahermpura,
Ahmedabad - Pin. 380022
Phone : 391087, 392618
and
Published by S. N. Shah
Jayant Book Depot
106/2, Gandhi Road,
Ahmedabad. Phone : 366621

[ આ પુસ્તકના સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે. ]

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના (સાર)

**डॉक्टर रामकृष्ण गोपाल भांडारकरनी मार्गोपदेशिका** વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવામાં હાલ ઘણી ઉપયોગી છે. એની પદ્ધતિ અને રચના સર્વત્ર પ્રતિષ્ઠા પામી છે. તેના અભ્યાસથી વિદ્યાર્થીઓ એકેક પગલું આગળ વધીને, ટૂંકી મુદતમાં સંસ્કૃત જેવી નષ્ટ–જીવન પણ પ્રૌઢ ભાષામાં વ્યુત્પન્ન બની, ગીર્વાણવિદ્યાભંડારના અધિકારી થાય છે.

**मार्गोपदेशिका**ની સરણીનો લાભ ગુજરાતી વિદ્યાર્થીઓ લઈ શકે એવા હેતુથી રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ બી. એ. તરફથી આગળ એનો ગુજરાતી તરજુમો પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો, તેની નકલો ખપી ગયાથી, ફરી છપાવવાની જરૂર જોઈ, **डॉक्टर**ની રજાથી આ નવી આવૃત્તિ તૈયાર કરી છે.

પહેલાંની આવૃત્તિ રા. રા. કેશવલાલે ઘણો શ્રમ લઈ બનાવેલી હતી, તેથી આ નવી આવૃત્તિમાં થોડો જ ફેરફાર કરવો પડ્યો છે. ફક્ત કેટલાંએક દુર્બોધ સ્થળોમાં સુગમતા લાવવાનો યત્ન કર્યો છે.

હાલના વખતના કેળવણીના વધારાનો લાભ લઈને વિદ્યાર્થીઓનો શ્રમ ઓછો કરવાનો પ્રયત્ન કરીએ તો "घन" શબ્દનો અર્થ આપવાની જરૂર નથી. સંસ્કૃત ભાષામાં શબ્દની જે જાતિ હોય તે જ જાતિ એની ગુજરાતીમાં પણ હોય છે એવો નિયમ સામાન્ય છે. એને અપવાદ છે ખરા, પણ એ ઘણા થોડા છે. તેથી અપવાદનાં સ્થળોમાં જ સંસ્કૃત શબ્દોની જાતિ કહેવાની જરૂર છે; બાકીના શબ્દોની જાતિ પણ કહેવાની જરૂર નથી. તેમજ "बुध्" ધાતુનો "બોધ થવો" એવું કહેવાથી સંસ્કૃત શીખવું એમાં કાંઈ નવું નથી એવું જાણીને વિદ્યાર્થીઓને હિંમત આવે અને એઓ ઉત્સાહથી સંસ્કૃત શીખે—એટલી જ અસર આ આવૃત્તિથી થાય તો એ પણ એક મોટો લાભ જ છે.

સંસ્કૃતની વાક્યરચના ગુજરાતીમાં આવેલી છે, તેથી ગુજરાતી વાક્યોનું સંસ્કૃતમાં ભાષાંતર કરવું ઘણું સુગમ છે. તેથી સુગમતા લાવવા સારુ ગુજરાતીની અપ્રસિદ્ધ વાક્યરચનાનો ઉપયોગ કરીએ તો તેથી એવાં વાક્યો આધુનિક રૂઢ ભાષા વાંચનારની નજરે અયોગ્ય દેખાય. ગુજરાતીમાં સામાન્ય રીતે ભૂતકાળમાં સકર્મક ક્રિયાપદનો કર્તરિ પ્રયોગ થતો નથી. એવાં વાક્યોમાં કર્તા ત્રીજી વિભક્તિમાં આવે છે; પણ સંસ્કૃતમાં

એવાં વાક્યોમાં કર્તરિ પ્રયોગ થાય છે. અને વળી જુદો કર્મણિ પ્રયોગ પણ થાય છે. એવાં વાક્યો—રામે રાવણને જીત્યો, ઇ૦—ફેરવીને, "રામ રાવણને જીતતો હતો" ઇ૦ શુદ્ધ પણ અપ્રસિદ્ધ પ્રયોગમાં લખ્યાથી ગુજરાતીની વાક્યરચના તે જ સંસ્કૃતની પણ છે એ તત્ત્વનું દઢીકરણ થાય છે. તેમજ સંસ્કૃતમાં પ્રથમ પુરુષમાં તથા તૃતીય પુરુષમાં આજ્ઞાર્થ થાય છે અને ગુજરાતીમાં સાધારણ રીત થતો નથી, પણ કેટલીએક વખતે થાય છે ખરો; એનો લાભ વિદ્યાર્થીઓને આપવા સારુ "ઈશ્વર રાણીનું કલ્યાણ કરો" એવો પ્રયોગ સામાન્ય રીતે વાપરી શકાય. હવે વિધ્યર્થમાં ગુજરાતી વાક્યોનો કોઇ પણ પ્રકારે કર્તરિ પ્રયોગ થતો નથી એ નિરુપાયની વાત છે; એવે ઠેકાણે કર્મણિ પ્રયોગ જ વાપરવો પડે છે.

**मार्गोपदेशिका**ની પદ્ધતિ પ્રમાણે જે ઠેકાણે જે નિયમની જરૂર દેખાઇ તે ઠેકાણે તે નિયમ દાખલ કર્યો છે. તથા **व्याकरण**નાં જુદાં જુદાં **प्रकरण** બતાવવા સારુ મૂળ પુસ્તકના **૧૨ भाग** સ્પષ્ટ રીતે દર્શાવ્યા છે.

અમદાવાદ
ઑક્ટોબર, ૧૮૯૫

મ. ભિ. બેલસરે

# ચોવીસમી આવૃત્તિની પ્રસ્તાવના

સંસ્કૃત ભાષાના શરુઆતના અભ્યાસો માટે અત્યન્ત ઉપયોગી એવી આ સ્વ. સર ડૉ. ભાંડારકરની સંસ્કૃતમાર્ગોપદેશિકાના ગુજરાતી ભાષાન્તરનાં પ્રૂફો સુધારવાનું કામ અમારા હાથમાં આવ્યું ત્યારબાદ અમે કૂઝ પણ આવશ્યક ઉમેરા કર્યા છે. આ આવૃત્તિની પ્રસ્તાવનામાં અમે અમારા સંસ્કૃત ભણાવવાના અનુભવને આધારે એક અમુક પ્રકાર રજુ કરવા માગિયે છિયે. તે પ્રકાર સંસ્કૃત ભણાવવાનું કાર્ય અને તેને લઇ સંસ્કૃત ભણવાનું કાર્ય સરલ બનાવશે. **સંસ્કૃત એ વ્યવહારભાષા નથી, પરન્તુ સાહિત્યાસ્વાદભાષા** છે. સંસ્કૃતમાં બોલી કે લખી શકે એ સાધારણ જનતા માટે અત્યારે જરૂરનું નથી. સંસ્કૃતમાં બોલવું અને લખવું એ સંસ્કૃતનો રક્ષકવર્ગ જે સંસ્કૃત શિક્ષકો છે તેને માટે આવશ્યક છે, બીજા માટે નહિ. બીજાઓ માટે તો તેઓ સંસ્કૃત સમજી શકે એટલું જ પર્યાપ્ત છે. **સંસ્કૃત સમજવું ઘણું સહેલું છે; સંસ્કૃતમાં બોલવું અને લખવું અઘરૂં છે.** પરન્તુ આ નિયમ તો દરેક ભાષા માટે એકસરખો છે. કુદરતનો ક્રમ પણ એ જ છેઃ **બચ્ચું પહેલું સમજતાં શીખે છે.** સંસ્કૃત શિખવવામાં પણ

આ જ ક્રમનું અનુસરણ કરવામાં આવે તો કામ ઘણું સહેલું થઇ જાય. અત્યારે તો સમજવું, લખવું, બોલવું બધું એકી સાથે શિખવવામાં આવે છે. વિદ્યાર્થીને તે અઘરું પડે છે અને પરિણામે તે સંસ્કૃત તરફ દુર્લક્ષ્ય આપતો થઇ જાય છે. શિક્ષકોનો સમગ્ર પ્રયત્ન આ રીતે એળે જાય છે. આને બદલે પહેલાં છોકરો સંસ્કૃત સમજતો જ થાય એટલું જ તેના ઉપર ધ્યાન અપાય તો શિક્ષક તેમ શિષ્ય બન્નેનું કામ ઘણું જ સહેલું થઇ પડે. આ વાત કલ્પનાથી નહિ, પરન્તુ અનુભવથી લખી છે. આ પ્રકારની વિસ્તૃત વિગત આ પ્રમાણે છે. સ્વતઃકરણ કરતાં અનુકરણ સહેલું છે. માટે નિયમાનુસાર રૂપસિદ્ધિની માથાકૂટમાં ન નાખતાં નમુનાનાં રૂપો તૈયાર કરાવવાં અને તેના ગુજરાતી અર્થો તૈયાર કરાવવા. ત્યારબાદ તે નમુનાનાં રૂપો સાથે સરખાવી બીજા શબ્દોનાં રૂપો ઓળખતાં શિખવવું અને રૂપો ઓળખતાં શીખે એટલે તેમનું ગુજરાતી કરતાં શિખવવું. આટલું આવડયું; પછી સન્ધિ છૂટી પાડવવાનો ખૂબ અભ્યાસ કરાવવો. સન્ધિના નિયમોની ઝીણવટમાં ન પડવું. અઃ નો ક્યાંક ઓ થાય છે; ક્યાંક વિસર્ગ ઊડી જાય છે; ક્યાંક વિસર્ગનો ર્ થાય છે એમ શિખવવું. ક્યાં અને શા માટે તેની માથાકૂટમાં ન પડવું. પછી ગદ્યક્રમ, કર્તા, કર્મ, ક્રિયાપદ એ ક્રમ અનુસાર ગોઠવતાં શિખવવું. આ આવડયું એટલે સંસ્કૃત સમજવું એ એક રમત જેવું થઇ પડશે. શરુઆતમાં તો આખી માર્ગોપદેશિકા આ રીતે જ શિખવવી. બીજા આવર્તનમાં કેવલ સંસ્કૃતમાં રસ લેતા હોશિયાર છોકરાઓને ગુજરાતીનું સંસ્કૃત કરવાનું બતાવવું. બાકીના ઉપર આ ભાર ન લાદવો. શિક્ષકભાઇઓને અમારી નમ્ર વિનંતી છે કે આ પ્રકાર સ્વીકારી પોતપોતાના અનુભવથી અમને વાકેફ કરે એટલે અમે આગળ ઉપર તેનો ઉપયોગ કરી વધારે સારો પ્રકાર જગત આગળ રજુ કરી શકિયે.

નાગરદાસ કાશીરામ બાંભણિયા
પ્રિન્સિપાલ, બ. વા. સંસ્કૃત પાઠશાળા

તા. ૧–૨–૫૪
અમદાવાદ

કેશવરામ કાશીરામ શાસ્ત્રી
પ્રાધ્યાપક, શ્રી ભો. જે. વિદ્યાભવન,
ગુજરાત વિદ્યાસભા

# અનુક્રમણિકા


| પાઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | અક્ષર ... ... ... ... ... ... | ૧ |
| | **ભાગ ૧ લો** | |
| ૧ | ક્રિયાપદ: વર્તમાનકાળ પરસ્મૈપદ–એકવચન ... ... | ૪ |
| ૨ | ,, ,, ,, –બહુવચન ... ... | ૬ |
| ૩ | ,, ,, ,, –દ્વિવચન ... ... | ૮ |
| ૪ | ,, ,, ,, –સમગ્ર ... ... ... | ૧૦ |
| | સારાંશ તથા સવાલ ... ... ... ... ... | ૧૧ |
| | ઉપસર્ગ ... ... ... ... ... ... | ૧૩ |
| | **ભાગ ૨ જો** | |
| ૫ | નામ અકારાંત (પુંલિંગ તથા નપુંસકલિંગ) પ્રથમા વિભક્તિ ... | ૧૪ |
| | ,, ઇકારાંત ( ,, ,, ) ,, ... | ૧૬ |
| ૬ | ,, અકારાંત ( ,, ,, ) દ્વિતીયા ,, ... | ૧૮ |
| | ,, ઇકારાંત ( ,, ,, ) ,, ,, ... | ૨૦ |
| ૭ | ,, અકારાંત ને ઇકારાંત ( ,, ,, ) તૃતીયા ,, ... | ૨૨ |
| ૮ | ,, ,, ,, ( ,, ,, ) ચતુર્થી, પંચમી ... | ૨૫ |
| ૯ | ,, ,, ,, ( ,, ,, ) ષષ્ઠી, સપ્તમી, અને સંબોધન | ૨૯ |
| | સારાંશ તથા સવાલ ... ... ... ... ... | ૩૩ |
| | અવ્યય ... ... ... ... ... ... | ૩૫ |
| | **ભાગ ૩ જો** | |
| ૧૦ | વર્તમાનકાળ: આત્મનેપદ–એકવચન ... ... ... | ૩૬ |
| ૧૧ | ,, ,, દ્વિવચન અને બહુવચન ... ... | ૩૯ |
| | **ભાગ ૪ થો** | |
| ૧૨ | કર્મણિરૂપ અને ભાવેરૂપ ... ... ... ... | ૪૨ |
| | સારાંશ તથા સવાલ ... ... ... ... ... | ૪૫ |

| પાઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **ભાગ ૫ મો** | |
| ૧૩ | આકારાંત અને ઈકારાંત સ્ત્રીલિંગ નામોઃ પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ | ૪૭ |
| ૧૪ | ,, ,, તૃતીયા, ચતુર્થી, અને પંચમી ... | ૫૦ |
| ૧૫ | ,, ,, ષષ્ઠી, સપ્તમી, અને સંબોધન ... | ૫૩ |
| | સારાંશ તથા સવાલ ... ... ... ... ... | ૫૬ |
| | **ભાગ ૬ ઠ્ઠો** | |
| ૧૬ | હ્યસ્તન ભૂતકાળ : પરસ્મૈપદ—એકવચન અને દ્વિવચન ... | ૫૭ |
| ૧૭ | ,, ,, બહુવચન તથા આત્મનેપદ— એકવચન | ૬૦ |
| ૧૮ | ,, આત્મનેપદ—દ્વિવચન અને બહુવચન ... | ૬૨ |
| | સારાંશ તથા સવાલ ... ... ... ... ... | ૬૫ |
| | **ભાગ ૭ મો** | |
| ૧૯ | ઉકારાંત અને ઋકારાંત પુંલિંગ તથા નપુંસકલિંગ નામોઃ પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, અને ચતુર્થી વિભક્તિ ... ... | ૬૬ |
| ૨૦ | ઉકારાંત અને ઋકારાંત પુંલિંગ તથા નપુંસકલિંગ નામોઃ પંચમી, ષષ્ઠી, સપ્તમી અને સંબોધન | ૭૧ |
| | સવાલ ... ... ... ... ... ... | ૭૫ |
| ૨૧ | ઊકારાંત, ઉકારાંત, ઋકારાંત અને ઋકારાંત સ્ત્રીલિંગ નામોઃ | ૭૫ |
| | સવાલ ... ... ... ... ... ... | ૮૦ |
| | **ભાગ ૮ મો** | |
| ૨૨ | આજ્ઞાર્થ : પરસ્મૈપદ ... ... ... ... ... | ૮૧ |
| ૨૩ | ,, આત્મનેપદ ... ... ... ... | ૮૩ |
| | સવાલ ... ... ... ... ... ... | ૮૫ |
| | **ભાગ ૯ મો** | |
| ૨૪ | કેટલાંક બહુ ઉપયોગી કૃદંત ... ... ... ... | ૮૬ |
| | સવાલ ... ... ... ... ... ... | ૯૧ |
| | **ભાગ ૧૦ મો** | |
| ૨૫ | વ્યંજનાંત નામઃ ચ્, ત્, દ્, વત્, મત્ અંતવાળાં નામ ... | ૯૨ |
| | સવાલ ... ... ... ... ... ... | ૯૯ |

| પાઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૬ | „ अन्, इन् અંતવાળાં નામ ... ... ... | ૯૯ |
| | સવાલ ... ... ... ... ... | ૧૦૬ |
| ૨૭ | „ स्, वस्, ને ईयस् અથવા यस् અંતવાળાં નામ ... | ૧૦૬ |
| | **ભાગ ૧૧ મો** | |
| ૨૮ | વિધ્યર્થ ... ... ... ... ... | ૧૧૩ |
| | સવાલ ... ... ... ... ... | ૧૧૮ |
| | **ભાગ ૧૨ મો** | |
| ૨૯ | સર્વનામ ... ... ... ... ... | ૧૧૯ |
| | સવાલ ... ... ... ... ... | ૧૨૫ |
| ૩૦ | પહેલા અને બીજા પુરુષનાં સર્વનામ ... ... | ૧૨૫ |
| ૩૧ | अदस् ને इदम्नां રૂપ ... ... ... | ૧૨૯ |
| | સવાલ ... ... ... ... ... | ૧૩૪ |
| | **પ્રકીર્ણ** | |
| ૩૨ | સુભાષિત–સંદોહ ... ... ... ... | ૧૩૫ |
| | પરિશિષ્ટ–સંધિ–નિયમો ... ... ... | ૧૩૮ |
| | –વાક્યરચના ... ... ... ... | ૧૪૪ |
| | સંસ્કૃત–ગુજરાતી શબ્દકોશ ... ... ... | ૧૪૫ |
| | ગુજરાતી–સંસ્કૃત „ ... ... ... ... | ૧૭૯ |


## વર્ણસંકેત

| | | | |
|---|---|---|---|
| આ., આત્મને. | આત્મનેપદી | પ., પરસ્મૈ. | પરસ્મૈપદી |
| ઉપ. | ઉપસર્ગ | પં. | પંચમી |
| ઉભય. | ઉભયપદી | પું. | પુંલિંગ |
| એક. વ. | એકવચન | પ્ર. | પ્રથમા |
| કર્મણિ | કર્મણિરૂપ | બ. વ., બહુ. | બહુવચન |
| ગ. | ગણ | ભૂ. કૃ. | કર્મણિભૂતકૃદંત |
| ચ. | ચતુર્થી | વ. કૃ. | કર્તરિવર્તમાનકૃદંત |
| તૃ. | તૃતીયા | વિશે. | વિશેષણ |
| ત્રિ. | ત્રિલિંગ | ષ. | ષષ્ઠી |
| દ્વિ. | દ્વિતીયા | સ. | સપ્તમી |
| | | સં. | સંબોધન |
| દ્વિ. વ. | દ્વિવચન | સર્વ. | સર્વનામ |
| ન., નપું. | નપુંસકલિંગ | સ્ત્રી. | સ્ત્રીલિંગ |

# સંસ્કૃતમાર્ગોપદેશિકા

## અક્ષર

### સ્વર

अ અ, आ આ, इ ઇ, ई ઈ, उ ઉ, ऊ ઊ, ऋ* ઋ,
ॠ* ૠ, ऌ* ઌ, ए એ, ऐ ઐ, ओ ઓ, औ ઔ,

ં અનુસ્વાર    ઃ વિસર્ગ

### વ્યંજન

કંઠ્ય .. क् ક્, ख् ખ્, ग् ગ્, घ् ઘ્, ङ्* ઙ્;
તાલવ્ય . च् ચ્, छ् છ્, ज् જ્, झ् ઝ્, ञ् ઞ્;
મૂર્ધન્ય . ट् ટ્, ठ् ઠ્, ड् ડ્, ढ् ઢ્, ण् ણ્;
દંત્ય .. त् ત્, थ् થ્, द् દ્, ध् ધ્, न् ન્;
ઓષ્ઠ્ય . प् પ્, फ् ફ્, ब् બ્, भ् ભ્, म् મ્;

અંતઃસ્થ અથવા અર્ધસ્વર
- તાલવ્ય .......... य् ય્;
- મૂર્ધન્ય .......... र् ર્;
- દંત્ય .......... ल् લ્;
- દંત્યોષ્ઠ્ય .......... व् વ્;

ઊષ્માક્ષર
- તાલવ્ય .......... श् શ્;
- મૂર્ધન્ય .......... ष् ષ્;
- દંત્ય .......... स् સ્;

મહાપ્રાણ .......... ह् હ્;

---

* આ અક્ષરો ઘણુંખરું ગુજરાતી ઉચ્ચારમાં શુદ્ધ રૂપે જણાતા નથી, તેઓનો ઉચ્ચાર કોઈ શુદ્ધ વક્તાને મોઢે શીખી લેવો.

પહેલા પાંચ વર્ગો માંહેલા દરેકના છેલ્લા ત્રણ વ્યંજનો અને અંતઃસ્થ, તથા મહાપ્રાણને ઘોષ વ્યંજન કહે છે; બાકીના વ્યંજનોને અઘોષ વ્યંજન કહે છે.

સ્વરો જ્યારે વ્યંજનમાં મળે છે ત્યારે એઓની આકૃતિ નીચે પ્રમાણે થાય છેઃ જ્યારે વ્યંજન નીચે (्) એવો છેકો ન હોય ત્યારે એ વ્યંજનમાં अ મળેલો છે, એમ જાણવું; आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ए, ऐ, ओ, औ આ સ્વરોનું ઉમેરણ છેકા વિનાના વ્યંજનને ा, ि, ी, ु, ू, ृ, ॄ, ॢ, े, ै, ो, ौ એવી નિશાની લાગેલી હોવાથી સમજાય છે; ઉદાહરણઃ—क ક, का કા, कि કિ, की કી, कु કુ, कू કૂ, कृ કૃ, कॄ કૄ, कॢ કલ્ૃ, के કે, कै કૈ, को કો, कौ કૌ. પરન્તુ र्+उ=रु, र्+ऊ=रू, र्+ऋ=र्ऋ, र्+ॠ=र्ॠ.

મુખ્ય સંયુક્ત વ્યંજન કે જોડાક્ષર નીચે પ્રમાણે છેઃ

| | | | |
|---|---|---|---|
| क्क ક્-ક | ग्ध ગ્-ધ | च्छ्व ચ્-છ્-વ | ढ्य ઢ્-ય |
| क्त, क्त ક્-ત | ग्न ગ્-ન | च्म ચ્-મ | ण्ण ણ્-ણ |
| क्त्व ક્-ત્-વ | ग्र ગ-ર | च्य ચ્-ય | ण्म ણ્-મ |
| क्न ક્-ન | ग्र्य ગ્-ર્-ય | ज्ज જ્-જ | ण्य ણ્-ય |
| क्म ક્-મ | ग्ल ગ્-લ | ज्र જ્-ર | ण्व ણ્-વ |
| क्र ક્-ર | ग्व ગ્-વ | ज्व જ્-વ | त्त ત્-ત |
| क्य ક્-ય | घ्य ઘ્-ય | ट्ट ટ્-ટ | त्त्र ત્-ત્-ર |
| क्ल ક્-લ | घ्न ઘ્-ન | ट्य ટ્-ય | त्थ ત્-થ |
| क्व ક્-વ | घ्र ઘ્-ર | ट्र ટ્-ર | त्न ત્-ન |
| क्ष ક્-ષ | घ्व ઘ્-વ | ठ्य ઠ્-ય | त्प ત્-પ |
| क्ष्ण ક્-ષ્-ણ | ङ्क ઙ્-ક | ठ्र ઠ્-ર | त्प्र ત્-પ્-ર |
| क्ष्म ક્-ષ્-મ | ङ्क्त, ङ्क्त ઙ્-ક્-ત | ड्ग ડ્-ગ | त्फ ત્-ફ |
| क्ष्य ક્-ષ્-ય | च्च ચ્-ચ | ड्म ડ્-મ | त्म ત્-મ |
| क्ष्व ક્-ષ્-વ | च्छ ચ્-છ | ड्य ડ્-ય | त्र ત્-ર |
| ख्य ખ્-ય | च्छ्र ચ્-છ્-ર | ड्व ડ્-વ | त्र्य ત-ર્-ય |

| | | | |
|---|---|---|---|
| त्व ત્-વ | न्य ન્-ય | य्व ય્-વ | ष्ठ ષ્-ઠ |
| त्स ત્-સ | न्व ન્-વ | र्ण्य ર્-ણ્-ય | ष्ठ्य ષ્-ઠ્-ય |
| त्स्न ત્-સ્-ન | प्त પ્-ત | र्ध्य ર્-ધ્-ય | ष्ण ષ્-ણ |
| त्स्य ત્-સ્-ય | प्त्य પ્-ત્-ય | ल्क લ્-ક | ष्प ષ્-પ |
| त्थ्य ત્-થ્-ય | प्न પ્-ન | ल्ग લ્-ગ | ष्प्र ષ્-પ્-ર |
| द्ग દ્-ગ | प्म પ્-મ | ल्प લ્-પ | ष्म ષ્-મ |
| द्द દ્-દ | प्य પ્-ય | ल्म લ્-મ | ष्य ષ્-ય |
| द्ध દ્-ધ | प्र પ્-ર | ल्य લ્-ય | ष्व ષ્-વ |
| द्ब દ્-બ | प्ल પ્-લ | ल्ल લ્-લ | स्क સ્-ક |
| द्ब्र દ્-બ્-ર | प्स પ્-સ | ल्व લ્-વ | स्ख સ્-ખ |
| द्भ દ્-ભ | ब्ज બ્-જ | व्य વ્-ય | स्त સ્-ત |
| द्म દ્-મ | ब्द બ્-દ | व्र વ્-ર | स्थ સ્-થ |
| द्य દ્-ય | ब्ध બ્-ધ | श्च શ્-ચ | स्न સ્-ન |
| द्र દ્-ર | ब्य બ્-ય | श्न શ્-ન | स्प्र સ્-પ્-ર |
| द्र्य દ્-ર્-ય | ब्र બ્-ર | श्म શ્-મ | स्फ સ્-ફ |
| द्व દ્-વ | भ्ण ભ્-ણ | श्य શ્-ય | स्म સ્-મ |
| द्व्य દ્-વ્-ય | भ्न ભ્-ન | श्र શ્-ર | स्य સ્-ય |
| द्व्र દ્-વ્-ર | भ्य ભ્-ય | श्ल શ્-લ | स्र સ્-ર |
| ध्न ધ્-ન | भ्र ભ્-ર | श्व શ્-વ | ह्ण હ્-ણ |
| ध्म ધ્-મ | भ्व ભ્-વ | ष्क ષ્-ક | ह्न હ્-ન |
| ध्य ધ્-ય | म्म મ્-મ | ष्क्र ષ્-ક્-ર | ह्म હ્-મ |
| ध्र ધ્-ર | म्र મ્-ર | ष्ट ષ્-ટ | ह्य હ્-ય |
| ध्व ધ્-વ | म्य મ્-ય | ष्ट्य ષ્-ટ્-ય | ह्र હ્-ર |
| न्न ન્-ન | म्ल મ્-લ | ष्ट्र ષ્-ટ્-ર | ह्ल હ્-લ |
| न्म ન્-મ | म्व મ્-વ | ष्ट्व ષ્-ટ્-વ | ह्व* હ્-વ |

*બોલવા સરળ પડે, માટે અંત્યાક્ષરમાં અકાર મેળવી જોડાક્ષર આપ્યા છે. ह्+व=ह्व.

# ભાગ ૧ લો

## પાઠ ૧ લો

## ક્રિયાપદ

### વર્તમાનકાળ : પરસ્મૈપદ*

**એકવચન**

**પ્રત્યય :** પુરુષ ૧, **मि**; પુરુષ ૨, **सि**; પુરુષ ૩, **ति**.

**પહેલા ગણના ધાતુ**

| | | |
|---|---|---|
| **गम्** [गच्छ्×] ગમન કરવું, જવું | **बुध्** (बोध्) બોધ થવો, જાણવું | **वद्** વદવું, બોલવું |
| **नी** (नय्‡) લઈ જવું, દોરવું | **भू** (भव्) હોવું, થવું | **वस्** વસવું, રહેવું |
| **पत्** પતન પામવું, પડવું | **रक्ष्** રક્ષણ કરવું, બચાવવું, સંભાળવું | **सृ** (सर्) સરકવું, ખસવું, જવું |

---

* સંસ્કૃતમાં ક્રિયાપદનાં રૂપાખ્યાનોના પ્રત્યય બે પ્રકારના છે : **પરસ્મૈપદ** અને **આત્મનેપદ**. કેટલાક ધાતુ કેવળ પરસ્મૈપદ પ્રત્યય લેનારા એટલે **પરસ્મૈપદી**, કેટલાક કેવળ આત્મનેપદ પ્રત્યય લેનારા એટલે **આત્મનેપદી**, અને કેટલાક બે પ્રકારના પ્રત્યયોમાંથી ગમે તે પ્રકારના પ્રત્યય લેનારા એટલે **ઉભયપદી** હોય છે.

× **ગણકાર્ય** થતાં એટલે વિકરણ પ્રત્યય અથવા ગણની નિશાની લાગતાં કેટલાક ધાતુઓનું જે વિશેષ રૂપ [ જેમકે गम् ને બદલે गच्छ् ] અથવા **આદેશ** [ જેમ કે दृश् ને બદલે पश्य् ] થાય છે, તે કાટખૂણ [ ] કૌંસમાં બતાવેલું છે.

‡ પહેલા ગણના વિકરણ પ્રત્યય अ પૂર્વે ધાતુના અંતના હ્રસ્વ કે દીર્ઘ સ્વરનો તથા ઉપાંત્ય (એટલે છેલ્લા વ્યંજનની પૂર્વેના) હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. इ ई નો ગુણ ए; उ ऊ નો ओ; ऋ ॠ નો अर्; અને ऌ નો अल् થાય છે.

ઉપર કહ્યા પ્રમાણે नी ધાતુનું ने રૂપ થાય, તેને વિકરણ પ્રત્યય अ અને પછી પુરુષબોધક પ્રત્યય ति લગાડવાનો છે. સંસ્કૃતમાં બે સ્વર લગોલગ આવે તો સંધિ થાય છે; તેથી કરીને ए અને अ ની સંધિ કરવી જોઈએ. હવે એ

### × બીજા ગણના ધાતુ

| | |
|---|---|
| अस् હોવું | अद् ખાવું |

પહેલા ગણના ધાતુઓમાં પ્રથમ વિકરણ પ્રત્યય अ ઉમેરાય છે, ને ત્યાર પછી એ તૈયાર થયેલા રૂપને એટલે અંગને પુરુષબોધક પ્રત્યય લગાડાય છે.

બીજા ગણના ધાતુઓને પુરુષબોધક પ્રત્યય લાગલા જ લગાડાય છે.

પહેલા પુરુષના म् અને व् થી શરૂ થતા પ્રત્યય લગાડવાના હોય અને એ म् અને व् ની પહેલાં अ હોય તો એ अ નો आ થાય છે.

| | | | |
|---|---|---|---|
| वदामि। | सरसि। | गच्छति। | भवति। |
| रक्षसि। | नयामि। | अद्मि। | अस्ति।* |
| पतति। | वससि। | नयति। | अस्ति। |
| बोधसि। | सरामि। | बोधामि। | |

### પહેલો ગણ

| | |
|---|---|
| चर् ચરવું, ચાલવું | दह् દાહ કરવો, બાળવું |
| जीव् જીવવું | नम् નમવું |
| त्यज् ત્યાગ કરવો, તજવું | पच् પકવવું, રાંધવું |

---

નિયમ એવો છે કે ए, ऐ, ओ અને औ પછી કોઇ પણ સ્વર આવે, તો એઓને બદલે અનુક્રમે अय्, आय्, अव् અને आव् મૂકવામાં આવે છે; તેથી કરીને ने+अ = नय् + अ=नय; અને ति લાગવાથી नयति થાય છે; એ જ પ્રમાણે भू+अ=भो+अ=भव्+अ=भव; આ રીતના સ્વરવિકારને લીધે ધાતુનાં જે રૂપ થાય છે તે અર્ધચંદ્ર ( ) કૌંસમાં આપ્યાં છે.

× બીજા ગણના ધાતુઓનું રૂપાખ્યાન ઘણું કઠણ હોય છે, તેથી આ ચોપડીમાં બીજા ગણના બે જ ધાતુ આપ્યા છે. બીજો ગણ બીજી ચોપડીમાં સવિસ્તર આપ્યો છે.

* અનુનાસિક સિવાયના કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી અઘોષ વ્યંજન આવે તો એ સ્પર્શ વ્યંજનને બદલે એના જ વર્ગનો પહેલો અક્ષર મૂકવામાં આવે છે;

(તું) બોલે છે.
(તે) બોલે છે.
(તું) જાય છે.
(હું) જાઉં છું.
(તે) રહે છે.
(હું) રહું છું.
(તું) પડે છે.
(તું) ચાલે છે.

(તે) જાણે છે.
(તું) દોરે છે.
(તે) ખસે છે.
(હું) થાઉં છું.
(તું) ખાય છે.
(હું) છું.
(તું) છે.*
(તે) રહે છે.

(તે) તજે છે.
(તું) નમે છે.
(હું) રાંધું છું.
(તું) બાળે છે.
(હું) બચાવું છું.
(તે) ચાલે છે.
(હું) જીવું છું.
(તે) રાંધે છે.
(હું) તજું છું.

# પાઠ ૨ જો

## બહુવચન †

**પ્રત્યય : પુરુષ ૧, मस्; પુરુષ ૨, थ; પુરુષ ૩, अन्ति+**

| **ચોથો ગણ** | **છઠ્ઠો ગણ** |
|---|---|
| **नश्** નાશ પામવું | **इष्** [इच्छ्] ઇચ્છવું |
| **नृत्** નૃત્ય કરવું, નાચવું | **प्रच्छ्** [पृच्छ्] પૂછવું |
| **पुष्** પોષવું, પોષણ કરવું | **मुच्** [मुञ्च्] મૂકવું, છોડવું |
| **मुह्** મોહ પામવું, મૂંઝાવું, ઘેલા થવું, બેભાન થવું | **विश्** પ્રવેશ કરવો, પેસવું |
| **लुभ्** લોભ કરવો | **सृज्** છોડી દેવું; પેદા કરવું |
| | **स्पृश्** સ્પર્શ કરવો, અડકવું |

ઉદા. ककुभ्+प्रान्तः=ककुप्प्रान्तः અને दृशद्+पतति=दृशत्पतति ।

*सि પ્રત્યયની પહેલાં अस् ધાતુનો અંત્ય स् લોપાય છે.

† સંસ્કૃત ભાષામાં દ્વિત્વ (બે-પણું) દર્શાવવું હોય ત્યારે દ્વિવચન વાપરવામાં આવે છે. એ દ્વિવચન નવા વિદ્યાર્થીઓને કેવળ નવતર હોવાથી ત્રીજા પાઠમાં આપ્યું છે, ખરો અનુક્રમ એકવચન. દ્વિવચન, ને બહુવચન એવો છે.

+ अ થી શરૂ થતા પ્રત્યયની પહેલાં अ આવે તો એ अ લોપાય છે: बोध्+अ+अन्ति=बोध्+अन्ति=बोधन्ति ।

પુરુષબોધક પ્રત્યય લગાડતાં પહેલાં, ચોથા ગણના ધાતુમાં य અને છઠ્ઠા ગણના ધાતુમાં अ લગાડવો જોઈએ.*

દ્વિવચનના તથા બહુવચનના પુરુષબોધક પ્રત્યયોની પહેલાં अस् (ગ. ૨) ધાતુમાંના પહેલા अ નો લોપ થાય છે.

| | | | |
|---|---|---|---|
| वदामः ।× | स्थ । | पुष्यामः । | सृजथ । |
| गच्छन्ति । | भवन्ति । | नश्यन्ति । | इच्छति । |
| बोधथ । | वहामः । | नृत्यथ । | पृच्छथ । |
| नयामः । | सन्ति । | मुह्यामः । | विशन्ति । |
| भवथ । | जीवथ । | लुभ्यन्ति । | मुञ्चामः । |
| वसन्ति । | नमन्ति । | स्पृशामः । | |

**પહેલો ગણ**

जि (जय्) જય પામવો, જીતવું
दृश् [पश्य्] દર્શન કરવું, જોવું
धाव् ધાવું, દોડવું
पा [पिब्] પાન કરવું, પીવું
यज् યજ્ઞ કરવો, પૂજવું
वह् વહેવું, વાવું, લઈ જવું
स्मृ (स्मर्) સ્મરણ કરવું, સંભારવું
हृ (हर्) હરણ કરવું, લઈ લેવું, લઈ જવું

**ચોથો ગણ**

अस् ફેંકવું
कुस् ભેટવું
तुष् સંતોષ પામવો, સંતુષ્ટ કે પ્રસન્ન થવું, રીઝવું
लुट् લોટવું, આળોટવું
शुष् સુકાઈ જવું, સોસાવું

**છઠ્ઠો ગણ**

क्षिप् ફેંકવું
तुद् પીડવું, કનડવું, સતાવવું
दिश् દેખાડવું, બતાવવું
सिच् [सिञ्च्] સીંચવું, છાંટવું

---

* આ બે ગણમાં પહેલા ગણમાં જેમ ગુણ થાય છે તેમ ધાતુના સ્વરનો ગુણ થતો નથી; (જેમકે नृत्यति અને विशति).

× પદને અંતે स् હોય તો એનો વિસર્ગ થાય છે, તેમજ પદાંત र્ નો અઘોષ વ્યંજનની પહેલાં, અગર કશું ય ન આવે તો વિસર્ગ થાય છે.

(તમે) બોલો છો.
(અમે) જઈએ છીએ.
(તેઓ) સમજે છે.
(તમે) દોરો છો.
(તેઓ) થાય છે.
(અમે) રહીએ છીએ.
(તમે) ખાઓ છો.
(અમે) છીએ.
(તેઓ) બાળે છે.
(અમે) જીવીએ છીએ.
(તેઓ) પીડે છે.
(તમે) જીવો છો.

(તેઓ) પોષે છે.
(અમે) નાશ પામીએ છીએ.
(તેઓ) નાચે છે.
(તમે) ઘેલા થાઓ છો.
(અમે) લોભ કરીએ છીએ.
(તેઓ) અડકે છે.
(અમે) જીતીએ છીએ.
(તમે) હરી જાઓ છો.
(તેઓ) જુએ છે.
(અમે) ફેંકીએ છીએ.

(અમે) પીએ છીએ.
(તમે) યજ્ઞ કરો છો.
(તેઓ) વહે છે.
(અમે) સંભારીએ છીએ.
(તમે) ફેંકો છો.
(તેઓ) ભેટે છે.
(અમે) સંતોષ પામીએ છીએ.
(તેઓ) સુકાય છે.
(તમે) આળોટો છો.
(તમે) છાંટો છો.

## પાઠ ૩ જો

### દ્વિવચન

**પ્રત્યય : પુરુષ ૧, वस्; પુરુષ ૨, थस्; પુરુષ ૩, तस्.**

**દશમા ગણના ધાતુ**

**कथ्** કથન કરવું, કહેવું
**गण्** ગણવું
×**घुष्** (**घोष्**) જાહેર કરવું
**चिन्त्** ચિંતન કરવું, વિચારવું
**चुर्** (**चोर्**) ચોરવું
**पीड्** પીડવું, દુઃખ દેવું
**प्रथ्** પ્રસિદ્ધ કરવું
**प्री** [**प्रीण्**] પ્રેમ ઉપજાવવો, ખુશ કરવું
**स्पृह्** ઝંખવું, સ્પૃહા કે તૃષ્ણા રાખવી
**रच्** રચવું, ગોઠવવું

---

* સામાન્ય રીતે કહેતાં દશમા ગણના ધાતુ **ઉભયપદી** છે.

× વિકરણ પ્રત્યય अय લગાડવો હોય ત્યારે ધાતુના અંત્ય સ્વરની તથા ઉપાંત્ય अની વૃદ્ધિ થાય છે, અને अ સિવાયના બાકીના ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. આ ફેરફાર कथ्, गण्, रच्, प्रथ्, स्पृह्, मृग्, તથા બીજા કેટલાક ધાતુઓમાં થતો નથી, અર્થાત્ આ ધાતુનો સ્વર બદલાતો નથી. अ, इ ई, उ ऊ, ऋ ॠ, અને ऌ ની વૃદ્ધિ અનુક્રમે आ, ऐ, औ, आर्, आल् છે. તેનાં ઉદાહરણ :

દશમા ગણના ધાતુમાં વિકરણ પ્રત્યય **अय** ઉમેરાય છે.

| | | | |
|---|---|---|---|
| चोरयावः । | रचयतः । | प्रीणयथः । | स्तः । |
| पीडयथः । | भट्टः । | गच्छतः । | स्मरावः । |
| कथयतः । | घोषयथः । | नयावः । | जयथः । |
| गणयावः । | स्पृहयावः । | विशतः । | नश्यतः । |
| प्रथयावः । | चिन्तयतः । | नमथः । | नृत्यावः । |
| | | | इच्छतः । |

**પહેલો ગણ**

**अट्** અટન કરવું, ભટકવું
**चल्** ચાલવું, ખસવું
**जल्प्** બબડવું
**निन्द्** નિંદવું
**शंस्** પ્રશંસા કરવી, કહેવું

**ચોથો ગણ**

**कुप्** કોપ કરવો, કોપવું
**क्षुभ्** ખળભળવું, ગભરાવું
**श्लिष्** ભેટવું

**છઠ્ઠો ગણ**

**उञ्छ्** વીણવું
**कृष्** આકર્ષણ કરવું, ખેંચવું, ખેડવું
**स्फुर्** સ્ફૂર્તિ થવી, ધડકવું, ફરકવું, તરફડવું.

**દશમો ગણ**

**पूज्** પૂજવું; **वर्ण्** વર્ણવવું, વખાણવું; **सान्त्व्** શાંત પાડવું.

(તમે બે) ચોરો છો.
(તેઓ બે) પીડે છે.
(અમે બે) કહીએ છીએ.
(તમે બે) ગણો છો.
(તેઓ બે) જુએ છે.
(અમે બે) રચીએ છીએ.
(તમે બે) ઝંખો છો.
(તેઓ બે) જાહેર કરે છે.
(અમે બે) વિચારીએ છીએ.

(તમે બે) પ્રસિદ્ધ કરો છો.
(તેઓ બે) ખુશ કરે છે.
(અમે બે) નિંદીએ છીએ.
(તમે બે) કોપો છો.
(તેઓ બે) ખેડે છે.
(આપણે બે) પૂજીએ છીએ.
(તમે બે) ભટકો છો.
(તેઓ બે) ગભરાય છે.
(અમે બે) વીણીએ છીએ.

(તમો બે) વર્ણવો છો.
(અમે બે) ભેટીએ છીએ.
(તમે બે) બબડો છો.
(તેઓ બે) શાંત પાડે છે.
(અમે બે) વખાણીએ છીએ.
(તમે બે) બોલો છો.
(તેઓ બે) થાય છે.
(તમે બે) રાંધો છો.

---

चि+अय+ति( વૃદ્ધિ થવાથી ) चै+अय+ति=चाय्+अय+ति=चाययति; तड्+अय+ति=( વૃદ્ધિ થવાથી ) ताड्+अय+ति=ताडयति; घुष्+अय+ति=(ગુણ થવાથી) घोष्+अय+ति=घोषयति ।

(અમે બે) સમજીએ છીએ.
(તેઓ બે) ખાય છે.

(અમે બે) સંતોષ પામીએ છીએ.
(તમે બે) લોભ કરો છો.

(તેઓ બે) લોટે છે.
(અમે બે) અડકીએ છીએ.
(તમે બે) પૂછો છો.

---

# પાઠ ૪.થો

## વર્તમાન સમય

### પહેલો ગણ

**क्षि (क्षय्)** ક્ષય થવો, ઘસાઈ જવું
**द्रु (द्रव्)** ભીંજાવું, પીગળવું
**रुह् (रोह्)** ઊગવું
**स्था [तिष्ठ्]** સ્થાનમાં હોવું, સ્થિતિમાં હોવું, ઊભા રહેવું
**ह्वे (ह्वय्)** બોલાવવું

### ચોથો ગણ

**मद् [माद्]** મસ્ત થવું, ગાંડા થવું, ભૂલવું, ચૂકવું,
**शम् [शाम्]** શાંત હોવું, શાંત રહેવું-થવું
**श्रम् [श्राम्]** શ્રમ લાગવો, થાકી જવું

### દશમો ગણ

**क्षल् (क्षाल्)** પખાળવું, ધોવું
**तड् (ताड्)** તાડન કરવું, મારવું, માર મારવો
**तुल् (तोल्)** તોળવું, જોખવું
**भूष्** આભૂષણ પહેરાવવું, શણગારવું, સુશોભિત કરવું

| | | | |
|---|---|---|---|
| वहसि । | मुह्यति । | ताडयसि | हरतः । |
| वसथ । | इच्छामि । | रोहन्ति । | जयसि । |
| बोधामः । | मुञ्चथ । | पूजयति । | पिबन्ति । |
| रक्षति । | स्पृशति । | तिष्ठामि । | पश्यावः । |
| पतामि । | स्मरथ । | स्पृहयथ । | ह्वयति । |
| नयन्ति । | वहतः । | क्षालयति । | पीडयन्ति । |

| | | | |
|---|---|---|---|
| अत्थः । | सिञ्चति । | क्षयतः । | यजामः । |
| सन्ति । | लुटयन्ति । | अश्नि । | श्राम्यामि । |
| नश्यन्ति । | तुष्यामि । | जीवामः । | घोषयथ । |
| नृत्यति । | अस्यथः । | त्यजथ । | गणयति । |
| विशामः । | कथयामि । | पचन्ति । | कुषामः |
| पृच्छथः । | शंसथ । | पुष्यामि । | द्रवन्ति । |
| | | | चिन्तयति । |

| | | |
|---|---|---|
| (તું) પોષે છે. | (તું) થાકે છે. | (અમે) હરી જઈએ છીએ. |
| (હું) નાચું છું. | (હું) ઈચ્છું છું. | (તમે) કહો છો |
| (તમે) લોભ કરો છો. | (અમે બે) પીએ છીએ. | (તું) અડકે છે. |
| (તે) પેસે છે. | (તમે) બાળો છો. | (તેઓ) ઝંખે છે. |
| (તું) ઈચ્છે છે. | (તેઓ) ધુએ છે. | (તમે બે) જાઓ છો. |
| (હું) પૂજું છું. | (તે) ઘસાઈ જાય છે. | (તે) ચોરે છે. |
| (તું) કનડે છે. | (તું) કહે છે | (આપણે બે) છીએ. |
| (તે) ઊગે છે. | (તે) તોળે છે. | (તું) ખુશ કરે છે. |
| (અમે) બોલાવીએ છીએ. | (તેઓ) ચોરે છે. | (હું) પેસું છું. |
| (તે) ઘેલો થાય છે. | (તમે) ગોઠવો છો. | (તેઓ) મારે છે. |
| (તેઓ) સંતોષ પામે છે. | (તે) જાહેર કરે છે. | (અમે બે) રાંધીએ છીએ. |
| (હું) જીવું છું. | (હું) સંભારું છું. | (તમે) પૂછો છો. |
| (તમે) જાઓ છો. | (તેઓ બે) વસે છે. | |

## સારાંશ તથા સવાલ

### વર્તમાનકાળ

#### પહેલો ગણ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | बोधामि | बोधावः | बोधामः |
| પુરુષ ૨ | बोधसि | बोधथः | बोधथ |
| પુરુષ ૩ | बोधति | बोधतः | बोधन्ति |

ચોથો ગણ

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | पुष्यामि | पुष्यावः | पुष्यामः |
| પુરુષ ૨ | पुष्यसि | पुष्यथः | पुष्यथ |
| પુરુષ ૩ | पुष्यति | पुष्यतः | पुष्यन्ति |

છઠ્ઠો ગણ

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | विशामि | विशावः | विशामः |
| પુરુષ ૨ | विशसि | विशथः | विशथ |
| પુરુષ ૩ | विशति | विशतः | विशन्ति |

દશમો ગણ

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | चोरयामि | चोरयावः | चोरयामः |
| પુરુષ ૨ | चोरयसि | चोरयथः | चोरयथ |
| પુરુષ ૩ | चोरयति | चोरयतः | चोरयन्ति |

૧. કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય, ઓષ્ઠ્ય, અંતઃસ્થ, ઘોષ વ્યંજન અને અઘોષ વ્યંજન કયા છે, એ ગણાવો.

૨. इ, उ, ऋ અને ऌના ગુણ અને વૃદ્ધિનાં રૂપ આપો.

૩. પહેલા, ચોથા, છઠ્ઠા, દશમા તથા બીજા ગણનાં વિશેષ લક્ષણ (**विकरण प्रत्यय**) શાં છે?

૪. વર્તમાનકાળના પુરુષબોધક પ્રત્યય આપો.

૫. પહેલા પુરુષના व् અને म् થી શરૂ થતા પ્રત્યયની પહેલાં પૂર્વના अ માં શો ફેરફાર થાય છે?

૬. ए, ऐ, ओ અને औ પછી સ્વર આવે તો, એઓને ઠેકાણે અનુક્રમે કયાં રૂપ મૂકવામાં આવે છે? ઉદાહરણ આપો.

૭. કોઈ પણ વ્યંજન પછી અઘોષ વ્યંજન આવે તો પૂર્વના વ્યંજનમાં જે ફેરફાર થાય છે તે ઉદાહરણ સાથે સમજાવો.

૮. પદાંત स् અને र् નું શું થાય છે? એ ફેરફાર र् ના સંબંધમાં ક્યારે થાય છે?

૯. નીચેનાં ધાતુઓનાં વર્તમાનકાળનાં રૂપ આપોઃ—

(વિદ્યાર્થીના મનમાં પાકા ઠસી જાય એટલા માટે શિક્ષકની નજરમાં જેટલા ધાતુ આપવાની જરૂર જણાય તેટલા અહીં આપવા.)

# ઉપસર્ગ

ઉપસર્ગ ધાતુની પૂર્વે આવી, ઘણું કરીને ધાતુના અસલ અર્થમાં વધારો ઘટાડો કરી, વિશેષ અર્થ ઉપજાવે છે. (આમાં કેટલાક ઉપસર્ગો પછી ધાતુનાં પદ બદલાય છે, તો કયાંક અર્થ બદલાતાં ધાતુ અકર્મકનો સકર્મક અને તેથી ઊલટું પણ બને છે.) મુખ્ય ઉપસર્ગ નીચે આપ્યા છે :

**अति**—હદ બહાર; **अतिक्राम्यति** તે હદ બહાર પગલું ભરે છે, તે ઉલ્લંઘન કરે છે. (**क्रम्** ગ. ૪ અને ૧, પરસ્મૈ. જવું)

**अधि**—ઉપર; **अधिगच्छति** તે ઉપર થઈ જાય છે, એટલે તે મેળવે છે, જાણે છે.

**अनु**—પાછળ, સરખું, જેવું, **अनुसरति, अनुगच्छति**, તે પાછળ જાય છે, તે અનુસરે છે.

**अभि**—તરફ, પાસે; **अभिगच्छति** તે તરફ જાય છે, અથવા પાસે જાય છે.

**अव**—નીચે, દૂર; **अवतरति** તે નીચે જાય છે, ઊતરે છે. (**तॄ** ગ. ૧, પરસ્મૈ. તરવું)

**आ**—હદ અથવા મર્યાદાના અર્થે, ઊલટાપણાના અર્થે, "સુધી"ના અર્થે, **आगच्छति** તે આવે છે; **आरोहति** તે (અમુક ઊંચાઈ સુધી) વધે છે, ચડે છે.

**उद्**—ઊંચે, ઉપર, વિશેષ; **उत्पतति** તે ઊંચે જાય છે, કૂદે છે; **उद्गच्छति** તે ઉપર જાય છે, ઊંચે ચડે છે.

**उप**—પાસે, સહેજ ઓછું, નજીકનું, **उपगच्छति** તે પાસે જાય છે, જઈ મળે છે.

**नि**—અંદર નીચે; **निषीदति** તે નીચે બેસે છે. (**सद्** ગ. ૧, પરસ્મૈ. જવું)

**परा**—ઊલટાપણાને અર્થે; સામા, ઊલટું, **पराजयते** તે હરાવે છે.

**प्रति**—"પાછું" એવા અર્થે; સામા, ઊલટું, **प्रतिभाषते** તે સામા કહે છે, જવાબ દે છે. (**भाष्** ગ. ૧ લો, આત્મને. બોલવું)

**प्र**—આગળ, **प्रयाति** તે આગળ જાય છે. (**या** ગ. ૨, પરસ્મૈ. જવું)

**वि**—નહિ, જુદું, દૂર, વિશેષ કરીને; **विश्लिष्यति** તે જુદો પડે છે.

**सम्**—સાથે, એકઠાં; +**संगच्छते** તે સાથે જાય છે. મળે છે.

---

+ પદાંત म् પછી કોઈ પણ સ્પર્શ વ્યંજન આવ્યો હોય તો એ म् ને

# ભાગ ૨ જો

## પાઠ ૫ મો

### નામ

### *પ્રથમા વિભક્તિ

#### ૧. અકારાંત નામ

**પ્રત્યયો**

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| *પુંલિંગ | स् | औ | अस् |
| *નપુંસકલિંગ | म् | ई | आनि |

नृपः नृपौ† नृपाः‡

બદલે વિકલ્પે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર થાય છે; અથવા म् ને ઠેકાણે પછીના વ્યંજનના સ્થાનનો અનુનાસિક થાય છે. જો પદાંત म् પછી य्, व्, કે ल् હોય તો म् ને બદલે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર, અથવા વિકલ્પે म् ને ઠેકાણે અનુક્રમે નાસિકાસ્થાને બોલાતો य्, व्, કે ल् થાય છે; પરંતુ જો પદાંત म् પછી श्, ष्, स्, र्, ह् હોય તો म् ને બદલે પૂર્વના અક્ષર ઉપર અવશ્ય અનુસ્વાર જ લખાય છે.

* ગુજરાતી ભાષામાં સાત વિભક્તિઓને માટે પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, અને સાતમી એ શબ્દો વપરાય છે; એ બદલ સંસ્કૃત ભાષામાં પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી, સપ્તમી એ શબ્દો વાપરવામાં આવે છે; તેમજ નરજાતિ, નારીજાતિ, ને નાન્યતરજાતિ કહેવા બદલ પુંલિંગ, સ્ત્રીલિંગ, અને નપુંસકલિંગ એમ કહેવાય છે.

† अ કે आ પછી ए કે ऐ આવે, તો પાસે આવેલા સ્વર મળી જઈને, એ બંનેને ઠેકાણે ऐ થાય છે. વળી अ કે आ પછી ओ કે औ આવે, તો પાસે આવેલા સ્વર મળી જઈને બંનેને ઠેકાણે औ થાય છે; અર્થાત્ अ કે आ+ए કે ऐ=ऐ અને अ કે आ+ओ કે औ=औ ।

‡ છેલ્લા ચાર સ્વરો ( ए, ऐ, ओ, औ ) સિવાયના બાકીના કોઈપણ

| फलम् | फले* | फलानि |
|---|---|---|

નામ (પુંલિંગ)

| | | |
|---|---|---|
| अनल અગ્નિ | नृप રાજા | मेघ વાદળું |
| अश्व ઘોડો | पवन પવન | राम રામ |
| ईश्वर ઈશ્વર | पुत्र પુત્ર, દીકરો | वृक्ष વૃક્ષ, ઝાડ |
| कूर्म કાચબો | बाल બાળક, છોકરો | समुद्र દરિયો, સમુદ્ર |
| जन જન, લોક | बुध ડાહ્યો માણસ | सूद રસોઇયો |
| जीव જીવ, પ્રાણી | मूर्ख મૂર્ખ, મુર્ખો | हस्त હસ્ત, હાથ |
| नर નર, પુરુષ | | |

(નપુંસકલિંગ)

| | | |
|---|---|---|
| कमल કમળ | धन ધન, દોલત | मित्र મિત્ર |
| गृह ઘર | नेत्र નેત્ર, આંખ | मुख મુખ, મોઢું |
| जल જળ, પાણી | पर्ण પાંદડું | सुख સુખ |
| दुःख દુઃખ | फल ફળ | हृदय હૃદય, હૈયું |

વાક્યો

नृपा† जयति । | सुखं§ प्रीणयति । | कूर्मः सरति ।

---

હ્રસ્વ અથવા દીર્ઘ સ્વર પછી સજાતીય ( તેનો તે હ્રસ્વ કે દીર્ઘ ) સ્વર આવે તો પાસે આવેલા એ સ્વર મળી જઇ બંનેને ઠેકાણે દીર્ઘ સ્વર થાય છે. ઉદા. दैत्य+अरि=दैत्यारि; कवि+ईश=कवीश, ઇ૦ ( પૃ. ૬ ટીપ + પ્રથમાના રૂપને લાગુ પડતી નથી. )

* જો अ કે आ પછી હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ કે ऌ આવ્યો હોય તો પાસે આવેલા બે સ્વરોને બદલે પર ( પછીના ) સ્વરનો ગુણ મુકાય છે; અર્થાત્ अ કે आ+इ કે ई=ए; अ કે आ+उ કે ऊ=ओ; अ કે आ+ऋ કે ॠ=अर्, अ કે आ+ऌ=अल्.

† વિસર્ગની પૂર્વે अ હોય તેમજ એની પછી अ કે ઘોષ વ્યંજન આવ્યો હોય ત્યારે વિસર્ગનો उ થાય છે અને એ उ પૂર્વના ( પહેલાંના ) अमां મળી જતાં, ओ થાય છે. (ઉપરની ટીપ જુઓ.)

§ પૃ. ૧૩ની ટીપ + જુઓ.

अश्वावुत्पततः* । जीवो मुह्यति । फले पततः ।
अजा वदन्ति । हस्तौ हरतः । धनं नश्यति ।
बालः स्पृहयति । मुखानि द्रवन्ति । नरा गच्छन्ति ।
गृहाणि† रक्षन्ति । दुःखं पीडयति । कमले नृत्यतः ।
नेत्रे पश्यतः । रामः पूजयति । मित्राणि कथयन्ति ।
मेघः सिञ्चति । पुत्रौ तुष्यतः । सूदो विशति ।
बुधौ मुञ्चतः । जलं शुष्यति । समुद्रः शाम्यति ।
पवनो हरति । मूर्खौ कुप्यतः ।

રાજાઓ રક્ષે છે.
(બે) છોકરા આળોટે છે.
દીકરો ખુશ કરે છે.
ઘોડા કૂદે છે.
પવન વાય છે.
ઈશ્વર સરજે છે.
વૃક્ષો ઊગે છે.
બે કાચબા સરકે છે.
પ્રાણીઓ નાશ પામે છે.
હાથ ફેંકે છે.
અગ્નિ બાળે છે.
આંખ ફરકે છે.
(બે) સમુદ્ર ખળભળે છે.
ડાહ્યો માણસ શાન્ત રહે છે.
મુર્ખો બકે છે.
મિત્ર પૂછે છે.
પાંદડાં પડે છે.
હૈયું રીઝે છે.
રસોઇયો રાંધે છે.
લોકો નિંદે છે.
માણસ કહે છે.
કમળ શણગારે છે.
મુખ બોલે છે.

---

## ૨. इकारान्त નામ

### પ્રત્યયો

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુલિંગ | स् | ० | अस् |

---

* પૃ. ૪ ટીપ ‡ જુઓ.

† વિસર્ગ પૂર્વે आ હોય ને પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો વિસર્ગ ઊડી જાય છે. વળી વિસર્ગની પૂર્વે अ હોય ને પછી अ સિવાયનો કોઇ પણ સ્વર હોય તો પણ વિસર્ગ લોપાય છે; વિસર્ગનો લોપ કર્યાથી પાસે આવેલા સ્વરોની સંધિ થતી નથીઃ ઉદા. नराः इमे=नरा इमे; बुधः इच्छति=बुध इच्छति ।

‡ સમાનપદે (એક ને એક જ શબ્દમાં) ऋ, र्, ष् પછી લાગલો જ न् આવ્યો હોય તો એ न् નો ण् થાય છે. વળી ऋ, र्, ष् અને न् ની વચ્ચે સ્વર, ल् સિવાયનો અર્ધસ્વર મહાપ્રાણ ह् તેમ જ કંઠ્ય કે ઓષ્ઠ્ય વર્ગનો વ્યંજન આવ્યો હોય તો પણ न् નો ण् થાય છે. પરંતુ જો न् પદાંતે આવ્યો હોય તો એ न् નો ण् થતો નથી; ઉદા. नरान् ।

પ્રથમાનાં દ્વિવચનમાં इ દીર્ઘ થાય છે, અને બહુવચનમાં अस् પ્રત્યય લાગતાં इ નો ગુણ થાય છે; એ નિયમ પ્રમાણે.

**हरिः** **हरी** **(हरे+अस्=)हरयः**

નપુંસકલિંગ ० ई इ

इકારાંત નપુંસકલિંગ નામોને સ્વરાદિ પ્રત્યય લાગતાં न् ઉમેરવામાં આવે છે, વળી પ્રથમા અને દ્વિતીયાનાં બહુવચનમાં इ દીર્ઘ થાય છે; એને લીધે—

**वारि** **वारिणी** **वारीणि**

નામ (પુંલિંગ)

| | | |
|---|---|---|
| **अग्नि** અગ્નિ, દેવતા | **कपि** વાંદરો, વાનર | **पवि** ઇન્દ્રનું વજ્ર |
| **अरि** શત્રુ, દુશ્મન | **कवि** કવિ | **पाणि** હાથ |
| **असि** તલવાર | **गिरि** ગિરિ, પર્વત | **यति** જતી, યોગી |
| **उदधि** મહાસાગર | **धूर्जटि** શિવ | **व्याधि** વ્યાધિ, રોગ |
| **ऋषि** ઋષિ | **नृपति** રાજા | **हरि** હરિ, ઇન્દ્ર |

**न** (અવ્યય§) નહિ **वारि** (નપુંસકલિંગ) પાણી

વાક્યો

| | | |
|---|---|---|
| **उदधिः क्षुभ्यति ।** | **नृपति*र्यजति ।** | **गिरिर्वहति ।** |
| **कपयः क्षिपन्ति ।** | **वारीणि शुष्यन्ति ।** | **व्याधयो नश्यन्ति ।** |
| **ऋषी चिन्तयतः ।** | **अग्निर्दहति ।** | **पविः पतति ।** |
| **अरिः पीडयति ।** | **कवयः शंसन्ति ।** | **असयः पतन्ति ।** |
| **पाणी हरतः ।** | **वारि नास्ति= ।** | **यती चिन्तयतः ।** |

§ જેઓને વિભક્તિના પ્રત્યય લાગતા નથી, એટલે જેઓનું ભિન્ન ભિન્ન રૂપાખ્યાન થઈ નથી, તેઓને **અવ્યય** કહે છે.

* स् અથવા વિસર્ગની પહેલાં अ કે आ સિવાયનો કોઈ પણ સ્વર હોય અને પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો એ स् અથવા વિસર્ગનો र् થાય છે.

= પૃ. ૧૪ ટીપ ‡ જુઓ.

| | | |
|---|---|---|
| શિવ† રક્ષે છે. | રાજાઓ લઈ જાય છે. | તલવાર પડે છે. |
| ઋષિઓ‡ શાન્ત થાય છે. | (બે) અગ્નિ શાન્ત થાય છે. | (બે) દુશ્મન જીતે છે. |
| વાંદરા દોડે છે. | વ્યાધિ દુઃખ દે છે. | હરિ ક્રોધ કરે છે. |
| કવિ વર્ણવે છે. | યોગીઓ તૃષ્ણા રાખતા નથી. | હાથ છૂટે છે. |
| | | પર્વત ઊભો રહે છે.* |

# પાઠ ૬ ઠ્ઠો

## દ્વિતીયા વિભક્તિ

### ૧. અકારાંત નામ

**પ્રત્યયો**

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુલિંગ | म् | औ | आन् |
| | बुधम् | बुधौ | बुधान् |

નપુંસકલિંગ-પ્રથમા પ્રમાણે.

નપુંસકલિંગ નામોની દ્વિતીયા વિભક્તિનાં રૂપ હંમેશાં પ્રથમા વિભક્તિ જેવાં જ હોય છે.

**નામ (પુંલિંગ)**

| | | |
|---|---|---|
| अगद ઓસડ | पाद પગ | व्याघ्र વાઘ |
| ओदन ભાત, રાંધેલા ચોખા | पुरुष પુરુષ, | व्याध શિકારી |
| | प्राज्ञ ડાહ્યો માણસ | शठ ખળ, લુચ્ચો |
| किङ्कर ચાકર | बिडाल બિલાડો | शर તીર, બાણ |
| कोश ખજાનો, ભંડાર | ब्राह्मण બ્રાહ્મણ | शिष्य શિષ્ય |
| गज હાથી | भार ભાર, બોજો | सिंह સિંહ |
| ग्राम ગામ | मोक्ष મોક્ષ, મુક્તિ | सूर्य સૂર્ય, સૂરજ |
| जनक બાપ | योध યોદ્ધો, લડવૈયો | स्तेन ચોર |
| देह દેહ, શરીર | वेद વેદ | स्वर्ग સ્વર્ગ |

† इ પછી इ આવે તો પૂર્વ (પહેલાંનો) इ લોપાય છે, તથા (ऋ સિવાયનો) એની પૂર્વનો સ્વર હ્રસ્વ હોય તો એ દીર્ઘ થાય છે.

‡ વિસર્ગ પછી श्, ष् કે स् આવે તો વિસર્ગ કાયમ રહે છે; અથવા વિકલ્પે એ વિસર્ગને બદલે અનુક્રમે श्, ष् કે स् મુકાય છે.

* વિસર્ગની પછી च् કે छ આવે તો વિસર્ગનો श् થઈ જાય છે; ट् કે ठ् આવે તો ष्; ને त् કે थ् આવે તો स् થઈ જાય છે; જેમકે हरिः+चरति=हरिश्चरति; रामः+तरति=रामस्तरति; અને रामः+टीकते=रामष्टीकते ।

(નપુંસકલિંગ)

| | | |
|---|---|---|
| अरण्य અરણ્ય, જંગલ, વગડો, રાન | धान्य ધાન્ય, અનાજ | मांस માંસ |
| तत्त्व તત્ત્વ, સત્ય | नगर નગર, શહેર | वस्त्र વસ્ત્ર, લુગડું |
| तृण તરણું, ઘાસ | पाप પાપ | विष વિષ, ઝેર |
| | पुस्तक પુસ્તક | सुवर्ण સોનું |

ગણ ૧૦મા ના ધાતુ

दण्ड् દંડ કરવો, શિક્ષા કરવી; भक्ष् ભક્ષણ કરવું, ખાવું; मार्ग् શોધવું.

વાક્યો

ईश्वरं जनः पूजयति ।
नृपः शठान् दण्डयति ।
रामो†ऽश्वमारोहति ।
व्याघ्रा मांसमदन्ति ।
हरिर्हस्तौ क्षालयति ।
योधः शरान् क्षिपति ।
स्तेनो धान्यं चोरयति ।
नगरं *गच्छामि ।
पापं वदसि ।
स्मरसि मित्राणि ।
बुधो मोक्षमिच्छति ।

कविर्बुधौ शंसति ।
पुत्रो जनकं सान्त्वयति ।
पुस्तकं मार्गयामि ।
सुवर्णं तोलयामः ।
*ग्रामानटावः ।
फले भक्षयामि ।
कमलानि पश्यति ।
भारं वहति किङ्करः ।
प्राज्ञान् वर्णयन्ति जनाः ।
वस्त्रं त्यजति मूर्खः ।
तृणा×न्यत्त्यश्वः ।
यतिर्देहं मुञ्चति ।

---

† પદાન્તે ए કે ओ હોય ને પછી अ આવે, તો એ अ પૂર્વના સ્વરમાં એટલે ए કે ओમાં ડૂબી જાય છે, એટલે એ બોલાતો નથી ને એ લખાતો પણ નથી, પણ એને ઠેકાણે (ऽ) અવગ્રહ ચિહ્ન ઘણું કરીને મૂકવામાં આવે છે,

* ક્રિયાપદ ગતિવાચક હોય તો જે સ્થાને જવાનું હોય તે સ્થાન બતાવનાર શબ્દ દ્વિતીયા વિભક્તિમાં, ને કોઇ વખત ચતુર્થી વિભક્તિમાં આવે છે.

× હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ અને ऌ પછી વિજાતીય (જુદી જાતના) સ્વર આવે તો, એ इ, उ, ऋ અને ऌ ને ઠેકાણે અનુક્રમે य्, व्, र् ને ल् મુકાય છે.

व्याधयो नरान् पीडयन्ति।
जलं पिबथ।
રામ વાઘોને જુએ છે.
ઘોડા ખજાનાને વહે છે.
ડાહ્યો માણસ સ્વર્ગે§ ચડે છે.
સિંહો હાથીઓને ખાઈ જાય છે.
(તે) ફળો ગણે છે.
યોગી વનમાં જાય છે.
યોદ્ધો (બે) તીર ફેંકે છે.
પરમેશ્વર માણસોને સંભાળે છે.
(બે) ગામોમાં‡ (અમે) પેસીએ છીએ.
(તેઓ) પગ ધુએ છે.
દીકરો બાપને ખુશ કરે છે.
માણસો ફળો ખાય છે.
વાંદરા વૃક્ષો પર ચઢે છે.

बिडालां+स्ताडयति पुरुषः।
गृहं प्रविशामः।
(તે) ચાકરોને પૂછે છે.
(બે) મુર્ખો ઝેર પીએ છે.
રાજાઓ ચોરને સજા કરે છે.
(તેઓ) પુસ્તકો ગોઠવે છે.
(તમે) ભાત ખાઓ છો.
રામનો મિત્રો સંભારે છે.
લોકો રાજાઓને વખાણે છે.
ડાહ્યા માણસ લોકોને દોરે છે.
(હું) સત્ય સમજું છું.
વેદો સૂરજને વખાણે છે.
બાપ (પોતાના બે) દીકરાઓને બોલાવે છે.
મુર્ખો ડાહ્યા માણસોને નિંદે છે.
રાજા યોદ્ધાને કહે છે.

---

## ૨. इकारांत નામ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુંલિંગ | म् | ० | न् |

બહુવચનમાં न् પ્રત્યય લાગતાં, તેમજ દ્વિવચનમાં પણ અંત્ય इ દીર્ઘ થાય છે; તેથી કરીને—

| | | | |
|---|---|---|---|
| | हरिम् | हरी | हरीन् |

---

+ પદાન્ત न् પછી च् छ्, ट् ठ् તથા त् थ् આવે તો, એ न् ને ઠેકાણે અનુસ્વાર અને વિસર્ગ થાય છે. આ સંધિમાં એવા વિસર્ગનો પછી स् થાય છે. (જુઓ ટીપ * પૃષ્ઠ ૧૮.)

§ દ્વિતીયા વાપરવી, કેમકે रुह् (આ સાથે, ઉપર ચડવું, પલાણવું) ધાતુ સકર્મક છે.

‡ विश् (પ્રવેશ કરવો, પેસવું) સકર્મક છે, માટે દ્વિતીયા વાપરવી.

નામ (પુંલિંગ)

अतिथि પરોણો
अधिपति ઉપરી, ધણી
अलि ભમરો, મધમાખ
कलि કજિયો, કલિયુગ
किरि ભૂંડ, ડુક્કર
बलि બળિદાન
भिक्षुक ભિખારી
मणि મણિ
रवि રવિ, સૂરજ
राशि ઢગ, ઢગલો
वायस કાગડો
विधि અદૃષ્ટ, નસીબ
व्रीहि જુદીજુદી જાતના ચોખા કે દાણા
सारथि સારથિ, રથ હાંકનારો

ધાતુઓ

प्र+क्षल् ગ. ૧૦, પખાળવું, ધોવું
गण् ગ. ૧૦, ગણકારવું
दा [यच्छ्] ગ. ૧, દેવું, આપવું
अभि+नन्द् ગ. ૧, આનંદ પામવો, ગમવું; વધાવવું
आ+नी ગ. ૧, આણવું, લાવવું
अनु+सृ ગ. ૧, અનુસરવું
अपि (અવ્યય) પણ, એ

વાક્યો

वायसो बलिं भक्षयति ।
नृपतिररीञ् जयति ।
हरिं पीडयति व्याधिः ।
मेघो वारि सिञ्चति ।
कमलमलीन् प्रीणयति ।
राजो रविं नमति ।
पाणी प्रक्षालयामः ।
असीन्वहन्ति योधाः ।
कपिं मुञ्चामि ।
नृपतिं वर्णयन्ति कवयः ।
मणिं चोरयति स्तेनः ।
अधिपतीन्किङ्करा अनुसरन्ति ।
उदधिं गच्छावः ।
ऋषी नमामः ।
व्याघ्रः किरीनत्ति ।
सारथीनाह्वयामः ।
ईश्वरो विधिं जयति ।
राशिं नयतः ।
व्रीहीनुञ्छति भिक्षुकः ।

---

* જ્યારે स્ કે અન્ય દંત્ય વ્યંજન, श् કે તાલવ્ય વ્યંજન સાથે જોડાય ત્યારે દંત્યને ઠેકાણે એને મળતો તાલવ્ય મુકાય છે; એટલે કે स् ને ઠેકાણે श्, त् ને ઠેકાણે च्, द् ને ઠેકાણે ज् ઇ૦ થાય છે. જ્યારે દંત્ય ને મૂર્ધન્ય જોડાય ત્યારે પણ એવી જ રીતે દંત્યને ઠેકાણે મૂર્ધન્ય થાય છે; એટલે કે स् ને ઠેકાણે ष्, त् ને ઠેકાણે ट्, थ् ને ઠેકાણે ठ् ઇ૦ થાય છે; અર્થાત્ તાલવ્ય કે મૂર્ધન્ય સાથે દંત્યના સંયોગમાં દંત્યનો અનુક્રમે મળતો તાલવ્ય કે મૂર્ધન્ય થાય છે.

गिरी§ आरोहन्ति ।
कविं जनः पूजयति ।
पतिं पृच्छन्ति शिष्याः ।
કવિઓ ઋષિઓને વખાણે છે.
રામ કવિઓને નમે છે.
યોગી પર્વત (તરફ)* જાય છે.
(બે) વાંદરાઓને (હું) મારું છું.
હરિ ઢગલા લાવે છે.
તે હાથને સ્પર્શ કરે છે.
ઓસડો રોગોનું હરણ કરે છે.
(બે) પારધી (બે) કુકડાને જુએ છે.
હરિ (પોતાના) શત્રુને મારે છે

व्याधिं न गणयामि ।
अतिथीन्पूजयन्ति ब्राह्मणाः ।
कवीनभिनन्दति बुधः ।
યોદ્ધો તલવાર ફેંકે છે.
(હું) મણિઓ ઇચ્છું છું;
(તે) દરિયાઓ (ઉપર)† ભટકે છે.
માણસ અગ્નિમાં પેસે છે.×
(બે) સારથિઓને (તે) પૂછે છે.
લોકો રાજાઓને ખુશ કરે છે.
રાજાઓ પણ યોગીઓને નમે છે.
ઘોડા પાણી પીએ છે.
માણસો બળિદાનો આપે છે.

## પાઠ ૭ મો

### તૃતીયા વિભક્તિ

**અકારાંત તથા ઇકારાંત નામ**

**પ્રત્યયો**

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| પુલિંગ | અકારાંત | इन | भ्याम् | ऐस् |
| | ઇકારાંત | ना | ,, | भिस् |

भ्याम् પ્રત્યય લાગતાં પૂર્વનો अ દીર્ઘ થાય છે.

---

§ બે સ્વર પાસે આવ્યા છતાં સંધિ થતી નથી એવું થોડે જ પ્રસંગે બને છે, આ ઠેકાણે એવો નિયમ લાગુ પડે છે કે જ્યારે નામ કે ક્રિયાપદના દ્વિવચનને છેડે (દીર્ઘ) ई, ऊ, કે ए આવ્યા હોય ત્યારે પછીના સ્વર સાથે એઓની સંધિ થતી નથી.

* પૃ. ૧૯ ટીપ * જુઓ.

† દ્વિતીયા વાપરવી, કારણ કે अट् ગતિવાચક છે.

× પૃ. ૨૦ ટીપ× જુઓ.

| | | |
|---|---|---|
| दण्डेन | दण्डाभ्याम् | दण्डैः |
| मणिना | मणिभ्याम् | मणिभिः |

નપુંસકલિંગ { અકારાંત નપુંસકલિંગ નામોનાં રૂપ પહેલી બે વિભક્તિ સિવાયની બાકીની બધી વિભક્તિઓમાં અકારાંત પુંલિંગ નામ જેવાં જ થાય છે.

| નપુંસકલિંગ इकारांत—आ | भ्याम् | भिस् |
|---|---|---|
| वारिणा* | वारिभ्याम् | वारिभिः |

નામ (પુંલિંગ)

| | | |
|---|---|---|
| अलंकार અલંકાર ઘરેણું | दण्ड લાકડી, દંડ | यजमान જજમાન, ઘરધણી |
| आतप તડકો | देव દેવ, ઈશ્વર | यत्न પ્રયત્ન, મહેનત |
| इन्द्र ઇંદ્ર | नद નદી | रथ રથ |
| उपहार ભેટ | नाविक નાવ ચલાવનાર, ખલાસી | रावण રાવણ, લંકાનો રાજા |
| कर હાથ, કર | पत्ति પાળો (સિપાઈ) | विधि વિધિ, શાસન આજ્ઞા |
| कासार તળાવ | बाण બાણ, તીર | श्लोक શ્લોક, કવિતાની કડી |
| कौशिक કુશિકનો વંશજ, કૌશિક ગોત્રનો પુરુષ | मन्त्र મંત્ર, (વેદના) સૂક્તની કડી | |

(નપુંસકલિંગ)

| | | |
|---|---|---|
| अन्न ખોરાક | गोत्र ગોત્ર, વંશ, કુળ | रत्न જવાહિર |
| अर्घ्य અર્ઘ્ય, પૂજાનો સામાન | चक्र ચક્ર, પૈડું, ચાક | शरीर શરીર, દેહ |
| इन्धन બળતણ | नख નખ, નહોર | शास्त्र શાસ્ત્ર |
| खनित्र કોદાળો | पुण्य પુણ્ય | शीर्ष શીશ, મ |
| | यन्त्र યંત્ર, સાંચો | सूक्त સૂક્ત, વેદ. |

વિશેષણ खञ्ज લંગડો; प्रभूत પુષ્કળ

ટીપ—વિશેષણ અને વિશેષ્યનાં જાતિ, વચન અને વિભક્તિ એકસરખાં હોય છે.

* પૃ. ૧૭નો નિયમ (પંક્તિ ૫-૬) તથા પૃ. ૧૯ની ટીપ ‡ જુઓ.

## ધાતુઓ

खन् ગ. ૧, ખણવું, ખોદવું
अव+गम् ગ. ૧, જાણવું
चल् ગ. ૧, ચાલવું, ખસવું
प्र+हृ ગ. ૧, પ્રહાર કરવો, મારવું, માર મારવો
अव+नम् ગ. ૧, નમવું, નમી જવું
वि+राज् ગ. ૧, શોભવું, પ્રકાશવું, સુન્દર દેખાવું
दृ (दार्) ગ. ૧૦, ફાડવું

**सह** (અવ્યય) સહિત, સાથે

### વાક્યો

पुरुषः स्तेनं दण्डेन ताडयति ।
शरीरमलंकारैर्भूषयति ।
नाविका नदेन समुद्रं प्रविशन्ति ।
योधो बाणैररिं जयति ।
पादेन खञ्जः ।
पुत्रैः *सह ग्रामं गच्छति हरिः ।
चक्राभ्यां चलति रथः ।
खनित्रेण खनति ।
रामोऽर्घ्येण§ ऋषिं पूजयति ।
कवयः श्लोकैर्नृपं वर्णयन्ति ।
बुधाः सुखेन जीवन्ति ।
नेत्राभ्यां पश्यति जनः ।
वारिणा हस्तौ क्षालयति ।
पाणिभ्यां स्पृशति शीर्षम् ।
सिंहो नखैर्गजान् दारयति ।
अग्निना गृहं दहति ।
बुधः शास्त्रै×स्तत्त्वमवगच्छति ।
*पत्तिभिर्गच्छति योधः ।
पादाभ्यां धावन्ति बालाः ।
पुण्येन हरिं पश्यति ।
करेणाह्वयति रामं हरिः ।
रामः कपिभिर्जयति रावणम् ।
गोत्रेण कौशिकोऽस्मि ।
दुःखेन मुह्यति जीवः ।
इन्धनैः पचत्योदनम् ।

---

* જે નામને सह અવ્યય જોડવામાં આવે છે તે નામ તૃતીયા વિભક્તિમાં મૂકવું જોઇએ; (सह અધ્યાહાર્ય હોય તો ય તૃતીયા આવે.)

§ ए, ऐ, ओ, અને औ સિવાયના સ્વર પછી હ્રસ્વ ऋ આવે તો સંધિ કરવી, અથવા તો સંધિ ન કરતાં માત્ર પૂર્વનો સ્વર દીર્ઘ હોય તો હ્રસ્વ કરવો.

× પૃ. ૧૮ ની ટીપ * જુઓ.

રામ રત્નો વડે શરીર શણગારે છે.
માણસ મુખ વડે બોલે છે.
માણસ અન્ન વડે શરીર પોષે છે.
(તેઓ) માથે ભાર વહે છે.
હરિ પ્રયત્નોથી ઋષિને ખુશ કરે છે.
રાજાઓ ભેટો વડે પ્રસન્ન થાય છે.
રથો યંત્રો વડે ચાલે છે.
બ્રાહ્મણો (બે) સૂક્તો વડે દેવને બોલાવે છે.
(તે) વિધિથી ઈશ્વરને પૂજે છે.
બે શ્લોક વડે (તે) રામને વખાણે છે.
માણસ શત્રુને તલવાર વડે મારે છે.
રામ સારથિ સાથે જાય છે.
તળાવ કમળો વડે શોભે છે.

લોકો ઘણાં રત્નોથી પણ ખુશ થતા નથી.
(અમે) રથમાં બેસીને (=વડે) ગામ જઈએ છીએ.
(તે) દેવોને બળિદાન વડે ખુશ કરે છે.
વાઘ માંસ વડે જીવે છે.
(તે) ચિત્તથી ઈશ્વરનું ચિંતન કરે છે.
ઈંદ્ર (પોતાના) વજ્ર વડે પર્વતોને મારે છે.
વૃક્ષો પાણી વડે ઊગે છે.
વાંદરા ફળો વડે સંતોષ પામે છે.
વસંતઋતુ ઝાડોને પાંદડાં વડે શણગારે છે. (वसन्त पुं)
તળાવો તડકા વડે સુકાઈ જાય છે.
માથું ભાર વડે નીચે નમી જાય છે.

## પાઠ ૮ મો

### ચતુર્થી અને પંચમી વિભક્તિ

**પ્રત્યયો**

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| અકારાંત પુંલિંગ | ચ૦ | **य** | **भ्याम्** | **भ्यस्** |
| | પં૦ | **आत्** | ,, | ,, |
| અકારાંત નપુંસકલિંગ | ચ૦ / પં૦ | પુંલિંગ પ્રમાણે | | |

**य** તથા **भ्याम्** પ્રત્યય લાગતાં પૂર્વનો **अ** દીર્ઘ થાય છે, **भ्यस्** પ્રત્યય લાગતાં પૂર્વના **अ** નો **ए** થાય છે.

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| | **रामाय** | **रामाभ्याम्** | **रामेभ्यः** |
| | **रामात्** | ,, | ,, |

| | | | | |
|---|---|---|---|---|
| इકારાંત પુંલિંગ તથા નપુંસકલિંગ | ચ૦ | **ए** | **भ्याम्** | **भ्यस्** |
| | પં૦ | **अस्** | ,, | ,, |

| | | |
|---|---|---|
| ચ૦—*हरे+ए=हरये | हरिभ्याम् | हरिभ्यः |
| પં૦—हरे+अस्=हरेः‡ | " | " |
| ચ૦—वारिणे | वारिभ्याम् | वारिभ्यः |
| પં૦—वारिणः | " | " |

નામ (પુંલિંગ)

अश्वपति વિશેષ નામ
आचार्य આચાર્ય, ધર્મગુરુ, ગુરુ
कृषीवल ખેડૂત
कृष्ण વિશેષ નામ
क्रोध ક્રોધ, ગુસ્સો
क्रोश કોશ, બે માઈલ
तिल તલ
द्वीप દ્વીપ, બેટ, ખંડ
निष्क સોનામહોર
पर्वत પર્વત
पाप પાપી, દુષ્ટ
प्रासाद મહેલ
भृत्य ચાકર
माष અડદ
मोदक લાડુ
याचक યાચક, માગણ
लोक લોક, દુનિયા
वध વધ, ઘાત
वराह ભૂંડ, ડુક્કર
विनय નમ્રતા
शिखर શિખર, ટોચ
सार्थ સાર્થ, કાફલો, ટોળું
सेनापति સેનાપતિ
सैनिक લશ્કરી સિપાઈ

(નપુંસકલિંગ)

अज्ञान અજ્ઞાન
आकाश આકાશ
आसन આસન, બેઠક
उद्यान વાડી, બાગ
कल्याण કલ્યાણ, ભલું
कुसुम ફૂલ
क्षेत्र ખેતર
आलस्य આળસ, જડતા
ज्ञान જ્ઞાન, સમજ
तारक તારો, ચાંદરડું
पद પગલું
पल्वल તલાવડું, ખાબોચિયું
भोजन ભોજન
मूक (વિશેષણ) મૂંગું
मौन શાંતતા
योजन જોજન, ચાર કોશ, ચાર ગાઉ
राज्य રાજ્ય
वन વન
शत સો
सिंहासन સિંહાસન
स्वकृत्य સ્વધર્મ પોતાની ફરજ

* ચતુર્થી, પંચમી અને ષષ્ઠીના એકવચનના પ્રત્યય લાગતાં, હ્રસ્વ ઇકારાંત તથા ઉકારાંત પુંલિંગ નામોના અંત્ય સ્વરનો ગુણ થાય છે.

‡ પં૦ ષ૦ના अस् પ્રત્યયની પૂર્વે ए કે ओ હોય, તો अ લોપાય છે.

**अधि+गम्** મેળવવું
**प्रति+आ+गम्** પાછું આવવું
**प्रति+दा [यच्छ्]** ના બદલામાં આપવું
**भज्** ગ. ૧, ભજવું, આશરો કરવો
**उद्+भू** ઉદ્ભવ થવો, ઉત્પન્ન થવું, નીપજવું
**उद्+स्था [तिष्ठ्]** ઊઠવું, ઊભા થવું.

**उप+दिश्** ગ. ૬, ઉપદેશ કરવો, શીખવવું, સમજાવવું.
**धृ** ગ. ૧૦, ધારણ કરવું, પહેરવું; દેણદાર હોવું, *દેવું હોવું.

**અવ્યય**

‡**नमस्** નમસ્કાર; **विना** સિવાય; **स्वस्ति** સ્વસ્તિ, અખંડ કલ્યાણ.

**વાક્યો**

**हरिर्ब्राह्मणेभ्यो निष्कान् यच्छति ।**
**मनुष्यो ग्रामाय गच्छति ।**
**कल्याणाय हरिं भजति ।**
**फलेभ्यो गच्छामि ।**
**हरये नृपतिः कुप्यति † ।**
**मोदकेभ्यो‡ बालः स्पृहयति ।**
**नगराद्गच्छति § ।**
**अश्वात्पतति ।**
**अतिथिभ्योऽन्नं यच्छति ।**
**तिलेभ्यः प्रतियच्छति ×माषान् ।**
**आसनेभ्य उत्तिष्ठन्त्याचार्याः ।**

* જ્યારે धृ ધાતુનો અર્થ 'દેણદાર હોવું (કરજ પેટે દેવાનું-કરજદાર હોવું)' થાય છે, ત્યારે લેણદારનું નામ ચતુર્થીમાં આવે છે અને લેણું બતાવનાર શબ્દ દ્વિતીયામાં આવે છે, તથા દેવાદાર પ્રથમામાં આવે છે.

‡ જે નામને नमः કે स्वस्ति જોડવામાં આવે તે ચતુર્થીમાં આવે છે. विना જોડવામાં આવે તે દ્વિતીયા, તૃતીયા કે પંચમીમાં આવે છે.

† ક્રોધ, દ્રોહ (=દ્વેષ), ઈર્ષ્યા (=ચડસાચડસી), કે અસૂયા (=અદેખાઈ)ના અર્થનાં ક્રિયાપદો સાથે ક્રોધ વગેરે જેના પ્રત્યે બતાવવામાં આવે છે તેને ચતુર્થી વિભક્તિ આવે છે. स्पृह् ક્રિયાપદની સાથે ઇચ્છિત વસ્તુવાચક શબ્દ (એટલે કર્મ) પણ ચોથીમાં આવે છે.

× (प्रति+दा નું કર્મ દ્વિતીયામાં, અને બદલામાં લેવાનું હોય તે પંચમીમાં આવે છે.)

§ અનુનાસિક સિવાયના કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી ઘોષ વ્યંજન કે શબ્દનો પ્રથમાક્ષર સ્વર આવે તો પૂર્વના વ્યંજનને બદલે પૂર્વ વ્યંજનના વર્ગનો ત્રીજો અક્ષર મુકાય છે.

वधाद्विमारिर्न शाम्यति ।

रवेर्लोकः सुखमधिगच्छति ।

प्रासादाज्जनं पश्यति नृपः ।

शिष्याय शास्त्रमुपदिशति ।

कलिभ्यो दुःखान्युद्भवन्ति ।

शिखरात्पतन्ति गजाः ।

द्वीपाद् द्वीपमटति सार्थः ।

भृत्यं क्रोधाद्रामस्ताडयति ।

રામ ભોજનને વાસ્તે ઘેર જાય છે.

ફળો વૃક્ષો ઉપરથી પડે છે.

(હું) યાચકોને ધન આપું છું.×

હરિએ અશ્વપતિને સો (મહોર) (કરજ પેટે) દેવી છે.§

ડાહ્યો માણસ મોક્ષ સારુ ઈશ્વરને ભજે છે.

સેનાપતિ લશ્કરી સિપાઈઓને (એક) ગામથી (બીજે) ગામ લઈ જાય છે.‡

नगरं वनाद्योजनम् ।

नमो देवेभ्यः ।

स्वस्ति हरये ।

पल्वलेभ्यो वराहा उत्तिष्ठन्ति ।

विनयः सुखाय भवति ।

निष्कान् धारयति रामाय हरिः ।

બ્રાહ્મણો રાજાઓ પાસેથી ધન મેળવે છે.

પર્વત સમુદ્રથી (બે) યોજન છે.

હરિ ફૂલોને માટે બાગ તરફ જાય છે.

દુઃખ પાપમાંથી નીપજે છે.

દેવો પાપીઓને સ્વર્ગમાંથી ફેંકી દે છે.

રામ સ્વધર્મથી ચૂકે છે.

(બે) ઢગલાઓમાંથી (તે) ચોખા લાવે છે.

---

† પૃ. ૨૧ ની ટીપ * જુઓ.

× 'આપવું" એ અર્થનાં ક્રિયાપદનું પ્રધાન કર્મ દ્વિતીયામાં અને ગૌણ કર્મ ચતુર્થીમાં આવે છે.

§ પૃ. ૨૭ ની ટીપ * જુઓ.

‡ કેટલાક ધાતુ દ્વિકર્મક છે; જેમ કે नी, प्रच्छ्, याच् વગેરે. વળી આ ધાતુના જેવા અર્થવાળા બીજા ધાતુ પણ દ્વિકર્મક છે.

શિષ્યો (પોતાના) આચાર્યો પાસેથી જ્ઞાન મેળવે છે.
રાજાઓ (પોતાના) રાજ્યોને શત્રુઓથી રક્ષે છે.
રાજા સિંહાસન ઉપરથી (પોતાના) સેનાપતિને કહે છે.
આળસને લીધે (તે) (એક) પગલું પણ ચાલતો નથી.
વિનયને લીધે (તે) મૂંગો ઊભો રહે છે.
(હું) બાગમાંથી પાછો ફરું છું.
ખેડૂતો ધાન્યને માટે ખેતર ખેડે છે.
છોકરો બાપ પાસેથી ધન મેળવે છે.
મુર્ખો અજ્ઞાનને લીધે બબડે છે.
ડુક્કરો તળાવમાંથી પાણી પીએ છે.
આકાશમાંથી તારા પડે છે.
કવિઓને અખંડ કલ્યાણ!

---

# પાઠ ૯ મો

## ષષ્ઠી, સપ્તમી, અને સંબોધન વિભક્તિ

### પ્રત્યયો

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| અકારાંત પુલિંગ | ષ० | स्य | ओस् | नाम् |
| | સ० | इ | ,, | सु |

અકારાંત નપુંસકલિંગ પુલિંગ પ્રમાણે

नाम् પ્રત્યયની પહેલાં અંત્ય હ્રસ્વ સ્વર દીર્ઘ થાય છે; ओस् તથા सु પ્રત્યય લાગતાં અંત્ય अ નો ए થાય છે.

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| ઇકારાંત પુલિંગ | ષ० | अस् | ओस् | नाम् |
| | સ० | औ | ,, | सु |

औ પ્રત્યય લાગતાં પૂર્વની इ લોપાય છે.

અકારાંત નામના સંબોધન એકવચનમાં મૂળ રૂપ જ વપરાયું છે, અને ઇકારાંત નામનું સંબોધન એકવચન મૂળ રૂપના અંત્ય ઇકારનો ए કરવાથી થાય છે; બંનેનાં દ્વિવચન ને બહુવચન પ્રથમાનાં તે તે રૂપો જેવાં જ છે.

| | | | |
|---|---|---|---|
| ષષ્ઠી | रामस्य | रामयोः | रामाणाम् |
| સપ્તમી | रामे | ,, | रामेषु |
| સંબોધન | राम | रामौ | रामाः |
| ષષ્ઠી | हरेः† | हर्योः | हरीणाम् |
| સપ્તમી | हरौ | ,, | हरिषु |
| સંબોધન | हरे | हरी | हरयः |

| | | | |
|---|---|---|---|
| इકારાંત નપુંસકલિંગ { ષ૦ | अस् | ओस् | नाम् |
| સ૦ | इ | ,, | सु |

इકારાંત નપુંસકલિંગના સંબોધનનું એકવચન, મૂળ રૂપના અંત્ય इકારનો વિકલ્પે ગુણ કરવાથી થાય છે, અને દ્વિવચન ને બહુવચન પ્રથમાનાં તે તે રૂપો જેવાં જ છે.

| | | | |
|---|---|---|---|
| ષષ્ઠી | वारिणः | वारिणोः | वारीणाम् |
| સપ્તમી | वारिणि | ,, | वारिषु |
| સંબોધન | वारे, वारि | वारिणी | वारीणि |

નામ (પુંલિંગ)

अवकाश જગ્યા, અવકાશ
आचार આચાર, યોગ્ય ચાલ
खड्ग ખડગ, તલવાર
ग्रीष्म ગ્રીષ્મ, ઉષ્ણુ-કાલ, ઉનાળો
चन्द्र ચન્દ્ર
दीप દીવો
धनपति કુબેર
धनिक પૈસાદાર, તવંગર
धर्म ધર્મ, ફરજ
निधि ભંડાર, ખજાનો
पराक्रम પરાક્રમ, પુરુષાર્થ
पालक પાળનાર, રક્ષણ કરનાર
प्रकाश પ્રકાશ, તેજ
प्रसाद મહેરબાની
यक्ष કુબેરનો ચાકર
वर्ण વર્ણ, જાતિ, રંગ
वास વાસ, રહેઠાણ
वीर વીર, લડવૈયો
वृष બળદ
श्वापद શિકારી પશુ
सुमन्त्र રામનો સારથિ (વિશેષ નામ)

---

† પૃ. ૨૬ની ટીપ ‡ જુઓ.

(નપુંસકલિંગ)

| | | |
|---|---|---|
| **औषध** ઔષધ, ઓસડ | **चित्त** ચિત્ત, મન | **वचन** વચન, વેણ |
| **कारण** કારણ | **प्रमाण** પ્રમાણ, સાબિતી | **वैर** વેર, દુશ્મનાઈ |
| **घृत** ઘી | **युद्ध** યુદ્ધ, લડાઈ | **सौन्दर्य** સુંદરપણું, ખૂબસુરતી |
| **चरित** સંસારમાં વર્તવાની રીત | **यूथ** જથ્થો, ટોળું | **हिम** હિમ, બરફ |
| | **लाङ्गूल** પૂંછડું | **हर्म्य** ઘર, હવેલી |

વિશેષણ

| | | |
|---|---|---|
| **आह्लादक** ખુશકારક | **चण्ड** પ્રચંડ, ગરમ, ઉગ્ર | **प्रशस्य** પ્રશંસાને પાત્ર, વખાણવા લાયક |
| **गर्ह्य** નિંદવા લાયક | **दीर्घ** દીર્ઘ, લાંબુ | |
| **श्रेष्ठ** શ્રેષ્ઠ, સર્વોત્તમ | **प्रथम** પ્રથમ, પહેલું | **लवण** ખારું; (નપું.) મીઠું |

ધાતુઓ

| | |
|---|---|
| **क्षम्** [**क्षाम्**] ગ. ૪, ક્ષમા કરવી, માફ કરવું | **प्र+रुह्** ઊગવું |
| | **उप+विश्** બેસવું |

**क्व** ( અવ્યય ) ક્યાં ?

વાક્યો

नराणां पालको नृपः।

समुद्रस्य जलं लवणम्।

देवस्य प्रसादेन जीवामि।

शास्त्राणां तत्त्वं प्राज्ञो बोधति।

वीरयोर्युद्धं भवति।

वारीणां निधिरुदधिः।

आसनेषूपविशन्ति।

गिरेः शिखराद् वृषः पतति।

कासारे कमलान्युद्भवन्ति।

गजानां यूथं चरति।

ग्रीष्मे सूर्यस्य प्रकाशश्चण्डो भवति।

वर्णानां× ब्राह्मणः श्रेष्ठः।

ऋषीणां वचनं प्रमाणम्।

शठानां चरितं गर्ह्यम्।

कवयो लोकेषु वीराणां पराक्रमान् प्रथयन्ति।

हरेः पुस्तकं क्वास्ति।

नगरे जना वसन्ति।

रामस्य पुत्रा ग्रामं गच्छन्ति।

वनेषु श्वापदाः सन्ति।

---

× श्रेष्ठ, प्रथम વગેરેની પૂર્વે ષષ્ઠી-સપ્તમી બંને આવે.

आचार्याः शिष्याणां धर्मं कथयन्ति ।
मनुष्याणामगदेन व्याधयो नश्यन्ति।
रामस्य सारथिः सुमन्त्रो वनं रथं नयति* ।
चन्द्रस्य प्रकाशो जनानामाह्लादको भवति ।
गिरिषु वसन्ति सिंहाः ।
अरीणां सैनिकान् नृपतिर्जयति।
योधस्य पाणौ खड्गोऽस्ति ।
धूर्जटौ यतीनां चित्तमस्ति ।

હરિના (બે) દીકરાની ચાલ વખાણવા લાયક છે.
ઘરોમાં દીવા છે.
યક્ષો કુબેરના ચાકર છે.
વાંદરાઓનાં પૂંછડાં લાંબાં હોય છે.
કવિઓમાં× કાલિદાસ પ્રથમ છે.
માણસનો ચાકર ગામ જાય છે.
રાજાઓ મહેલોમાં રહે છે.
પૈસાદારો હવેલીઓમાં રહે છે.
રામ માણસોમાં× શ્રેષ્ઠ છે.
સરોવરનું પાણી ખારું છે.
પર્વતોનાં શિખરો ઉપર બરફ છે.
ચોર બ્રાહ્મણોનું ધન ચોરે છે.
(હું) વાડીઓનાં સૌન્દર્યવડે ખુશ થાઉં છું.
(તે) ઝાડનું પાંદડું લાવે છે.
(હું) દેવતામાં ઘી નાખું છું.
ખલાસીઓનું વેર લડાઈનું કારણ છે.
મુર્ખાઓને (સુધારવાને) માટે (કશું) ઓસડ નથી.
હે હરિ, લોકો વિનયથી સંતુષ્ટ થાય છે.
વાદળાં આકાશમાં ચાલે છે.
યોગીઓનું રહેઠાણ જંગલોમાં હોય છે.
દરિયામાં ઘણાં રત્ન હોય છે.
ફૂલો બાગમાં ઝાડોને શણગારે છે.
ડાહ્યો માણસ (પોતાના) મનમાં ક્રોધને જગા આપતો નથી.
ઈશ્વર પાપીઓનાં પાપ ક્ષમા કરે છે.
કમળો પાણીમાં ઊગે છે.

* પૃ. ૨૮ ટીપ ‡ જુઓ. × પૃ. ૩૧ ની ટીપ × જુઓ.

## સારાંશ તથા સવાલ

### नृप–પુંલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | नृपः | नृपौ | नृपाः |
| દ્વિતીયા | नृपम् | नृपौ | नृपान् |
| તૃતીયા | नृपेण | नृपाभ्याम् | नृपैः |
| ચતુર્થી | नृपाय | ,, | नृपेभ्यः |
| પંચમી | नृपात् | ,, | नृपेभ्यः |
| ષષ્ઠી | नृपस्य | नृपयोः | नृपाणाम् |
| સપ્તમી | नृपे | ,, | नृपेषु |
| સંબોધન | नृप | नृपौ | नृपाः |

### कलि–પુંલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | कलिः | कली | कलयः |
| દ્વિતીયા | कलिम् | ,, | कलीन् |
| તૃતીયા | कलिना | कलिभ्याम् | कलिभिः |
| ચતુર્થી | कलये | ,, | कलिभ्यः |
| પંચમી | कलेः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | कल्योः | कलीनाम् |
| સપ્તમી | कलौ | ,, | कलिषु |
| સંબોધન | कले | कली | कलयः |

### वन–નપુંસકલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | वनम् | वने | वनानि |
| દ્વિતીયા | ,, | ,, | ,, |
| તૃતીયા | वनेन | वनाभ्याम् | वनैः |
| ચતુર્થી | वनाय | ,, | वनेभ्यः |
| પંચમી | वनात् | ,, | ,, |
| ષષ્ઠી | वनस्य | वनयोः | वनानाम् |
| સપ્તમી | वने | ,, | वनेषु |
| સંબોધન | वन | वने | वनानि |

सुरभि (વિશે.) સુંદર—નપુંસકલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | सुरभि | सुरभिणी | सुरभीणि |
| દ્વિતીયા | " | " | " |
| તૃતીયા | सुरभिणा | सुरभिभ्याम् | सुरभिभिः |
| ચતુર્થી | सुरभिणे | " | सुरभिभ्यः |
| પંચમી | सुरभिणः | " | " |
| ષષ્ઠી | " | सुरभिणोः | सुरभीणाम् |
| સપ્તમી | सुरभिणि | " | सुरभिषु |
| સંબોધન | सुरभि, सुरभे | सुरभिणी | सुरभीणि |

[ પુંલિંગનાં ૩૫ कलि જેવાં થાય ]

૧. (क) છેલ્લા ચાર સ્વરો સિવાયના સજાતીય સ્વરની સંધિ શી?

(ख) अ કે आ પછી હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, કે ऌ આવે તો સંધિ શી?

(ग) अ કે आ પછી ए, ऐ, ओ, औ આવે તો સંધિ શી?

(घ) હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, ऌ પછી કોઈ પણ વિજાતીય સ્વર આવે તો સંધિ શી?

(ङ) પદાંતે ए કે ओ પછી अ આવે તો સંધિ શી?

(च) નામના દ્વિવચનને છેડે આવેલા ई, ऊ, ए પછી કોઈ પણ સ્વર આવે તો, અને છેલ્લા ચાર સિવાય કોઈ પણ સ્વર પછી ऋ આવે તો સંધિ શી?

(छ) પદને અંતે म् આવે તો શું થાય?

(ज) જોડે આવેલા દંત્ય અને તાલવ્ય વ્યંજનની સંધિ શી?

(झ) જોડે આવેલા દંત્ય અને મૂર્ધન્ય વ્યંજનની સંધિ શી?

(ञ) પહેલા પાંચ વર્ગના, અનુનાસિક સિવાયના કોઈ પણ

વ્યંજન પછી ઘોષ વ્યંજન કે શબ્દનો પ્રથમાક્ષર સ્વર આવે, તો સંધિ શી?

(ट) र् પછી र् આવે તો સંધિ શી?

૨. न् નો ण् ક્યારે થાય?

૩. ક્યારે વિસર્ગનો उ, ક્યારે र्, અને ક્યારે श्, ष्, स् થાય છે, અને ક્યારે એ લોપાય છે?

૪. પદાંત न् નો ક્યારે અનુસ્વાર અને વિસર્ગ થાય છે?

૫. નીચેનાં ક્રિયાપદો સાથે, ને અવ્યયો સાથે સંબંધ ધરાવતા પદ કઇ વિભક્તિમાં આવે છે?

(क) ગતિવાચક ક્રિયાપદો;

(ख) ગુસ્સો, દ્વેષ, ચડસાચડસી અને અદેખાઈના અર્થનાં ક્રિયાપદ;

(ग) "દેણદાર હોવું" એવા અર્થમાં धृ ધાતુ, તથા स्पृह् ધાતુ, (અને प्रति+दा ધાતુ);

(घ) सह, नमस्, स्वस्ति અને विना.

૬. કેટલાએક દ્વિકર્મક ધાતુ ગણાવો.

૭. નીચેનાં નામોનાં રૂપાખ્યાન કરો:—(અકારાંત કે ઇકારાંત પુંલિંગ તથા નપુંસકલિંગ નામ જરૂર જેટલાં પૂછવાં.)

---

## સાધારણ રીતે વપરાતાં કેટલાંએક અવ્યય

| | | |
|---|---|---|
| अतः આથી, અહીંથી | अपि પણ | एव નક્કી, જ |
| अत्र અહીં | इति ઇતિ, એમ આ પ્રમાણે | एवम् એ પ્રમાણે |
| | | कथम् કેમ, શી રીતે |
| अद्य આજ | इत्थम् આવી રીતે | कदा ક્યારે |
| अधुना હમણાં | इव પેઠે, જેમ, જાણે | किन्तु પરંતુ, પણ |

**कुतः** શાથી; ક્યાંથી
**कुत्र, क्व** ક્યાં
**च*** અને, તથા
**चिरम्** લાંબા વખત સુધી
**ततः** તેથી; ત્યાંથી
**तत्र** ત્યાં
**तथा** તેમ, તે પ્રમાણે

**तदा** ત્યારે
**पुनर्** ફરીને
**पुरा** પહેલાં
**यतः** જેથી, જ્યાંથી
**यत्र** જ્યાં
**यथा** જે પ્રમાણે, જેમ
**यदा** જ્યારે
**वा*** અથવા, કે

**वृथा** વૃથા, ફોગટ
**श्वस्** આવતી કાલે
**सदा** સદા, હંમેશાં
**सर्वत्र** સર્વ ઠેકાણે, બધે
**सुष्ठु** સારી રીતે, ઠીક
**हे** હે, અરે
**ह्यस्** ગઈ કાલે

# भाग ३ जो

## પાઠ ૧૦ મો

### વર્તમાનકાળ : આત્મનેપદ‡

**એકવચન**

| પ્રત્યય : | પુરુષ ૧, **इ** | પુરુષ ૨, **से** | પુરુષ ૩, **ते** |
|---|---|---|---|
| | **वन्दे** | **वन्दसे** | **वन्दते** |

**ધાતુઓ : ગણ ૧ લો**

**ईक्ष्** જોવું; **अप+ईक्ष्** આશા રાખવી; જરૂર હોવી; **प्र+ईक्ष्** પેખવું, જોવું

**परि+ईक्ष्** પરીક્ષા કરવી, તપાસવું
**कम्प्** ધ્રૂજવું, હાલવું
**प्र+काश्** પ્રકાશવું, ઝળકવું

**भाष्** ભાખવું, કહેવું
**मुद् (मोद्)** ખુશ થવું
**यत्** યત્ન કરવો
**आ+रभ्** આરંભ કરવો; શરૂ કરવું

---

* જે પદ જોડવાનાં હોય કે છૂટાં પાડવાનાં હોય તે સઘળાંને છેડે એક જ વાર કે દરેકને છેડે જુદી જુદી વાર च કે वा મુકાય છે; ઉદા. हरिश्च गोविन्दश्च કે हरिर्गोविन्दश्च जल्पतः।

‡ આત્મનેપદનાં રૂપાખ્યાન કરતાં પણ, પહેલાં વિકરણ પ્રત્યય ધાતુઓમાં ઉમેરવા જોઈએ, અને ગુણ-વૃદ્ધિ-આદેશ જે થતાં હોય તે કરવાં જોઈએ.

**रम्** રમવું
**रुच्** (**रोच्**) રુચિ હોવી, પસંદ પડવું, ગમવું, ચાહવું
**लभ्** મેળવવું
**वन्द्** વંદન કરવું, નમવું
**वृत्** (**वर्त्**) વર્તવું, હોવું
**वृध्** (**वर्ध्**) વધવું
**वेप्** ધ્રૂજવું
**शङ्क्** શંકા લાવવી; વહેમ આણવો
**आ+शंस्** આશા રાખવી, તકાસવું
**शिक्ष्** શિક્ષણ લેવું, શીખવું
**शुभ्** (**शोभ्**) શોભવું
**श्लाघ्** વખાણવું
**सह्** સહન કરવું
**सेव्** સેવા કરવી

ગણ ચોથો

**जन्** [**जा**] જન્મ થવો, ઉત્પન્ન થવું
**युध्** યુદ્ધ કરવું, લડવું

ગણ છઠ્ઠો

**मृ*** [**म्रिय्**] મરવું
**विद्** [**विन्द्**] મેળવવું

ગણ દશમો

**अव+धीर्** તિરસ્કારવું
**मृग्**† માર્ગ શોધવો, શોધવું
**नि+सूद्** [**निषूद्**] નાશ કરવો

શબ્દો

**अध्ययन** ન. અભ્યાસ
**अर्चन** ન. અર્ચા, પૂજા
**असंख्येय** (વિશે.) અસંખ્ય, અગણિત, ઘણું
**असत्य** ન. અસત્ય, જૂઠું
**अस्त्र** ન. અસ્ત્ર, મંત્ર ભણીને ફેંકવાનું ચમત્કારિક હથિયાર
**आध्यात्मिक** (વિશે.) આધ્યાત્મિક આત્માની સાથે સંબંધ રાખનારું
**उद्गम** પું. જન્મ, ઉત્પત્તિ, દેખાવ
**उद्यम** પું. ઉદ્યમ, મહેનત
**कट** પું. સાદડી
**कृष्ण** પું. કૃષ્ણ (વિશેષ નામ)
**क्लेश** પું. ક્લેશ, દુઃખ
**दण्ड** પું. દંડ, શિક્ષા, લાકડી

---

* છઠ્ઠા ગણના ધાતુના અંત્ય ऋ નો रि થાય છે, અને એમાં વિકરણ પ્રત્યય अ ઉમેરાતાં रिय थाय છે; એટલે, मृ અને पृ નાં પણ म्रियते અને प्रियते એવાં રૂપ થાય છે.

† આ ધાતુના ઉપાન્ત્ય સ્વરનો ગુણ થતો નથી; પૃ. ૮ ની ટીપ × જુઓ. આ ધાતુ કેવળ આત્મનેપદી છે. (બાકી સામાન્ય રીતે ૧૦ મા ગણના ધાતુ ઉભયપદી છે.)

दुराचार पुं. દુરાચાર, ખરાબ ચાલ, ગેરવર્તણૂક
ध्यान न. ધ્યાન, વિચાર
नारायण पुं. માણસનું નામ
नाश पुं. નાશ, નુકસાન
न्याय पुं. ન્યાય, ન્યાયશાસ્ત્ર
पारितोषिक न. ઇનામ
प्रबल (વિશે.) પ્રબળ, જોરાવર, મજબૂત
प्रायस् (અવ્યય) ઘણું કરીને, મોટે ભાગે
बिम्ब न. બિંબ
भक्त पुं. ભક્ત, ભગત
भय न. ભય, બીક
मणिकार पुं. ઝવેરી, હીરામાણેકનો વેપારી
मास पुं. માસ, મહિનો
लाभ पुं. લાભ, ફાયદો
वात पुं. વા, વાયુ, પવન
विश्वामित्र पुं. ઋષિનું નામ
शासन न. શાસન, હુકમ
शुक्लपक्ष पुं. શુકલ પક્ષ, સુદિ
सदाचार पुं. સદાચાર, સારી ચાલ
स्नेह पुं. સ્નેહ, પ્રેમ
स्वास्थ्य न. સ્વસ્થતા, શાંતિ

વાકયો

देवं वन्दे ।
भयं शङ्कसे ।
भयाद्वेपते हृदयम् ।
सूर्यः प्रकाशते ।
व्याघ्रो म्रियते ।
असत्यं भाषसे ।
हरेरुद्यमं श्लाघे ।
पुस्तकानि मृगयसे ।
वीरोऽरिं निषूदयते ।
मोदको बालकाय* रोचते ।
कटः कुत्र वर्तते ।
मणीन्परीक्षते मणिकारः ।
पुत्रस्य लाभेन मोदते
बुधो मोक्षं लभते ।
हे राम सुष्ठु शोभसे विनयेन ।
ज्ञानात्सुखं जायते ।
नारायणे रामस्य स्नेहो वर्धते ।
जनानां कल्याणाय नृपो यतते ।
आचार्यं शिष्यः सेवते ।
विश्वामित्रादस्त्राणि शिक्षते रामः ।
सदाचारेण मनुष्यः स्वास्थ्यं लभते ।
पुत्रस्य दुराचारात्सुखं नाशंसे ।
देवानामर्चनमारभे ।
प्रबलेनापि वातेन पर्वतो न कम्पते ।
ईश्वरस्य ध्याने रमे ।

* रुच् અને એવા અર્થનાં બીજાં ક્રિયાપદો સાથે, ખુશ થનારનું નામ ચતુર્થીમાં આવે છે, (જ્યારે ગમવાનો પદાર્થ પ્રથમામાં આવે છે.)

(હું) ન્યાયનો અભ્યાસ શરૂ કરું છું.
(તું) દુઃખ સહન કરે છે.
કૃષ્ણ છોકરાં જોડે રમે છે.
ઝાડ હાલે છે.
(તું) રાજાઓને સેવે છે.
(હું) ધન મેળવું છું.
(તે) ઋષિઓને વંદન કરે છે.
યોદ્ધો શત્રુ જોડે લડે છે.
(તું) ઈનામ (ની) આશા રાખે છે.
(હું) મિત્રોના ભલાથી ખુશ થાઉં છું.
લુચ્ચો રાજાના હુકમને તિરસ્કારે છે.
(હું) વાંદરો જોઉં છું.
રામ (પોતાના) અસંખ્ય ગુણોવડે પ્રકાશે છે.
ઈશ્વરના ભયથી (તે) અસત્ય બોલતો નથી.
ચંદ્રનું બિંબ મહિનાના શુક્લપક્ષમાં વધે છે.
પાપી (પોતાના) મિત્રોની પણ શંકા આણે છે.
તાડ ફળોના દેખાવથી શોભે છે.
પાપમાંથી આધ્યાત્મિક નાશ ઉત્પન્ન થાય છે.
(તે) રત્નો શોધે છે.
ઘણું કરીને માણુસ ધનને માટે યત્ન કરે છે.
ભક્તને ઈશ્વરની પૂજા ગમે છે.
(હું) દંડના ભયથી ધ્રૂજું છું.
(હું) આચાર્ય પાસેથી ધર્મ શીખું છું.
કવિ રાજાને વખાણે છે.
(હું) શત્રુઓનાં બાણોથી મરું છું.

---

# પાઠ ૧૧ મો

## દ્વિવચન અને બહુવચન

| | પુ. ૧ | પુ. ૨ | પુ. ૩ |
|---|---|---|---|
| દ્વિવચન | **वहे** | **इथे** | **इते** |
| બહુવચન | **महे** | **ध्वे** | **अन्ते**‡ |

પરસ્મૈપદની પેઠે જ, આત્મનેપદમાં પણ, **व्** ને **म्** થી શરૂ થતા પ્રત્યય લગાડતાં પૂર્વનો **अ** દીર્ઘ થાય છે.

---

‡ પૃ. ૬ ની ટીપ + જુઓ.

| | પુ. ૧ | પુ. ૨ | પુ. ૩ |
|---|---|---|---|
| દ્વિવચન : | वन्द्रावहे | वन्देथे | वन्देते |
| બહુવચન : | वन्द्रामहे | वन्दध्वे | वन्दन्ते |

### ધાતુઓ : ગણ ૧ લો

कत्थ् વખાણવું, ખુશામત કરવી
क्षम् ક્ષમા કરવી
प्र+गल्भ् બડાઈ મારવી
डी (डय्) ઊડવું
भिक्ष्* ભિક્ષા-ભીખ માગવી, માગવું
याच्* યાચના કરવી, જાચવું, માગવું
स्पन्द् ધડકવું, ફરકવું
स्मि (स्मय्) હસવું
મો મલકાવવું वि+स्मि (स्मय्) વિસ્મય પામવું, ચમકવું
स्वाद् સ્વાદ લેવો, ચાખવું, ખાવું

### ગણ ચોથો

अनु+रुध् માનવું, અનુસરવું, તાબે રહેવું

### ગણ દશમો

अभि+वाद् નમવું, પગે પડવું

### શબ્દો

अपराध પું. ગુનો
अभ्युदय પું. ઉદય, આબાદી, ચડતી
आम्र ન. આંબાનું ફળ, કેરી
आराधन ન. આરાધના, કૃપા સંપાદન કરવી એ
उद्योग પું. ઉદ્યોગ, મહેનત
उपालम्भ પું. ઠપકો
कपट ન. કપટ
गात्र ન. અવયવ
गान ન. ગાન, ગાયન
गायक પું. ગાનારો
गुण પું. ગુણ
चातुर्य ન. ચતુરાઈ હોશિયારી
तण्डुल પું. ચોખા
दिवा (અવ્યય) દિવસે
द्रव्य ન. દ્રવ્ય, પૈસો
नयन ન. નેન, આંખ
निर्देश પું. ફરમાન હુકમ
नृत्य ન. નાચ, નાચવું
भङ्ग પું. ભંગ, ભાગવું
भोग પું. ઉપભોગ
मयूर પું. મોર
वचनीय ન. નિંદા; નિંદાને લાયક વસ્તુ
वसन्त પું. વસંત ઋતુ
वाक्य ન. વાકય

* પૃ. ૨૮ ટીપ ‡ જુઓ.

वातायन ન. બારી
विविध (વિશે.) વિવિધ, જુદી જુદી જાતનું
विहग પું. પક્ષી
वैयात्य ન. અસભ્યતા, ધૃષ્ટતા
शस्त्र ન. શસ્ત્ર, હથિયાર
शुक પું. સૂડો, પોપટ
संगीत ન. ગાન
संसार પું. સંસાર, દુનિયા
सत्य (વિશે.) સાચું
स्वीय (વિશે.) પોતાનું
हितकर (વિશે.) હિતકર, ફાયદાકારક

વાક્યો

मोदकान् स्वादन्ते ब्राह्मणाः ।
धनिकं द्रव्यं याचेते भिक्षुकौ ।
स्वीयान् गुणान् कत्थेथे ।
उद्योगाद्धनं लभध्वे ।
वृथा प्रगल्भध्वे ।
बुधा मोक्षं विन्दन्ते ।
कपटं शङ्केथे ।
मित्राणामभ्युदये नरा मोदन्ते ।
मुनीनभिवादयावहे ।
मूर्खाणां वैयात्यं न सहामहे ।
वृक्षेषु कुसुमानि वर्तन्ते ।
आचार्यस्य निर्देशमनुरुध्यध्वे ।
भृत्यानामपराधान् क्षमामहे ।
रामस्य नयने स्पन्देते ।
(આપણે) વસંત ઋતુમાં ફળો મેળવીએ છીએ.
(તમે) જૂઠું બોલો છો.
પર્વતો હાલે છે.
તારા પ્રકાશે છે.
(તમે) નાચ શીખો છો.
आकाशे विहगा डयन्ते ।
कृष्णस्य चातुर्येण विस्मयन्ते जनाः ।
देवस्याराधनाय गानमारभामहे ।
दिवा तारकाणि न प्रकाशन्ते ।
पापा न वचनीयमीक्षन्ते ।
सत्यं हितकरं च वाक्यं भाषन्ते प्रज्ञाः ।
शासनस्य भङ्गं न क्षमन्ते नृपतयः ।
गायकात्संगीतं शिक्षावहे ।
मोक्षाय यतन्ते बुधाः ।
वातेन वृक्षाः कम्पन्ते ।
देवान् भोगान् भिक्षन्ते नराः ।
નારાયણના ઉદયને સારુ (એના બે) મિત્ર યત્ન કરે છે.
(અમે બે) રાજાને સેવીએ છીએ.
(તમે બે) કેરીઓ ચાખો છો.
(અમે) હવેલીની ટોચે મોર જોઈએ છીએ.

વાઘ ઘાસ અને ઝાડોનાં પાંદડાં ચાખતા નથી.

(અમે બે) ઋષિઓને નમીએ છીએ.

દુઃખ અને સુખ સંસારમાંથી ઉત્પન્ન થાય છે.

(તમે બે) કારણ વિના યુદ્ધ કરો છો.

(બે) છોકરાં વાડીમાં રમે છે.

(અમે બે) હરિ તરફથી કલ્યાણ(ની) આશા રાખીએ છીએ.

(તમે બે) મિત્રોના અપરાધ માફ કરો છો.

(તેઓ) ડાહ્યા માણસોના ગુણ વખાણે છે.

પાપથી દુઃખો ઉત્પન્ન થાય છે.

માણસો મરે છે.

યાચકો ચોખા માગે છે.

પોપટો બારીએ ઊડે છે.

માણસો (પોતાના) યત્નોનું ફળ મેળવે છે.

મૂર્ખના અવયવ વધે છે, પણ (એનું) જ્ઞાન વધતું નથી.

(અમે બે) દુશ્મનોના ઠપકા સહન કરીએ છીએ.

યોદ્ધા વિવિધ શસ્ત્રો વડે (પોતાના) શત્રુઓનો નાશ કરે છે.

# ભાગ ૪ થો

## પાઠ ૧૨ મો

### *કર્મણિ રૂપ અને ભાવે રૂપ

આ રૂપો મૂળ ધાતુને §य લગાડીને, અને આત્મનેપદ પ્રત્યયો ઉમેરવાથી થાય છે; જેમકે ‡त्यज्+य+ते=त्यज्यते । त्यज्यसे, त्यज्ये ઇ૦

* ગુજરાતી વ્યાકરણમાં એને સહાભેદ કહે છે. (જેટલાં સકર્મક ક્રિયાપદ છે. તેઓનાં ત્રણે પુરુષોમાં કર્મણિ રૂપ થાય છે. જ્યારે અકર્મક ક્રિયાપદનાં ભાવે રૂપ થાય છે અને એ ૩ જા પુરુષ એકવચનમાં જ.)

§ ધાતુના વિશેષ રૂપ કે આદેશને આ य લાગતો નથી, તથા ગણનો વિકરણ પ્રત્યય પણ લાગતો નથી, પરંતુ સીધો ધાતુને જ य લાગે છેઃ જેમકે गम् [गच्छ्] ઉપરથી गच्छयते નહિ, પરન્તુ गम्यते ।

‡ કર્મણિ રૂપ કે ભાવે રૂપ ગણભેદે કરી જુદાં જુદાં થતાં નથી. એ રૂપો તો બધાએ ધાતુ ઉપરથી એકસરખી રીતે જ થાય છે; માત્ર કેટલાક ધાતુઓમાં જ અમુક ફેરફાર થાય છે. આથી કરીને, જે ગણો ગૂંચવણ ભરેલા છે તે આ પુસ્તકમાં દાખલ કર્યા નથી પણ તે ગણના ધાતુ ચાલુ પાઠમાં આપ્યા છે, અલબત, શીખનાર તેઓનાં કર્તરિ રૂપ હાલ કરી ચકશે નહિ.

જો ધાતુને છેડે **ऋ** હોય અને એ **ऋ** ની પહેલાં જોડાક્ષર ન હોય, તો આ રૂપોમાં **य** લાગતાં **ऋ** ને બદલે **रि** મુકાય છે; જેમકે, **कृ** નો **क्रि**, અને **य** લાગતાં **क्रिय** થાય છે.×

જો ધાતુને છેડે **इ** કે **उ** હોય તો, **य** લાગતાં પહેલાં એ **इ** કે **उ** દીર્ઘ થાય છે; જેમકે **जि** નો **जी** અને **य** લાગતાં **जीय** થાય છે.

### ધાતુઓ

**प्र+अर्थ्**† પ્રાર્થના કરવી, વીનવવું
**कृ** કરવું
**ज्ञा** જાણવું, ઓળખવું
**दा**§[**दी**] દાન કરવું, આપવું
**आ+दिश्** ફરમાવવું
**पठ्** ગ. ૧, પરસ્મૈ. ભણવું, શીખવું
**पा**[**पी**] પાન કરવું, પીવું
**रुद्** રડવું, રોવું
**श्रु** શ્રવણ કરવું, સાંભળવું
**स्था** [**स्थी**] ઊભા રહેવું
**हन्** હણવું, મારવું

### નામ

**आदेश** પું. ફરમાન, હુકમ
**काष्ठ** ન. લાકડું
**चाप** પું. કામઠું, ધનુષ
**छात्र** પું. વિદ્યાર્થી
**ध्वनि** પું. ધ્વનિ, અવાજ
**पौर** પું. પુરમાં રહેનારો, નગરવાસી શહેરી
**प्राज्ञ** પું. ડાહ્યો માણસ

### વાક્યો

**निष्का ब्राह्मणेभ्यो दीयन्ते।**
**नृपतेरादेशः क्रियते।**
**अग्निना काष्ठं दह्यते।**
**शठौ पुरुषैस्ताड्येते***।
**आचार्यैर्धर्म उपदिश्यते।**
**भृत्यैः सेव्यसे।**
**मित्रैस्त्यज्ये।**
**जनैर्दृश्यामहे।**

---

× જો જોડાક્ષર હોય તો **ऋ** નો ગુણ થાય છે; જેમકે **स्मृ** નો **स्मर्** અને **य** લગાડતાં **स्मर्यते** થાય છે. દીર્ઘ **ॠ** નો **ईर्** થાય છે; જેમકે **तॄ** નો **तीर्यते**. પણ દીર્ઘ **ॠ** પહેલાં **प**-વર્ગનો અક્ષર કે **व्** હોય તો **ऊर्** થાય છે; જેમકે **पॄ** નો **पूर्यते** વગેરે.

† ગ. ૧૦ મો, આત્મનેપદ.

§ કર્મણિ રૂપ કે ભાવે રૂપનો **य** લાગતાં, ધાતુનું જે વિશેષ રૂપ થાય છે તે અહીં [ ] કૌંસમાં મૂકેલું છે.

* દશમા ગણના ધાતુઓના સ્વરમાં જે ગુણ કે વૃદ્ધિનો ફેરફાર કર્તરિ રૂપમાં

व्याधिभिः पीड्यध्वे।
प्रेक्ष्यसे जनेन।
पुत्रैः पूज्येथे।
धान्यस्य राशयो नीयन्ते।
तत्त्वं बुध्यते प्राज्ञैः।
नृपेणारयो जीयन्ते।
बालकौ रुद्यते।
सारथी हन्येते।
ऋषयो जनेन वन्द्यन्ते।

सूर्येण प्रकाश्यते।
ईश्वरेण भूयते।
लोकैः प्रशस्यध्वे ‡।
शिष्यैर्नम्यावहे।
मोदकाः स्वाद्यन्ते बालैः।
छात्रैः श्लोकाः पठ्यन्ते।
ओदनः पच्यते सूदैः।
देवो वन्द्यते।

શત્રુ તીર વડે હણાય છે.
બાળકના હાથ પાણીએ ધોવાય છે.
(તું) કવિઓ વડે વખણાય છે.
(તમે) મનુષ્યો વડે શોધાઓ છો.
(હું) ચાકરો વડે સેવાઉં છું.
(આપણે) ઇશ્વર વડે રક્ષાઈએ છીએ.
(તમે બે) લોકોવડે ઓળખાઓ છો.

હાથીઓ પલાણાય છે.
(અમે બે) નગરવાસીઓ વડે વિનવાઇએ છીએ.
સંસાર યોગીઓ વડે તજાય છે.
શરીર ખોરાક વડે પોષાય છે.
(બે) ઘોડા ચોર વડે લઈ જવાય છે.
પાણી ઝાડો ઉપર છંટાય છે.
ધાન્યના ઢગલા રચાય છે.

થાય તે ફેરફાર કર્મણિ રૂપ કે ભાવે રૂપનો य પ્રત્યય લગાડતાં પહેલાં પણ કરવામાં આવે છે; ઉદા. चुर्, કર્તરિરૂપ चोरयति; એનું કર્મણિ રૂપ चुर्यते નહિ, પણ चोर्यते થાય છે.

† પૃ. ૧૬ ની ટીપ * અને પૃ. ૧૮ ની ટીપ † જુઓ.

‡ જો ધાતુમાં ઉપાન્ત્ય न् કે અનુસ્વાર હોય તો, કેટલાએક ખાસ ધાતુ સિવાય બીજે બધે य પ્રત્યય લાગતાં, એ न् કે અનુસ્વાર લોપાય છે. ( આ પ્રથમ ભાગમાં માત્ર शंस्, ध्वंस् અને स्रंस् એ ત્રણ ધાતુઓના જ અનુસ્વાર લોપાય છે, બાકીનાના લોપાતા નથી. )

કૃષ્ણનું શરીર ઘરેણાં વડે શણગારાય છે.
ડાહ્યા માણસોના ગુણ કવિઓ વડે પ્રસિદ્ધ કરાય છે.
શબ્દ સંભળાય છે.
ચોરો રાજા વડે દંડાય છે.
(બે) ફળ હરિ વડે ખવાય છે.
(બે) તીર ફેંકાય છે.
(તમે) રાજા વડે ફરમાવાઓ છો.
હંમેશાં સુખ માણસો વડે ઇચ્છાય છે.
સમુદ્રનું પાણી પીવાતું નથી.
દેવો સદાચરણથી ખુશ કરાય છે.
સિપાઇઓ સેનાપતિ વડે ગણાય છે.

## સારાંશ તથા સવાલ

(स्मि ગણ ૧ આત્મને. હસવું)

(વર્તમાનકાળ : કર્તરિ રૂપ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | स्मये | स्मयावहे | स्मयामहे |
| પુરુષ ૨ | स्मयसे | स्मयेथे | स्मयध्वे |
| પુરુષ ૩ | स्मयते | स्मयेते | स्मयन्ते |

(श्रु સાંભળવું)

(વર્તમાનકાળ : કર્મણિ રૂપ)

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | श्रूये | श्रूयावहे | श्रूयामहे |
| પુરુષ ૨ | श्रूयसे | श्रूयेथे | श्रूयध्वे |
| પુરુષ ૩ | श्रूयते | श्रूयेते | |

(कृ કરવું)

(વર્તમાનકાળ : કર્મણિ રૂપ)

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | क्रिये | क्रियावहे | क्रियामहे |
| પુરુષ ૨ | क्रियसे | क्रियेथे | क्रियध्वे |
| પુરુષ ૩ | क्रियते | क्रियेते | क्रियन्ते |

(वृ ગણ ૧૦)

(વર્તમાનકાળ : કર્મણિ રૂપ)

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | वार्ये | वार्यावहे | वार्यामहे |
| પુરુષ ૨ | वार्यसे | वार्येथे | वार्यध्वे |
| પુરુષ ૩ | वार्यते | वार्येते | वार्यन्ते |

( ह्वे ગણુ ૧ પરસ્મૈ. )

( વર્તમાનકાળ : કર્મણિ રૂપ )

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | हूये | हूयावहे | हूयामहे |
| પુરુષ ૨ | हूयसे | हूयेथे | हूयध्वे |
| પુરુષ ૩ | हूयते | हूयेते | हूयन्ते |

( वद् ગણુ ૧ પરસ્મૈ. )

( વર્તમાનકાળ : કર્મણિ રૂપ )

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | उद्ये | उद्यावहे | उद्यामहे |
| પુરુષ ૨ | उद्यसे | उद्येथे | उद्यध्वे |
| પુરુષ ૩ | उद्यते | उद्येते | उद्यन्ते÷ |

૧. છઠ્ઠા ગણુમાં અંત્ય ऋનો શો ફેરફાર થાય છે? એવો જ ફેરફાર બીજા ક્યા પ્રસંગે થતો જોવામાં આવે છે?

૨. કર્મણિ રૂપ કે ભાવે રૂપનો य પ્રત્યય લાગતાં, ધાતુના અંત્ય હ્રસ્વ સ્વરનો શો ફેરફાર થાય? અને દશમા ગણુના ધાતુઓના સંબંધમાં શો નિયમ છે? તેમજ, स्था, दा અને पा (પીવું) એ ધાતુઓમાંના અંત્ય आને બદલે શું મુકાય છે?

૩. નીચેના ધાતુઓના વર્તમાનકાળ કર્તરિ રૂપ લખોઃ—

मृष्, मृ ગ. ૬. [ અહીં જરૂર હોય તેટલા આત્મનેપદી ધાતુ મૂકવા. ]

૪. रुच् ને એવા અર્થના બીજાં ક્રિયાપદો સાથે, રુચિ ધરાવનાર કઈ વિભક્તિમાં આવે છે એ દાખલા સાથે લખો.

૫. નીચેનાં ધાતુઓનાં કર્મણિ રૂપ યા ભાવે રૂપ આપોઃ—

गम्, दृश्, स्था. [ અહીં જરૂર હોય તેટલા પરસ્મૈપદી અને આત્મનેપદી ધાતુ મૂકવા. ]

૬. च અને वा નો પ્રયોગ શી રીતે થાય છે, એ લખો.

---

÷ નમૂનાના આપેલા ધાતુ લક્ષ્યમાં લેવા. છેલ્લા બે ધાતુઓમાં ફેરફાર થાય છે તે પ્રમાણે यज् નું इज् અને वच् ગ. ૨, કહેવું-નું उच् થઇ કર્મણિરૂપો થાય છે, એ લક્ષ્યમાં લેવું.

# ભાગ ૫ મો

## પાઠ ૧૩ મો

### આકારાંત તથા ઈકારાંત સ્ત્રીલિંગ નામો

### પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ

#### પ્રત્યયો

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| આકારાંત | પ્ર૦ | ० | ई | अस् |
| | દ્વિ૦ | आम् | ,, | ,, |
| | પ્ર૦ | रमा | रमे | रमाः |
| | દ્વિ૦ | रमाम् | ,, | ,, |
| ઈકારાંત | પ્ર૦ | ० | औ | अस् |
| | દ્વિ૦ | म् | ,, | स् |
| | પ્ર૦ | नदी | नद्यौ* | नद्यः |
| | દ્વિ૦ | नदीम् | ,, | नदीः |

#### નામ (સ્ત્રીલિંગ)

अरुन्धती વસિષ્ઠ ઋષિની પત્નીનું નામ
आज्ञा આજ્ઞા, હુકમ
कथा કથા, વાત
कन्या કન્યા, દીકરી, છોકરી
कला કલા, હુન્નર
कुमारी કુમારી, ન પરણેલી છોકરી
क्षमा ક્ષમા, માફી
गङ्गा ગંગા
जननी મા
नटी નટી, સૂત્રધારની પત્ની
नदी નદી
नारी નારી, સ્ત્રી
पत्नी પત્ની, વહુ
पृथ्वी પૃથ્વી
प्रजा પ્રજા, સંતતિ
प्रमदा જુવાન સ્ત્રી
भार्या ભાર્યા, પત્ની
मही પૃથ્વી
माला માળા, હાર
रजनी રાત્રિ
लज्जा શરમ, શરમાળપણું
लता લતા, વેલ, વેલો
ललना સ્ત્રી
वापी વાવ
शोभा શોભા
सखी સખી, બહેનપણી
सहचरी સહિયર, સોબતણુ

---

* પૃ. ૧૯ની ટીપ × જુઓ.

શબ્દો

आत्मीय (વિશે.) આપણું, પોતાનું
आधार પું. આધાર
आरम्भ પું. આરંભ, શરૂઆત
उपवन ન. બાગ, વાડી
कण्ठ પું. કંઠ, ડોક, ગળું
गमन ન. ગમન, જવું, નીકળવું એ
जनक પું. રામની પત્ની સીતાનો બાપ, જનક રાજા
नाटक ન. નાટક
नारद પું. નારદ
प्रासाद પું. મહેલ અને तल ન. તળિયું, તળ, પૃષ્ઠ; प्रासादतल ન. મહેલનું ઉપલું પૃષ્ઠ, અગાશી
बल ન. લશ્કર; જોર, તાકાત
भर પું. ભાર, બોજો
भूषण ન. ઘરેણું, ભૂષણ
विश्व* ન. વિશ્વ, દુનિયા, સંસાર
सूत्रधार પું. સૂત્રધાર
हरिण પું. હરણ

ધાતુઓ

सम्+गम् આત્મને. સાથે જોડાવું, મળવું
आ+चर् આચરવું, કરવું
तन्त्र् ગ. ૧૦, આત્મને. સંભાળવું,
तॄ(तर्) ગ. ૧, પરસ્મૈ. તરવું, ઓળંગવું; अव+तॄ (तर्) ઊતરવું
परि+नी પરણવું; अप+नी લઈ જવું, ખસેડવું
सम्+वृध् વધવું
शुच् ગ. ૧, પરસ્મૈ. શોક કરવો
अनु+सृ અનુસરવું, પાછળ જવું
हृ મન હરવું, મોહ પમાડવો

વાક્યો

वसिष्ठस्य पत्न्यरुन्धती।
नार्यो हर्म्याणां वातायनेभ्यः पश्यन्ति।
कृष्णः कलाः शिक्षते।
रामो जनकस्य कन्यां परिणयति।
गङ्गा समुद्रं गच्छति।
क्षमा वीरस्य भूषणम्।
नारायणो जननीमाह्वयति।
उपवने नृपस्य कन्ये रमेते।
लते स्पृशति।
चन्द्रेण रजनी शोभते।

---

* સર્વનામ પ્રમાણે એનું રૂપાખ્યાન થાય છે. (જુઓ ૨૯ મો પાઠ.)

नद्यौ संगच्छेते ।
कुमारी सख्यौ भाषते ।
वराहाः सहचरीः शोचन्ति ।
लज्जां त्यजति मूर्खः ।
नटी सूत्रधारस्य भार्या ।
प्रजा नृपतिना रक्ष्यन्ते ।
उद्यानस्य शोभां पश्यति ।
ललनाः प्रासादतलमारोहन्ति ।
નારદ સ્વર્ગથી પૃથ્વી ઉપર ઊતરે છે.
કૃષ્ણ રાજાઓની વાતો કહે છે.
જુવાન સ્ત્રીઓ બાગમાં રમે છે.
(તે) ગળે ફૂલોના (બે) હાર પેહેરે છે.
અરુંધતીને રામની વહુ નમે છે.
અમે (બે) કુમારીઓને જોઇએ છીએ.
હરણની સોબતણો હરણને અનુસરે છે.
ગામમાં (બે) વાવ છે.
સૂત્રધાર નટીને બોલાવે છે.
હરિ નદીએ* જાય છે.
રામની (બે) માતા એના વનમાં (વસવા) માટે નીકળવાનો† શોક કરે છે.

नृपस्याज्ञे‡ अनुरुध्येते ।
ब्राह्मणा महीमटन्ति ।
रामस्य कथाः श्रूयन्ते ।
वने प्रमदे दृश्येते ।
वापी नगरात्क्रोशा ।
नृपतेर्बलस्य भरेण पृथ्वी कम्पते ।
कुसुमानां मालाः कण्ठादपनीयन्ते ।
નારીઓ વાવો તરફ જાય છે.
પ્રજા રાજાના હુકમ માને છે.
હરિની કન્યાઓ નૃત્ય શીખે છે.
કળાઓ ઉદ્યમ વડે વધે છે.
ડાહ્યા માણસ હંમેશાં ક્ષમા કરે છે.
(આ) વિશ્વની શોભા મનને મોહ પમાડે છે.
મા (પોતાનાં) બાળકોનાં સુખથી ખુશ થાય છે.
નાટકના આરંભમાં સૂત્રધાર (પોતાની) સ્ત્રીને બોલાવે છે.
પુરુષો સ્ત્રીઓનું રક્ષણ કરે છે.
તારાઓ રાત્રિને શોભાવે છે.
શરમાળપણું ધૃષ્ટતાથી જિતાય છે.

---

‡ પૃ. ૨૨ ટીપ § જુઓ. * પૃ. ૧૯ ની ટીપ * જુઓ.

† शुच् (શોક કરવો) ધાતુ સકર્મક છે, માટે આ નામ દ્વિતીયામાં મૂકવું; વળી "વસવા માટે" શબ્દનો અર્થ લાવવા સારુ 'वन' શબ્દ ચતુર્થીમાં વાપરવો.

| | |
|---|---|
| લોકો લાકડીનો આધાર શોધે છે. (૭) નારી ગુસ્સાને લીધે (પોતાની) સખીને તજે છે. | રાજા (પોતાની) પ્રજાને પોતાની સંતતિ પ્રમાણે સંભાળે છે. |

---

# પાઠ ૧૪ મો

## તૃતીયા, ચતુર્થી અને પંચમી વિભક્તિ

### પ્રત્યયો

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| આકારાંત અને ઈકારાંત નામ | તૃ. | आ | भ्याम् | भिस् |
| | ચ. | ए | ” | भ्यस् |
| | પં. | अस् | ” | ” |

તૃતીયા વિભક્તિનો એકવચનનો પ્રત્યય લાગતાં છેલ્લા आ નો ए થાય છે.

ચતુર્થી, પંચ૦, ષષ્ઠી અને સપ્તમીના એકવચનના પ્રત્યય લાગતાં આકારાંત નામોમાં या, અને ઈકારાંત નામોમાં आ, ઉમેરાય છે; ઉદા. माला+या+ए=मालायै; नदी+आ+ए=नद्यै ।

અથવા એકવચનના પ્રત્યયો નીચે પ્રમાણે સમજવા.

| | ચતુર્થી | પંચમી | ષષ્ઠી | સપ્તમી |
|---|---|---|---|---|
| આકારાંત | यै | यास् | यास् | याम् |
| ઈકારાંત | ऐ | आस् | आस् | आम् |

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| તૃતીયા | मालया | मालाभ्याम् | मालाभिः |
| ચતુર્થી | मालायै | ” | मालाभ्यः |
| પંચમી | मालायाः | ” | ” |

| | | | |
|---|---|---|---|
| તૃતીયા | नद्या | नदीभ्याम् | नदीभिः |
| ચતુર્થી | नद्यै | नदीभ्याम् | नदीभ्यः |
| પંચમી | नद्याः | ,, | ,, |

નામ (સ્ત્રીલિંગ)

अवन्ती એક શહેરનું નામ, ઉજ્જેન
कान्ता કાંતા, વહાલી, વહુ, પ્રિયા
कौशाम्बी એક શહેરનું નામ
क्रीडा ક્રીડા, રમત, ખેલ
चिन्ता ચિંતા, ફિકર
जडता જડપણુ
दासी દાસી
देवता દેવ કે દેવી
पञ्चवटी દંડકારણ્યના એક ભાગનું નામ
पाठशाला નિશાળ
पुरी પુર, નગર
पूजा પૂજા, અર્ચા
प्रभा પ્રભા, તેજ
महिषी પટરાણી
वाचा વાચા, વાણી
व्यथा વ્યથા, ઈજા, પીડા
सीता સીતા

શબ્દો

अनुराग પું. અનુરાગ, પ્રીતિ
करभक પું. હાથીનું બચ્ચું, નાનો હાથી
कलह પું. કલહ, કજિયો
गीत ન. ગીત
जरठ પું. ઘરડો માણસ
दूत પું. દૂત, જાસૂસ
नाग પું. હાથી
पल्लव પું. પલ્લવ, કૂણુગો
मौक्तिक ન. મોતી
रक्त (વિશે.) રાતું, લાલ
विरूप (વિશે.) વિરૂપ, બેડોળ, કદરૂપું
संदेश પું. સંદેશો
स्वस्थ (વિશે.) સ્વસ્થ, શાંત
हित (વિશે.) ફાયદાકારક; ન. હિત

ધાતુઓ

निर्+गम् નીકળવું, બહાર આવવું, જતા રહેવું
प्र+दा આપવું, દાન કરવું
द्युत् (द्योत्) ગ. ૧ આ. પ્રકાશવું
उद्+पत् ઊડવું, ઉપર જવું
परि+वृ* ઘેરવું
नि+वृत् પાછા ફરવું
प्र+स्था આત્મને. નીકળવું
प्र+हि* મોકલવું
आ+ह्लाद् ગ. ૧૦, આહ્લાદિત કરવું, ખુશ કરવું

* આ બે ધાતુઓનાં કર્મણિ રૂપ જ આ પુસ્તકમાં વાપર્યાં છે.

## ધાતુઓ

देवताभ्यो बलिं यच्छति ।
चित्तस्य व्यथया रामो मुह्यति ।
कान्तायै संदेशः प्रहीयते ।
अवन्त्या आगच्छति ।
कृष्णस्य पत्न्यै§ फलानि रोचन्ते ।
दास्या सेव्यते महिषी ।
जरया क्षीयते शरीरम् ।
मणीनां प्रभाभिर्द्योतते प्रासादः ।
लज्जया प्रविशति गृहम् ।
देवस्य पूजायाः सुखं लभते ।
प्रजाभ्यो हितमिच्छन्ति नृपतयः ।
कौशाम्ब्या निवर्तते दूतः ।
क्रीडायै प्रविशत्युद्यानम् ।
सखीभिः परिव्रियते सीता ।
सहचरीभ्यामनुगम्यते नागः ।
पञ्चवट्या निर्गच्छति रामः ।
लताभ्यां शोभते वृक्षः ।
गङ्गायाः पुरी क्रोशौ ।
वापीभ्यो जलं वहति ।
बालकाः पाठशालाभ्य आगच्छन्ति ।
चिन्तया दह्यते चित्तं नराणाम् ।
यथा †कलहस्तथानुरागोऽपि वाचाया उद्भवति ।
हरिः †कन्याभ्यो मौक्तिकानां मालाः प्रयच्छति ।
स्वस्थेन चित्तेन श्रूयते महिष्या नृपतेः संदेशः ।
गजस्य करभकः सीतया पल्लवैः पुष्यते ।

હરિ વાણી વડે મિત્રને શાન્ત કરે છે.
શહેર નદીઓ વડે ઘેરાયેલું છે.
ક્ષમા થકી માણસ ચિત્તની સ્વસ્થતા મેળવે છે.
ડાહ્યા માણસ પૃથ્વી પરથી સ્વર્ગમાં જાય છે.
વસિષ્ઠ અરુન્ધતીની જોડે આવે છે.
રામ દીકરીઓને ઘરેણાં આપે છે.
(તે) હારો વડે શરીર શણગારે છે.
પટરાણી દાસી ઉપરાં ગુસ્સે થાય છે.
(તે) ઘરડા આદમીની વાતોથી સુખ મેળવે છે.
નારાયણની વહુ વડે ચોખા રંધાય છે.
રાજાના હુકમને લીધે (હું) અવન્તી જાઉં છું.

§ પૃ. ૩૮ ની ટીપ * જુઓ. † પૃ. ૨૭ ની ટીપ † જુઓ.

મા (પોતાનાં) છોકરાં કદરૂપાં હોય તો પણ (તેને) ચાહે છે.
(બે) યોદ્ધાઓ (બે) નગરોમાંથી શસ્ત્રો સહિત નીકળે છે.
આકાશ સૂર્યના રાતા પ્રકાશથી સુશોભિત થાય છે.
લોકોનું સુખ કળાઓ વડે વધે છે.
માણસો દેવો પાસેથી સુખનો લાભ ઇચ્છે છે.
(બે) કુમારિકાઓ વડે બળિદાન કરાય છે.
ફિકરથી દુ:ખ ઉત્પન્ન થાય છે.

સીતા બહેનપણીઓ પાસેથી ગીતો શીખે છે.
સેનાપતિના હુકમે લશ્કરના સિપાઇઓ શહેરમાંથી બહાર આવે છે.
છોકરાં રમતો વડે બાપનાં અંતઃકરણને ખુશ કરે છે.
(તે) દેવોની પૂજાને માટે ફૂલો લાવે છે.
દાસીને રાણીથી ઇનામ અપાય છે.*
પક્ષીઓ પૃથ્વી ઉપરથી આકાશમાં ઊડે છે.

---

# પાઠ ૧૫ મો

## ષષ્ઠી, સપ્તમી, અને સંબોધન વિભક્તિ

### પ્રત્યયો

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| આકારાંત અને ઈકારાંત નામો | ષ. | अस् | ओस् | नाम् |
| | સ. | आम् | ,, | सु |

ઈકાર પછી सुનો षु થાય છે ओस् લાગતાં અંત્ય आનો ए થાય છે. आકારાંત નામના સંબોધનનું એકવચન અંત્ય સ્વરનો ए કરવાથી થાય છે; જેમ કે हे रमे. ईકારાંત નામનું ईને ટુંકાવવાથી થાય છે; જેમકે हे नदि. બન્ને પ્રકારનાં નામોનાં સંબોધનનાં દ્વિવચન અને બહુવચન પ્રથમાનાં તે તે રૂપો જેવાં જ છે. (પૃષ્ઠ ૨૯ નો નિયમ જુઓ.)

| | | | |
|---|---|---|---|
| ષષ્ઠી | मालायाः | मालयोः | मालानाम् |
| સપ્તમી | मालायाम् | ,, | मालासु |
| સંબોધન | माले | माले | मालाः |

---

* 'આપવું' અર્થનાં ક્રિયાપદોનું તેમજ ગતિ-અર્થનાં नी, हृ, कृष् અને वह् નું પ્રધાન કર્મ કર્મણિ પ્રયોગ હોય ત્યારે પ્રથમામાં આવે છે; જ્યારે याच्, भिक्ष्, पच्, दण्ड्, प्रच्छ्, चि નાં ગૌણ કર્મ પ્રથમામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ષષ્ઠી | नद्याः | नद्योः | नदीनाम् |
| સપ્તમી | नद्याम् | ,, | नदीषु |
| સંબોધન | नदि | नद्यौ | नद्यः |

## શબ્દો

**अतीव** (અવ્યય) અતિશય, ઘણું

**अनुष्ठान** ન. કરવું એ, કામ બજાવવું એ

**अयोध्या** સ્ત્રી. એક શહેરનું નામ

**अवचय** પું. એકઠું કરવું એ, જથ્થો

**इन्द्राणी** સ્ત્રી. ઇન્દ્રની વહુ

**उदक** ન. ઉદક, પાણી

**काम** પું. ઇચ્છા

**कौमुदी** સ્ત્રી. ચાંદની

**गोदावरी** સ્ત્રી. નદીનું નામ

**चकोर** પું. એક જાતનું પક્ષી

**छाया** સ્ત્રી. છાયા

**जयन्त** પું. ઇંદ્રના પુત્રનું નામ

**तीर** ન. તીર, કાંઠો

**तृष्णा** સ્ત્રી, તૃષ્ણા, તરસ, ઇચ્છા

**दक्ष** (વિશે.) ઉદ્યોગી, મહેનતુ

**दण्डका** સ્ત્રી. એક જંગલનું નામ

**दशरथ** પું. એક રાજાનું નામ, રામના પિતા

**देश** પું. દેશ

**निरतिशय** (વિશે.) પૂર્ણ, જેનાથી બીજું ચડિયાતું ન હોય તેવું, અનુપમ

**निशा** સ્ત્રી. રાત

**निशाचर** પું. રાક્ષસ, દુષ્ટ માણસ

**परम** (વિશે.) પરમ, ઘણું

**पुण्य** (વિશે.) પવિત્ર ન. પુણ્ય

**प्रतिष्ठापन** ન. સ્થાપના

**प्रवर्तन** ન. પ્રેરણા

**प्रवाह** પું. પ્રવાહ

**प्रावीण्य** ન. હોશિયારી

**प्रिय** (વિશે.) પ્રિય, વહાલું

**बाहुल्य** ન. બહુપણું, પુષ્કળતા

**मण्डप** પું. મંડપ,

**मत्स्य** પું. માછલું

**माधुर्य** ન. મધુરપણું, સુંદરતા

**मानव** પું. માનવ, માણસ

**रथ्या** સ્ત્રી. શેરી

**वचन** ન. વચન, ઉપદેશ, વિનંતી

**वल्लभ** પું. વહાલો, પ્રીતમ, ધણી

**वाणी** સ્ત્રી. વાણી, વાચા, ભાષા

**विवाह** પું. વિવાહ

**शकुन्तला** સ્ત્રી. એક સ્ત્રીનું નામ

**शिला** સ્ત્રી. પથ્થર

**शूद्रक** પું. એક રાજાનું નામ

**श्रद्धा** સ્ત્રી. શ્રદ્ધા, વિશ્વાસ

**संघात** પું. જથ્થો, સમુદાય

**संभार** પું. તૈયારી (બહુવ.) સામગ્રી

**संमार्जन** ન. વાસીદું વાળવું એ, કચરો કાઢવો એ

सदैव=सदा+एव (અવ્યય) સદા, હંમેશાં
×स्निग्ध (વિશે.) માયાળુ, સ્નેહાળ, મમતાળુ

ધાતુઓ

अर्ह् ગ. ૧, પરસ્મૈ. લાયક હોવું
सम्+ऋध् ગ. ૪, પરસ્મૈ. આબાદ થવું
क्रीड् ગ. ૧, પરસ્મૈ. ક્રીડા કરવી, રમવું
चर् ચાલવું
फल् ગ. ૧, પરસ્મૈ. ફળદાયક થવું
नि+रुध् ( કર્મણિ પ્રયોગે ) અટકવું
वि+हृ વિહાર કરવો

વાક્યો

अवन्त्यां शूद्रको वसति।
गङ्गायां प्रभूतं जलं वर्तते।
प्रजानां धर्मे प्रवर्तनं नृपैः क्रियते।
उज्जयिन्यां शिवस्य पूजासु नृत्यन्ति नार्यः।
सखि गच्छामि नद्यास्तीरम्।
गोदावर्या जले गजौ विहरतः।
ग्रीष्मे नदीनामुदकेषु नृपाः प्रमदाभिः क्रीडन्ति।
लतानां मण्डपं प्रविशन्ति ललनाः।
वाप्यां कमलानि प्ररोहन्ति।
वृक्षाणां छायासु शिलाया-मुपविशति।
कृष्णो भार्याया विनयं शंसति।
चन्द्रो निशाया वल्लभः।
कन्ययोर्विवाहस्य संभाराः क्रियन्ते।
जनन्योराज्ञामनुरुध्यते रामः।
प्रिये पुत्रा ग्रामं गच्छति।
सख्याः परमः स्नेहः शकुन्तलायाः।×
कौमुद्याः शोभा चित्तं हरति।
बुधानां वाण्यां सदैव माधुर्यं वर्तते।
कान्ताया वचनं क्रियते रामेण।
दास्योर्वचनेषु महिष्या निरतिशया* श्रद्धा।
पाठशालानां प्रतिष्ठापनेन जनेषु ज्ञानं वर्धते।
रथ्यानां संमार्जनं क्रियते पौरैः।
अयोध्याया नृपो दशरथः।
जरायामपि मानवानां तृष्णा न शाम्यति।
देवतानां पूजया कामाः फलन्ति नराणाम्।

---

× स्निह् અને એ ઉપરથી થયેલા શબ્દના પ્રયોગમાં, જેના તરફ સ્નેહ બતાવવાનો હોય, તેની સપ્તમી વિભક્તિ આવે છે.

* સંસ્કૃતમાં સ્ત્રીલિંગના પ્રત્યય આ અને ई છે. અકારાંત વિશેષણો હંમેશાં લે નહિ, પરંતુ ઘણું કરીને સ્ત્રીલિંગમાં આ પ્રત્યય લે છે.

ગંગાના કાંઠાઓ ઉપર વૃક્ષો છે.
જયન્ત ઇંદ્રાણીનો દીકરો છે.
રામના મિત્ર શહેરમાં રહે છે.
ચકોર ચાંદનીમાં ખુશ થાય છે,
(તે) વેલનું ફૂલ લાવે છે.
હરિ (પોતાની) દીકરીઓના ગુણ વખાણે છે.
નદીઓમાં માછલાં હોય છે.
(હું) અયોધ્યાના રસ્તામાં રથો જોઉં છું.
શકુન્તલા સખીઓના પ્રેમ (ને) લાયક છે.
રામની વાણીમાં મધુરપણું છે!
સીતાના (બે) દીકરા ક્યાં છે!
દંડકામાં રાક્ષસો છે.
પૃથ્વી ઉપર દ્વીપો છે.
(હું) ઝાડની છાયામાં માણસો જોઉં છું.
ઘણું કરીને રાક્ષસો રાત્રિમાં ફરે છે.
માનું મન (પોતાની) કન્યા તરફ× ઘણું મમતાવાળું હોય છે.
ગંગા (નદી)નું પાણી પવિત્ર છે.
રાણીના હુકમથી ઠગ દંડાય છે.
કળાઓની પુષ્કળતાથી દેશ આબાદ થાય છે.
નદીનો પ્રવાહ પથ્થરોના જથ્થાથી અટકે છે.
દાસી અર્ચાની સામગ્રી લાવે છે.
(હું) વેલોનાં ફૂલ એકઠાં કરવાને જોઉં છું.
(તે) રાજાના હુકમ બજાવવામાં ઉદ્યોગી છે.

## સારાંશ તથા સવાલ

### शाला—(સ્ત્રીલિંગ) સ્થાન

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | शाला | शाले | शालाः |
| દ્વિતીયા | शालाम् | ,, | ,, |
| તૃતીયા | शालया | शालाभ्याम् | शालाभिः |
| ચતુર્થી | शालायै | ,, | शालाभ्यः |
| પંચમી | शालायाः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | शालयोः | शालानाम् |
| સપ્તમી | शालायाम् | ,, | शालासु |
| સંબોધન | शाले | शाले | शालाः |

× જુઓ પૃ. ૫૫ની × ટીપ.

दासी-( સ્ત્રીલિંગ ) દાસી

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | दासी | दास्यौ | दास्यः |
| દ્વિતીયા | दासीम् | „ | दासीः |
| તૃતીયા | दास्या | दासीभ्याम् | दासीभिः |
| ચતુર્થી | दास्यै | „ | दासीभ्यः |
| પંચમી | दास्याः | „ | „ |
| ષષ્ઠી | „ | दास्योः | दासीनाम् |
| સપ્તમી | दास्याम् | „ | दासीषु |
| સંબોધન | दासि | दास्यौ | दास्यः |

૧. નીચેનાં નામોનાં રૂપ લખોઃ—

सहचरी, प्रमदा ઇત્યાદિ.

૨. સંસ્કૃતમાં સ્ત્રીલિંગના પ્રત્યય ક્યાં છે? અને અકારાંત વિશેષણોનું સ્ત્રીલિંગ રૂપ કરવાનો સાધારણ નિયમ કયો છે?

---

# भाग ६ ठ्ठो

## પાઠ ૧૬ મો

### હ્યસ્તન ભૂતકાળ

#### પરસ્મૈપદ-પ્રત્યય

| | પુરુષ ૧ | પુરુષ ૨ | પુરુષ ૩ |
|---|---|---|---|
| એકવચન : | अम्† | स् | त् |
| દ્વિવચન : | व | तम् | ताम् |

આ કાળનાં રૂપોમાં ધાતુની પહેલાં આગમ अ મુકાય છે; જો ઉપસર્ગ સહિત ધાતુ હોય તો ઉપસર્ગની પછી અને ધાતુની પૂર્વે એ મૂકવો જોઇએ.

† પૃ. ૬ની છેલ્લી ટીપ + જુઓ.

| | | | |
|---|---|---|---|
| એકવચન : | **अबोधम्** | **अबोधः** | **अबोधत्** |
| દ્વિવચન : | **अबोधाव** | **अबोधतम्** | **अबोधताम्** |

હ્યસ્તન ભૂતકાળના પ્રત્યય લગાડતાં પહેલાં, ગણોનો વિકરણ પ્રત્યય ઉમેરવો જોઈએ. **स्** અને **त्** પ્રત્યયો પૂર્વે **अस्** (હોવું) ધાતુમાં **ई** અને **अद्** (ખાવું) ધાતુમાં **अ** ઉમેરવામાં આવે છે; ઉદા. **आसीः, आसीत्। आदः, आदत्।**

શબ્દો

**अज** પું. બકરો

**असारता** સ્ત્રી. નિરુપયોગિતા

**आशा** સ્ત્રી. આશા

**गोष्ठ** પું. ન. કોઠ, ગાયનો વાડો, ગોઠડું

**ग्रन्थ** પું. ગ્રંથ, પુસ્તક

**तनय** પું. તનય, દીકરો

**पुरतस्** (અવ્યય) આગળ, સમક્ષ

**महिष** પું. પાડો

**मुष्टि** પું. મૂઠી

**शनैस्** (અવ્યય) હળવે હળવે

**संकट** ન. સંકટ સંકડામણ, આફત

**सभा** સ્ત્રી. કચેરી

**समराङ्गण** ન. રણભૂમિ

**सेना** સ્ત્રી. લશ્કર

**गै** ગ. ૧ પરસ્મૈ. ગાન

**रामो रावणमजयत् ।***

**सीता गोदावर्यास्तीरमगच्छत् ।**

**गङ्गाया जलमपिबम् ।**

**योधोऽरौ शरानक्षिपत् ।**

**ललने छायायामुपाविशताम् ।**

**पुत्राणां धर्ममकथयः ।**

**सीतां वनेऽत्यजाव ।**

**संकटेभ्यो जनमरक्षः ।**

**गिरेः शिखरादजावपतताम् ।**

**रथं समराङ्गणमनयम् ।**

**हरिरश्वमारोहत् ।**

**भिक्षुकेभ्यो निष्कानयच्छम् ।**

**देवानयजाव ।**

**अरण्ये महिषानपश्यम् ।**

**स्तेनौ धनिकस्य धनमचोरयताम् ।**

**दशरथस्तनयमाह्वयत् ।**

**ईश्वरस्य प्रसादेन हरेः क्लेशोऽनश्यत् ।**

---

× “રામે રાવણને જીત્યો” આમ કર્તાની તૃતીયા વિભકિત અને કર્મની પ્રથમા વિભકિત થયે ગુજરાતીમાં અનુવાદ થાય છે; કારણ કે ગુજરાતીમાં સકર્મક ક્રિયાપદનો કર્તરિ ભૂતકાળ આવો જ છે.

पुरा भार्यया सहोज्जयिन्या-
मवसम् ।
शिष्यावाचार्यमनमताम् ।
अवन्त्यामभवः ।
अयोध्यायामासीः ।
સરોવરનું પાણી સુકાયું.
સેનાપતિ લશ્કરને રણભૂમિ ઉપર
લઈ ગયો.
રામને (બે) મિત્રોએ સંભાર્યો.
(તું) રામની ચાલ વડે ખુશ થયો.
(અમે બેએ) ઋષિઓને શાંત કર્યા.
પરમેશ્વરે પૃથ્વી સરજી.
(બે) માણસ વાડીમાં પેઠા.
(મેં) હરિને નિંદ્યો.
(તમે બે) વનમાં રહ્યા.
સંઘ (એક) શહેરથી (બીજે) શહેર§
ભટક્યો.

अग्निर्वनमदहत् ।
संसारस्यासारतामबोधम् ।
नृपस्य पुरतोऽसत्यमवद-
*च्छठः ।
तदा मूर्खोऽस्मीत्यवागच्छम् ।
(મેં) પુસ્તક પ્રસિદ્ધ કર્યું.
(તમે બે) હરિની વાડીમાંથી ફળો
હરી ગયા.
(તમે) રામને વાત કહી.†
(બે) વાઘ કોઢ તરફ દોડ્યા.
કૃષ્ણે પગ ધોયા.
યોદ્ધે શત્રુથી નારીઓનું રક્ષણ કર્યું
કાચબો હળવે હળવે ચાલ્યો.
ત્યારે આબાદીની આશા વગર (હું)
જીવ્યો.
(અમે બેએ) ભોજનને માટે ચોખા
રાંધ્યા.

---

* જો શબ્દ વા રૂપને છેડે કોઈ પણ વર્ગના પહેલા ચાર વર્ણોમાંનો એક વર્ણ આવ્યો હોય ને એ વર્ણ પાછળ श् આવ્યો હોય અને श्‌ની પોતાની પાછળ કોઈ સ્વર કે અર્ધસ્વર કે અનુનાસિક આવ્યો હોય તો श्‌નો વિકલ્પે छ् થાય છે. ઉદા. सत्+शास्त्रम्=सच्छास्त्रम् કે सच्शास्त्रम् ।

§ અહીં નગર શબ્દ વાપરતાં નીચેની સંધિનો નિયમ વાપરવો જોઇએ.

પદને, એટલે શબ્દને અંતે આવેલા વ્યંજન પછી અનુનાસિક આવે તો, એ વ્યંજનને બદલે એનાજ વર્ગનો અનુનાસિક વિકલ્પે મૂકવામાં આવે છે; ઉદા. एतद्+मुरारिः=एतन्मुरारिः અથવા एतद्मुरारिः । જો વ્યંજનની પછી આવનાર અનુનાસિક પ્રત્યયનો આદ્યાક્ષર હોય તો એ વ્યંજનને બદલે અનુનાસિક અવશ્ય મૂકવો જોઇએ. ઉદા. चित्+मय=चिन्मय.

† कथ् ધાતુનાં બંને કર્મ કેટલીક વાર દ્વિતીયામાં મૂકવામાં આવે છે, અથવા તો અનુપસ્થ (ગૌણ) અકથિત કર્મ ચોથીમાં કે છઠ્ઠીમાં મુકાય છે.

રાણીએ રાજાની સભામાં ગાયું.
અનાજની મૂઠીઓ વડે (તે) હરણને ખવડાવતી હતી.
(તેં) તારી સ્ત્રીને કારણ વિના તજી.
(તમે બેએ) કારણ વિના ગામ બાળ્યું.
(તે) ઝાડના શિખર ઉપરથી પડ્યો અને નાશ પામ્યો.
બાળક હર્ષને લીધે નાચ્યું.

---

# પાઠ ૧૭ મો

## હ્યસ્તન ભૂતકાળ (ચાલુ)

### પરસ્મૈપદ બહુવચન અને આત્મનેપદ એકવચન

પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| પરસ્મૈ. બહુ. | म | त | अन् |
| | अगच्छाम | अगच्छत | अगच्छन् |
| આત્મને. એક. | इ | थास् | त |
| | अलभे | अलभथाः | अलभत |

જે ધાતુને આરંભે સ્વર હોય છે તેની પહેલાં अ ને બદલે आ મૂકવામાં આવે છે; એ आ માં ધાતુની શરૂઆતનો इ કે ई મળવાથી ऐ થાય છે, અને उ કે ऊ મળવાથી औ થાય છે* ઉદા. आ + ईक्ष्+अ+त=ऐक्षत.

શબ્દો

आशीर्वाद् પું. આશીર્વાદ
उज्ज्वलम् (અવ્યય) ચળકાટથી, ઊજળું
गोप પું. ગોવાળ
ग्रथन ન. ગૂંથવું એ
चन्द्रापीड પું. એક રાજપુત્રનું નામ
चित्रकूट પું. એક પર્વતનું નામ
देवी સ્ત્રી. દેવી, પટરાણી
धार्तराष्ट्र પું. ધૃતરાષ્ટ્રનો પુત્ર
नृशंस (વિશે.) ક્રૂર
पञ्जर પું. પાંજરું

---

× એજ પ્રમાણે ऋ કે ॠ હોય તો आर् થાય; જેમકે सम्+आ+ऋप्यत्=समार्प्यत्। અને अ કે आ હોય તો आ જેમકે आ+अदम्=आदम्; आ+असम्=आसम्.

**पण्डित** પું. પંડિત
**पाण्डव** પું. પાંડુ નામના રાજાનો પુત્ર
**बलि** પું. એક રાજાનું નામ
**मदिरा** સ્ત્રી. દારૂ, મદિરા
**माणवक** પું. વિશેષ નામ
**मारुत** પું. પવન, પવનનો અધિષ્ઠાતા દેવ
**मार्ग** પું. મારગ, માર્ગ, રસ્તો
**राक्षस** પું. રાક્ષસ, દૈત્ય
**लव** પું. રામના એક પુત્રનું નામ
**वसुधा** સ્ત્રી. પૃથ્વી
**विराव** પું. બૂમ, પોકાર
**शव** ન. મુડદું
**शृगाल** પું. શિયાળ
**संचलन** ન. આમ તેમ ચાલવું એ
**स्थान** ન. સ્થાન, જગ્યા, ઠેકાણું
**अति+सृज्** આપવું

**વાક્યો**

पाण्डवानां धार्तराष्ट्रैः सह युद्धान्यभवन् ।
आचार्या धर्ममुपादिशन् ।
रामः सीतया सह गोदावर्यास्तीरेऽरमत ।
उद्यमेन धनमलभथाः ।
व्याघ्रस्य विरावेण नार्या हृदयमवेपत ।
मित्रस्य कल्याणायायते ।
गोपा अजान् ग्राम*मनयन् ।
पुरुषमताडयत ।
शृगालोऽम्रियत ।
नृपस्य सभां पण्डिताः प्राविशन् ।
शवमस्पृशत ।
प्रासादे नार्योऽनृत्यन् ।
माणवकं मार्गमपृच्छाम* ।
क्लेशो रामेणासह्यत ।
देवीनभाषे ।
नृशंसो राक्षसोऽहन्यत ।
नृपतेः शासनमवाधोरयथाः ।
लवस्य विनयेनर्षयोऽतुष्यन् ।
हरिणा जनकोऽसेव्यत ।
चित्रकूटस्य शिखरेऽवसाम ।
शृगालं व्याघ्रं चैक्षे ।
वित्तस्य नाशेनामुह्यन् ।
प्रभूतं धनं नृपेण ब्राह्मणेभ्योऽत्यसृज्यत ।
चन्द्रापीडस्य बलस्य संचलनेन मह्यकम्पत ।
पञ्जराद्विहगममुञ्चाम ।

---

* પૃ. ૨૮ની ટીપ ‡ જુઓ.

(અમે) ઝાડની છાયામાં બેઠા.
(તેણે) ચાકરોના ગુના માફ કર્યા.
બ્રાહ્મણો ગંગાના જળમાં પડ્યા.
રામે બાપના હુકમ માન્યા.
હરિ નારાયણ પાસેથી ગાયન શીખ્યો.
(મેં) કેરીઓ ચાખી.
જાસૂસ અયોધ્યા ગયા.
(તું) જૂઠું બોલ્યો.
કૃષ્ણ મિત્રની આબાદીથી ખુશ થયો.
(તમે) ત્યારે કૌશામ્બીમાં રહ્યા.
(તે) રામના પરાક્રમોથી આશ્ચર્ય પામ્યો.
(તું) શત્રુ જોડે લડ્યો.
લુચ્ચાઓને રાજાના હુકમથી મારવામાં આવ્યો.×
(તમે) સોનામહોરો ગણી.
રામવડે ઋષિ પાસેથી આશીર્વાદ ઇચ્છવામાં આવ્યો.
દેવોના પ્રસાદથી તમે (તમારા) શત્રુઓને જીત્યા.
અમે દારૂને ઠેકાણે પાણી પીધું.
તમે (અહીંથી તમારે) ઘેર પુસ્તકો લઈ ગયા.
ગઈ કાલ સૂર્ય ચળકાટથી (ઊજળો) પ્રકાશ્યો.
§રાત્રિએ ચોરવડે ઘરમાં પ્રવેશ થયો.
અમે સેનાપતિને અને (એના) લશ્કરને જોયું.
તેઓ રણસંગ્રામમાંથી રાજાને લઈ ગયા.
તેઓએ શત્રુઓ તરફ બાણ ફેંક્યા.*
(મેં) ફૂલોની માળા ગૂંથવાનો આરંભ કર્યો.

---

# પાઠ ૧૮ મો

## હ્યસ્તન ભૂતકાળ (ચાલુ)

### આત્મનેપદ-પ્રત્યય (ચાલુ)

| | પુરુષ ૧ | પુરુષ ૨ | પુરુષ ૩ |
|---|---|---|---|
| દ્વિવચન : | वहि | इथाम् | इताम् |
| બહુવચન : | महि | ध्वम् | अन्त |
| | अलभावहि | अलभेथाम् | अलभेताम् |
| | अलभामहि | अलभध्वम् | अलभन्त |

× "લુચ્ચો રાજાના હુકમથી મરાયો" એમ સમજી સંસ્કૃત કરવું.
§ "ઘર પ્રવેશાયું" એ પ્રમાણે સંસ્કૃત કરવું. * मुच् ધાતુ વાપરો.

### ધાતુઓ

ध्वंस् ગ. ૧, આત્મને. ફના થવું, નાશ પામવું
अव+मन् અવજ્ઞા કરવી, તિરસ્કાર કરવો
नि+मन्त्र् ગ. ૧૦, આત્મને. નિમંત્રણ દેવું, તેડવું, નોતરવું
वि+मृश् ગ. ૬, પરસ્મૈ. વિચારવું, વિચાર કરવો
रम् આનંદ પામવો
लज्ज् ગ. ૬, આત્મને. લજ્જા પામવી, શરમાવું, લાજવું
स्पर्ध् ગ. ૧, આત્મને. સ્પર્ધા કરવી, સરસાઈ કરવી
स्रंस् ગ. ૧, આત્મને. પડી જવું, ખરી પડવું
वि+हस् ગ. ૧, પરસ્મૈ. મશ્કરીમાં હસવું

### શબ્દો

अनिष्ट ન. અનિષ્ટ, દુઃખ સંકટ
अवधीरणा સ્ત્રી. અવજ્ઞા, નિંદા
असुर પું. (બ. વ.) દેવના શત્રુ, મ્લેચ્છ, યવન
आरोपण ન. રોપવું એ
उपदेश પું. ઉપદેશ, શિખામણ
कबरी સ્ત્રી. અંબોડો, વેણી
कार्य ન. કાર્ય, કામ
गन्धर्व પું. સ્વર્ગમાં રહેનારા દેવોની એક જાત
ग्रहण ન. પકડવું એ
चोर પું. ચોર
जाल ન. જાળ, પાશ
ज्योत्स्ना સ્ત્રી. ચાંદની
त्याग પું. ત્યાગ, તજવું એ
दर्शन ન. દર્શન
दुष्कृत ન. દુષ્કૃત, દુષ્ટ કામ
नायक પું. નાયક, આગેવાન
परम् (અવ્યય) તો પણ, પણ
पान्थ પું. મુસાફર
प्राची સ્ત્રી. પૂર્વ દિશા
प्राश्निक પું. પ્રશ્ન કરનારો
बल ન. બળ, જોર
बीज ન. બી
भूप પું. ભૂપ, ભૂપાળ, રાજા
रमण પું. ધણી, કાન્ત
राज्य ન. રાજ્ય
वीर्य ન. પરાક્રમ, બહાદુરી
व्याध પું. શિકારી
सचिव પું. પ્રધાન
समूह પું. સમૂહ, સમુદાય

पाण्डवा राज्यमविन्दन्त ।
आचार्यांश्* शिष्या अभ्यवादयन्त ।
सचिवा भूपमभाषन्त ।
नार्याः कबर्याः पुष्पे अबंसेताम् ।
अनेन व्यहृस्यध्वम् ।
रथ्यायां जनानां समूहमैक्षामहि ।
रामस्य दुःखान्यध्वंसन्त ।
मित्राणां त्यागेनालज्जेथाम् ।
वृक्षेभ्यः शुका उदडयन्त ।
मृगावहन्येतां व्याधेः ।
जनानां सुखायायतामहि ।
देवैः सहासुरा अस्पर्धन्त ।
रमणैः सह ज्योत्स्नायामरमन्त नार्यः ।
उज्जयिन्याः कदा न्यवर्तध्वमिति जनैरपृच्छ्यामहि । †
વાંદરા રાક્ષસો સાથે લડયા.
(અમે બે) કાશીમાં પંડિતો સાથે બોલ્યા.
(તેઓએ) સ્વસ્થતાથી મહેણાં સહ્યાં.
(બે) તારા પૂર્વમાં પ્રકાશ્યા.

वातेन वृक्षा अकम्पन्त ।
अरीणां पराजयेनामोदन्त सेनापतयः ।
गृहं प्राविशंश्चोराः परं नालभन्त धनम् ।
कन्या अवन्दन्त जनकम् ।
आचार्याद्शास्त्राण्यशिक्षामहि ।
वीर्येण विद्यायाश्च बलेन प्राकाशन्त ।
बीजस्यारोपणमारभन्त कृषीवलाः ।
नारायणस्य दुष्कृतानि नारोचन्त जनकाय ।
उद्यमाऽऽद्धरैर्धनान्यवर्धन्त ।
नानिष्टमाशङ्कामहि ।
धनस्य राशयो ब्राह्मणेभ्योऽदीयन्त ।
(તમે) માણસો વડે વખાણાયા.
(તમે બે) રામ વડે ફરમાવાયા.
(અમે) જમવા સારુ ઋષિઓને નોતર્યા.
અયોધ્યાથી જાસૂસો ક્યારે પાછા આવ્યા ?

---

* પૃ. ૨૧ ની ટીપ * જુઓ.

† કર્મણિ રૂપમાં प्रच्छ् નું पृच्छ् થાય છે. (આ ધાતુ દ્વિકર્મક છે; જુઓ પૃ. ૫૩ ની * ટીપ. 'અમે' એ ગૌણ કર્મ પ્રમાણે ક્રિયાપદ ફર્યું છે.)

§ વર્ગીય પહેલા ચાર વ્યંજનમાંથી કોઈ પણ વ્યંજન પછી ह् આવે તો પૂર્વ વ્યંજનના વર્ગનો ચોથો અક્ષર ह् ને ઠેકાણે વિકલ્પે થાય છે; જેમકે वाक्+हरिः= वाग्घरिः કે वाग्हरिः ।

(અમે) હરિ પાસેથી મહેરબાનીની આશા ન રાખી.

(અમે) નિશાળમાં ચોપડીઓ મેળવી.

(બે) પરીક્ષકોએ નૃત્યમાં (બે) કન્યાઓની પરીક્ષા લીધી.

(અમે બે) માના દર્શનથી આનંદ પામ્યા.

(તમે બેએ) કામ શરુ ન કર્યું.

(અમે બે) ઋષિને નમ્યા.

(તેઓ બેએ) રાજા પાસેથી અવજ્ઞાની શંકા રાખી.

(અમે) ગંધર્વોના વંશમાં જન્મ્યા.

પક્ષીઓએ (પોતાનાં) નાયકના ઉપદેશનો તિરસ્કાર કર્યો, અને જાળમાં પડ્યાં.

બ્રાહ્મણોના અપરાધ રાજા વડે માફ કરાયા.

(તમે બે) વાઘનાં દર્શનથી કંપ્યા.

(તમે) હાથીને પકડવાનો યત્ન કર્યો.

(બે) છોકરા (પોતાની) મા વિના આનંદ ન પામ્યા.

રામના ગુણ કવિઓ વડે વખણાયા.

ઉદ્યોગ વડે તેઓએ ઘણું દ્રવ્ય મેળવ્યું.

(તેઓ બેએ) અરણ્યમાં (પોતાની) કન્યા શોધી.

(બે) કેરી (બે) મુસાફરો વડે ચખાઈ.

## સારાંશ તથા સવાલ

### नी ગ. ૧, પરસ્મૈ.

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | अनयम् | अनयाव | अनयाम |
| પુરુષ ૨ | अनयः | अनयतम् | अनयत |
| પુરુષ ૩ | अनयत् | अनयताम् | अनयन् |

### द्युत् ગ. ૧, આત્મને.

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | अद्योते | अद्योतावहि | अद्योतामहि |
| પુરુષ ૨ | अद्योतथाः | अद्योतेथाम् | अद्योतध्वम् |
| પુરુષ ૩ | अद्योतत | अद्योतेताम् | अद्योतन्त |

૧. નીચેના ધાતુઓનાં હ્યસ્તન ભૂતકાળનાં રૂપ આપોઃ—

**अस्, अद्, ईक्ष्, मृग्, सृज्, रुच्, नि+मन्त्र्, इष्, शिक्ष्, जीव् डी, मृ, जन्, वृत्, वह्** (કર્મણિ રૂપમાં उह्)

૨. અંત્ય વ્યંજન પછી અનુનાસિક આવે તો શો ફેરફાર થાય છે? ક્યારે આ ફેરફાર આવશ્યક છે?

૩. વર્ગીય પહેલા ચાર વ્યંજનમાંથી કોઈ પણ વ્યંજન પછી **ह्** આવે તો તે **ह्**માં શો ફેરફાર થાય છે?

૪. **श्** નો **छ्** ક્યારે થાય છે?

---

# भाग ७ मो

## પાઠ ૧૯ મો

### ઉકારાંત અને **ऋ**કારાંત પુંલિંગ તથા નપુંસકલિંગ નામો

ઉકારાંત પુંલિંગ નામોનાં રૂપ **इ**કારાંત પુલિંગ નામોનાં રૂપો જેવાં જ થાય છે; તફાવત એટલો જ છે કે **इ**કારાંત નામોમાં જ્યાં **इ, ई, ए** અથવા **य्** આવે છે, ત્યાં ઉકારાંત નામોમાં અનુક્રમે **उ, ऊ, ओ** અથવા **व्** આવે છે.

ઉકારાંત અને **ऋ**કારાંત નપુંસકલિંગ નામોનાં રૂપ **वारि**ના જેવાં જ થાય છે. **वारि**માં અંત્ય **इ ई** કે **ए** થાય છે તેને બદલે ઉકારાંતમાં અનુક્રમે **उ ऊ** કે **ओ**, અને **ऋ**કારાંતમાં **ऋ ॠ** કે **अर्** થાય છે.

**गुरु** (પુંલિંગ) ગુરુ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **गुरुः** | **गुरू** | **गुरवः** |
| દ્વિતીયા | **गुरुम्** | ,, | **गुरून्** |
| તૃતીયા | **गुरुणा** | **गुरुभ्याम्** | **गुरुभिः** |
| ચતુર્થી | **गुरवे** | ,, | **गुरुभ्यः** |

मधु ( નપુંસકલિંગ ) મધ

| | | | |
|---|---|---|---|
| પ્ર૦ તથા દ્વિ૦ | मधु | मधुनी | मधूनि |
| તૃતીયા | मधुना | मधुभ्याम् | मधुभिः |
| ચતુર્થી | मधुने | ,, | मधुभ्यः |

कर्तृ (નપુંસકલિંગ) કર્તા

| | | | |
|---|---|---|---|
| પ્ર૦ તથા દ્વિ૦ | कर्तृ | कर्तृणी | कर्तॄणि |
| તૃતીયા | कर्तृणा | कर्तृभ्याम् | कर્તृभिः |
| ચતુર્થી | कर्तृणे | ,, | कर्तृभ्यः |

ऋકારાંત પુંલિંગ નામના ऋનો પ્રથમાનાં ત્રણે વચનના અને દ્વિતીયાનાં એકવચન તથા દ્વિવચનના પ્રત્યય લાગતાં आर् થાય છે. पितृ, भ्रातृ, जामातृ, देवृ, नृ, અને सव्येष्ठृ જેવાં થોડાંક જ નામોના અંત્ય ऋનો अर् થાય છે. બધાંયે ऋકારાંત નામોની પ્રથમાનાં એકવચનમાં છેવટે आ રહે છે અને र् તેમ પ્રત્યયના स्નો લોપ થાય છે.

પ્રત્યય

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | स् | औ | अस् |
| દ્વિતીયા | अम् | ,, | न् |
| તૃતીયા | आ | भ्याम् | भिस् |
| ચતુર્થી | ए | ,, | भ्यस् |

દ્વિ. બ. નો न् પ્રત્યય લાગતાં, પૂર્વનો ऋ દીર્ઘ થાય છે.

नेतृ ( પુંલિંગ ) નાયક, દોરનાર

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | नेता | नेतारौ | नेतारः |
| દ્વિતીયા | नेतारम् | ,, | नेतॄन् |
| તૃતીયા | नेत्रा | नेतृभ्याम् | नेतृभिः |
| ચતુર્થી | नेत्रे | ,, | नेतृभ्यः |

भ्रातृ (પુંલિંગ)

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | भ्राता | भ्रातरौ | भ्रातरः |

| | | | |
|---|---|---|---|
| દ્વિતીયા | भ्रातरम् | भ्रातरौ | भ्रातॄन् |
| તૃતીયા | भ्रात्रा | भ्रातृभ्याम् | भ्रातृभिः |
| ચતુર્થી | भ्रात्रे | भ्रातृभ्याम् | भ्रातृभ्यः |

**નામ (પુંલિંગ)**

**इषु** તીર, બાણ
**ऋतुपर्ण** એક રાજાનું નામ
**कपोल** ગાલ
**गुरु** ગુરુ, આચાર્ય, પૂજ્ય માણસ
**जामातृ** જમાઈ
**तडाग** તળાવ
**तरु** ઝાડ
**त्वष्टृ** વિશ્વકર્મા
**दुर्जन** દુર્જન, ખરાબ માણસ
**देवृ** દિયર
**धातृ** પેદા કરનાર

**नृ** નર, પુરુષ
**परशु** ફરસી, કુહાડો
**परशुराम** પૃથ્વી નક્ષત્રિય કરનાર બ્રાહ્મણ યોદ્ધો
**पांसु** ધૂળ, રજ
**पितृ** પિતા, બાપ
**प्रभु** પ્રભુ, ધણી
**बाहु** હાથ, બાંહ
**बिन्दु** ટીપું
**भर्तृ** પતિ, ધણી, માલેક
**भीम** પાંડુના છોકરાઓમાંના એકનું નામ, ભીમસેન

**भ्रमर** ભમરો
**मनु** હિંદુ ધર્મશાસ્ત્રના રચનાર મનુ
**लक्ष्मण** રામનો ભાઈ
**वायु** વાયુ, વા, પવન
**विघ्न** વિઘ્ન, અડચણ
**विमार्ग** ખોટો રસ્તો, આડો રસ્તો
**विष्णु** વિષ્ણુ
**शत्रु** શત્રુ, દુશ્મન
**शम्भु** શંભુ, શિવ
**शिशु** બાળક
**सव्येष्टृ** સારથિ

**પુંલિંગ તથા નપુંસકલિંગ**

**कर्तृ** કર્તા, કરનાર, રચનાર
**गन्तृ** ગમન કરનાર, જનાર
**दातृ** દાતાર, દાતા, આપનાર
**द्रष्टृ** દર્શન કરનાર, જોનાર
**द्वेष्टृ** દ્વેષ કરનાર, દુશ્મન
**रक्षितृ** રક્ષણ કરનાર

**નપુંસકલિંગ**

**अग्र** અગ્ર, ટોચ
**अश्रु** આંસુ
**तालु** તાળવું
**मधु** મધ
**राष्ट्र** રાષ્ટ્ર, દેશ
**वसु** વસુ; ધન

**સ્ત્રીલિંગ**

**अमरावती** ઇંદ્રની રાજધાની
**जिह्वा** જીભ

| | |
|---|---|
| क्षुधित ભૂખ્યું | श्याम કાળું |

**અવ્યયો**

**अनेकशस्** વારંવાર, અનેકવાર
**तु** પણ (વાક્યની શરુઆતમાં વપરાતો નથી.)

**ધાતુઓ**

**अनु+इष्** ગ. ૪, પરસ્મૈ. શોધવું
**अनु+गम्** અનુસરવું, પાછળ જવું
**गल्** ગ. ૧, પરસ્મૈ. નીગળવું, ઝરવું
**छिद्** કાપવું (કર્મણિ પ્રયોગમાં)
**प्र+नी** રચવું
**भृ** ગ. ૧, ઉભય. ભરવું;
(**भ्रियते** કર્મણિ.)
**अनु+मन्** કબૂલ રાખવું
**निर्+मा** નિર્માણ કરવું;
(**निर्मीयते** કર્મણિ.)
**वाञ्छ्** ગ. ૧, પરસ્મૈ. વાંછા કરવી, ચાહવું, ઇચ્છવું

નિષેધ બતાવવાને માટે વ્યંજનથી શરુ થતા શબ્દને આરંભે **अ** અને સ્વરથી શરુ થતા શબ્દને આરંભે **अन्** મુકાય છે; જેમકે **अ+धर्म=अधर्म; अन्+आचार=अनाचार।**

**વાક્યો**

शम्भुर्जयति ।
बाहू स्फुरतः ।
वायुना तरवः कम्पन्ते ।
भ्रमरा मधु पिबन्ति ।
नरो वसूनि वाञ्छन्ति ।
इन्द्रः शत्रूनजयत् ।
योधोऽरातिषू क्षिपति ।
चातको जलस्य बिन्दुमपि न लभते ।
विष्णवे पूजा रोचते ।
प्रभुभिर्भृत्या आदिश्यन्त ।
विश्वस्य कर्तारं नमामि ।
गुरुभ्यः शिष्यस्याविनयं कथयामि
सीता लक्ष्मणं देवरमन्वगच्छत् ।
कन्याया भर्तारं जामातरं वदन्ति ।
भर्त्रे सन्देशः प्रहीयते ।
नार्याः कपालयोर्नयनाभ्यामश्रूणि गलन्ति ।
त्वष्ट्रामरावती निरमीयत ।
पितरो वन्द्यन्ते पुत्रैः ।
रामो जनकस्य जामाता ।

पाण्डवा द्वेष्टृन् युद्धेऽजयन्।
भर्तारमनुसरति किंकरः।
मनुना धर्मः प्राणीयत।
રામ છોકરાઓને લાડુ આપે છે.
આકાશ ધૂળથી ભરાઈ જાય છે.
પરશુરામે ફરશી વડે શત્રુઓને માર્યા.
પાણીનાં ટીપાં વાદળમાંથી પડે છે.
રાજાએ શહેરનાં રક્ષણ કરનાઓને બોલાવ્યા.
બાળક બાપને તાબે રહે છે.
અવન્તીના ધણીએ પ્રધાનોને કહ્યું.
હરિ જીભ વડે તાળવાને અડક્યો.
સ્ત્રીઓ સ્વામી સાથે વાડીએ ગઈ.
ઋષિઓ મંત્રના જોનારા હતા.
લોકો વિષ્ણુને ભજે છે.
ઋતુપર્ણે સારથિઓને કહ્યું.
રામ (પોતાના) ભાઈ લક્ષ્મણ સાથે વનમાં ગયા.
બાણોથી રામ વડે રાવણનાં માથાં કપાયાં.*
વારંવાર વિઘ્નના ભયને લીધે માણસો વડે કામ શરૂ કરાતું નથી.
પોતાના હાથ વડે ભીમ શત્રુ સાથે લડયો.

धात्रा प्रजाः सृज्यन्ते।
तडागस्य जलं मार्गे गन्तृभिरपीयत।
याचका दातारं नालभन्त।
દેવો અનર્થ કરનારાઓને શિક્ષા કરે છે.
ખોટે રસ્તે જનારા, લોકો વડે નિંદાય છે.
નાશમાંથી દેશ (પ્રજા)નો રક્ષણકર્તા સદ્‌ગુણ છે.
દુર્જનની જીભની ટોચ ઉપર મધ હોય છે, પણ (એના) હૃદયમાં ઝેર હોય છે.
વૃક્ષો છાયા વડે મુસાફરોને આનંદ પમાડે છે.
વિશ્વામિત્રની સાથે રામનું વનમાં જવું પિતા વડે કબૂલ રખાયું.
પવન કાળાં વાદળાંને વિખેરે છે.
ભૂખ્યાંને અન્નદાન કરનારાઓને લોકો વખાણે છે.
સીતાના ભર્તા અને દિયરે સીતાને વનમાં શોધી.

---

* સ્વર પછી छ् આવે તો च्छ् થાય છે. એ સ્વર દીર્ઘ અને પદાંતે હોય તો च्छ् વિકલ્પે થાય છે, પણ मा (=નહિ) અને आ (ઉપસર્ગ) પછી छ् નો च्छ् અવશ્ય થાય છે.

## પાઠ ૨૦ મો

### उकारांत અને ऋकारांत પુંલિંગ તથા નપુંસકલિંગ નામો

(ચાલુ)

गुरु ( પુંલિંગ )

| | | | |
|---|---|---|---|
| પંચમી | गुरोः | गुरुभ्याम् | गुरुभ्यः |
| ષષ્ઠી | ,, | गुर्वोः | गुरूणाम् |
| સપ્તમી | गुरौ | ,, | गुरुषु |
| સંબોધન | गुरो | गुरू | गुरवः |

मधु ( નપુંસકલિંગ )

| | | | |
|---|---|---|---|
| પંચમી | मधुनः | मधुभ्याम् | मधुभ्यः |
| ષષ્ઠી | ,, | मधुनोः | मधूनाम् |
| સપ્તમી | मधुनि | ,, | मधुषु |
| સંબોધન | मधो, मधु | मधुनी | मधूनि |

| | | | | |
|---|---|---|---|---|
| ऋકારાંત પુંલિંગ | પં. | ० | भ्याम् | भ्यस् |
| | ષ. | ० | ओस् | नाम् |
| | સ. | इ | ,, | सु |

પંચમી અને ષષ્ઠીનું એકવચન ऋને બદલે उर् મૂકવાથી થાય છે. સપ્તમીના એકવચનનો इ પ્રત્યય લાગતાં ऋનો પ્રથમ अर् થાય છે. વળી ષષ્ઠીના બહુવચનનો नाम् પ્રત્યય લાગતાં ऋ ને ઠેકાણે દીર્ઘ ॠ થાય છે. પરંતુ नृ શબ્દમાં ऋ વિકલ્પે દીર્ઘ થાય છે. સંબોધનનું એકવચન ऋ ને બદલે अर् મૂકવાથી થાય છે; અને દ્વિવચન તેમજ બહુવચન પ્રથમાનાં તે તે રૂપો જેવાં જ છે.

नेतृ ( પુંલિંગ )

| | | | |
|---|---|---|---|
| પંચમી | नेतुः | नेतृभ्याम् | नेतृभ्यः |
| ષષ્ઠી | ,, | नेत्रोः | नेतॄणाम् |

| | | | |
|---|---|---|---|
| સપ્તમી | नेतरि | ,, | नेतृषु |
| સંબોધન | नेतर् | नेतारौ | नेतारः |

कर्तृ ( નપુંસકલિંગ )

| | | | |
|---|---|---|---|
| પંચમી | कर्तृणः | कर्तृभ्याम् | कर्तृभ्यः |
| ષષ્ઠી | ,, | कर्तृणोः | कर्तृणाम् |
| સપ્તમી | कर्तृणि | कर्तृणोः | कर्तृषु |
| સંબોધન | कर्तर्, कर्तृ | कर्तृणी | कर्तृणि |

શબ્દો.

**अनुज्ञा** સ્ત્રી. રજા, પરવાનગી
**अप्रिय** (વિશે.) અપ્રિય, નાપસંદ
**अर्जुन** પું. પાંડુના પાંચ પુત્રોમાંના ત્રીજાનું નામ
**अलङ्घनीय** (વિશે.) નહિ ઓળંગાય એવું
**अलम्** (અવ્યય) બસ; (તૃતીયા વિભક્તિ સાથે વપરાય છે.)
**अवस्तु** ન. અવાસ્તવિક ચીજ, મિથ્યા પદાર્થ
**अवस्त्वारोप** પું. મિથ્યા પદાર્થની કલ્પના
**आदर** પું. આદર, માન, સત્કાર
**आरोप** પું. આરોપ, આરોપણ
**आर्य** પું. આર્ય, સજ્જન; હિંદુનો પ્રાચીન પૂર્વજ
**इच्छा** સ્ત્રી. ઇચ્છા, મરજી
**इन्दु** પું. ચંદ્ર
**उत्कण्ठा** સ્ત્રી, ઉત્કંઠા, ઇચ્છા
**उत्साह** પું. ઉત્સાહ, હોંશ
**कर्ण** પું. એક શૂરવીરનું નામ
**कलङ्क** પું. લાંછન, ડાઘો
**कारुण्य** ન. કરુણા, દયા
**कुरु** (બહુવ.) એક દેશનું નામ
**कृतज्ञता** સ્ત્રી. કૃતજ્ઞતા, કદર
**कृपा** સ્ત્રી. કૃપા, મહેરબાની
**ज्ञाति** પું. સગો
**तनु** (વિશે.) નાનું
**तूल** પું. કપાસ, રૂ
**द्विज** પું. દ્વિજ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જાતિનો કોઇ માણસ
**नप्तृ** દીકરાનો દીકરો, પૌત્ર
**निर्बन्ध** પું. કાલાવાલા, આજીજી
**निशित** (વિશે.) તીક્ષ્ણ, ધારવાળું
**पथ्य** ન. હિતકારક વસ્તુ
**पशु** પું. પશુ, ઢોર
**पात** પું. પડવું એ, પતન

**पितृव्य** પું. કાકો
**बन्धु** પું. બંધુ, સગો, ભાઈ
**भारतवर्षीय** પું. ભારતવર્ષ એટલે હિંદનો રહેવાસી, હિંદી
**भूत** ન. પ્રાણી
**भ्रातृ** પું. ભાઇ
**मद** પું. મદ, ખુમારી
**मुख्य** (વિશે.) મુખ્ય
**मृग** પું. મૃગ, હરણ
**मृत्यु** પું. મૃત્યુ, મોત
**रघु** પું. (બહુ૰) રઘુ રાજાના વંશજો, રઘુવંશી પુરુષો
**रमा** સ્ત્રી. વિશેષનામ
**लक्ष्मी**† સ્ત્રી. લક્ષ્મી, વિષ્ણુની પત્ની, ધનની દેવી
**लङ्घ्** ગ. ૧, આ. ઓળંગવું, તોડવું
**वक्तृ** પું. ન. વક્તા, બોલનાર
**वस्तु** ન. વસ્તુ, ચીજ
**वार्ता** સ્ત્રી. વાર્તા, વાત, ખબર
**विभव** પું. ધન
**वैकुण्ठ** પું. ન. વિષ્ણુનું રહેવાનું ઠેકાણું, વૈકુંઠ લોક
**श्रोतृ** પું. ન. શ્રોતા, શ્રવણ કરનાર, સાંભળનાર
**साधु** પું. સાધુ, સત્પુરુષ; (વિશે.) સારું
**स्रष्टृ** પું. ન. સરજનહાર

## વાક્યો

तरोः पुष्पाण्यपतन् ।
शम्भोः कृपया कल्याणं भवति ।
गुरूणामादेशाननुरुध्यामहे ।
साधवो मृत्योर्भयं न गणयन्ति
पितरि रामस्य परम आदरः ।
विश्वस्य स्रष्टुरिच्छाऽलङ्घनीया* ।
द्रेष्टृणामुत्साहं न सहते ।
इन्दौ कलङ्को दृश्यते ।
रामो बन्धुषु स्नेहेन वर्तते ।
मधुनि माधुर्यमस्ति ।
नृषु द्विजः श्रेष्ठः ।
दातृभ्यो धनं लभन्ते ।
कुरुभ्यो दूत आगच्छत् ।
पितृव्यः पितुर्भ्राता ।
वस्तुन्यवस्त्वारोपोऽज्ञानम् ।
बाह्वोर्बलेन पृथ्वीमनयत् ।
भीमस्य भ्रातर्यर्जुने कर्णो बाणानमुञ्चत् ।

---

† આ શબ્દની પ્રથમાના એકવચનમાં સ્ પ્રત્યય લાગે છે; लक्ष्मीः ।

* પૃ. ૫૫ની *ટીપ જુઓ.

तूलस्य राशावग्नेरिव मृदुनि मृगस्य शरीरे निशितस्य बाणस्य पातः ।
तनुषु विभवेषु ज्ञातिभिस्त्यज्यन्ते नराः ।
पशुष्वपि कृतज्ञता दृश्यते ।
श्रोतृणां निर्बन्धात्कथामारमत ।
રામ રઘુઓમાં મુખ્ય હતા.
(મેં) રચનાર પાસેથી ચોપડી મેળવી.
લક્ષ્મી વિષ્ણુની પત્ની હતી.
(તે) સાંભળનારાઓ પાસે માફી માગે છે.
જનકે (પોતાના) પૌત્રોના રથ જોયા.
નારાયણે હરિના જમાઈઓના ઘોડા જોયા.
આર્યો કુરુ દેશમાં રહેતા.
પોપટ ઝાડ ઉપર બેઠો.
હરિના પૌત્રનો ચાકર ગામ ગયો.
કર્ણ દાતારોમાં પ્રથમ હતો.
સિંહ પશુઓનો પ્રભુ છે.
હરિ રમાના ધણીનો મિત્ર છે.
ચંદ્રનું બિંબ વધે છે અને ઓછું થાય છે.‡
(પોતાના) ભાઈ રામની આજ્ઞાથી લક્ષ્મણે સીતાને વનમાં તજી.

अप्रियस्यापि पथ्यस्य वक्तरि मित्रेऽलं क्रोधेन ।
नप्तुर्लाभेऽतीवोत्कण्ठा भारतवर्षीयाणाम् ।
परमं कारुण्यं साधूनां भूतेषु ।
कन्यां जामातुर्गृहं नयति ।
બ્રહ્માથી વિશ્વ ઉત્પન્ન થયું.
(તેણીએ પોતાના) ધણીની ખબર મેળવી.
(તેણે પોતાના) હાથનાં બળ વડે શત્રુને જીત્યા.
જોરાવર પવનથી પણ પર્વતોને ભય નથી.
ડાહ્યા માણસ બાળકો પાસેથી પણ જ્ઞાન મેળવે છે.
હે શંભુ, (મારાં) પાપ (મારા) હૃદયને ડંખે છે.
ઋષિઓમાં ઈશ્વર તરફ ઘણો પ્રેમ દેખાય છે.
પક્ષીઓ ઝાડોની શાખાઓ ઉપર બેસે છે.
ચાકરો શેઠના હુકમોનું ઉલ્લંઘન કરતા નથી.
માને ઘેર જવાને માટે ધણી પાસેથી તેણે પરવાનગી મેળવી.
વિષ્ણુના ભક્તો વડે વૈકુંઠમાં રહેઠાણ મેળવાય છે.

‡ ક્ષિના કર્મણિ પ્રયોગનો ઉપયોગ કરવો.

## સવાલ

૧. નીચેના શબ્દોનાં રૂપાખ્યાન કરો:—

**द्रष्टृ** પું. ન., **मधु**, **मनु**, **जामातृ**, **अश्रु**, **धातृ** પું., **नृ**, **देवृ**, **शत्रु**, **विभु** પું. ન., **भर्तृ**, **स्रष्टृ** પું., **वस्तु**, **वायु** ४. ઈ.

૨. **उ**કારાંત પુંલિંગ, અને **उ**કારાંત તથા **ऋ**કારાંત નપુંસકલિંગ નામોનાં રૂપોને **इ**કારાંત નામોનાં રૂપો સાથે સરખાવો.

૩. પહેલાં પાંચ રૂપોમાં **ऋ**કારાંત પુંલિંગ નામોમાં જે ફેરફાર થાય છે તે જણાવો.

૪. **छ्** નો **च्छ्** ક્યારે થાય છે? એનો આવશ્યક અને વૈકલ્પિક નિયમ શો છે?

---

# પાઠ ૨૧ મો

## **इ**કારાંત, **उ**કારાંત, **ऊ**કારાંત અને **ऋ**કારાંત સ્ત્રીલિંગ નામો

**ऊ**કારાંત સ્ત્રીલિંગ નામોનાં રૂપ **ई**કારાંત સ્ત્રીલિંગ નામો જેવાં જ થાય છે. **ई**કારાંત નામોમાં જ્યાં જ્યાં **इ**, **ई** કે **य्** આવે છે, ત્યાં ત્યાં **ऊ**કારાંત નામોમાં અનુક્રમે **उ**, **ऊ** કે **व्** આવે છે. પ્રથમાનું એકવચન **स्** પ્રત્યય લગાડવાથી થાય છે.

**इ**કારાંત અને **उ**કારાંત સ્ત્રીલિંગ નામોની તૃતીયાના એકવચનનો પ્રત્યય **आ** છે. દ્વિતીયાના બહુવચનનો પ્રત્યય **स्** છે; આ **स्** પ્રત્યય લાગતાં, પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે. બીજી બધી વાતે, આ નામોનાં રૂપ **इ**કારાંત અને **उ**કારાંત પુંલિંગ નામોનાં જેવાં જ છે, ચતુર્થી, પંચમી, ષષ્ઠી, અને સપ્તમીના એકવચનનાં રૂપ વિકલ્પે, **ई**કારાંત કે **ऊ**કારાંત સ્ત્રીલિંગ નામોના જેવાં થાય છે.

**ऋ**કારાંત સ્ત્રીલિંગ નામોમાં, સગાઈવાચક શબ્દો આવે છે, તે આ છે:—**स्वसृ**, **मातृ**, **दुहितृ**, **ननान्दृ** અને **यातृ**. દ્વિતીયાના બહુવચનનો

પ્રત્યય **ऊ** છે. એ પ્રત્યય લાગતાં, આ નામોનો અંત્ય સ્વર દીર્ઘ થાય છે. બીજી બધી વાતે **स्वसृ**ના રૂપ **नप्तृ** કે **गन्तृ** પું. જેવા, અને બાકીનાના **पितृ** જેવા થાય છે.

**श्रोतृ**, **गन्तृ** અને એવા જ બીજાં **ऋ**કારાંત વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ **ई** ઉમેરવાથી થાય છે; જેમકે, **श्रोत्री**, **गन्त्री**, ઇત્યાદિ; (અને પછી દીર્ઘ **ई**કારાંત સ્ત્રીલિંગ જેવા રૂપ થાય છે.)

### **श्वश्रू** ( સ્ત્રી. ) સાસુ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | श्वश्रूः | श्वश्र्वौ | श्वश्र्वः |
| દ્વિતીયા | श्वश्रूम् | ,, | श्वश्रूः |
| તૃતીયા | श्वश्र्वा | श्वश्रूभ्याम् | श्वश्रूभिः |
| ચતુર્થી | श्वश्र्वै | ,, | श्वश्रूभ्यः |
| પંચમી | श्वश्र्वाः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | श्वश्र्वोः | श्वश्रूणाम् |
| સપ્તમી | श्वश्र्वाम् | ,, | श्वश्रूषु |
| સંબોધન | श्वश्रु | श्वश्र्वौ | श्वश्र्वः |

### **मति** ( સ્ત્રી. ) મતિ, બુદ્ધિ

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | मतिः | मती | मतयः |
| દ્વિતીયા | मतिम् | ,, | मतीः |
| તૃતીયા | मत्या | मतिभ्याम् | मतिभिः |
| ચતુર્થી | मतये, मत्यै | ,, | मतिभ्यः |
| પંચમી | मतेः, मत्याः | ,, | मतिभ्यः |
| ષષ્ઠી | ,, ,, | मत्योः | मतीनाम् |
| સપ્તમી | मतौ, मत्याम् | ,, | मतिषु |
| સંબોધન | मते | मती | मतयः |

### धेनु ( સ્ત્રી. ) ગાય

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | धेनुः | धेनू | धेनवः |
| દ્વિતીયા | धेनुम् | ,, | धेनूः |
| તૃતીયા | धेन्वा | धेनुभ्याम् | धेनुभिः |
| ચતુર્થી | धेनवे, धेन्वै | ,, | धेनुभ्यः |
| પંચમી | धेनोः, धेन्वाः | ,, | ,, |
| ષષ્ઠી | ,, ,, | धेन्वोः | धेनूनाम् |
| સપ્તમી | धेनौ, धेन्वाम् | ,, | धेनुषु |
| સંબોધન | धेनो | धेनू | धेनवः |

### मातृ ( સ્ત્રી. )

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | माता | मातरौ | मातरः |
| દ્વિતીયા | मातरम् | ,, | मातॄः |
| તૃતીયા | मात्रा | मातृभ्याम् | मातृभिः |
| ચતુર્થી | मात्रे | ,, | मातृभ्यः |
| પંચમી | मातुः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | मात्रोः | मातॄणाम् |
| સપ્તમી | मातरि | ,, | मातृषु |
| સંબોધન | मातर् | मातरौ | मातरः |

### નામ (સ્ત્રીલિંગ)

**अङ्गलभूमि** ઈંગ્લાંડ
**अनुरक्ति** પ્રીતિ
**कान्ति** તેજ
**कीर्ति** યશ,
**कृति** કૃતિ, કામ
**गति** ચાલવાની ઢબ, જવું એ

**जाति** જાતિ, જાત, નાત, લિંગ
**दुष्कृति** દુષ્ટ કૃતિ, ખરાબ કામ
**दुहितृ** દીકરી
**धृति** હિંમત, ધીરજ

**धेनु** ધેનુ, ગાય
**ननान्दृ** નણંદ
**नीति** નીતિ, રાજ-નીતિ
**प्रकृति** પ્રધાનમંડળી, પ્રકૃતિ, સ્વભાવ

**प्रतिकृति** છબી, નામ
**प्रीति** પ્રીતિ, પ્રેમ
**बुद्धि** બુદ્ધિ, અક્કલ
**भक्ति** ભક્તિ
**भूति** આબાદી
**भूमि** ભૂમિ, ભોંય
**मातृ** માતા, મા
**मुक्ति** મોક્ષ
**मूर्ति** મૂર્તિ, પ્રતિમા
**यातृ** દેરાણી, જેઠાણી
**रति** ખુશી, મજા; કામદેવની સ્ત્રી
**रात्रि** રાત્રિ, રાત
**वधू** વહુ, જુવાન સ્ત્રી
**वसति** વાસ, રહેઠાણ
**वृत्ति** વૃત્તિ, ધંધો
**श्रुति** સાંભળવું એ; વેદ; શ્રુતિ; કાન
**श्वश्रू** સાસુ
**सुकृति** સારી કૃતિ, સારું કામ
**सृष्टि** સૃષ્ટિ, સર્જન
**स्तुति** સ્તુતિ, વખાણ
**स्मृति** સ્મૃતિ, સ્મરણ, યાદદાસ્ત; હિંદુધર્મ-શાસ્ત્રનું પુસ્તક
**स्वसृ** બહેન

### શબ્દો

**आङ्गल** પું. અંગ્રેજ
**आध्यान** ન. ધ્યાન
**आश्रम** પું. આશ્રમ
**ऋष्यशृङ्ग** પું. દશ-રથનો જમાઈ, રામનો બનેવી
**एलापुर** ન. શહેરનું નામ, વેરુળ
**अधि+कृ** અધિકાર આપવો, ઠરાવવું; (કર્મણિમાં) અધિ-કારી થવું
**चल्** ગ. ૧, પરસ્મૈ. ચાલવું
**चिह्न** ન. ચિહ્ન
**अभि+धा** (ધી કર્મણિ પ્રયોગમાં) બોલાવવું, નામ દેવું
**धीर** પું. ધીરજવાળો, બહાદુર પુરુષ
**निन्दा** સ્ત્રી. નિંદા, ખરાબ બોલવું એ
**निपुण** (વિશે.) નિપુણ, હોશિયાર
**उद्+पद्** ગ. ૪, આત્મને. ઊપજવું, ઉત્પન્ન થવું, નીપ-જવું
**पर** (વિશે.) પરમ, શ્રેષ્ઠ
**परिणाम** પું. પરિણામ
**पश्चात्** (અવ્યય) પછી
**पिण्ड** પું. પિંડ, મર-નારને બળિ આપ-વામાં આવે છે તે
**प्रकर्ष** પું. અત્યંતતા, મહત્તા, મોટાઈ
**आ+प्रच्छ्** [**पृच्छ्**] આત્મને. નીકળતી વેળાએ પૂછવું, વિદાય માગવી
**बहु** વિશે.) બહુ, ઘણું
**मदन** પું. કામદેવ
**मन्द** (વિશે.) મંદ, ધીમું
**लोभ** પું. લોભ
**विकास** પું. વિકાસ, પ્રકાશ, વિસ્તાર
**विवर** ન. ગુફા
**शम्बूक** પું. વિશેષ-નામ
**शान्ता** સ્ત્રી. રામની બહેન

शूद्र પું. શૂદ્ર
शौर्य ન. શૌર્ય, પરાક્રમ
आ+श्लिष् ગ. ૪, પરસ્મૈ. ભેટવું

नि+सद् [ निषीद् ] ગ. ૧, પરસ્મૈ. બેસવું
संनिधि પું. પડોશ

सुजन પું. સજ્જન, સારો માણસ
प्र+सृ પસરવું, ફેલાવું
स्निह् ગ. ૪, પરસ્મૈ. સ્નેહ રાખવો

## વાક્યો

सुजनस्य कीर्तिर्लोके प्रसरति ।
संकटे धीरो धृतिं न मुञ्चति ।
रामः प्रीत्या पुत्रमाश्लिष्यति ।
मुक्तये देवं भजति ।
यक्षाणां वसत्या आगच्छत् ।
दुःखं दुष्कृतेरुत्पद्यते ।
मदनो रतेर्वल्लभः ।
सृष्ट्याः पालक ईश्वरः ।
बुद्धेः प्रकर्षः कीर्तये भवति ।
भूमौ निषीदति ।
जामातुर्ऋष्यशृङ्गस्याश्रमं रामस्य मातरोऽगच्छन् ।
यातॄर्ननान्दरं चापृच्छत सीता पश्चादगच्छत्पितुर्गृहम् ।
रघोः पिता वसिष्ठस्य धेनुमरक्षत् ।
સીતા નણંદના વર ઋષ્યશૃંગને નમી.
વિશ્વામિત્ર જાતે ક્ષત્રિય હતા; પછી (એ) બ્રાહ્મણ થયા.

नारायणस्य कृतयो हरेः प्रीत्यै न भवन्ति ।
श्रुत्यां शूद्रो नाधिक्रियते ।
मूर्खाणां स्तुतीर्निन्दा वा न गणयन्ति बुधाः ।
प्रकृतिभिर्नृपः सेव्यते ।
गोपो धेनू रक्षति ।
वध्वो नद्या जलमानयन्ति ।
श्वश्रूर्जामातरि स्निह्यति ।
चन्द्रस्य कान्तिं पश्यति ।
सुकृतीनां फलमनुभवति ।
लोभेन बुद्धिश्चलति ।
हरिः प्रकृत्या साधुर्वर्तते ।
रामः पित्रे मात्रे च पिण्डदानयच्छत् ।
स्मृत्यां धर्मं कथ्यते ।
શંબૂક ધંધે ખેડૂત છે.
સીતા સાસુને હંમેશ ખુશ કરતી.
રાજાનો પ્રધાન રાજનીતિમાં હોશિયાર છે.

સ્મૃતિઓમાં મનુની સ્મૃતિ શ્રેષ્ઠ છે.
મહારાષ્ટ્ર દેશમાં જુવાન સ્રીઓનો વિનય વખાણવા લાયક છે.
રામ (પોતાની) બ્હેન સીતાને *મળ્યો અને માને નમ્યો.
રામે (તે) માણુસને (એની) જાત પૂછી.
માણુસો આબાદી ચાહે છે.
અંગ્રેજો અહીં ઈંગ્લાંડથી આવે છે.
વેરુળની પડોશમાં ગુફાઓમાં દેવોની ઘણી‡ પ્રતિમા છે.
હરિએ ધ્યાનમાં રાત ગાળી.×
કૃષ્ણુને§ ઘણી દીકરીઓ છે.
પરાક્રમ કીર્તિ (મેળવવા) સારુ છે.
માણુસનો સ્વભાવ (એનાં) કૃત્યો ઉપરથી જણાય છે.
નારાયણુનો નાશ (એના) ખરાબ કામનું પરિણામ છે.
ધૈર્ય માણુસોનું શ્રેષ્ઠ ભૂષણ છે.
પરમેશ્વર વિશે ઘણી પ્રીતિ (એ) ભક્તિ કહેવાય છે.
માણસની બુદ્ધિનો વિકાસ (એ) શિક્ષણનું પરિણામ છે.
કાંતિમાં સીતાનું મોં ચંદ્ર જેવું છે.
હાથીની ચાલ ધીમી હોય છે.
બાપે કન્યાઓને પુષ્કળ ધન આપ્યું.
બહેનની ભેટ પ્રીતિનું ચિહ્ન હતું.

## સવાલ

૧. ( **क** ) ऊકારાંત અને ईકારાંત સ્રીલિંગ નામોનાં રૂપ સરખાવો.

( **ख** ) उકારાંત તથા इકારાંત પુંલિંગ નામોનાં રૂપો સાથે इકારાંત અને उકારાંત સ્રીલિંગ નામોનાં રૂપ સરખાવો. એવાં સ્રીલિંગ નામોમાં જે વિકલ્પે રૂપ થાય છે તે શાને મળતાં આવે છે?

( **ग** ) **स्वसृ, मातृ, पितृ, नप्तृ** અને **गन्तृ** પું. નાં રૂપ માંહોમાંહે સરખાવો.

---

* दृश् ધાતુ વાપરવો.

‡ उકારાંત વિશેષણનું સ્રીલિંગ અંગ મૂળ જેવું રહે છે, અથવા તો મૂળમાં ई ઉમેરીને થાય છે.

× नी ધાતુ વાપરવો.

§ છઠ્ઠી વિભક્તિ વાપરવી.

૨. ઉકારાંત તથા ઋકારાંત વિશેષણોનું સ્ત્રીલિંગ રૂપ શી રીતે થાય છે ?

૩. નીચેના શબ્દોનાં રૂપ આપો:—

**ननान्द, स्वसृ, रुचि, कीर्ति, वधू, रज्जु** સ્ત્રી., **नीति, पृथु** પું. સ્ત્રી. ષ. ઈ.

---

# भाग ८ मो

## પાઠ ૨૨ મો

### આજ્ઞાર્થ

**પરસ્મૈપદ-પ્રત્યય**

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | आनि | आव | आम |
| પુરુષ ૨ | ० | तम् | त |
| પુરુષ ૩ | तु | ताम् | अन्तु |
| | वदानि | वदाव | वदाम |
| | वद | वदतम् | वदत |
| | वदतु | वदताम् | वदन्तु |

આજ્ઞાર્થના પ્રત્યય લાગતાં પહેલાં ધાતુઓને વિકરણ પ્રત્યય જોડવામાં આવે છે; ( અને ગુણ-વૃદ્ધિ આદેશ વગેરે જેમ હોય તેમ થાય છે. )

**अस्** અને **अद्**નાં આજ્ઞાર્થનાં રૂપ બીજી ચોપડીમાં આપ્યાં છે.

**શબ્દો**

**अनृत** ન. અસત્ય

**अभिधान** ન. નામ

**डिम्भ** પું. બચ્ચું, બાળક

**दुर्ग** ન. સંકડામણ

**दृढम्** (અવ્યય) દઢ, મજબૂત રીતે

**पाठ** પું. પાઠ

**पितृ** (દ્વિવચનમાં) માબાપ

**पूज्य** (વિશે.) પૂજ્ય, પૂજવાને યોગ્ય

**प्रतिक्रिया** સ્ત્રી. વેર, વેર વાળવું એ

**भद्र** ન. ભલું, કલ્યાણ

**अनु+भू** અનુભવવું, ભોગવવું
**प्र+मद्** ભૂલ કરવી
**मा** ( અવ્યય ) મા, નહિ, ના!
**रस** પું. રસ
**रे रे** (અવ્યય) અરે અરે
**वंश** પું. વંશ કુળ
**वत्स** પું. બચ્ચું
**वयस्य** પું. મિત્ર
**शङ्का** સ્ત્રી. શંકા, વહેમ
**वि+श्रम्** વિશ્રામ લેવો, થાક ખાવો
**सत्त्व** ન. સત્ય, બળ; પું. ન. પ્રાણી
**सर्वदा** (અવ્યય) સર્વદા, સદા, હંમેશ
**सुवर्णकार** પું. સોની
**सोम** પું. યજ્ઞમાં વપરાતો એક વેલો કે એનો રસ
**अनु+स्था** પ્રમાણે ચાલવું, હુકમનો અમલ કરવો

## વાક્યો

सत्त्वं जयतु ।
वत्स, पितरं प्रणम ।
अयोध्यां दूता गच्छन्तु ।
पुत्रावश्वमारोहताम् ।
रे रे ! मा विनयं त्यजत ।
सख्यौ, पुष्पाण्यानयतम् ।
वयस्योपवनं प्रविशाव ।
जलं त्यज घृतं पिब ।
कथं व्याघ्राणां संनिधौ निवसानि ।
लोको दुर्गाणि तरतु भद्राणि पश्यतु ।
नराणां व्याधयो नश्यन्तु ।
मयूरौ प्रासादस्य शिखरे नृत्यताम् ।
(તમારા) ભાઈનું નામ કહો.
હે બાળકો, (તમે) નિશાળે જાઓ ને પાઠ શીખો.

बालका अनृतं मा वदत ।
आसनयोर्निषीदतम् ।
डिम्भ, जननीमाह्वय ।
भूपतयः सर्वदा प्रजा धर्मेण रक्षन्तु ।
जनः सदानन्दमनुभवतु ।
शत्रोः प्रतिक्रियामुपदिशत ।
पितरौ, प्रसीदतम् ।
सत्यान्मा प्रमाद्याम ।
सुवर्णकारस्सुवर्णं तोलयतु ।
पित्रोर्गुरोश्च वचनमनुतिष्ठ ।
पूज्यान्पूजय ।
विश्राम्यन्तु पान्थास्तरोश्छायायाम् ।
क्षालयतां हस्तौ बालौ ।
ઈશ્વર રાજાનું રક્ષણ કરો.
(આપણે) ડાહ્યા માણસોની શિખામણોને અનુસરીએ.

દેવો પ્રસન્ન થાઓ.

અરે હરિ અને માધવ, (તમે) બબડો મા.

રાજાની ફતેહ વિશે *શક તજો.

આ પ્રમાણે માણસોના શત્રુ ફના થાઓ.

ગરીબોને ધન આપ

હે ચાંડાળ, બ્રાહ્મણને અડક મા.

(તે) સોમ રસ પીએ.

(તે પોતાના) કુળનાં સારા કામ સંભારે.

(અમે) માણસોનાં વખાણોને લાયક થઇએ.

(આપણા) મિત્રોના અપરાધ (આપણે) માફ કરીએ.

હે બાળક, (તું) પિતાને દઢ આલિંગન કર.

હે બાળકો, મૂંગાં પ્રાણીઓને દુઃખ દેતાં નહિ.

હરિનું મન ક્રોધથી ભરાય નહિ.

પાપમાં (આપણે) આળોટીએ નહિ.

ગોવાળને ગાયો ઘેર લઈ જવા દો.†

સોના વિશેનો લોકનો લોભ ઓછો થાઓ.

(બે) છોકરા માને ખુશ કરો.

ભિખારીઓને ચોખા વીણવા દો.†

મૂર્ખાઓને બબડવા દો. †

---

# પાઠ ૨૩ મો

## આજ્ઞાર્થ (ચાલુ)

### આત્મનેપદ-પ્રત્યય

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | ऐ | आवहै | आमहै |
| પુરુષ ૨ | स्व | इथाम् | ध्वम् |
| પુરુષ ૩ | ताम् | इताम् | अन्ताम् |
| | मोदै | मोदावहै | मोदामहै |
| | मोदस्व | मोदेथाम् | मोदध्वम् |
| | मोदताम् | मोदेताम् | मोदन्ताम् |

---

* અહીં સપ્તમી વાપરો.

† જેને સહાયકારક 'દો' લાગ્યું હોય તે ક્રિયાપદને આજ્ઞાર્થમાં વાપરવું. 'દો'ના અનુપસ્થ (ગૌણ) કર્મને પ્રથમામાં મૂકવું, અને એના પુરુષ તથા વચન પ્રમાણે આજ્ઞાર્થનું રૂપ કરવું.

## ધાતુઓ

**वि+जि** આત્મને. વિજય પામવો, ફતેહ મેળવવી

**प्रति+पद्** તરફ પગલાં ભરવાં, આચરવું, રાખવું, પામવું

**मन्** ગ. ૪, આત્મને. માનવું, ધારવું, વિચારવું

**अव+लम्ब्** ગ. ૧, આત્મને. આશ્રરો લેવો, પકડવું

**प्र+वृत्** પ્રવૃત્તિ કરવી, મંડવું, કામે લાગવું

## શબ્દો

**अभिलाष** પું. અભિલાષા, કોડ

**आचार** પું. આચાર, યોગ્ય વર્તણૂક, ચાલ

**ऋजुता** સ્ત્રી. પ્રમાણિકપણું

**खल** પું. લુચ્ચો, ખળ

**देवदत्त** પું. એક માણસનું નામ

**पात्र** ન. યોગ્ય માણસ કે વસ્તુ

**पार्थिव** પું. રાજા

**प्रश्रय** પું. સભ્યતા, વિનય

**विद्या** સ્ત્રી. વિદ્યા

**श्रम** પું. શ્રમ, મહેનત

**समृद्धि** સ્ત્રી. પુષ્કળતા, સમૃદ્ધિ, સંપત્તિ

**सूनु** પું. પુત્ર, દીકરો

**शत्रुभिः सह युध्यस्व।**

**देवदत्तं स्वास्थ्यं लभताम्।**

**शिष्या गुरून् वन्दध्वम्।**

**प्रजाया हिताय पार्थिवाः प्रवर्तन्ताम्।**

**कन्ये गीतं शिक्षेताम्।**

**भर्तारं सेवेथाम्।**

**कथं दुःखं सहे।**

**कीर्तये यतामहे।**

**नृपते विजयस्व।**

**भ्रातुर्गुणान् मा श्लाघध्वम्।**

**नरा धान्यस्य समृद्ध्या मोदन्ताम्।**

**आचारं प्रतिपद्येथाम्।**

**जनानां धर्मेऽभिलाषो वर्धताम्।**

**शृगालौ म्रियेताम्।**

**वार्ताः श्रूयन्ताम्।**

**प्रश्रयमवलम्बस्व।**

**प्रकाशन्तां पराक्रमेण नृपस्य सूनवः।**

**रमतां चित्तं छात्राणां विद्यायाम्।**

**संगीतमारभामहे।**

**प्रजानां कल्याणाय क्लेशाः सह्यन्तां नृपैः।**

**प्रेक्षस्व वनस्य शोभाम्।**

**संकटेऽप्यनृतं मा भाषावहै।**

**मानिष्टमाशङ्केथाम्।**

**शोभन्तां तरवः फलानामुद्गमेन।**

**दुराचारेभ्यः कल्याणं माशंसध्वम्।**

રાજાના શત્રુ થરથરો.
(તું) કેરી ચાખ.
(તમે) સંસ્કૃતનો અભ્યાસ શરુ કરો.
(આપણે) ઇશ્વરના હુકમને તાબે થઇએ.
ચંદ્રને પ્રકાશવા દો.
(બે) પુસ્તક અહીં અણાય.
(તમે બે) દેવદત્તને શત્રુ ન ધારો.
(તમે) માણુસોની આબાદીમાં ખુશ થાઓ.
હે લુચ્ચા, (તું) મર.
માણુસો ખરાબ કામથી લજ્જા પામો.
ઓસડના ગુણો(ની) પરીક્ષા કરાઓ.
યોગ્ય માણુસને ધન અપાઓ.
માણુસો હંમેશાં સત્ય શોધો.
પાપીઓને વખાણુતા નહિ.
પક્ષીઓને ઝાડની શાખાઓ ઉપરથી ઊડવા દો.
સાધુ લોકોના પ્રમાણિકપણાને લુચ્ચા હસો.
બ્રાહ્મણોને અનાજના ઢગલા અપાઓ
રાજાને પુત્ર થાઓ.
(તું) (તારી) ઇચ્છાઓ મેળવ.
(મારા) પિતાના હુકમોની (હું) અવજ્ઞા કરું નહિ.
(અમે બે) શત્રુઓનો નાશ કરીએ.
ચાકરના બે અપરાધ શેઠ વડે માફ થાઓ.
શ્રમ વડે દ્રવ્ય મેળવો; ભીખ માગતા નહિ.
(બે) બાળકોને મોદકો ચાખવા દો.
(અમે બે) લડાઇમાં ન મરી જઇએ.

## સવાલ

૧. નીચેના ધાતુઓનાં બધાં આજ્ઞાર્થ-રૂપ લખો:

**जीव्, ईक्ष्, जन्, स्पृश्, हृ, दृ, स्था** (કર્તરિરૂપ અને કર્મણિરૂપ), **पा** (પીવું), **स्फुर्, अट्, निन्द्, शुभ्, अनु+भू** (કર્તરિરૂપ અને કર્મણિરૂપ), **सद्** ૪. ૪.

# પાઠ ૨૪ મો

## કેટલાંક બહુ ઉપયોગી કૃદંત

ધાતુને **त** લગાડવાથી **કર્મણિ ભૂતકૃદંત*** થાય છે; ઉદા. **श्रु** (શ્રવણ કરવું, સાંભળવું) ઉપરથી **श्रुत** સાંભળેલું, સાંભળ્યું.

ધાતુ અકર્મક હોય તો જે રૂપ તૈયાર થાય તે **કર્તરિ ભૂતકૃદંત** થાય. દા. ત. **या** (જવું) ઉપરથી **यात** ગયેલું.

ધાતુને **तुम्**† લગાડવાથી **હેત્વર્થ કૃદંત** થાય છે: ઉદા. **श्रु** (સાંભળવું) ઉપરથી **श्रोतुम्** સાંભળવાને.

ધાતુને **त्वा** લગાડવાથી **સંબંધક ભૂતકૃદંત** થાય છે; ઉદા. **श्रु** (સાંભળવું) ઉપરથી **श्रुत्वा** સાંભળીને. જો ધાતુની પૂર્વે ઉપસર્ગ લાગેલો હોય તો **त्वा** ને બદલે **य** પ્રત્યય લગાડવામાં આવે છે; ઉદા. **अनुभूय** અનુભવીને. એમાં વળી જો ઉપસર્ગવાળા ધાતુને છેડે હ્રસ્વ સ્વર હોય તો **य** ની પૂર્વે **त्** જોડવામાં આવે છે; ઉદા. **अनुकृत्य** અનુકરણ કરીને, નકલ કરીને.

આ **य** સિવાય, બીજા બધા પ્રત્યય લગાડતાં કેટલાએક ધાતુઓમાં **इ**‡ ઉમેરાય છે; તોપણ જે ધાતુઓના અંતમાં હ્રસ્વ સ્વર હોય છે તેઓમાં

---

* આ કૃદંતનું સ્ત્રીલિંગ અંગ आ ઉમેરવાથી થાય છે. (દશમા ગણના ધાતુઓને કર્મણિ ભૂતકૃદંતનો પ્રત્યય લાગતાં इ ચોક્કસ ઉમેરાય છે, અને ગુણવૃદ્ધિ વગેરે જેમ કાળનાં રૂપમાં થાય છે તેમ થાય છે; ઉદા: चुर् નું चोरित, दृ નું दारित ઇ. ઇ.)

† આ પ્રત્યય લગાડતાં અંત્ય સ્વરનો, અથવા ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો, ગુણ થાય છે, (દશમા ગણમાં ગુણવૃદ્ધિ થાય છે તેમ થાય; સાથે દશમા ગણમાં ગણની નિશાની પણ લાગે અને इ ઉમેરાય, જે પહેલાં अय નો અંત્ય अ લોપાય; ઉદા. चुर् નું चोरयितुम्; दृ નું दारयितुम्; तड् નું ताडयितुम् ઇ. ઇ.).

‡ દશમા ગણમાં [illegible] બતાવ્યું તેમ ખાસ इ ઉમેરાય છે. જે પૂર્વે ઉપર

ઘણું કરીને इ ઉમેરાતી નથી. ધાતુઓમાં બીજા કેટલાક ફેરફાર થાય છે. પણ તે એટલા બધા છે કે આ ઠેકાણે આપી શકાય તેમ નથી.

વર્તમાનકૃદંત કરવું હોય તો પ્રથમ ધાતુમાં વિકરણ પ્રત્યય ઉમેરવો† અને પછી અંગ‡ अकारांत હોય તો પરસ્મૈપદી ધાતુને अत् અને આત્મનેપદી ધાતુને मान પ્રત્યય લગાડવો; પણ જો અંગ अकारांत ન હોય તો પરસ્મૈપદી ધાતુને अत् અને આત્મનેપદી ધાતુને आन પ્રત્યય લગાડવો.

કર્મણિ વર્તમાનકૃદંતનાં રૂપ ધાતુના કર્મણિ-અંગને मान પ્રત્યય લગાડવાથી થાય છે; ઉદા. कृ નું क्रियमाण ।

**કેટલાએક ધાતુઓનાં ભૂતકૃદંતોની યાદી**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **अस्** ફેંકવું | | **अस्त** | **क्षम्** ક્ષમા કરવી, ખમવું, માફ કરવું | | **क्षान्त** |
| **आप्** પ્રાપ્ત કરવું, મેળવવું | | **आप्त** | **क्षुभ्** ખળભળવું, વ્યાકુળ થવું | | **क्षुब्ध** |
| **कम्** ચાહવું | | **कान्त** | **खन्** ખણવું, ખોદવું, | | **खात** |
| **कृष्** લિસોટા કરવા, ખેડવું. | | **कृष्ट** | **गम्** ગમન કરવું, જવું | | **गत** |
| **क्रम्** આક્રમણ કરવું; જવું | | **क्रान्त** | **गुह्** સંતાડવું | | **गूढ** |
| **क्रुध्** ક્રોપ કરવો, કોપવું | | **क्रुद्ध** | | | |
| **क्लम्** થાકી જવું | | **क्लान्त** | | | |

મુજબ જ ગણની નિશાની લાગે છે અને ગુણ-વૃદ્ધિ થતાં હોય તે થાય છે. ઉદા. चुर् નું चोरयित्वा; दृ નું दारयित्वा. ખાસ ધ્યાન રાખવાનું એ કે य પૂર્વે ગુણ-વૃદ્ધિ થાય છે, પણ इ નથી લાગતી તેમજ ગણની નિશાની अय પણ નથી લાગતી; ઉદા. अवदार्य, विदार्य ઈ. ઈ.

† સામાન્ય રીતે બોલીએ તો, વર્તમાનકાળ ત્રીજા પુરુષ બહુવચનનો પ્રત્યય લગાડતાં પહેલાં ધાતુનું જે રૂપ થાય છે તે જ લેવું, અને પછી એને વર્તમાન-કૃદંતનો પ્રત્યય લગાડવો.

‡ આખરી પ્રત્યય જેને લગાડવાનો હોય તેને અંગ કહે છે; ક્રિયાપદોમાં ગણની નિશાની લાગીને થયેલું રૂપ તે અંગ છે.

| | | |
|---|---|---|
| जन् | જન્મ પામવો, ઉત્પન્ન થવું | जात |
| तुष् | સંતોષ પામવો, ધરાવું | तुष्ट |
| त्यज् | ત્યાગ કરવો, તજવું | त्यक्त |
| दह् | દહન કરવું, બાળવું | दग्ध |
| दिश् | દેખાડવું, બતાવવું | दिष्ट |
| दुष् | દોષ દેવો, દોષિત કરવું | दुष्ट |
| दृश् | દર્શન કરવું, જોવું | दृष्ट |
| धा | મૂકવું, ધારણ કરવું | हित |
| धृष् | તિરસ્કારપૂર્વક વર્તવું | धृष्ट |
| नम् | નમન કરવું, નમવું | नत |
| नश् | નાશ પામવો, ફના થવું, જતા રહેવું | नष्ट |
| पच् | રાંધવું | पक्व |
| पद् | જવું | पन्न |
| पुष् | પોષણ કરવું, પોષવું | पुष्ट |
| प्रच्छ् | પ્રશ્ન કરવો, પૂછવું | पृष्ट |
| बन्ध | બાંધવું | बद्ध |
| भज् | ભજવું, સેવવું | भक्त |
| भुज् | ભોગવવું, ખાવું | भुक्त |
| मन् | માનવું, વિચારવું | मत |
| मस्ज् | મગ્ન થવું, ડૂબવું | मग्न |
| मुच् | મૂકવું | मुक्त |
| मुह् | મોહ પામવો, ઘેલા થવું | मूढ, मुग्ध |
| मृ | મરવું | मृत |
| यज् | યજ્ઞ કરવો, પૂજવું | इष्ट |
| युज् | યોજના કરવી, જોડાવું | युक्त |
| रभ् | આરંભવું | रब्ध |
| रम् | રમવું | रत |
| रुह् | ઊગવું | रूढ |
| लभ् | લાભ થવો, મળવું | लब्ध |
| लुभ् | લોભ કરવો | लुब्ध |
| वच् | વચન કહેવું, બોલવું | उक्त |
| वद् | વદવું, બોલવું | उदित |
| वप् | વાવવું | उप्त |
| वह् | વહેવું, લઈ જવું | ऊढ |
| विश् | પ્રવેશ કરવો, પેસવું | विष्ट |
| वृत् | વર્તવું, હોવું | वृत्त |
| शंस् | પ્રશંસા કરવી | शस्त |
| शम् | શાંત થવું | शान्त |
| श्लिष् | ભેટવું | श्लिष्ट |
| सह् | સહન કરવું, ખમવું | सोढ |
| सृज् | સરજવું, તજવું | सृष्ट |
| स्पृश् | સ્પર્શ કરવો | स्पृष्ट |
| हन् | હણવું, મારી નાખવું | हत |

## શબ્દો

**अखिल** (વિશે.) સઘળું, આખું

**अभिषेक** પું. અભિષેક

**निर् + अस्** ગ. ૪, વિખેરવું

**उटज** પું. ઝૂંપડું

**उद्यत** (उद्+यम्‌નું કર્તરિ ભૂત-કૃદંત) તૈયાર, તૈયાર-સજ્જ થયેલું
**उपाय** પું. ઉપાય, ઇલાજ
**कारागृह** ન. કેદખાનું, જેલ
**कुम्भकार** પું. કુંભાર
**कूप** પું. કૂવો
**क्षेत्र** ન. ખેતર, તીર્થ
**उद्+खन्** ગ. ૧, ઉભયપદી. ખોદવું
**घट** પું. ઘડો
**तूष्णीम्** (અવ્યય) મૂંગું
**निर्+दिश्** બતાવવું, દેખાડવું
**नि+धा** મૂકવું
**उद्+धृ** ગ. ૧, ઉભયપદી. ઉદ્ધાર કરવો, ખેંચી કાઢવું, ઉદ્ધરવું
**वि+नी** શિખવવું
**पङ्क** પું. કાદવ
**पीडा** સ્ત્રી. પીડા
**प्रातः** (અવ્યય) પ્રાતઃ, સવારે, પરોઢિયે
**भज्** ગ. ૧, ઉભયપદી. આશરો લેવો, પકડવું
**प्रति+भाष्** ઉત્તર આપવો, જવાબ આપવો
**मति** સ્ત્રી. મતિ, બુદ્ધિ
**मद** પું. મદ, ગર્વ
**मूल** ન. મૂળ, તળિયું
**मूर्च्छ्** ગ. ૧, પરસ્મૈ. મૂર્છા આવવી, બેભાન થવું
**यज्ञिय** (વિશે.) યજ્ઞ સંબંધી
**राजपुरुष** પું. રાજાનો માણસ, અધિકારી, અમલદાર
**आ+रुह्** ચડવું
**प्रति+नि+वृत्** પાછા આવવું
**समर्थ** (વિશે.) સમર્થ, શક્તિમાન
**सम्यक्** (અવ્યય) સારું, ઠીક
**सर्प** પું. સર્પ, સાપ
**सारमेय** પું. કૂતરો
**परि+हृ** ગ. ૧, ઉભયપદી. ખસેડવું, દૂર કરવું

## વાક્યો

**जलं पातुं नदीमगच्छत्।**
**कुम्भकारेण घटः कृतः*।**
**हरिणा सर्पो दृष्टः।**
**ग्रामं गन्तुमिच्छामि।**
**जनानां पीडाः परिहर्तुमीश्वरः समर्थोऽस्ति।**

---

* આવી રીતે જે વાક્યોમાં કર્મણિ ભૂતકૃદંત વાપરેલું હોય ત્યાં अस्ति ક્રિયાપદ અધ્યાહાર્ય સમજવું.

भार्यां त्यक्त्वा वनं गतः।
रामस्य पीडा नष्टा।
उपायश्चिन्तितः।
गृहं प्रविष्टः किंकरः।
शम्बूकेन कथितां वार्तां श्रुत्वा रामोऽमुह्यत्।
नद्यास्तीरे चिरं विहृत्योटजं निवृत्ता सीता।
गृहं प्रविश्य क्व मातेत्यपृच्छत्।
लक्ष्म्या मदेन स्पृष्टोऽसि।
रामेण बहवः कूपास्तडागाश्चोत्खाताः।
एवमुक्तो हरिर्ब्राह्मणाय धनमयच्छत्।
अश्वमारोढुं† मतिर्जाता।
शत्रूञ् जित्वा नगरीं प्राविशत्।
सखीभिः पृष्टा ललनाऽलज्जत।
क्लेशः सोढः सीतया।
पृथिव्यां चरितुं यज्ञियोऽश्वो मुक्तः।
वनात्प्रतिनिवृत्य रामो राज्यं कर्तुमारभत।
पङ्के पतितां धेनुमुद्धरति।
रक्षितोऽस्मि देवेन।
बहूनि काव्यानि पठितानि हरिणा।
आतपेन क्लान्तास्तरोर्मूलं भजामः।

વાદળાં પવન વડે વિખેરાયાં છે.§
ખેતર ખેડૂતો વડે ખેડાયાં છે, અને અનાજ વવાયું છે.
શિષ્યને સારી રીતે શીખવીને આચાર્યે (એને) પરણવાની પરવાનગી આપી.
સમુદ્ર પવનથી ખળભળેલો છે.
કૂતરાનાં પગલાને અનુસરીને દેખાડેલી જગ્યાએ (તે) આવ્યો.
શિવ રાવણની ભક્તિથી સંતુષ્ટ થયા.
ઇશ્વર વડે સદ્ગુણોનું બી માણસોનાં હૃદયમાં મુકાયેલું છે.
(તમારા) શત્રુને જીતવા તૈયાર થાઓ.
યુદ્ધમાં ઘણા સિપાઇઓ મરાયા.
(પોતાના) મરી ગયેલા ભર્તાનું સ્મરણ કરીને (તે) ફરીથી મૂર્છા પામી.

---

† आ+रुह् ધાતુ ઉપરથી હેત્વર્થ કૃદંત.

§ આ વાકયોનાં ભાષાન્તરમાં જ્યાં જ્યાં વાપરી શકાય ત્યાં ત્યાં આ પાઠમાં બતાવેલાં કૃદંતરૂપો વાપરવાં.

અભિષેકની વેળાએ બધાં માણુસ કેદખાનામાંથી મુક્ત થયાં.

બાળક ચંદ્રને પકડવા ઈચ્છે છે.

(પોતાના) શ્રમનું ફળ નારાયણે મેળવ્યું છે.

દેવીને નમીને (તે) દેવાલયથી પાછો આવ્યો.

હરિના અપરાધ પિતા વડે માફ કરાયા.

પર્વત ઉપર ચડીને (તેણે એક) તળાવ જોયું.

ભયનું કારણ જતું રહ્યું છે.

સજ્જનોને રસ્તે દુર્જનોને દોરવાનો (તે) યત્ન કરે છે.

બાળક સમુદ્રના કિનારા ઉપર મૂકી દેવાયું હતું.

જગતનાં દુઃખ અનુભવીને તે જોગી થયો.

માર્ગમાં સિપાઈઓ વડે ઘણાં ગામ બાળવામાં આવ્યાં.

(પોતાના) મિત્રને જવાબ આપીને (તે) મૂંગો ઊભો રહ્યો.

હરિની સ્ત્રીને પુત્ર જન્મ્યો છે.

પરોઢિયે ઊઠીને+ માણુસો (પોતાનાં) મોઢાં ધુએ છે.

રાજપુરુષો વડે ચોરો બંધાયા હતા.

## સવાલ

૧. કર્મણિ ભૂતકૃદંત, કર્તરિ વર્તમાનકૃદંત, કર્મણિ વર્તમાનકૃદંત, હેત્વર્થકૃદંત, અને ઉપસર્ગરહિત અને ઉપસર્ગસહિત સંબંધક ભૂતકૃદંત શી રીતે થાય છે, એ જણાવો.

૨. §નીચેના ધાતુનાં હેત્વર્થ આદિ બધાં કૃદંતોનાં રૂપ લખો:

**मन्, यज्, मुच्, खन्, दह्, सृज्, घह्, लस्, रम्, श्लिष्** ૪.૪.

૨. **स्था** ધાતુનો **स्** ક્યારે લોપાય છે?

---

+ स्था ધાતુના स् નો उद् ઉપસર્ગની પૂર્વે લોપ થાય છે.

§ આ સવાલનો જવાબ વધારે ભણેલાથી જ અપાય એવો છે; માટે નવા અભ્યાસકને શિક્ષકની જરૂર પડશે.

# ભાગ ૧૦ મો

## પાઠ ૨૫ મો

### વ્યંજનાંત નામ

સંસ્કૃત વ્યાકરણમાં વિભક્તિના સામાન્ય પ્રત્યય નીચે પ્રમાણે આપેલા છે.

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્ર. અને સં. | स् | औ | अस् |
| દ્વિતીયા | अम् | ,, | ,, |
| તૃતીયા | आ | भ्याम् | भिस् |
| ચતુર્થી | ए | ,, | भ्यस् |
| પંચમી | अस् | ,, | ,, |
| ષષ્ઠી | ,, | ओस् | आम् |
| સપ્તમી | इ | ,, | सु |

આ પ્રત્યયો કોઈ પણ ફેરફાર થયા વિના પુલિંગ તથા સ્ત્રીલિંગ વ્યંજનાંત નામોને લગાડાય છે; પરંતુ એ લાગતાં પહેલાં નામોનાં મૂળ રૂપમાં જ કેટલાક ફેરફાર થાય છે તે આગળ જણાવીશું.

કેટલાક નામ એવાં હોય છે કે એઓનું મૂળ રૂપ પ્રત્યય લાગતાં એવું ને એવું જ રહે છે. આ નામો પુલિંગ હોય કે સ્ત્રીલિંગ હોય, તોપણ એમનાં એકસરખાંજ રૂપ થાય છે; ઉદા. **भूभृत् પું., मरुत् પું., दृषद् સ્ત્રી. ઈ.**

**मरुत् (પુલિંગ) પવન**

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા તથા સં. | मरुत्× | मरुतौ | मरुतः |
| દ્વિતીયા | मरुतम् | ,, | ,, |

× પદને અંતે એકથી વધારે વ્યંજન હોય તો એઓમાંનો પહેલો જ કાયમ રહે છે અને બીજા બધા ઊડી જાય છે; ઉદા. मरुत्+स्=मरुत्स्=( स् નો લોપ થતાં) मरुत् ।

| | | | |
|---|---|---|---|
| તૃતીયા | मरुता | मरुद्भ्याम् | मरुद्भिः |
| ચતુર્થી | मरुते | ,, | मरुद्भ्यः |
| પંચમી | मरुतः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | मरुतोः | मरुताम् |
| સપ્તમી | मरुति | ,, | मरुत्सु |

वाच् (સ્ત્રીલિંગ) વાચા, વાણી

| | | | |
|---|---|---|---|
| પ્ર. તથા સં. | वाक्† | वाचौ | वाचः |
| દ્વિતીયા | वाचम् | ,, | ,, |
| તૃતીયા | वाचा | वाग्भ्याम् | वाग्भिः |
| ચતુર્થી | वाचे | ,, | वाग्भ्यः |
| પંચમી | वाचः | ,, | ,, |
| ષષ્ઠી | वाचः | वाचोः | वाचाम् |
| સપ્તમી | वाचि | ,, | वाक्षु+ |

૨. वत् અને मत् પ્રત્યયવાળાં નામોમાં પુંલિંગમાં પહેલાં પાંચ રૂપોમાં છેલ્લા त् ની પૂર્વે न् હોય છે.

भगवत् (પુંલિંગ) ભગવાન

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | §भगवान् | भगवन्तौ | भगवन्तः |
| દ્વિતીયા | भगवन्तम् | ,, | भगवतः |

---

† च् કે ज् પછી અઘોષ વ્યંજન આવે તો, એ च् કે ज् નો क् અને અર્ધ-સ્વર કે અનુનાસિક સિવાયનો ઘોષ વ્યંજન આવે તો ग् થાય છે. આ અક્ષરો પદને અંતે આવ્યા હોય તોપણ એ ફેરફાર થાય છે. અનુનાસિક સિવાયનો કોઈ પણ સ્પર્શ વ્યંજન પદને છેડે આવ્યો હોય તો એને બદલે એના વર્ગનો વિકલ્પે પહેલો કે ત્રીજો મુકાય છે. ઉદા. मरुत्-मरुद्, वाक्-वाग् ઇ.

+ જો પ્રત્યયના स् ની પૂર્વે अ કે आ સિવાયનો કોઈ પણ સ્વર, કંઠ્ય અક્ષર, કે र् આવ્યો હોય તો ઘણું કરીને स् નો ष् થાય છે.

§ वत् અને मत् ને ઠેકાણે પુંલિંગ પ્રથમાનાં એકવચનમાં वान् અને मान्, અને સંબોધનનાં એકવચનમાં वन् અને मन् થાય છે.

| | | | |
|---|---|---|---|
| તૃતીયા | भगवता | भगवद्भ्याम् | भगवद्भिः |
| ચતુર્થી | भगवते | ,, | भगवद्भ्यः |
| પંચમી | भगवतः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | भगवतोः | भगवताम् |
| સપ્તમી | भगवति | ,, | भगवत्सु |
| સંબોધન | भगवन् | भगवन्तौ | भगवन्तः |

૩. આ રૂપોમાં અને વર્તમાનકૃદંતનાં પુલિંગ રૂપોમાં માત્ર એટલો જ તફાવત છે કે પ્રથમાના એકવચનમાં ઉપર જે अ દીર્ઘ કરવામાં આવ્યો છે તે વર્તમાનકૃદંતના રૂપમાં હ્રસ્વ જ રહે છે; ઉદા. गच्छत् વ. કૃ., गच्छन् પ્ર. એ.

૪. વ્યંજનાંત નપુંસકલિંગ નામોની પ્રથમા, સંબોધન અને દ્વિતીયાનાં રૂપોના પ્રત્યય નીચે પ્રમાણે છે.

| એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|
| ० | ई | इ |

અંત્ય વ્યંજન જો અનુનાસિક કે અર્ધસ્વર (ङ् ञ् ण् न् म् य् र् ल् व्) ન હોય તો એને બહુવચનનો इ પ્રત્યય લગાડતાં, એ અંત્ય વ્યંજનની પૂર્વે न् ઉમેરાય છે. अકારાંત નપુંસકલિંગ નામોની પેઠે અહીં પણ, બાકીની વિભક્તિનાં રૂપ એઓને મળતાં પુંલિંગ નામોનાં રૂપો જેવાં જ હોય છે.

जगत् (નપું.) જગત, દુનિયા

| | | | |
|---|---|---|---|
| પ્ર. સં. અને દ્વિ. | जगत् | जगती | जगन्ति |

૫. વર્તમાનકૃદંતનાં નપુંસકલિંગ રૂપનાં પ્ર. સં. અને દ્વિ. ના દ્વિવચનમાં ૧ લા, ૪ થા અને દશમા ગણના ધાતુના વર્તમાનકૃદંતોને પ્રત્યય લાગતાં પહેલાં અંત્ય त् ની પૂર્વે न् અવશ્યે, અને ૬ ઠ્ઠા ગણનાં ધાતુઓનાં વ. કૃ. ને વિકલ્પે ઉમેરાય છે.

| | | | |
|---|---|---|---|
| પ્ર. સં. દ્વિ. | गच्छत् | गच्छन्ती | गच्छन्ति |
| પ્ર. સં. દ્વિ. | विशत् | विशती–विशन्ती | विशन्ति |

## શબ્દો

**आपद्** સ્ત્રી. આપદા, આફત, પડતી
**आयुष्मत्*** (વિશે.) લાંબી ઉમરવાળું, દીર્ઘાયુ
**गुणवत्** (વિશે.) ગુણવાન, ગુણી
**जगत्** ન. જગત
**दृशद्** સ્ત્રી. પથ્થર
**धीमत्** (વિશે.) બુદ્ધિમાન, ડાહ્યું
**परवत्** (વિશે.) પરાધીન, પરવશ
**प्रतिपद्** સ્ત્રી. પડવો
**भगवत्** (વિશે.) દિવ્ય, પૂજ્ય
**भवत्** (સર્વ.) આપ, તમે†
**भूभृत्** પું. રાજા, પર્વત.
**मरुत्** પું. પવન, વાયુદેવ, દેવ
**मूर्तिमत्** (વિશે.) પ્રત્યક્ષ, આબેહુબ
**मृद्** સ્ત્રી. માટી, મટોડી
**यशस्वत्** (વિશે.) યશવાળું, પ્રખ્યાત
**वाच्** સ્ત્રી. વાચા, વાણી
**विद्युत्** સ્ત્રી. વીજળી
**विपद्** સ્ત્રી. વિપત્તિ, સંકટ, દુઃખ
**वियत्** ન. આકાશ
**शरद्** સ્ત્રી. શરદ્ઋતુ
**श्रीमत्** (વિશે.) શ્રીમંત, આબાદ, સુખી

**संपद्** સ્ત્રી. સંપત, ચડતી
**सुखभाज्** (વિશે.) સુખી, સુખ ભોગવનાર
**सुहृद्** પું. મિત્ર
**हुतभुज्** પું. અગ્નિ
**अकाल** પું. =अ+काल (પું. કાળ, વખત) અયોગ્ય કાળ
**अत्यय** પું. નાશ, જવું એ
**अधमर्ण** પું. (**अधम+ऋण**) દેવાદાર, કરજદાર
**अन्तःकरण** ન. અંતઃકરણ
**अभि+अर्थ्** ગ. ૧૦, આત્મને. પ્રાર્થના કરવી, વિનંતિ કરવી
**इह** (અવ્યય) અહીં
**अप+ईक्ष्** નહિ સાંભળવું, નહિ ગણકારવું, બેદરકાર રહેવું, જતું કરવું
**उच्चैस्** (અવ્યય) તાણીને; ઉમદા મનથી; ઊંચેથી
**उद्भव** પું. જન્મ
**उद्धत** (**उद्+हन्** નું કર્મણિ ભૂતકૃદંત) ઉદ્ધત, તોછડો, ગર્વિષ્ઠ

---

* वत् અને मत् છેડાવાળાં વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ ई ઉમેરવાથી થાય છે; ઉદા. आयुष्मती લાંબી આવરદાવાળી, વર્તમાનકૃદંતોની બાબતમાં નપુંસકલિંગ પ્ર.ના દ્વિવચનનું રૂપ તે જ તેનું સ્ત્રીલિંગ અંગ થાય છે; ઉદા. भवत् નું भवन्ती विशत् નું विशती અથવા विशन्ती।

† આ સર્વનામ જ્યારે કર્તા હોય ત્યારે ક્રિયાપદ ત્રીજા પુરુષમાં આવે છે. દા. ત. भवान् आगच्छतु ।

**कार्तिक** પું. કાર્તિક મહિનો

**चञ्चल** (વિશે.) ચંચળ, ક્ષણિક

**जीवित** ન. જીવતર, જિંદગી

**नल** પું. એક રાજાનું નામ

**निषण्ण** ( **नि+सद्** નું કર્મણિ ભૂતકૃદંત ) બેઠેલું

**प्रवृत्ति** સ્ત્રી. પ્રવૃત્તિ, વલણ, ખબર

**प्राण** પું. (બહુવચનમાં) પ્રાણ, જીવ

**बहुशस्** (અવ્યય) ઘણી વખત, વારંવાર, ઘણી બાબતોમાં

**महोत्सव** પું. મોટો ઓચ્છવ

**मृग** પું. મૃગ, હરણ; પશુ

**मृदु** (વિશે.) મૃદુ, નરમ, સુંવાળું

**वासुदेव** પું. કૃષ્ણનું નામ

**विकार** પું. વિકાર, ફેરફાર

**विद्** ગ. ૪, આત્મને. વિદ્યમાન હોવું, હોવું

**विहित** ( **वि+धा** નું કર્મણિ ભૂતકૃદંત ) ફરમાવેલું, કહેલું

**वृन्त** ન. સાંઠો, થડ, ડાંખળી

**श्लथ** (વિશે.) ઢીલું થયેલું

**संदेह** પું. સંદેહ, શંકા

**सर्वथा** (અવ્યય) સર્વ રીતે

**होतृ** પું. હવન કરનારો, ગોર

## વર્તમાનકૃદંત

**कुर्वत्** કરતું

**गच्छत्** જતું

**चोदयत्** પ્રેરતું, હાંકતું

**जयत्** જીતતું

**पश्यत्** જોતું

**वसत्** વસતું

**शासत्**× રાજ્ય કરતું

**सत्** (**अस्** 'થવું, હોવું' ધાતુનું કર્તરિ વર્તમાન કૃદંત) સારું, ભલું; પું. ભલો માણસ, સજ્જન, સાધુ

## વાક્યો

**नृशंसेभ्यो गुणवतामपि भयं विद्यते ।**

**चन्द्रस्य प्रकाशः शरद्याह्लादको भवति ।**

**विद्युता सह मेघो वियति वर्तते ।**

**वत्स, आयुष्मान् भव ।**

**धीमन्तो लोके यशस्वन्तो भवन्ति ।**

---

× આ કૃદંતનાં પહેલાં પાંચ રૂપોમાં न् ઉમેરાતો નથી; માત્ર નપુંસકલિંગના પ્ર. દ્વિ. અને સં. ના બહુવચનની ઇ પહેલાં જ આ न् વિકલ્પે ઉમેરાય છે.

रामो मूर्तिमान् धर्म इव ।

नयतः शत्रून् मोपेक्षस्व ।

भवद्भिरादिष्टः किङ्करो नगरमगच्छत् ।

नमो भगवते वासुदेवाय ।

पश्यतो गुरोः* शिष्येणाविनयः कृतः ।

हुतभुजा दग्धमरण्यमपश्यन्नलः ।

दिनेषु§ गच्छत्सु नारायणः पण्डितोऽभवत् ।

महीं शासति दशरथे भूभृति जनाः सुखभाजोऽभवन् ।

मरुतां भर्तार्जुनं द्रष्टुमिच्छति ।

कवीनां वाक्षु माधुर्यमस्ति ।

सुहृदोर्वचनमलङ्घनीयम् ।

भवन्तः पुत्रैः सहागच्छन्त्विति श्रीमतो देवस्याज्ञा ।

घटा मृदो विकारा अलङ्काराश्च सुवर्णस्य ।

प्राणानामत्ययेऽप्यसन्त सद्भिर्नाभ्यर्थ्यन्ते ।

इह जगति पुत्रस्योद्भव उत्सवस्य हेतुः ।

संदेहे सतामन्तःकरणस्य प्रवृत्तयः प्रमाणम् ।

विपद्युच्चैः स्थीयते सद्भिः ।

दृशदि निषण्णो गुरुः शिष्यान् धर्ममुपादिशत् ।

अधमर्णाः सर्वथा परवन्तो भवन्ति ।

अकालो नास्ति धर्मस्य जीविते चञ्चले सति ।

---

* **અનાદરાર્થે ષષ્ઠી** એ નામના ષષ્ઠીના ખાસ પ્રયોગનો આ દાખલો છે; એનો અર્થ "ગુરુ દેખતાં છતાંય" એવા શબ્દોથી થાય છે.

§ આ **સતિસપ્તમી** એ નામના સપ્તમીના ખાસ પ્રયોગનો દાખલો છે; એનો અર્થ "દિવસો જતાં" એવો થાય છે. (ગુજરાતી ભાષામાં "જ્યારે-ત્યારે" રચના હોય અને એમાં મુખ્ય વાક્યનો કર્તા અને ગૌણ વાક્યનો કર્તા જુદા હોય ત્યારે ગૌણ વાક્યનો કર્તા સંસ્કૃતમાં સપ્તમી વિભક્તિમાં આવે છે અને ક્રિયાપદને સ્થાને કૃદંત પ્રયોજાય છે, જેનાં જાતિ, વચન, અને વિભક્તિ એ કર્તા પ્રમાણે ફરે છે. આમાં જો અનાદરનો અર્થ હોય તો ષષ્ઠી પ્રયોજાય છે.)

નારાયણ પરાધીન નથી.

હરણો જંગલમાં પથ્થરો ઉપર બેસે છે.

ઈન્દ્ર દેવોનો રાજા છે.

કાર્તિકને પડવે ઓચ્છવ છે.

(મેં) એક છોકરાને નિશાળે જતો જોયો.*

પડતીમાં માણસને બહુ જણ અનુસરે છે.

પડતીમાં માણસ મિત્રો વડે તજાય છે.

કૃષ્ણે માણસોને ઘોડા હાંકતા જોયા.

યોગીઓ જગતને જંગલ માને છે.

બુદ્ધિમાન નારાયણ વડે (એક) પુસ્તક લખાય છે.

ગુણવાન માણસો પણ દુર્જનો વડે નિંદાય છે.

માણસો હંમેશાં લાંબી ઉમરવાળા થવાને ઈચ્છે છે.

ભગવાન મનુ વડે એવું ફરમાવાયેલું છે.

ક્રોધ નરમ વાણી વડે શાંત થાય છે.

નારદ આકાશમાંથી (નીચે) ઊતર્યા.

સજ્જનો ધન વડે ગર્વિષ્ઠ થતા નથી.

સ્વર્ગમાં જતી વખતે (=જતા) (આપણા) ગુરુએ એવું કહ્યું.

વનમાં રહેતા રામ અને લક્ષ્મણે ઘણા રાક્ષસોનો નાશ કર્યો.

આપના દર્શનથી હું ઘણો સંતુષ્ટ થયો.

બુદ્ધિમાન માણસો રાજાઓની સભાઓમાં પુજાય છે.

પવન ડાંખળીમાંથી ઢીલાં થયેલાં ફૂલોનું હરણ કરે છે.

વીજળી કવિઓ વડે વાદળાંની સ્ત્રી ગણાય છે.

સ્પર્શ કરવામાં આવેલો અગ્નિ યજ્ઞ કરનારને પણ બાળે છે.

સુખ ભોગવનારાઓની સુખ માટેની ઈચ્છા સુખના ભોગથી અનેક રીતે વધે છે.

રામ આબાદ અયોધ્યા શહેરમાં *રહ્યા.†

---

* અહીં કર્મણિ ભૂતકૃદંત વાપરો. કર્તરિ રચના કરવી હોય તો ૧૬મા પાઠ પ્રમાણે રચના કરવી. આ સ્થળે કર્તરિ રચનામાં કૃદંત વાપરી શકાય. કર્મણિ ભૂતકૃદંત ને वत् પ્રત્યય લગાડી भगवत् જેવાં રૂપો કરવાથી આ રચના સાધી શકાય; જેમકે રામે રાવણને હણ્યો=रामेण रावणो हतः અથવા रामो रावणं हतवान्। (वस् નું ભૂ. કૃ. उषित)

† ગુજરાતીમાં માનાર્થે બહુવચન છે; પણ સંસ્કૃતમાં એકવચન વાપરવું.

## સવાલ

૧. સંસ્કૃત વ્યાકરણના વિભક્તિના સામાન્ય પ્રત્યય આપો.

૨. વર્તમાનકૃદંત સાથે, તથા **भूभृत्** જેવાં વ્યંજનાંત નામો સાથે **वत्** અને **मत्** પ્રત્યયવાળાં નામોનાં રૂપ સરખાવો.

૩. વર્તમાનકૃદંતના તથા **वत्** અને **मत्** છેડાવાળાં વિશેષણોનાં સ્ત્રીલિંગ અંગ તથા નપુંસકલિંગ દ્વિવચન, શી રીતે થાય છે?

૪. **च्** અથવા **ज्** પછી અઘોષ વ્યંજન આવ્યો હોય ત્યારે, ઘોષ વ્યંજન આવ્યો હોય ત્યારે, અને કશુંએ ન આવ્યું હોય ત્યારે, શું થાય છે?

૫. સામાન્ય રીતે ક્યારે **स्** નો **ष्** થાય છે?

૬. નીચેનાં નામોનાં રૂપ આપો:—

**प्रतिपद्**, **हुतभुज्**, **यशस्वत्** (ત્રણે જાતિમાં), **कुर्वत्** (ત્રણે જાતિમાં), **सुखभाज्** (પું. ન.), **आयुष्मत्** (પું. ન.), **दिशत्** (ત્રણે જાતિમાં), **परवत्** (પું. ન.), **आपद्**, **चोदयत्** (ત્રણે જાતિમાં) ઈ. ઈ.

૭. અનાદરાર્થે ષષ્ઠી અને સતિસપ્તમીના પ્રયોગ ઉદાહરણ સાથે સમજાવો.

---

# પાઠ ૨૬ મો

## **अन्** અને **इन्** અંતવાળાં નામ

૧. પ્રથમા તથા સંબોધનનાં એકવચનનો **स्** પ્રત્યય લોપાય છે. (પૃ. ૯૨ ની ટીપ × જુઓ.)

૨. પ્રથમાના એકવચનમાં, અને બધા વ્યંજનાદિ પ્રત્યય આગળ અંત્ય **न्** લોપાય છે.

૩. પહેલાં પાંચ રૂપોમાં **अ** દીર્ઘ થાય છે. **इ** માત્ર પ્રથમાના એકવચનમાંજ દીર્ઘ થાય છે. આ નિયમ નપુંસકલિંગ નામોને લાગુ પડતો નથી, પરંતુ એ લિંગમાં પ્રથમા, દ્વિતીયા, અને સંબોધનનાં બહુવચનમાં **अ** તથા **इ** દીર્ઘ થાય છે.

૪. દ્વિતીયાનાં બહુવચનના **अस्** પ્રત્યયથી શરુ થતો કોઈ પણ સ્વરાદિ પ્રત્યય લાગતાં **अ** લોપાય છે; પરંતુ જ્યારે **अन्**ના **अ**ની પૂર્વે એવો જોડાક્ષર આવ્યો હોય કે જેનો બીજો વ્યંજન **म्** કે **व्** હોય ત્યારે **अ** ઊડી જતો નથી. પુલિંગ અને નપુંસકલિંગ સપ્તમીનાં એકવચનમાં, અને નપુંસકલિંગની પ્રથમા, દ્વિતીયા, ને સંબોધનના દ્વિવચનમાં આ નિયમ વિકલ્પે લાગુ પડે છે.

૫. સંબોધનનું એકવચન મૂળ રૂપથી ભિન્ન નથી. નપુંસકલિંગમાં **न्** વિકલ્પે લોપાય છે.

**राजन्** (પુંલિંગ) રાજા

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | राजा | राजानौ | राजानः |
| દ્વિતીયા | राजानम् | ,, | राज्ञः† |
| તૃતીયા | राज्ञा | राजभ्याम् | राजभिः |
| ચતુર્થી | राज्ञे | ,, | राजभ्यः |
| પંચમી | राज्ञः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | राज्ञोः | राज्ञाम् |
| સપ્તમી | राज्ञि-राजनि | ,, | राजसु |
| સંબોધન | राजन् | राजानौ | राजानः |

**आत्मन्** (પુંલિંગ) આત્મા

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | आत्मा | आत्मानौ | आत्मानः |
| દ્વિતીયા | आत्मानम् | ,, | आत्मनः |
| તૃતીયા | आत्मना | आत्मभ्याम् | आत्मभिः |
| ચતુર્થી | आत्मने | ,, | आत्मभ्यः |
| પંચમી | आत्मनः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | आत्मनोः | आत्मनाम् |
| સપ્તમી | आत्मनि | ,, | आत्मसु |
| સંબોધન | आत्मन् | आत्मानौ | आत्मानः |

† અંત્ય अन्માં अનો લોપ કરવાથી राज्+न् રહ્યો. પછી પૃ. ૨૧ ટીપ *માં બતાવેલા સંધિના નિયમ પ્રમાણે न्નો ञ् થયો, તે પૂર્વના ज् સાથે જોડાઈ ज्ञ् થયો.

नामन् ( નપુંસકલિંગ ) નામ

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | नाम | नाम्नी-नामनी | नामानि |
| દ્વિતીયા | ,, | ,, | ,, |
| તૃતીયા | नाम्ना | नामभ्याम् | नामभिः |
| ચતુર્થી | नाम्ने | ,, | नामभ्यः |
| પંચમી | नाम्नः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | नाम्नोः | नाम्नाम् |
| સપ્તમી | नाम्नि-नामनि | ,, | नामसु |
| સંબોધન | नामन्-नाम | नाम्नी-नामनी | नामानि |

शशिन् ( પુલિંગ ) ચંદ્રમા

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | शशी | शशिनौ | शशिनः |
| દ્વિતીયા | शशिनम् | ,, | शशिनः |
| તૃતીયા | शशिना | शशिभ्याम् | शशिभिः |
| ચતુર્થી | शशिने | ,, | शशिभ्यः |
| પંચમી | शशिनः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | शशिनोः | शशिनाम् |
| સપ્તમી | शशिनि | ,, | शशिषु |
| સંબોધન | शशिन् | ,, | शशिनः |

भाविन् ( નપુંસકલિંગ ) થવાનું

| | | | |
|---|---|---|---|
| પ્ર. તથા દ્વિ. | भावि | भाविनी | भावीनि |
| સંબોધન | भाविन्-भावि | ,, | ,, |

બાકીનાં રૂપ शशिन् પ્રમાણે.

શબ્દો

**अनुजीविन्** પું. ચાકરી કરનાર, આશ્રિત, ચાકર

**अन्तरात्मन्** પું. અંદરનો આત્મા, હૃદય

**अपराधिन्** (વિશે.) અપરાધી, ગુનેગાર

**अश्मन्** પું. પથ્થર

**आत्मन्** પું. આત્મા જીવ; (એ. વ.) પોતે

**उत्सङ्गवर्तिन्** (વિશે.)

(उत्सङ्ग પું. ખોળો)
ખોળામાં બેઠેલું
कञ्चुकिन् પું. કંચુકી, અંતઃપુરનો વડો નોકર
कर्मन् ન. કર્મ, કામ
कुशलिन्‡ (વિશે.) કુશળ, સુખી
क्षयिन् (વિશે.) ક્ષય પામતું, ઓછું થતું
क्षेत्रगामिन् (વિશે.) તીર્થ ભણી જતું
चर्मन् ન. ચામડું
नामन् ન. નામ
पक्षिन् પું. પક્ષી, પંખી
अनर्थ પું. અનર્થ નુકસાન, અનિષ્ટ
अन्तःपुर ન. જનાનખાનું, રાણીવાસ
अमात्य પું. પ્રધાન
अम्बर ન. આકાશ

प्राणिन् પું. પ્રાણી
प्रियवादिन् (વિશે.) મીઠું બોલનાર
प्रेमन् પું. ન. પ્રેમ, સ્નેહ
फलाशिन् (વિશે.) ફળ ખાનાર
ब्रह्मन् પું. બ્રહ્મદેવ, બ્રહ્મા
भाविन् (વિશે.) ભાવી, થનાર, થવાનું
महिमन् પું. મહિમા
मूर्धन् પું. મસ્તક, માથું
मेधाविन् (વિશે.) બુદ્ધિમાન, ડાહ્યું
योगिन् પું. યોગી, જોગી
अर्थ પું. વસ્તુ; બનાવ, બિના; પૈસા
अवतरत् (अव + तॄ નું વ. કૃ.) ઊતરતું
आत्मजा સ્ત્રી. દીકરી
आरम्भ પું. આરંભ, શરુઆત; કામ

राजन् પું. રાજા
लघिमन् પું. થોડાપણું, હલકાપણું
वर्त्मन् ન. રસ્તો
विश्वकर्मन् પું. વિશ્વકર્મા, દેવનો શિલ્પી
शिखरिन् પું. પર્વત
शूलिन् પું. શિવનું એક નામ
सद्मन् ન. ઘર
सीमन् સ્ત્રી. સીમા, હદ
स्वामिन् પું. સ્વામી ધણી
हेमन् ન. સોનું
उपकार પું. ઉપકાર
उपानह्* સ્ત્રી. જોડો, ખાસડું
कुण्ठित (कुण्ठ् નું ભૂ. કૃ.) અટકેલું, અટકાયેલું

‡ इन् અંતવાળાં વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ માત્ર ई ઉમેરવાથી જ થાય છે. ઉદા. मेधाविनी બુદ્ધિશાળી સ્ત્રી.

* આ શબ્દના અંત્ય ह् નો અઘોષ વ્યંજનાદિ પ્રત્યયની પહેલાં त् થાય છે. ઘોષ વ્યંજનાદિ પ્રત્યયની પહેલાં द् થાય છે, અને પદાન્તે આવતાં त् અથવા द् થાય છે.

**आविस्+कृ** (**आविष्कृ***) ઉઘાડું કરવું, ખોલવું
**केवलम्** (અવ્યય) કેવળ, ફક્ત
**कैकेयी** સ્ત્રી. દશરથ રાજાની સ્ત્રીનું નામ, ભરતની મા
**कौशल** ન. કુશળપણું, હોશિયારી
**क्रमेण** ( **क्रम** ની તૃતીયાનું એકવચન) ક્રમથી, ધીમે ધીમે
**गण्** ગ. ૧૦, ગણવું
**गुरु** (વિશે.) લાંબું, ભારે, મોટું
**जगत्कर्तृ** પું. દુનિયા ઉપજાવનાર, પરમેશ્વર, જગત્કર્તા
**जीविका** સ્ત્રી. આજીવિકા, ગુજરાન
**जीवित** ન. જીવતર, જિંદગી, જીવન
**दिन** ન. દિવસ
**दुष्ट** (**दुष्**નું ભૂ. કૃ.) દુષ્ટ, ખરાબ
**दूर** (વિશે.) દૂર
**दैन्य** ન. દીનપણું, હલકાપણું, નમ્રતા
**द्रु** ગ. ૧, પરસ્મૈ. દયાથી પીગળવું
**न कदापि** (અવ્યય) કદી પણ નહિ
**निर्मित** (**निर्+मा**નું ભૂ. કૃ.) નિર્માણ કરેલું, નીમેલું; બનેલું, બનાવેલું
**निर्वृतिमत्** (વિશે.) નિરાંતવાળું, સુખી
**निवेशित** ( **नि+विश्** ના પ્રેરકનું કર્મણિ ભૂતકૃદંત) મૂકેલું
**परार्ध** પું. પાછલો અર્ધ ભાગ
**पश्चात्** (અવ્યય) પછી
**पुण्यवत्** (વિશે.) પુણ્યવાન, પુણ્યશાળી
**पूर्वार्ध** પું. પહેલો અર્ધ ભાગ
**प्रसन्न** (**प्र+सद्**નું ભૂ. કૃ.) ખુશ થયેલું
**प्रियवादित्व** ન. મીઠાબોલાપણું
**बुद्धि** સ્ત્રી. બુદ્ધિ
**मधुरम्** ( અવ્યય ) મધુર રીતે
**यात्रिक** પું. જાત્રાળુ
**सम्+लक्ष्** ગ. ૧૦, જોવું, પરીક્ષા કરવી, સાબિત કરવું
**लघु** (વિશે.) નાનું લઘુ, ટૂંકું
**वसुदेव** પું. કૃષ્ણના બાપનું નામ
**विनाश** પું. નાશ
**विशुद्धि** સ્ત્રી. શુદ્ધિ
**विश्वास** પું. વિશ્વાસ
**वृद्धिमत्** (વિશે.) વધતું લંબાતું
**व्याली** સ્ત્રી. વાઘેણ; સાપણી
**शुभ** (વિશે.) શુભ, માંગલિક, સારું
**श्यामिका** સ્ત્રી. અસ્વચ્છતા, કાળાશ
**श्रवण** ન. શ્રવણ કરવું એ, સાંભળવું એ; પું. કાન
**श्रोषेण** પું. વિશેષનામ

* પૃ. ૯૩ ની ટીપ + જુઓ.

साशङ्क (વિશે.) શંકાશીલ, વહેમી, વહેમીલું | सुख ન. સુખ, સ્વસ્થતા, નિરાંત | सोत्कण्ठ (વિશે.) આતુર
स्वप्न પું. સ્વપ્ન

**વાક્યો**

योगिनः फलाशिनो भवन्ति।
अपराधिनं मा क्षमस्व।
अनुजीविने कुप्यति भर्ता।
दशरथस्य पुत्रो नाम्ना रामः।
ब्रह्मणः प्रजाः प्रजायन्ते।
राजन् कुशली भव।
कञ्चुकी राज्ञामन्तःपुरेऽधिकृतः पुरुषः।
भाविनोऽनर्थाञ् ज्ञातुं न समर्थोऽस्ति जनः।
अश्मभिरश्वस्य गतिः कुण्ठिता।
जगत्कर्तुर्महिम्नां फलं सर्वत्र दृश्यते।
क्षेत्रगामिना वर्त्मना गच्छन्तं यात्रिकमपश्यम्।
जनस्य कल्याणाय यतमानेन। रामेणात्मा क्लेशमुपानीयत।
आत्मनः पुत्राणां कर्मसु कौशलं प्रशंसति।
कृष्णो वसुदेवस्य सद्मनि वसन्नम्बरादवतरन्तं नारदमपश्यत्।
श्रीषेणस्य राज्ञो महिषी सूर्यं चन्द्रं चात्मन उत्सङ्गवर्तिनौ स्वप्नेऽपश्यत्।
अपराधिनः पुरुषान् दण्डयन्तु राजानः।
अश्मनेव निर्मितं दुष्टानां हृदयं परकीयस्य दुःखस्य श्रवणेन न कदापि द्रवति।
शुभानां कर्मणामारम्भः कल्याणाय।
जगता कुटुम्बिनं मन्यत* आत्मानं साधुः।

§ પદને અંતે ङ्, ण्, न् આવે અને એની પૂર્વે હ્રસ્વ સ્વર હોય, અને એની પછી કોઈ પણ સ્વર હોય તો ङ्, ण्, न् બેવડાય છે.

* નામના કે ક્રિયાપદના પદને અંતે ए, ऐ, ओ કે औ હોય ને પછી કોઈ પણ સ્વર હોય, તો સન્ધિ થતાં એઓને બદલે મુકાયલા अय्, आय्, अव्, आव् ના અંત્ય य् કે व् નો વિકલ્પે લોપ થાય છે. આ લોપથી સામસામા આવતા બે સ્વરોની સંધિ થતી નથી.

प्राणिनामुपकारायैव साधूनां जगति जीवितम् ।
प्रियवादिनां प्रियवादित्वं दैन्यं गण्यते शठैः ।
अज्ञानादात्मनो विनाशायैव केवलं राज्ञा दशरथेन व्यालीव कैकेय्यात्मनः सद्मनि निवेशिता ।

देवदत्त बुद्धिमान છે.
બાપ દીકરાને સ્નેહથી ભેટયો.
નળ વિશ્વકર્માનો પુત્ર હતો.
પંખીઓ આકાશમાં ઊડે છે.
ચાકરો ધણીને અનુસરે છે.
વૃક્ષો પર્વતો ઉપર ઊગે છે.
(હું) છોકરાઓનાં નામ સંભારતો નથી.
ચામડાના જોડા કરાય છે.
હરિનો નાશ (એનાં) કામોનું પરિણામ છે.
ગુનેગાર માણસનું મન હંમેશાં શંકાશીલ હોય છે.
રાણીનો સંદેશો કંચુકી વડે રાજા કને લઈ જવાયો.
(હું) મધુર રીતે બોલતાં છતાં પણ સત્ય કહું છું.
સર્વ સૃષ્ટિ બ્રહ્માથી ઉત્પન્ન થઈ.

प्रसन्नो भवतोऽन्तरात्मा ।
दिनस्य पूर्वार्धे वृक्षाणां छाया आरम्भे गुर्व्यः क्रमेण च क्षयिण्यः, परार्धे तु पुरा लघवः पश्चाच्च वृद्धिमत्यः ।
हेम्नः संलक्ष्यते ह्यग्नौ विशुद्धिः श्यामिकापि वा ।

માણસો ભવિષ્યના બનાવ જાણવાને વારંવાર આતુર હોય છે,
યોગીઓ વડે હૃદયમાં શિવ (ની) પ્રાર્થના કરાય છે.
શત્રુઓનાં મસ્તકો ઉપર રાજા વડે પગ મુકાયો.
વિદ્વાન માણસ સદાચરણની હદ ઓળંગતો નથી.
દૂર દેશમાં (પોતાના) સુખી દીકરાઓની વાર્તા સાંભળીને તે ખુશ થયો.
પશુઓ વડે પણ પોતાનાં બચ્ચાં ઉપર સ્નેહ દેખાડાય છે.
અરણ્યમાં ફળ ખાનારાઓ વડે સુખેથી ગુજરાન કરાય છે.
(તેણે) ઘરમાં પરોણાઓને દેવો પ્રમાણે પૂજ્યા.

| | |
|---|---|
| માણુસ બુદ્ધિના મહિમાથી પ્રખ્યાત થાય છે. | માણુસોનું હલકાપણું (એઓના) કૃત્યોથી થાય છે. |
| સારા રાજા ઉપર પ્રજાઓનો વિશ્વાસ વધે છે. | બ્રહ્માએ પ્રાણીઓ, પથરાઓ, અને આકાશ સરજ્યાં. |

### સવાલ

૧. ક્યારે **अन्** અંતવાળાં નામોના **न्** નો અને ક્યારે **अ** નો લોપ થાય છે? **अ** નો લોપ ન થતો હોય એવાં નામોના દાખલા આપો.

૨. **अन्** અંતવાળાં, અને **इन्** અંતવાળાં નામોનાં રૂપ સરખાવો.

નીચેનાં નામોનાં રૂપાખ્યાન આપોઃ—

**मूर्धन्, महिमन्, वर्त्मन्, यज्वन्, लघिमन्, कुशलिन्, सद्मन्, पक्षिन्, कर्मन्, सीमन्** ઇ. ઇ.

૪. **इन्** અંતવાળાં નામોનાં સ્ત્રીલિંગ અંગ શી રીતે થાય છે?

૫. **ङ्, ण्, न्** ક્યારે બેવડા થાય છે?

૬. પદાંતે **ए, ऐ, ओ** કે **औ** ની પછી સ્વર આવે તો શું શું થાય છે? એના નિયમ અને દાખલા આપો.

---

## પાઠ ૨૭ મો

### **स्, वस्**, ને **ईयस्** અથવા **यस्** અંતવાળાં નામ

૧. **स्** અંતવાળાં નામોનું પ્રથમાનું એકવચન **स्** પ્રત્યયનો લોપ કરી અને ઉપાંત્ય **अ** હોય એને દીર્ઘ કરવાથી થાય છે. પછી નામના અંત્ય **स्** નો વિસર્ગ થાય છે. (પૃ. ૭ની ટીપ × જુઓ)

૨. વ્યંજનાદિ પ્રત્યય લાગતાં, **स्** નો વિસર્ગ થાય છે; પછી આ વિસર્ગની, પ્રત્યયોના પ્રથમાક્ષરના સંબંધમાં આવતાં પહેલાં આવી ગયેલા વિસર્ગ સંધિના નિયમો પ્રમાણે સંધિ થાય છે. (પૃ. ૧૫ ની ટીપ †

પૃ. ૧૭ ની ટીપ * અને પૃષ્ઠ ૧૮ ની ટીપ ‡ જુઓ.)

૩. **वस्** અને **ईयस्** કે **यस्** અંતવાળાં પુંલિંગ નામોનાં અંત્ય **स्**ની પૂર્વે, પહેલાં પાંચ રૂપોમાં **न्** ઉમેરાય છે, તથા ઉપાંત્ય **अ** દીર્ઘ થાય છે; પ્રથમાના એકવચનને છેડે **वान्** અને **यान्** થાય છે.

૪. પુંલિંગ નામોમાં દ્વિતીયાનાં બહુવચનથી શરુ થતા સ્વરાદિ પ્રત્યય લાગતાં, અને નપુંસકલિંગમાં પ્રથમા, દ્વિતીયા, અને સંબોધનનાં દ્વિવચનનો **ई** પ્રત્યય લાગતાં **वस्** અંતવાળાં નામોના **व्** નો **उ*** થાય છે, (જેના પછીનો **व**માંનો **अ** લોપાય છે;) અને વ્યંજનાદિ પ્રત્યય લાગતાં, તથા નપુંસકલિંગની પ્રથમા, દ્વિતીયા અને સંબોધનનાં એકવચનમાં, અંત્ય **स्** નો **त्** કે **द्** થાય છે.

૫. કલમ ૨ માં આપેલા નિયમ **ईयस्** અને **यस्** અંતવાળાં નામોને પણ લાગુ પડે છે.

૬. નપુંસકલિંગમાં ઉપાંત્યે જો **अ** આવ્યો હોય તો પ્રથમા, દ્વિતીયા, ને સંબોધનનાં એકવચનમાં એ **अ** દીર્ઘ થતો નથી. બહુવચનનો **इ** પ્રત્યય લાગતાં, ઉપાંત્યે જે કોઈ સ્વર આવ્યો હોય તે સ્વર દીર્ઘ થાય છે, અને એની પછી અનુસ્વાર ઉમેરાય છે.

૭. આ બધા શબ્દોમાં સંબોધનનાં એકવચનમાં ઉપાંત્ય સ્વર દીર્ઘ થતો નથી; ઉદા, **चन्द्रमस्**, **विद्वन्**-ઈત્યાદિ.

**चन्द्रमस्** ( પુંલિંગ ) ચંદ્ર

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **चन्द्रमाः** | **चन्द्रमसौ** | **चन्द्रमसः** |
| દ્વિતીયા | **चन्द्रमसम्** | ,, | ,, |
| તૃતીયા | **चन्द्रमसा** | **चन्द्रमोभ्याम्** | **चन्द्रमोभिः** |
| ચતુર્થી | **चन्द्रमसे** | ,, | **चन्द्रमोभ्यः** |
| પંચમી | **चन्द्रमसः** | ,, | ,, |
| ષષ્ઠી | ,, | **चन्द्रमसोः** | **चन्द्रमसाम्** |

* वस् ની પૂર્વે જો કોઈ નામમાં इ આવ્યો હોય તો, व् નો उ થયો હોય ત્યારે, એ इ લોપાય છે; ઉદા: सेदिवस्–सेदुषः (દ્વિ. બહુ.)

| | | | |
|---|---|---|---|
| સપ્તમી | चन्द्रमसि | चन्द्रमसोः | चन्द्रमःसु–स्सु |
| સંબોધન | चन्द्रमः | चन्द्रमसौ | चन्द्रमसः |

विद्वस् (પુલિંગ) વિદ્વાન

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | विद्वान् | विद्वांसौ* | विद्वांसः |
| દ્વિતીયા | विद्वांसम् | ,, | विदुषः† |
| તૃતીયા | विदुषा | विद्वद्भ्याम् | विद्वद्भिः |
| ચતુર્થી | विदुषे | ,, | विद्वद्भ्यः |
| પંચમી | विदुषः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | विदुषोः | विदुषाम् |
| સપ્તમી | विदुषि | ,, | विद्वत्सु |
| સંબોધન | विद्वन् | विद्वांसौ | विद्वांसः |

श्रेयस् ( પુલિંગ ) કલ્યાણકારક

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | श्रेयान् | श्रेयांसौ | श्रेयांसः |
| દ્વિતીયા | श्रेयांसम् | ,, | श्रेयसः |
| તૃતીયા | श्रेयसा | श्रेयोभ्याम् | श्रेयोभिः |
| ચતુર્થી | श्रेयसे | ,, | श्रेयोभ्यः |
| પંચમી | श्रेयसः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | श्रेयसोः | श्रेयसाम् |
| સપ્તમી | श्रेयसि | ,, | श्रेयःसु–स्सु |
| સંબોધન | श्रेयन् | श्रेयांसौ | श्रेयांसः |

मनस् (નપું.) મન

| | | | |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. અને સં. | मनः | मनसी | मनांसि |

બાકીનાં રૂપ चन्द्रमस् પ્રમાણે.

---

* પદના અંતમાં જો न्‌ની પછી श्, ष्, स्, કે ह् આવે તો न् નો અનુસ્વાર થાય છે.

† પૃ. ૯૩. ટીપ + જુઓ.

**तस्थिवस्** ( નપું. ) ઊભેલું

| | | | |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. અને સં. | **तस्थिवत्** | **तस्थुषी**§ | **तस्थिवांसि** |

બાકીનાં રૂપ **विद्वस्** પ્રમાણે.

**अर्चिस्** ( સ્ત્રીલિંગ ) જ્યોત

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | **अर्चिः** | **अर्चिषौ** | **अर्चिषः** |
| દ્વિતીયા | **अर्चिषम्** | ,, | **अर्चिषः** |
| તૃતીયા | **अर्चिषा** | **अर्चिर्भ्याम्** | **अर्चिर्भिः** |
| ચતુર્થી | **अर्चिषे** | ,, | **अर्चिर्भ्यः** |
| પંચમી | **अर्चिषः** | ,, | **अर्चिर्भ्यः** |
| ષષ્ઠી | ,, | **अर्चिषोः** | **अर्चिषाम्** |
| સપ્તમી | **अर्चिषि** | ,, | **अर्चिःषु-ष्षु** |
| સંબોધન | **अर्चिः** | **अर्चिषौ** | **अर्चिषः** |

**શબ્દો.**

**अध्यूषिवस्** (વિશે.) રહેલું
**कनीयस्** (વિશે.) વધારે નાનું
**चक्षुस्** ન. ચક્ષુ, આંખ
**चन्द्रमस्** પું. ચંદ્રમા, ચંદ્ર
**छन्दस्** ન. છંદ, વેદ
**ज्यायस्*** (વિશે.) વધારે મોટું
**तपस्** ન. તપ
**तमस्** ન. અંધકાર, અંધારું
**तस्थिवस्** (વિશે.) ઊભેલું
**तेजस्** ન. તેજ, તાપ
**दिवौकस्** પું. દેવ, સ્વર્ગમાં રહેનાર
**दुर्वासस्** પું. એક ઋષિનું નામ
**धनुस्** ન. ધનુષ, કામઠું
**नभस्** ન. આકાશ

---

§ **वस्** અંતવાળાં નામોનું સ્ત્રીલિંગ અંગ, નપુંસકલિંગની પ્રથમા, દ્વિતીયા અને સંબોધનનાં દ્વિવચન જેવું હોય છે ( ઉદા. **विदुषी** ). **ईयस्** અને **एयस्** અંતવાળાં વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ માત્ર ई ઉમેરવાથી જ થાય છે.

* આ અને **भूयस्** શબ્દનાં રૂપ **श्रेयस्** પ્રમાણે થાય છે.

**पयस्** ન. પાણી, દૂધ
**प्रेयस्** (વિશે.) વધારે પ્રિય, વહાલું
**भूयस्** (વિશે.) વધારે મોટું
**मनस्** ન. મન
**यशस्** ન. યશ, જશ, કીર્તિ
**रक्षस्** ન. રાક્ષસ
**रजस्** ન. રજ, ધૂળ, પરાગ
**वक्षस्** ન. છાતી
**वचस्** ન. વચન
**वनौकस्** (વિશે.) વનમાં રહેનાર
**वयस्** ન. વય, ઉંમર
**वासस्** ન. વસ્ત્ર, લૂગડું, કપડું
**विद्वस्** (વિશે.) વિદ્વાન, ભણેલું
**वेधस्** પું. બ્રહ્મા
**शिरस्** ન. શિર, માથું
**श्रेयस्** (વિશે.) ચઢિયાતું, આબાદ; નપું. કલ્યાણ
**सरस्** ન. સરોવર
**हविस्** ન. બળિદાન

---

**अधर्म** પું. અધર્મ, પાપ
**अनन्तरम्** (અવ્યય) પછી
**अभूमि** સ્ત્રી. અવિષય, અગોચર
**अविचलित** ( = अ+विचलित वि+चल्‌નું ભૂતકૃદંત) સ્થિર, હાલેચાલે નહિ એવું
**कण्टक** પું. કાંટો
**कीचक** પું. વિરાટ રાજાના સેનાપતિનું નામ
**कुश** પું. રામના પુત્રનું નામ
**कृत** (कृ નું કર્મ. ભૂ. કૃ.) કરાયેલું, કરેલું
**कृते** (અવ્યય) માટે, સારુ, વાસ્તે
**गुणिन्** (વિશે.) ગુણી, ગુણવાન
**जीर्ण** (जॄ નું કર્મણિ ભૂ. કૃ. ) જીર્ણ, જૂનું, ઘસાયેલું
**दरिद्र** (વિશે.) દરિદ્ર, ગરીબ
**दारुण** (વિશે.) ભયંકર, દારુણ
**द्वारका** સ્ત્રી. એક શહેરનું નામ
**नव** (વિશે.) નવું
**निश्चेष्ट** (વિશે.) સ્તબ્ધ, સ્થિર, નિશ્ચળ
**परिहित** ( परि+धा નું કર્મ. ભૂ. કૃ. ) પહેરેલું
**पूजास्थान** ન. પૂજાનો વિષય, સત્કાર કરવા લાયક વસ્તુ
**प्रियंवदा** સ્ત્રી. શકુંતલાની સખીનું નામ
**भगीरथ** પું. એક સૂર્યવંશી રાજા
**महाराज** પું. મોટો રાજા, મહારાજા
**लिङ्ग** ન. જાતિ (સ્ત્રી–વર્ગ કે પુરુષ-વર્ગ ); ચિહ્ન
**वर** પું. વરદાન, બક્ષિસ, પ્રસાદ
**शाखा** સ્ત્રી. શાખા, ડાળ, ડાળી
**श्वेत** (વિશે.) સફેદ, ધોળું
**संतप्त** (सम्+तप्‌નું કર્મ. ભૂ. કૃ.)

તપેલું, તાપથી બળેલું
**सहसा** (અવ્યય) એકદમ, એકાએક
**हरण** ન. હરણ, લઈ જવું એ

**ધાતુઓ**

**प्र+अस्** ગ. ૪, પરસ્મૈ. નાખવું
**वि+आप्** વ્યાપવું, છાઈ રહેવું
**उद्यत्** ( उद्+इनुं વ. કૃ.) ઊગતું
**व्रज्** ગ. ૧, પરસ્મૈ. જવું
**आ+श्रि** ગ. ૧, ઉભય. આશ્રય લેવો, આધાર રાખવો
**आ+हृ** આહાર કરવો, ખાવું, યજ્ઞ કરવો

**વાક્યો**

मुनयो वनौकसोऽभवन् ।
देवान् दिवौकसो वदन्ति ।
कनीयांसं भ्रातरमाह्वय ।
कुशो लवस्य ज्यायान् भ्राता ।
प्रेयसो जनान् स्मरति कृष्णः ।
उद्यन्तं चन्द्रमसं प्रेक्षस्व ।
तमोभिर्नभो व्याप्यते ।
वाससी परिहिते कन्यया ।
श्रेयसे यतते ।
शत्रून् शिरस्सु प्रहरति ।
मनसा हरिं व्रजति ।
तपसां फलमनुभवतु ।
दुर्वासाः पाण्डवानां वसतिमगच्छत् ।
भूयांसोऽत्र धान्यस्य राशयो वर्तन्ते ।
रामो रक्षांसि हत्वा यशोऽविन्दत ।
गङ्गायाः पयांसि श्वेतानीति श्रूयते ।
विद्वद्भिरुपदिष्टो दशरथो यज्ञमाहरत् ।
भीमेन वक्षसि ताडितः कीचकोऽमुह्यत् ।
बहूनि हवींष्यग्नौ प्रास्यति ।
नगरस्य समीपे तस्थिवद्राजसैन्यमपश्यम् ।
सूर्यस्य तेजसा संतप्तः पान्थश्छायामाश्रयते ।
द्वारकामध्यूषुषा जनस्य संपदो* मनसोऽप्यभूमिरभवन् ।

---

* એટલે કે, એ લોકોની સંપત્તિ મનની કલ્પનામાં પણ આવી ન શકે એટલી બધી હતી, એઓની સંપત્તિ અત્યંત હતી.

वसिष्ठस्य वचांसि श्रुत्वा विश्वामित्रेण सह रामस्य गमनं दशरथोऽन्वमन्यत ।

गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ।

कैकेय्याः दारुणं वचः श्रुत्वा महाराजो दशरथः सहसा भूमावपतन्निश्चेष्टश्चाभवत् ।

હરિએ વાણી વડે માને શાંત કરી.

નારાયણનો નાનો ભાઈ કાશીમાં છે.

પાણિનિ વેદોને "છંદસ્" કહે છે.

પવન ફૂલોમાંથી પરાગ લાવે છે.

રાજાની કીર્તિ પૃથ્વી ઉપર પ્રસરે.

પ્રિયવંદા દુર્વાસા પાસે† ગઈ અને એની માફી માગી.

હરિએ (પોતાની) આંખો વડે સારથિને ઘોડા હાંકતો જોયો.

રામના નાના ભાઈઓ વડે સેવા થઈ.

વનમાં રહેનારા ઋષિઓના મઠ ઝાડોનાં ડાળાં અને પાંદડાંના કરવામાં આવ્યા હતા.

ભગીરથે બ્રહ્માને (પોતાના) તપ વડે વશ કર્યા.

સરોવરના પાણીમાં કમળો છે.

રાજા વિદ્વાનોને પૂજે છે.

જેમ માણસ જૂનાં કપડાં તજી દે છે અને નવાં ધારણ કરે છે, તેમ જીવ જૂનાં શરીર તજે છે અને નવામાં પેસે છે.

રઘુએ ધનુષ અને બાણ વડે પૃથ્વીને જીતી.

અગ્નિમાં નંખાયેલાં બળિદાન અગ્નિ વડે દેવતાઓ પાસે* લઈ જવાય છે.

અયોધ્યામાં રહેલા લોકો સુખી હતા.

પ્રકાશ પછી અંધકાર આવે છે અને અંધકાર પછી પ્રકાશ આવે છે.

કાંટાઓ ઉપર જાળ છોડી દઈને પક્ષીઓ આકાશમાં ઊડ્યાં.

દરિદ્ર લોકોનું ધન હરણ કરવામાં ઘણું મોટું પાપ છે.

યોદ્ધાઓ કીર્તિને સારુ મૃત્યુને પણ ગણકારતા નથી.

નાનો ભાઈ મોટા ભાઈની પાછળ ચાલ્યો.

---

† દ્વિતીયા વિભક્તિ વાપરવી. * ચતુર્થી વિભક્તિ વાપરવી.

દેવો પાસેથી ઘણાં વરદાન એણે મેળવ્યાં.

પ્રામાણિક માણસોને (પોતાના) જીવ કરતાં સત્ય વધારે પ્રિય હોય છે.

સ્થિર મનથી (પોતાના) ભક્તો વડે ઈશ્વર શોધાય છે.

વિદ્વાન માણસ બધે પૂજાય છે.

## સવાલ

૧. **अस्**, **इस्**, **ईयस्** અથવા **यस्** અને **वस्** અંતવાળાં નામોના રૂપ સરખાવો.

૨. **वस्** ના **व** નો **उ** ક્યારે થાય છે? અને એમ થતાં પૂર્વના **इ**નું શું થાય છે?

૩. **वस्** અને **ईयस्** અથવા **यस्** અંતવાળાં નામોનાં સ્ત્રીલિંગ રૂપ શી રીતે થાય છે?

૪. નીચેનાં નામોનાં રૂપ લખો:—

**नभस्**, **धनुस्**, **जग्मिवस्**, **लघीयस्**, **पयस्**, **चकृवस्**, **ज्यायस्**, **चक्षुस्**, **वनौकस्** (પું. સ્ત્રી.), **सेदिवस्** ઈ.

---

# भाग ११ मो

## પાઠ ૨૮ મો

### ×વિધ્યર્થ

**પરસ્મૈપદ-પ્રત્યય**

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | **ईयम्** | **ईव** | **ईम** |

---

× વિધ્યર્થના પ્રત્યય હ્યસ્તન ભૂતકાળના જેવા જ છે. અપવાદ માત્ર નીચે પ્રમાણે છે; પરસ્મૈપદ પુ. ૩ બ. વ. પ્રત્યય **अन्**ને બદલે **उस्** છે, અને આત્મનેપદ પુ. ૩ બ. વ., પુ. ૧ એ. વ. અને પુ. ૨ અને પુ. ૩ના દ્વિ. વ.ના પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૨ | ईस् | ईतम् | ईत |
| પુરુષ ૩ | ईत् | ईताम् | ईयुस् |

આત્મનેપદ-પ્રત્યય

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | ईय | ईवहि | ईमहि |
| પુરુષ ૨ | ईथास् | ईयाथाम् | ईध्वम् |
| પુરુષ ૩ | ईत | ईयाताम् | ईरन् |

વિધ્યર્થના પ્રત્યય, ધાતુમાં વિકરણ ઉમેર્યા પછી લગાડાય છે.

**अस् અને अद्‌ના વિધ્યર્થ રૂપ બીજી ચોપડીમાં આપ્યાં છે.**

**वस् પરસ્મૈ.**

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | वसेयम् | वसेव | वसेम |
| પુરુષ ૨ | वसेः | वसेतम् | वसेत |
| પુરુષ ૩ | वसेत् | वसेताम् | वसेयुः |

**युध् આત્મને.**

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | युध्येय | युध्येवहि | युध्येमहि |
| પુરુષ ૨ | युध्येथाः | युध्येयाथाम् | युध्येध्वम् |
| પુરુષ ૩ | युध्येत | युध्येयाताम् | युध्येरन् |

વિધ્યર્થ (૧) સંભવ, આજ્ઞા, પ્રાર્થના, ઇચ્છા, આશા ઇત્યાદિ બતાવે છે; (૨) એવા અર્થના પેટા વાક્યોમાં પણ વપરાય છે; (૩) તેમજ જેમાંનું એક વાક્ય બીજા વાક્ય ઉપર આધાર રાખતું હોય, અને હેતુ કે શરત બતાવતું હોય તેવાં સાંકેતિક વાક્યોમાં પણ વપરાય છે.*

---

अन्त, इ, इथाम् અને इताम्‌ને બદલે रन्, थ, आथाम्, અને आताम् છે. આ પ્રત્યયોમાં વ્યંજનાદિ પ્રત્યયોની પૂર્વે ई અને સ્વરાદિ પ્રત્યયોની પૂર્વે ईय् ઉમેરાય છે, એટલો ફેર છે.

* ક્રિયાતિપત્ત્યર્થનાં સાંકેતિક વાક્ય આમાંથી બાતલ કરવાં.

શબ્દો

**अध्वखेद** ( **अध्वन्** પું. રસ્તો, અને **खेद** પું. ખેદ, થાક ) મુસાફરીનો થાક

**अनुरञ्जन** ન. પ્રસન્ન કરવું એ

**अपण्डित** પું. અભણ માણસ

**अपाय** પું. અપાય, ઈજા, દુઃખ

**अभिभूत** ( **अभि+भू**નું ભૂ. કૃ. ) હરાવાયેલું, જિતાયેલું

**अहित** ન. હિત નહિ તે, નુકશાન

**आवरण** ન. આચ્છાદન, અંતરાય, ઢાંકવું એ, આવરણ

**उत** (અવ્યય) અથવા

**क्लप्** ગ. ૧, આત્મને. સમર્થ થવું

**क्षुद्र** (વિશે.) હલકું, નજીવું, તુચ્છ

**अव+गाह्** ગ. ૧, આત્મને. નાહવું

**जायापति** (પું. દ્વિ. વ.) વરવહુ

**तप्** ગ. ૧, પરસ્મૈ. તપવું, પ્રકાશવું

**तमिस्रा** સ્ત્રી. રાત્રિ

**तर्हि** (અવ્યય) તો

**तृषित** (વિશે.) તરસ્યું

**दारिद्य** ન. દળદર, ગરીબ હાલત

**दीन** (વિશે.) દીન, કંગાલ, ગરીબ

**दुर्दशा** સ્ત્રી. ખરાબ દશા, અવદશા માઠી હાલત

**द्रुह्** ગ. ૪, પરસ્મૈ. દ્રોહ કરવો

**धीर** (વિશે.) ધીરજવાળો, ડાહ્યો

**नीचैराख्य** (વિશે.) (**नीचैस्** અને **आख्या** સ્ત્રી. નામ) જેનું **नीचैस्** નામ છે તે

**न्यायसभा** સ્ત્રી. ( **न्याय** પું. ઈન્સાફ અને **सभा** સ્ત્રી. કચેરી ) ઇન્સાફની કચેરી

**निस्+पद्** ( **निष्पद्** )* ગ. ૪, આત્મને. નીપજવું

**परकीय** (વિશે.) પારકું

**प्रतिहत** (**प्रति+हन्**નું કર્મણિ ભૂત-કૃદંત) અડચણમાં આવેલું, અટકાવેલું

**प्रथमसुकृत** ન. ( **प्रथम** વિશે. પહેલું, પૂર્વનું અને **सुकृत** ન. સત્કર્મ ) પૂર્વનું સત્કર્મ

**प्राप्त** ( **प्र+आप्**નું ભૂ. કૃ. ) પામેલું, પહોંચેલું, મળેલું

**बहिस्** (અવ્યય) બહાર

**भागीरथी** સ્ત્રી. ગંગા

**भूरि** (વિશે.) બહુ

**भोस्**× (અવ્યય) અરે, અહો, રે

---

* પૃ. ૯૩ની ટીપ + જુઓ. ×પૃ. ૧૧૬ની ટીપ * જુઓ.

**यदि** (અવ્યય) જો
**रक्षण** ન. રક્ષણ, બચાવ
**रज्जु** સ્રી. દોરડું
**अधि+वस्** ઉપર બેસીને વિસામો લેવો (સ્થળ દ્વિ. વિ. લે છે.)
**विघ्न** પું. વિઘ્ન, અડચણ, હરકત
**विपत्ति** સ્રી. વિપત્તિ, સંકટ, આફત
**विमार्ग** પું. આડો રસ્તો, ખોટી ચાલ
**विमुख** (વિશે.) ફેરવેલા મોંવાળું
**विश्रामहेतोः** ( **विश्रामहेतु** પું. ની પંચમી એ.વ. **विश्राम** પું. વિસામો +**हेतु** પું. સબબ) વિસામાના સબબથી
**शोभन** (વિશે.) સારું, ઠીક
**संश्रय** પું. આશ્રય, વિશ્રામનું ઠેકાણું
**समाज** પું. સમાજ, સભા
**सुकृत** } નપું. સત્કર્મ
**सुचरित** }
**सुरभि** (વિશે.) ખુશબોદાર, સુંદર
**सुवृत्त** (વિશે.) સારું, સદ્ગુણી
**वि+स्मृ** વીસરવું, ભૂલી જવું.

વાક્યો

विपदाभिभूतोऽपि न धर्मं त्यजेयम् ।
इच्छामि सोमं पिबेद् भवान् ।
किं भो नृत्यं* शिक्षेयोत गानम् ।
भूरिणा प्रयत्नेन तत्त्वमवगच्छेः ।
पुत्राः सुचरितैः पितरौ प्रीणयेयुः ।
ईश्वरस्य पूजया शान्तिं विन्देवहि ।
रज्जुं सर्पं न मन्येध्वम् ।
दुर्दशां गते नरि क्षुद्रोऽप्यहितमाचरेत् ।
वर्धमानं व्याधिं जयन्तं शत्रुं च नोपेक्षेत ।
पण्डितानां समाजेऽपण्डिता मौनं भजेयुः ।
कुसुमैः सुरभिणि हर्म्येऽध्वखेदं नयेथाः ।
प्रजानामनुरञ्जनाय राजानो यतेरन् ।

---

* આ શબ્દ પછી કોઇ પણ સ્વર કે ઘોષ વ્યંજન આવે તો स्નો લોપ થાય છે.

सुवृत्ताय नृपतये प्रजा न द्रुह्येयुः।
यदि हरिर्विमार्गान्निवर्तेत शोभनं भवेत्।
धर्मे रताः प्रजा हरिं पश्येयुः।
वत्सौ, मातुराज्ञामनुरुध्येयाथाम्।
धैर्यमवलम्ब्य शत्रुभिः सह युध्येथाः।
नारायणस्यालस्याद्दारिद्र्यं निष्पद्येत।
शिष्यस्याविनयं गुरुर्न सहेत।
विपत्तौ धीरो न मुह्येद्धर्मं वा न परित्यजेत्।
इच्छामि पुनरपि पुण्यां भागीरथीमवगाहेवहीत्यवदद्राम सीता।
संश्रयाय प्राप्ते मित्रे प्रथमसुकृतानि स्मृत्वा क्षुद्रोऽपि न विमुखो भवेत्।
तृषिताय जलं यच्छे‡द्धरेद्दीनस्य चापदम्।
नीचैराख्यं गिरिमधिवसेस्तत्र विश्रामहेतोः।
सूर्ये तपत्यावरणाय दृष्टेः कल्पेत लोकस्य कथं तमिस्रा।
ઘેર પાછા આવો ત્યારે (તમારે બેએ)* હાથ પગ ધોવા.
માણુસોએ મિત્રોને વિસારવા નહિ.
(તું) જો ઝેર ખાય તો (તું) મરી જાય.
(બે) ચોપડીઓ (બે) હાથમાં લઈ જવાય.
(તમારે બે જણાએ*) ગુરુ પાસે ન્યાયશાસ્ત્ર શીખવું.
અહીં ઝાડની છાયામાં (આપણે) બેસીએ.
રાજાઓએ* પ્રજાઓને ઠુંજામાંથી બચાવવી.
(આપણે) પરમેશ્વરને શુદ્ધ અંતઃકરણથી પૂજીએ.
(તારે*) ગરીબ માણસોને ધન આપવું.

---

‡ પૃ. ૬૪ની ટીપ § જુઓ.

* આવાં વાકયોમાં ગુજરાતીમાં કર્તા તૃતીયામાં આવે છે, પરંતુ સંસ્કૃતમાં કર્તા પ્રથમામાં રહે; અને ક્રિયાપદ કર્તરિ-વિધ્યર્થમાં આવે.

(તમારી) ફરજોમાં (તમારે*) ચૂકવું નહિ.
માણસોએ* કારણ વિના ગભરાવું નહિ.
માણસે* બીજાના ધનનો+ લોભ રાખવો નહિ.
(એ) લુચ્ચાઓને મારવા એવું રાજાએ ફરમાવ્યું.
(આપણે) દેશના રક્ષણમાં મરીએ તો કીર્તિ મેળવીએ.
સાક્ષીઓએ* ઈન્સાફની કચેરીમાં હમેશાં સાચું બોલવું.
જો (હું) કાશી જાઉં તો ઘણાં સંસ્કૃત પુસ્તકો લાવું.
જો (તમે) જૂઠું બોલો, તો અધિપતિ વડે શિક્ષા પામો.
(હું) શત્રુ સાથે લડું (એવું વિચારીને)x રાજા સિપાઈઓને શહેર બહાર લઈ ગયો.
જો (હું) ખરાબ કામ કરતો જોવાઉં તો આધપતિઓ વડે દંડાઉં.
જો ગરીબ બ્રાહ્મણો શહેરમાં ભીખ માગે તો એઓ કંઈ ધન મેળવે.
(મારા) માબાપ ખુશ થાય (એટલા માટે)x મેં બહેનોને બહુ ધન આપ્યું.
વરવહુએ* દરરોજ ઘરમાં અગ્નિ પૂજવો.
માણસે* ફરજ અદા કરવામાં શ્રમને ગણકારવો નહિ.
શિષ્યોએ આચાર્યને નમવું.
વિઘ્નોથી અડચણ આવેલી હોય તોપણ તમારે* શરૂ કરેલું કામ તજવું નહિ.

## સવાલ

૧. હ્યસ્તન ભૂત અને વિધ્યર્થના પ્રત્યય સરખાવો.
૨. વિધ્યર્થ શા શા અર્થમાં વપરાય છે?
૩. **भोस्**ના **स्**નો લોપ ક્યારે થાય છે?
૪. નીચેના ધાતુઓનાં વિધ્યર્થ રૂપ આપોઃ—

**भू, ईक्ष्, नि+मन्त्र्, सृज्, हृ, क्री, मृग्, स्था, जन्, पा** (કર્તરિ-રૂપ અને કર્મણિ રૂપ), **कृ** (કર્મણિ રૂપ), **अनु+भू** (કર્તરિ રૂપ અને કર્મણિ રૂપ), **श्रु** (કર્મણિ રૂપ), **मुच्** (કર્તરિ રૂપ અને કર્મણિ રૂપ) ઈ. ઈ.

---

+ દ્વિતીયા વાપરો. x**इति** વાપરો. *પૃ. ૧૧૭ ટીપ * જુઓ.

# ભાગ ૧૨ મો

## પાઠ ૨૯ મો

### સર્વનામ

સંસ્કૃતમાં મુખ્ય સર્વનામ આ છેઃ—**सर्व** સર્વ; સઘળું; **तद्** તે, એ; **एतद्** આ, એ; **यद्** જે; **किम्** કોણ અથવા શું; **अस्मद्** હું અથવા અમે; **युष्मद्** તું અથવા તમે; **इदम्** આ; **अदस्** આ કે પેલું.

૧. **અ**કારાંત સર્વનામના પ્રત્યય **અ**કારાંત નામના જેવા જ છે; માત્ર નીચેના પાંચ પ્રત્યય પુંલિંગમાં જુદા છે.

| પ્ર. બહુ. | ચ. એક. | પં. એક. | ષ. બહુ | સ. એક. |
|---|---|---|---|---|
| **इ** | **स्मै** | **स्मात्** | **इषाम्** | **स्मिन्** |

### सर्व પુંલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **सर्वः** | **सर्वौ** | **सर्वे** |
| દ્વિતીયા | **सर्वम्** | ,, | **सर्वान्** |
| તૃતીયા | **सर्वेण** | **सर्वाभ्याम्** | **सर्वैः** |
| ચતુર્થી | **सर्वस्मै** | ,, | **सर्वेभ्यः** |
| પંચમી | **सर्वस्मात्** | ,, | ,, |
| ષષ્ઠી | **सर्वस्य** | **सर्वयोः** | **सर्वेषाम्** |
| સપ્તમી | **सर्वस्मिन्** | ,, | **सर्वेषु** |

૨. **આ**કારાંત સ્ત્રીલિંગ સર્વનામનાં રૂપ, **આ**કારાંત સ્ત્રીલિંગ નામોનાં જેવાં જ થાય છે. જે પ્રત્યય જુદા છે તે નીચે આપ્યા છે. એમાંના **साम्** સિવાય બાકીના પ્રત્યય લાગતાં **आ** હ્રસ્વ થાય છે.

| ચ. એક. | પં. એક. | ષ. એક. | ષ. બહુ. | સ. એક. |
|---|---|---|---|---|
| **स्यै** | **स्यास्** | **स्यास्** | **साम्** | **स्याम्** |

**सर्वा** સ્ત્રીલિંગ

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | **सर्वा** | **सर्वे** | **सर्वाः** |
| દ્વિતીયા | **सर्वाम्** | ,, | ,, |
| તૃતીયા | **सर्वया** | **सर्वाभ्याम्** | **सर्वाभिः** |
| ચતુર્થી | **सर्वस्यै** | ,, | **सर्वाभ्यः** |
| પંચમી | **सर्वस्याः** | ,, | ,, |
| ષષ્ઠી | ,, | **सर्वयोः** | **सर्वासाम्** |
| સપ્તમી | **सर्वस्याम्** | ,, | **सर्वासु** |

નપુંસકલિંગ

| | | | |
|---|---|---|---|
| પ્ર૦ તથા દ્વિ૦ | **सर्वम्** | **सर्वे** | **सर्वाणि** |

બાકીનાં રૂપ પુલિંગ પ્રમાણે:

૩. પુલિંગમાં **तद्**, **एतद्**, **यद्**, અને **किम्** એ સર્વનામોનાં રૂપ **त**, **एत**, **य** અને **क**, એટલે **अ**કારાંત હોય અને જેવાં રૂપ એઓનાં થાય, તેવાં થાય છે; પરંતુ **तद्** અને **एतद्**નું પ્રથમાનું એકવચન અનુક્રમે **सः*** અને **एषः*** થાય છે.

૪. સ્ત્રીલિંગમાં આ સર્વનામોનાં રૂપ અનુક્રમે **ता**, **एता**, **या** અને **का**, એટલે, **आ**કારાંત હોય ને જેવાં રૂપ એઓનાં થાય તેવાં થાય છે; પરંતુ **तद्**, અને **एतद्**નું પ્રથમાનું એકવચન અનુક્રમે **सा** અને **एषा** થાય છે.

| | | | |
|---|---|---|---|
| નપુંસકલિંગ: પ્રથમા અને દ્વિતીયા | **तद्** | **ते** | **तानि** |
| | **एतद्** | **एते** | **एतानि** |
| | **यद्** | **ये** | **यानि** |
| | **किम्** | **के** | **कानि** |

* વાક્યમાં **सः** અને **एषः** પછી કોઈ પણ વ્યંજન આવે તો એઓના વિસર્ગનો અથવા **स्**નો લોપ થાય છે, ઉદા.–**स पुरुषः** ઈત્યાદિ.

બાકીનાં રૂપ પુંલિંગ પ્રમાણે

૫. ત્રણે લિંગમાં દ્વિતીયાનાં ત્રણે વચનોમાં, તૃતીયાના એકવચનમાં, અને ષષ્ઠી-સપ્તમીનાં દ્વિવચનમાં, **एत**ને બદલે વિકલ્પે **एन** વપરાય છે. (વાક્યમાં એકવાર કોઈ નામ કે સર્વનામ પ્રયોજાઈ ગયા બાદ ફરી આ સર્વનામ પ્રયોજાતાં આ રૂપો વપરાય છે.)

પુંલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| દ્વિતીયા | **एतम् કે एनम्** | **एतौ કે एनौ** | **एतान् કે एनान्** |
| તૃતીયા | **एतेन કે एनेन** | | |
| ષષ્ઠી-સપ્તમી | | **एतयोः કે एनयोः** | |

સ્ત્રીલિંગ

| | | | |
|---|---|---|---|
| દ્વિતીયા | **एताम् કે एनाम्** | **एते કે एने** | **एताः કે एनाः** |
| તૃતીયા | **एतया કે एनया** | | |
| ષષ્ઠી-સપ્તમી | | **एतयोः કે एनयोः** | |

નપુંસકલિંગ

| | | | |
|---|---|---|---|
| દ્વિતીયા | **एतद् કે एनद्** | **एते કે एने** | **एतानि કે एनानि** |

(તૃતીયાનું એકવચન તથા ષષ્ઠી-સપ્તમીનું દ્વિવચન પુંલિંગ પ્રમાણે થાય છે; **एतेन-एनेन** અને **एतयोः-एनयोः**)

શબ્દો

**अक्षर** (વિશે.) સ્થિર, નિત્ય, અવિકારી, જેમાં ફેરફાર થતો નથી તેવું

**अखिल** (વિશે.) અખિલ, બધું, સઘળું

**अटवी** સ્ત્રી. જંગલ, વગડો

**प्र+अर्थ्** ગ. ૧૦, આત્મને. માંગવું, પ્રાર્થના કરવી

**अल्प** (વિશે.) અલ્પ, નાનું, થોડું

**अवदात** (વિશે.) સ્વચ્છ, ઉમદા

**आत्मज** પું. દીકરો

**आयास** પું. પ્રયત્ન, શ્રમ

**इष्ट** (इष्‌નું ભૂ. કૃ.) ઇચ્છેલું, ચાહેલું, ગમતું
**कपिल** પું. એક ઋષિનું નામ
**काञ्चन** ન. સોનું
**कुलीन** (વિશે.) કુળવાન, ખાનદાન
**गुणज्ञ** (વિશે. **गुण** ગુણ, અને **ज्ञा** જાણવું) ગુણ જાણનાર, કદરદાન
**गै** ગ. ૧, પરસ્મૈ. ગાવું
**चारु** (વિશે.) સુંદર
**चौर्य** ન. ચોરી
**जाल्म** પું. લુચ્ચો, ઠગ, ખળ
**दक्षिणा** સ્ત્રી. દક્ષિણા
**दर्शनीय** (વિશે.) દેખાવડું, ખૂબસૂરત
**दिश्*** સ્ત્રી. દિશા
**दुराप** (વિશે.) મુશ્કેલીથી મળી શકે એવું, દુર્લભ
**दुर्गा** સ્ત્રી. દુર્ગા, દેવીનું નામ
**देवायतन** ન. દેવળ, દેવાલય
**द्यावापृथिवी** સ્ત્રી. (દ્વિવચન) આકાશ અને પૃથ્વી
**नाट्** ગ. ૧૦, ઉભય. નાટક કરવું, ભજવવું
**निष्णात** (વિશે.) પ્રવીણ, હોશિયાર
**पुराण** ન. પુરાણ; (વિશે.) પુરાણું
**पूत** (पूનું કર્મણિ ભૂ. કૃ.) પવિત્ર, શુદ્ધ કરાયેલું
**प्रपन्न** (प्र+पद्‌નું કર્મણિ ભૂ. કૃ.) યુક્ત, જોડાયેલું, શરણે આવેલું
**प्रयाग** ન. પ્રયાગ, અલાહાબાદ
**ब्रह्मविद्** (વિશે.) બ્રહ્મને જાણનાર, તત્ત્વજ્ઞાની, બ્રહ્મવેત્તા
**महत्†** (વિશે.) મોટું, મહાન
**महिषासुर** પું. પાડાના આકારનો એક દૈત્ય
**मेदिनी** સ્ત્રી. પૃથ્વી
**राजपुत्र** પું. રાજપુત્ર
**राज्ञी** સ્ત્રી. રાણી
**रोदन** ન. રુદન, રડવું એ
**वित्त** ન. દોલત, ધન

---

* વ્યંજનથી શરૂ થતા પ્રત્યય આવે ત્યારે તેમજ પ્ર૦ એકવચનમાં दिश् શબ્દના श् નો क्, ग् થાય છે. અઘોષ વ્યંજનની પહેલાં क् થાય છે, અને ઘોષની પહેલાં ग् થાય છે. (પૃ. ૨૭ની ટીપ ઙ જુઓ.)

† वस् અને ईयस् કે एयस् જેને છેડે આવે છે તેવાં નામની માફક महत् શબ્દનો ઉપાન્ત્ય अ પુલિંગના પ્રથમ પાંચ રૂપોમાં, અને નપુંસકલિંગનાં પ્ર., સં. અને દ્વિ. નાં બ. વ. માં દીર્ઘ થાય છે, અને અંત્ય त्‌ની પહેલાં न् મૂકવામાં આવે છે. સમાસમાં પૂર્વ ભાગમાં महत् શબ્દ વાપરતાં એનો महा થઈ જાય છે.

विधृत (वि+धृनुं कर्मणि भूतकृदंत) ધારણ કરાયેલું, પકડેલું
श्रद्धेय (વિશે.) વિશ્વાસ રાખવા યોગ્ય, ભરોસા લાયક
श्रुतिमत् (વિશે.) વેદ જાણનાર, વિદ્વાન્
सगर પું. સૂર્યવંશી રાજાનું નામ
साध्य (વિશે.) મળે એવું, લભ્ય
सामर्थ्य ન. સામર્થ્ય, જોર

## વાક્યો

कोऽत्रागतः ।

कस्यैतानि पुस्तकानि ।

कस्याः पुत्रा एते ।

यं पुरुषं ह्योऽपश्यं तमेवाह्वयामि ।

सा बाला न *किञ्चिदवदत् ।

तेभ्यो ब्राह्मणेभ्यो दक्षिणामयच्छम् ।

कस्मान्न+गराद्भवानागतः ।

एतेषां यद्यदिष्टं तत्तत्क्रियताम् ।

याः कथाः पुराणेषु श्रूयन्ते ता एवैते नाटयन्ति ।

स एवैष प्रदेशो यस्मिन्प्रियया सह चिरमवसम् ।

येनैतदखिलं जगन्निरमीयत तस्मै नम ईश्वराय ।

तेषु तेषु शास्त्रेषु निष्णातैः पण्डितैः सह राजाऽभाषत ।

कयोस्ते वाससी ।

ययात्मानं पूतं मन्यते वसिष्ठस्तामरुन्धतीं वन्दस्व ।

सर्वासु कलासु प्रावीण्यमुपगता राजपुत्रः ।

यया महिषासुरो हतस्तस्यै दुर्गायै नमः ।

ते नद्यौ प्रयागे संगच्छेते ।

याभ्यां चौर्यं कृतं तौ पुरुषौ राजाऽदण्डयत् ।

एतस्यामटव्यां पुरा ब्रह्मविदो मुनयो न्यवसन् ।

यैर्मखिन्युत्खाता ये च कपिलस्य कोपेन दग्धास्तान् सगरस्यात्मजान् भगीरथो गङ्गाया जलेनोदधरत् ।

---

* किम् સર્વનામનાં રૂપોને चित् અથવા अपि (અને चन) પ્રત્યય લગાડવાથી પ્રશ્નાર્થ જતો રહીને અનિશ્ચયાર્થ થાય છે; ઉદા. किंचित् (ન.) કોઈ कश्चित् (પું.) કોઈ ઈ૦ (આમ किम्નાં ત્રણે જાતિનાં રૂપને चित्-अपि-चन લાગે છે.)

+ પૃ. ૫૯ ની ટીપ § જુઓ.

यासां विवाहाः स्वपुत्रैः सह समजायन्त तामिर्जनकस्य कन्याभिः प्रपन्नो राजा दशरथोऽयोध्यामगच्छत् ।

न दृश्यतेऽत्र कोऽपि रोदनं तु श्रूयते ।

पुरा यानि वस्तूनि महता श्रमेण साध्यान्यासंस्तान्यधुना यन्त्राणां सामर्थ्यादल्पेनैवायासेन साध्यानि ।

किं तया धेन्वा क्रियते यस्या दुग्धं नोपलभ्यते ।

यस्यास्ति वित्तं स नरः कुलीनः
स पण्डितः स श्रुतिमान् गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीयः
सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ॥

આઓ કોણ છે ?

તેઓનો ધંધો શો છે ?

તે હરિની દીકરી છે.

તેનું નામ શું છે ?

રામે કોને એમ કહ્યું ?

તે ગોવિંદનો ભાઈ છે.

(હું) તે (છોકરા) સાથે નિશાળે ગયો.

તેણે નારાયણને પેલા છોકરાઓ સાથે રમતો જોયો.

તેના મિત્રોમાંથી તે કોને સંભારે છે ?

તે નદીમાં માછલાં છે.

તે તેનાથી અનુસરાય છે.

જે માણસો ગામમાંથી આવેલા છે તેઓ ક્યાં છે ?

જે દેશનો રાજા શૂદ્રક છે ત્યાંથી તેઓ આવે છે.

પાસે (=પાડોશમાં) જે દાસીઓ હતી તેઓને રાણીએ પોતાને માટે ફૂલો લાવવા ફરમાવ્યું.

મહારાષ્ટ્રિયોનો રાજા આ ઘરમાં રહ્યો હતો.

તે છોકરીઓમાંથી કઈ (બ. વ.) ગાય છે ?

અહીં આ પુસ્તક કોણે મૂક્યું ?

આ અવિકારી આત્માના સામર્થ્ય વડે આકાશ અને પૃથ્વી ધારણ કરાઈ રહ્યાં છે.

તેઓ (બે)એ ઉમદા કૃત્ય કર્યું નથી. (કર્મણિ વાપરો.)

તે અરણ્યમાં (હું) લાંબા વખત સુધી રહ્યો.

કઈ દિશામાં પેલો લુચ્ચો ગયો ?

પેલા દેવાલયમાં લક્ષ્મીની સુંદર મૂર્તિ છે.
હરિએ તેને વિશ્વાસ ન રખાય એવી વાર્તા કહી.

જે (માણસ)ને લક્ષ્મી શોધે છે તે તે (લક્ષ્મી)ને મળવો મુશ્કેલ કેમ હોય ?

## સવાલ

૧. નામનાં રૂપોથી સર્વનામનાં રૂપ શી બાબતમાં જુદાં પડે છે ?

૨. દર્શક, સંબંધાર્થ અને પ્રશ્નાર્થ સર્વનામનાં મૂળ વ્યંજનાંત છે કે સ્વરાંત છે ? અને એમનાં રૂપ વ્યંજનાંત નામનાં કે સ્વરાંત નામનાં રૂપોને મળતાં છે ?

૩. વાકયમાં સંધિમાં **सः** અને **एषः** ના વિસર્ગનું શું થાય છે ?

૪. **यद्**, **तद्**, **किम्** અને **एतद्** નાં ત્રણે લિંગમાં, તથા **महत्** ( પુંલિંગ અને નપુંસકલિંગ ) અને **दिश्**નાં રૂપ લખો.

૫. **किम्**નાં અનિશ્ચિત સર્વનામ તરીકે ત્રણે જાતિનાં રૂપ લખો.

---

# પાઠ ૩૦ મો

## પહેલો તથા બીજો પુરુષ સર્વનામ

### **अस्मद्** ( હું અથવા અમે )

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **अहम्** | **आवाम्** | **वयम्** |
| દ્વિતીયા | **माम्** કે **मा** | ,, કે **नौ** | **अस्मान्** કે **नः** |
| તૃતીયા | **मया** | **आवाभ्याम्** | **अस्माभिः** |
| ચતુર્થી | **मह्यम्** કે **मे** | ,, કે **नौ** | **अस्मभ्यम्** કે **नः** |
| પંચમી | **मत्** | **आवाभ्याम्** | **अस्मत्** |
| ષષ્ઠી | **मम** કે **मे** | **आवयोः** કે **नौ** | **अस्माकम्** કે **नः** |
| સપ્તમી | **मयि** | **आवयोः** | **अस्मासु** |

## युष्मद् ( તું કે તમે )

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | त्वम् | युवाम् | यूयम् |
| દ્વિતીયા | त्वाम् કે त्वा | ,, કે वाम् | युष्मान् કે वः |
| તૃતીયા | त्वया | युवाभ्याम् | युष्माभिः |
| ચતુર્થી | तुभ्यम् કે ते | ,, કે वाम् | युष्मभ्यम् કે वः |
| પંચમી | त्वत् | युवाभ्याम् | युष्मत् |
| ષષ્ઠી | तव કે ते | युवयोः કે वाम् | युष्माकम् કે वः |
| સપ્તમી | त्वयि | युवयोः | युष्मासु |

### વાક્યો.

**अपराधलव** પું. થોડો અપરાધ

**अव्** ગ. ૧, પરસ્મૈ. રક્ષણ કરવું

**अविश्वास्य** (વિશે.) વિશ્વાસ નહિ રાખવા લાયક, ભરોસાદાર નહિ

**आर्या** સ્ત્રી. માન આપવા લાયક સ્ત્રી

**उचित** (વિશે.) ઉચિત, યોગ્ય

**ऋत्विज्** પું. યજ્ઞ કરનારો

**एतादृश** (વિશે.) આ જાતનું, આવું

**कारुणिक** (વિશે.) દયાળુ, કરુણાળુ

**शरणम्** કે **वशम्+गम्** શરણે જવું, તાબે થવું

**जेतृ** પું. જીતનારો

**ताडन** ન. મારવું એ, માર

**त्वर्** ગ. ૧, આત્મને. ત્વરા કરવી, અધીરા થવું, ઝટ કરવું

**दासजन** પું. દાસ, સેવક

**दूरम्** (અવ્યય) દૂર

**दैव** ન. દૈવ, દશા

**नन्दिनी** સ્ત્રી. છોકરી

**निमित्त** ન. નિમિત્ત, કારણ, બહાનું

**निष्फल** (વિશે.) નિષ્ફળ, વ્યર્થ, ફળરહિત

**आ+पत्** બનવું

**पर्याकुल** (વિશે.) ગભરાયેલું

**पार्** ગ. ૧૦. ઉભય. પાર જવું, ઓળંગવું

**प्रतनु** (વિશે.) થોડું; નાનું

**भूतार्थ** પું. સત્ય, સાચેસાચું

**मति** સ્ત્રી. વિચાર, લાગણી, બુદ્ધિ

**मानिनी** સ્ત્રી. મદમાન ભરેલી સ્ત્રી

**मार्गदर्शक** પું. ભોમિયો

**मेघजाल** ન. વાદળાંની ઘટા

**रघुनाथ** પું. રઘુઓના રાજા; રામ

लव પું. લેશ, ભાગ, અંશ
वियोग પું. વિયોગ
शिव ન. કલ્યાણ, સુખ
सवितृ પું. સવિતા, સૂર્ય
साक्षिन् પું. સાક્ષી, સાહેદી
सोमवासर પું. સોમવાર

**વાકયો**

नाहमपराधी।
रघुनाथः स्निह्यत्यावयोः।
कुत्रास्ति मे पुत्रकः।
भगवति त्वामहं वन्दे।
मास्मानवधीरय।
विष्णुर्वोऽवतु।
त्वया सहोपवनं गन्तुमिच्छामि।
आर्ये कथयामि ते भूतार्थम्।
मह्यं धनं न यच्छसि।
शिवो वः शिवाय भवतु।
बालकौ युवयोः पिता क्वास्ति।
पृथिवीं रक्षत्सु युष्मासु कुतो नो भयम्।
युष्मदधिगतां वार्तां सर्वेभ्यः शंसामि।
तस्य पीडां हर्तुमस्माभिश्चिन्तित उपायो निष्फलोऽभवत्।
तव सुचरितं ममेव प्रतनु यतो न दीर्घं कालमावां सुखमन्वभवाव।
त्वरते मम मनोऽध्ययनाय।
अस्माकमश्व एषः।
क्व गता ते माता।
एतस्य वृत्तान्तस्य श्रवणेन पर्याकुलमावयोर्मनः।
दीनेष्वस्मास्वप्येतादृशो भवतः स्नेहः।
मरुता मेघजालमिव दैवेनास्माकं सर्वे मनोरथा निरस्ताः।
किं तव पापे रामेण मया वा पापं कृतमित्यपृच्छत्क्रुद्धो दशरथः कैकेयीं येन निमित्तेन तस्यैवं त्वमनर्थायाद्याघता।
×कमपराधलवं मयि पश्यसि त्यजसि मानिनि दासजनं यतः।

* કાલવાચક શબ્દ દ્વિતીયામાં વપરાય છે.

× આ ધણીનું સ્ત્રી પ્રત્યે કહેવું છે. જ્યારે ઉર્વશી વેલ બની ગઇ ત્યારે પુરૂરવાએ ઉન્માદમાં આમ કહ્યું છે.

**तेषां‡ वधूस्त्वमसि नन्दिनि पार्थिवानां**
**येषां कुलेषु सविता च गुरुर्वयं× च ॥**
**यूयं वयं वयं यूयमित्यासीन्मतिरावयोः ।**
**किं जातमधुना येन यूयं यूयं वयं वयम् ॥**

તું ડાહ્યો માણસ છે.

હું ભરોસાદાર માણસ નથી એમ તું વહેમ લાવે છે?

જ્યારે તમે પર્વત ઉપર ચડ્યા, ત્યારે તમારો ભોમિયો કોણ હતો?

તને આ વાત કોણે કહી?

મારા બાપ કાશી ગયા, અને જ્યારે એ પાછા આવ્યા, ત્યારે એ બહુ પુસ્તકો લાવ્યા અને મને એ આપ્યાં.

ત્યાં જે થયું તે અમને કહો.

મારી ચોપડી ક્યાં છે, એમ મેં તમને પૂછ્યું.

અમારાથી છૂટા પડવામાં દિલગીર થાઓ મા.

તારી મહેરબાનીથી અમે સઘળાં સંકટ ઓળંગ્યાં.

તેઓએ એ વખતે જે કર્યું તે મને યાદ છે.

સાક્ષીઓને મેં સોમવારે આવવાનો હુકમ કર્યો. (કર્મણિ)

જ્યારે તમે મારે ઘેર આવ્યા ત્યારે મેં તમને ધાન્યના ઢગલા આપ્યા.

તું હરાવાયો એટલે તારા સિપાઈઓ જીતનારને તાબે થયા.

અમે (બેએ) ઘણા ઋષિઓના આશ્રમ જોયા.

આ ફૂલો અમે લાવ્યા. (કર્મણિ)

મારી પાસેથી એ વાર્તા એને મળી.

તમે (બે) સઘળાં માણસોને નિંદો છો.

હું તને આ બક્ષિસ આપું છું.

તારી પાસેથી ડાહ્યા માણસોનો માર્ગ મેં જાણ્યો. (કર્મણિ)

અપરાધ વિના વધ કરનારાઓએ મને માર્યો.

હે દયાળુ પિતા, અમો—તારાં છોકરાં—ઉપર ગુસ્સે ન થા.

---

‡ આ વસિષ્ઠનું સીતા પ્રત્યે બોલવું છે. રામ જેના વંશમાં જન્મ્યા હતા તે સૂર્યવંશી રાજાઓના વસિષ્ઠ પુરોહિત થાય. (આ વાક્ય જુઓ. वयम् બહુવચન છતાં વક્તા પોતે એક જ હોવાથી गुरुः એકવચનમાં યોજાયો છે.)

અમે, તેના મિત્રોથી એ દૂર ભટકયો.

તારા વડે એ કૂતરાને મારવામાં આવ્યો એ અયોગ્ય કૃત્ય કરાયું.

તું પાળનાર છતાં, તારી પ્રજા વિપત્તિ કેમ ભોગવે ?

આપણામાં હરિ શ્રેષ્ઠ છે.

## પાઠ ૩૧ મો

### अदस् આ કે પેલું, इदम् આ

### अदस् પુલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | असौ | अमू* | अमी |
| દ્વિતીયા | अमुम् | ,, | अमून् |
| તૃતીયા | अमुना | अमूभ्याम् | अमीभिः |
| ચતુર્થી | अमुष्मै | अमूभ्याम् | अमीभ्यः |
| પંચમી | अमुष्मात् | ,, | ,, |
| ષષ્ઠી | अमुष्य | अमुयोः | अमीषाम् |
| સપ્તમી | अमुष्मिन् | ,, | अमीषु |

* પ્રથમાના એકવચન વગર अदस्‌નાં પુલિંગ રૂપ શિખવવાની ટૂંકી રીતઃ— એમ ધારો કે अदस् ને બદલે મૂળ શબ્દ अद છે; એનાં सर्व પ્રમાણે પુલિંગ રૂપ કરો, એ રૂપોનાં द्‌ને ઠેકાણે म् મૂકો, અને सर्वના वમાં મળેલો સ્વર જો હ્રસ્વ હોય તો એને બદલે उ મૂકો, અને દીર્ઘ હોય તો ऊ મૂકો; વળી, એ રૂપોમાં બહુવચનમાં જ્યાં ए હોય ત્યાં ई મૂકો એટલે ઉપર લખેલાં રૂપ થશે. તૃતીયાના એકવચનનાં અને બહુવચનનાં રૂપ अदेन અને अदैः ન ધારતાં, अदना અને अदेभिः ધારી બનાવવાં. स् નો ष् થવા બાબત પૂર્વે જે ટીપ આપેલી છે તે લાગુ પાડવી. આવી જ રીતે સ્ત્રીલિંગમાં પણ મૂળ अदा ધારી सर्वा પેઠે રૂપ ઉપજાવવાં.

### સ્ત્રીલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | असौ | अमू | अमूः |
| દ્વિતીયા | अमूम् | ,, | ,, |
| તૃતીયા | अमुया | अमूभ्याम् | अमूभिः |
| ચતુર્થી | अमुष्यै | ,, | अमूभ्यः |
| પંચમી | अमुष्याः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | अमुयोः | अमूषाम् |
| સપ્તમી | अमुष्याम् | ,, | अमूषु |

### નપુંસકલિંગ

| | | | |
|---|---|---|---|
| પ્ર. તથા દ્વિ. | अदः | अमू | अमूनि |

બાકીનાં રૂપ પુલિંગ પ્રમાણે.

### इदम्×

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | अयम् | इमौ | इमे |
| દ્વિતીયા | इमम् (एनम्) | ,, (एनौ) | इमान् (एनान्) |
| તૃતીયા | अनेन (एनेन) | आभ्याम् | एभिः |
| ચતુર્થી | अस्मै | ,, | एभ्यः |
| પંચમી | अस्मात् | ,, | ,, |
| ષષ્ઠી | अस्य | अनयोः (एनयोः) | एषाम् |
| સપ્તમી | अस्मिन् | ,, ,, | एषु |

### સ્ત્રીલિંગ

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | इयम् | इमे | इमाः |
| દ્વિતીયા | इमाम् (एनाम्) | ,, (एने) | ,, (एनाः) |

× આ સર્વનામનાં દ્વિતીયાનાં ત્રણે વચનોમાં, તૃતીયાનાં એકવચનમાં અને ષષ્ઠી તથા સપ્તમીના દ્વિવચનમાં ત્રણે લિંગમાં, પૂર્વે આપેલા एन્‌થી થયેલાં રૂપ પણ વિકલ્પે વપરાય છે. ( આ સર્વનામનાં एतद्‌ની જેમ વિકલ્પ રૂપ થાય છે, તે ત્યાં ત્યાં કૌંસમાં આપ્યાં છે. )

| | | | |
|---|---|---|---|
| તૃતીયા | अनया (एनया) | आभ्याम् | आभिः |
| ચતુર્થી | अस्यै | ,, | आभ्यः |
| પંચમી | अस्याः | ,, | ,, |
| ષષ્ઠી | ,, | अनयोः (एनयोः) | आसाम् |
| સપ્તમી | अस्याम् | ,, ,, | आसु |

નપુંસકલિંગ

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | इदम् | इमे | इमानि |
| દ્વિતીયા | ,, (एनत्) | ,, (एने) | ,, (एनानि) |

બાકીના રૂપ પુલિંગ પ્રમાણે.

શબ્દો.

अक्षमा સ્ત્રી. અદેખાઈ, હરીફાઈ
अथवा (અવ્યય) અથવા, કે, કિંવા, અગર, યા
उर्वशी સ્ત્રી. એક અપ્સરા
कदर्य પું. કંજુસ માણસ, કદરી
कवीश પું. (कवि અને ईश રાજા) કવિરાજ
किल (અવ્યય)
अलम्+कृ શણગારવું
गर्ता સ્ત્રી. ખાડો
गृध्रराज પું. ગીધ પક્ષીઓનો રાજા; જટાયુ
छन्न (छद्નું કર્મણિ ભૂતકૃદંત) છુપાવેલું, ઢંકેલું
जव પું. ઉતાવળ, ત્વરા
दुःखित (વિશે.) દુઃખી, દિલગીર
दृश्य (વિશે.) દશ્ય, દેખાય એવું
देवदारु પું. દેવદારનું વૃક્ષ
द्रुतम् (અવ્યય) જલદી, તરત
पुत्रीकृत (વિશે.) (पुत्र દીકરો અને कृत કરેલું) દીકરા તરીકે માનેલું, દત્તક લીધેલું
पुरस् (અવ્યય) સંમુખ, આગળ
पुष्पधारिन् (વિશે.) પુષ્પ ધારણ કરનારું, ફૂલવાળું
पूर् ગ. ૧૦, પૂરવું, ભરવું
प्रदेय (વિશે.) દેવા યોગ્ય, લગ્નમાં આપવાનું
प्रभव પું. ઉત્પત્તિ, ઉત્પત્તિસ્થાન
प्रियतम (વિશે.) સૌથી પ્રિય, વહાલામાં વહાલું

**प्रियाप्रवृत्ति** સ્ત્રી.(**प्रिया** વહાલી અને **प्रवृत्ति** ખબર)વહાલીની ખબર
**भिक्षा** સ્ત્રી. ભિક્ષા
**भीरु** સ્ત્રી. બીકણ સ્ત્રી
**मदिराक्षी** સ્ત્રી. મનોહર આંખવાળી
**मधुकर** પું. મધ કરનારો, ભમરો
**रथ्य** પું. ઘોડો
**वि+रम्** પરસ્મૈ. થોભવું, અટકવું
**रीति** સ્ત્રી. રીત
**लतागृह** ન. લતામંડપ, વેલનો માંડવો
**वरतनु** (વિશે.) સુંદર અંગવાળું, ખૂબસૂરત
**वशा** સ્ત્રી. હાથીની પત્ની, સહચરી
**वास** પું. રહેઠાણ
**विप्रिय** (વિશે.) અપ્રિય; ન. વાંક
**वीथि** સ્ત્રી. શેરી, રસ્તો
**वृषभध्वज** પું. શિવ
**व्याख्येय** (વિશે.) સમજાવવાનું
**शिवालय** પું. શિવનું દેરું
**संगत** ન. સંગતિ, દોસ્તી
**संगम** પું. સંગમ, મેળાપ
**संगमोत्सुक** (વિશે.) મળવાને આતુર
**सारङ्ग** પું. એક જાતનું પક્ષી
**साहस** ન. સાહસ, કર્મ
**स्त्रीरत्न** ન. રત્નરૂપ શ્રેષ્ઠ સ્ત્રી
**स्वादु** (વિશે.) સ્વાદિષ્ઠ

### વાક્યો

इदमासनमलंक्रियतां भवता ।
मृगस्य जवस्याक्षमयेवामी रथ्या धावन्ति ।
अनया रीत्या व्याख्येयोऽयं ग्रन्थः ।
वत्स विरमास्मात्साहसात् ।
अमू तौ तरू यौ ह्योऽपश्यम् ।
अस्मै विदुषे ब्राह्मणाय दक्षिणां प्रयच्छ ।
अनयोः कन्ययोः संगतं मे रोचते ।
*इमं सारङ्गं प्रियाप्रवृत्तयेऽभ्यर्थये ।

---

* આ નિશાની જે જે વાક્યો ઉપર મુકેલી છે, તે વાક્યો એક રાજાનાં બોલેલાં છે. એ રાજા પોતાની પ્રિય પત્ની સાથે એક કુંજમાં વિહાર કરતો હતો. તેવામાં કોઈ ચમત્કારી યોગે કરીને એ સ્ત્રી એકાએક ગૂમ થાય છે; એની શોધમાં એ જંગલમાં પશુ પક્ષીને એની ખબર પૂછતો ફરે છે. આ ચિહ્નનું બીજું વાક્ય હાથી પ્રત્યે કહેલું છે.

+ अयं स ते तिष्ठति संगमोत्सुको
विशङ्कसे भीरु यतोऽवधीरणाम् ।
† अमुं पुरः पश्यसि देवदारुं
पुत्रीकृतोऽसौ वृषभध्वजेन ।
* स्त्रीरत्नेषु ममोर्वशी प्रियतमा यूथे तवेयं वशा ।
* मधुकर मदिराक्ष्याः शंस तस्याः प्रवृत्तिं
वरतनुरथवासौ नैव दृष्टा त्वया मे ।
* हंस प्रयच्छ मे कान्तां गतिरस्यास्त्वया हृता ।
अस्मिन्नेव लतागृहे त्वमभवः ।
अस्यैवासीन्महति शिखरे गृध्रराजस्य वासः ।
मनोहरा अमी वृक्षा दृश्यन्ते पुष्पधारिणः ।
अगच्छदमुया वीथ्या दास्यमूं द्रुतमानय ।
कृतं किमेभिरनव त्रिप्रियं य-
दनिष्टमेषामसि कर्तुमुद्यतः ।
पादानमीषां प्रणतो यतोऽसौ
भद्रं ततोऽमीभिरमुष्य कार्यम् ।
पुर्यां पुराऽस्यां किल कालिदासो
नाम्नाभवद्यो न्यवसत् कवीशः ।
यदि प्रसन्ना भगवतीमं वरं याचे ।
अस्मिँल्लोके§ यत्क्रियते तस्य फलममुष्मिँल्लोकेऽनुभूयते ।
एभिर्वचोभिः सान्त्वय मे दुःखितां भार्याम् ।
हे सीते पुत्राविमौ ते ।

---

+ કદાચ મારો એ અંગીકાર નહિ કરે, એવી ધાસ્તી રાખતી કુમારિકા પ્રત્યે એના પ્રિયતમનું આ બોલવું છે

† શિવને વહાલા એક ઝાડ વિશે, એક જણનું બીજા પ્રત્યે આ કહેવું છે.

§ દંત્ય વ્યંજન પછી લ્ આવ્યો હોય તો તે દંત્યનો લ્ થાય છે; પરંતુ ન્ પછી લ્ આવ્યો હોય તો ન્ ને બદલે અનુનાસિક લ્ (લ્ઁ) થાય છે.

આ મારી ચોપડી છે.
આ માણસો પોતાના રાજાની જીતથી ખુશ થાય છે.
આ છોકરીઓ નૃત્ય શીખે છે.
આ ગામોમાં બહુ વિદ્વાનો છે.
હું આ આંખોએ દેખતો નથી.
આ ઝાડ ઉપર વાંદરો છે.
આ નદીઓમાં બહુ પાણી છે.
આ પર્વતો ઉપરથી બહુ પથ્થરો પડેલા છે.
મેં આ લાકડી વડે ચોરને માર્યો.
મેં આ સ્ત્રીઓને શિવનાં દેરામાં જોઈ.
આ નદીઓનાં ઉત્પત્તિસ્થાન હિમાલયમાં છે.
આ છોકરાઓને અને પેલી છોકરીઓને કેટલાક લાડુ આપો.
મેં પેલા પર્વતનાં શિખર પરથી ઊતરતા વાઘને જોયો.
મેં મારું સોનું આ (બે) ચોરો પાસેથી બચાવ્યું.
રણસંગ્રામમાંથી દોડતા એ સિપાઇને મેં જોયો હતો.
મુસાફર પેલા માર્ગથી ગયો.
માટીથી આ બે ખાડા પૂરો.
કંજૂસ માણસની પાસેથી હું ભિક્ષાની આશા રાખતો નથી.
આ નદીથી રાજાનો મહેલ (બે) કોશ છે.
એ સ્વાદિષ્ઠ કેરી મને આપ.
આ હરણ વડે શો અપરાધ કરાયો ?
આ (બે) નદીઓનો સંગમ પવિત્ર છે.
આ વસ્ત્ર વડે ઢંકાયેલો હું અદૃશ્ય થાઉં છું.
આ (બે) કન્યાઓ પણ લગ્નમાં આપવાની છે.

---

## સવાલ

૧. કયાં સર્વનામનાં રૂપ કેવળ વિલક્ષણ થાય છે?

૨. **अदस्** અને **इदम्** (ત્રિ.) તથા **अस्मद्** અને **युष्मद्**નાં રૂપ આપો.

૩. **अदस्**નાં રૂપ બનાવવાની ટૂંકી રીત સમજાવો.

૪. દંત્ય વ્યંજન પછી **ल्** આવે તો સંધિ શી થાય?

---

# પાઠ ૩૨ મો

## [ સુભાષિત સંદોહ ]

विद्वत्त्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।
स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ॥
वरमेको गुणी पुत्रो न च मूर्खशतान्यपि ।
एकश्चन्द्रस्तमो हन्ति+ न च तारागणोऽपि च ॥
* एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना ।
वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं यथा ॥
उत्सवे व्यसने चैव दुर्भिक्षे शत्रुविग्रहे ।
राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धवः ॥
दुर्जनः प्रियवादी च नैतद् विश्वासकारणम् ।
मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् ॥
दुर्जनः परिहर्तव्यो विद्ययालङ्कृतोपि सन् ।
मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ॥
कुलीनैः सह संपर्कः पण्डितैः सह मित्रताम् ।
ज्ञातिभिश्च समं मेलं कुर्वाणो× न विनश्यति ॥
यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते ।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च ॥
पादपानां भयं वातः पद्मानां शिशिरो भयम् ।
पर्वतानां भयं वज्रः साधूनां दुर्जनो भयम् ॥

---

तस्मात्स्वविषये रक्षा कर्तव्या भूतिमिच्छता ।
यज्ञैर्नावाप्यते स्वर्गो रक्षणात्प्राप्यते यथा ॥
यथा फलानां पक्वानां नान्यत्र पतनाद्भयम् ।
एवं नरस्य जातस्य नान्यत्र मरणाद्भयम् ॥

---

\+ हन् ग. २, પરસ્મૈ. હણવું-કર્તરિ વર્ત. કા. ૩ જો પુ. એક.

* एक સર્વનામ છે, તેનાં सर्व જેવાં રૂપ થાય છે.

× कृ ગ. ૮ ના આત્મને. કર્તરિ વર્ત. કૃ. નું પું. પ્ર. એ. વ.

न भीतो मरणादस्मि केवलं दूषितं यशः ।
विशुद्धस्य हि मे मृत्युः पुत्रजन्मसमः किल ॥
अपापानां कुले जाते मयि पापं न विद्यते ।
यदि संभाव्यते पापमपापेन च किं मया ॥

---

अर्थमनर्थं भावय नित्यं नास्ति ततः सुखलेशः सत्यम् ।
पुत्रादपि धनभाजां भीतिः सर्वत्रैषा विहिता रीतिः ॥
का तव कान्ता कस्ते पुत्रः संसारोऽयमतीव विचित्रः ।
कस्य त्वं वा कुत आयातस्तत्त्वं चिन्तय तदिदं भ्रातः ॥
शत्रौ मित्रे पुत्रे बन्धौ मा कुरु यत्नं विग्रहसंधौ ।
भव समचित्तः सर्वत्र त्वं वाञ्छस्यचिराद्यदि सत्तत्त्वम् ॥
महता पुण्यपण्येन क्रीतेयं कायनौ*स्त्वया ।
पारं दुःखोदधेर्गन्तुं तर यावन्न भिद्यते ॥
धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनःसंयमः ।
शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजन-
मेते यस्य कुटुम्बिनो वद सखे+ कस्माद् भयं योगिनः ॥
विपदि धैर्यमथाभ्युदये क्षमा
सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ
प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥
आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः ।
नास्त्युद्यमसमो बन्धुः कृत्वा यं नावसीदति ॥

---

* नौ શબ્દનાં રૂપ, સંધિના નિયમો પ્રમાણે પાઠ ૨૫ માને મથાળે આપેલા સામાન્ય પ્રત્યય લગાડવાથી થાય છે.

+ આ શબ્દનાં રૂપ અનિયમિત રીતે થાય છે.

अस्ति ब्रह्मारण्ये कर्पूरतिलको नाम हस्ती। तमवलोक्य सर्वे शृगालाश्चिन्तयन्ति स्म, यद्ययं केनाप्युपायेन म्रियते तदास्माकमेतद्देहेन मासचतुष्टयस्य भोजनं भविष्यति। तत्रैकेन वृद्धशृगालेन प्रतिज्ञातं, मया बुद्धिप्रभावादस्य मरणं साधयितव्यम्। अनन्तरं स वञ्चकः कर्पूरतिलकसमीपं गत्वा साष्टाङ्गपातं प्रणम्यावदद्देव दृष्टिप्रसादं कुरु। हस्ती ब्रूते, कस्त्वं, कुतः समायातः। सोऽवदज्जम्बूकोऽहं सर्वैर्वनवासिभिः पशुभिर्मिलित्वा भवत्सकाशं प्रस्थापितो, यद्विना राज्ञाऽवस्थातुं न युक्तं तदत्राटवीराज्येऽभिषेक्तुं भवान्सर्वस्वामिगुणोपेतो निरूपितस्तद्यथा लग्नवेला न विचलति तथा कृत्वा सत्वरमागम्यतां देवेन। इत्युक्त्वोत्थाय चलितः। ततोऽसौ राज्यलोभाकृष्टः कर्पूरतिलकः शृगालवर्त्मना धावन् महापङ्के निमग्नः। ततस्तेन हस्तिनोक्तं, सखे शृगाल, किमधुना विधेयं, पङ्के निपतितोऽहं म्रिये, परावृत्य पश्य शृगालेन विहस्योक्तं, देव मम पुच्छकावलम्बनं कृत्वोत्तिष्ठ। यन्मद्वचसि त्वया प्रत्ययः कृतस्तदनुभूयतामशरणं दुःखम्।

# परिशिष्ट

## સંધિ – નિયમો

### ગુણ અને વૃદ્ધિ

૧. **इ** અથવા **ई** નો ગુણ **ए**, **उ** અથવા **ऊ** નો ગુણ **ओ**, **ऋ** અથવા **ॠ** નો ગુણ **अर्**, અને **ऌ** નો ગુણ **अल्** થાય છે.

૨. **अ** ની વૃદ્ધિ **आ**, **इ ई** અથવા **ए** ની વૃદ્ધિ **ऐ**; **उ ऊ** અથવા **ओ** ની વૃદ્ધિ **औ**, **ऋ** અથવા **ॠ** ની વૃદ્ધિ **आर्**, અને **ऌ** ની વૃદ્ધિ **आल्** થાય છે.

### સ્વરો

૩. સંસ્કૃતમાં બે સ્વર લગોલગ આવે ત્યારે સંધિ થાય છે.

૪. બે સ્વર પાસે આવ્યા છતાં સંધિ થતી નથી, એવું થોડે જ પ્રસંગે બને છે.

૫. જ્યારે નામ કે ક્રિયાપદના દ્વિવચનને છેડે **ई**, **ऊ** (દીર્ઘ) કે **ए** આવ્યો હોય ત્યારે પછીના સ્વર સાથે એની સંધિ થતી નથી; **गिरी+आरोहन्ति=गिरी आरोहन्ति.** આની સાથે નીચેના નિયમ ૧૩, ૩૭ અને ૪૨ જુઓ.

૬. છેલ્લા ચાર સ્વર ( **ए**, **ऐ**, **ओ**, **औ**, ) સિવાયના બીજા કોઈ પણ સ્વર પછી હ્રસ્વ **ऋ** આવે તો સંધિ કરવી, અથવા તો સંધિ ન કરતાં માત્ર પૂર્વનો સ્વર દીર્ઘ હોય તો હ્રસ્વ કરવો; **अर्घ्येण+ऋषिम्=अर्घ्येण ऋषिम्**; અથવા ( નિયમ ૭ મુજબ ) **अर्घ्येणर्षिम्** ।

૭. જો **अ** કે **आ** પછી હ્રસ્વ કે દીર્ઘ **इ**, **उ**, **ऋ** કે **ऌ** આવ્યો હોય, તો પાસે આવેલા બે સ્વરોને બદલે પર ( પછીના ) સ્વરનો ગુણ મુકાય છે; **फल+ई=फले** ।

૮. **अ** અથવા **आ** પછી **ए** કે **ऐ** આવે, તો પાસે આવેલા સ્વર મળી જઈને, એ બન્નેને ઠેકાણે **ऐ** થાય છે; **नृप+ऐस्=नृपैः** । વળી **अ** કે

आ પછી ओ કે औ આવે, તો પાસે આવેલા સ્વર મળી જઈને औ થાય છે; नृप+औ=नृपौ ।

૯. છેલ્લા ચાર સ્વરો (ए, ऐ, ओ, औ,) સિવાયના બાકીના કોઈ પણ હ્રસ્વ અથવા દીર્ઘ સ્વર પછી સજાતીય (એનો એ) સ્વર હ્રસ્વ કે દીર્ઘ આવે, તો પાસે આવેલા બે સ્વર મળી જઈ બંનેને ઠેકાણે દીર્ઘ સ્વર થાય છે; दैत्य+अरिः=दैत्यारिः कवि+ईशः=कवीशः ।

૧૦. હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ ને ऌ પછી વિજાતીય (એના સિવાયના બીજા) સ્વર આવે તો इ, उ, ऋ ને ऌ ને ઠેકાણે અનુક્રમે य्, व्, र्, ल् મુકાય છે; तृणानि+अत्ति=तृणान्यत्ति, वधू+आ=वध्वा, कर्तृ+ओस्=कर्त्रोः, ऌ+आकृतिः=लाकृतिः ।

૧૧. પદાન્તે એટલે શબ્દને છેડે ए કે ओ હોય, ને પછી अ આવે તો એ अ પૂર્વના સ્વરમાં એટલે ए કે ओ માં ડૂબી જાય છે, એટલે એ બોલાતો નથી, લખાતોયે નથી, પણ એને ઠેકાણે (ऽ) અવગ્રહ ચિહ્ન ઘણું કરીને મૂકવામાં આવે છે; (નિયમ ૩૬ મુજબ) रामो+अश्वम्=रामोऽश्वम् ।

૧૨. ए, ऐ, ओ, અને औ પછી કોઈપણ સ્વર આવે, તો એઓને બદલે અનુક્રમે अय्, आय्, अव् અને आव् મૂકવામાં આવે છે; ने+अ =नय, गै+अ=गाय, भो+अ=भव, 'अश्वौ+उत्पततः=अश्वावुत्पततः ।

૧૩. પદને અંતે ए, ऐ, ओ અથવા औ હોય, ને પછી કોઈ પણ સ્વર હોય, તો એઓને બદલે મુકાયેલા अय्, आय्, अव् અથવા आव्ના અંત્ય य् व् નો વિકલ્પે લોપ થાય છે; આ લોપથી સાથે આવતા બે સ્વરોની સંધિ થતી નથી. मन्यते+आत्मानम्=मन्यतयात्मानम् અથવા मन्यत आत्मानम् ।

## વ્યંજન

૧૪. પદને અંતે એકથી વધારે વ્યંજન હોય તો એઓમાંનો પહેલો જ કાયમ રહે છે, અને બીજા બધા ઊડી જાય છે; मरुत्+स्=मरुत्स्, પણ છેલ્લો स् ઊડી જવાથી मरुत् રૂપ રહે છે.

૧૫. અનુનાસિક સિવાયનો કોઈપણ સ્પર્શ વ્યંજન પદને છેડે આવ્યો હોય તો એને બદલે એના વર્ગનો વિકલ્પે પહેલો કે ત્રીજો અક્ષર મુકાય છે; **मरुत्** અથવા **मरुद्**।

૧૬. અનુનાસિક સિવાયના કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી અઘોષ વ્યંજન આવે તો, સ્પર્શ વ્યંજનને બદલે એના જ વર્ગનો પહેલો અક્ષર મૂકવામાં આવે છે; **ककुभ्+प्रान्तः=ककुप्प्रान्तः, दृशद्+पतति=दृशत्पतति।**

૧૭. અનુનાસિક સિવાયના કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી ઘોષ વ્યંજન કે શબ્દનો પ્રથમાક્ષર સ્વર આવે તો, પૂર્વના વ્યંજનને બદલે પૂર્વ વ્યંજનના જ વર્ગનો ત્રીજો અક્ષર મૂકાય છે; **नगरात्+आगच्छति =नगरादागच्छति ।**

૧૮. પદને એટલે શબ્દને અંતે આવેલા વ્યંજન પછી અનુનાસિક આવે તો એ વ્યંજનને બદલે એના જ વર્ગનો અનુનાસિક વિકલ્પે મૂકવામાં આવે છે; **पतद्+मुरारिः=पतन्मुरारिः** અથવા **पतद् मुरारिः**. જો વ્યંજન પછી આવનાર અનુનાસિક તદ્ધિત પ્રત્યયનો આદ્યાક્ષર હોય તો એ વ્યંજનને બદલે અનુનાસિક અવશ્ય મૂકવો જોઈએ; **चिद्+मय=चिन्मय, तद्+मात्र=तन्मात्र ।**

૧૯. જ્યારે **स्** કે અન્ય દંત્ય વ્યંજન **श्** કે અન્ય તાલવ્ય વ્યંજન સાથે જોડાય ત્યારે દંત્યને ઠેકાણે એને મળતો તાલવ્ય મુકાય છે, એટલે કે **स्** ને ઠેકાણે **श्**, **त्** ને ઠેકાણે **च्**, **द्** ને ઠેકાણે **ज्** ઈ૦ થાય છે. જ્યારે **स्** કે દંત્ય વ્યંજન **ष्** કે મૂર્ધન્ય સાથે જોડાય ત્યારે પણ એવી જ રીતે દંત્યને ઠેકાણે મળતો મૂર્ધન્ય થાય છે, એટલે કે **स्** ને ઠેકાણે **ष्**, **त्** ને ઠેકાણે **ट्**, **थ्** ને ઠેકાણે **ठ्** ઈ૦ થાય છે; અર્થાત્ તાલવ્ય કે મૂર્ધન્ય સાથે દંત્યના યોગમાં દંત્યનો અનુક્રમે મળતો તાલવ્ય કે મૂર્ધન્ય થાય છે:— **गिरीन्+जयति=गिरीञ् जयति, तत्+टीका=तट्टीका ।**

૨૦. દંત્ય વ્યંજન પછી **ल्** આવ્યો હોય તો દંત્યનો **ल्** થાય છે; **भगवत्+लीला=भगवल्लीला।** જો **न्** પછી **ल्** આવ્યો હોય તો **न्** ને

બદલે અનુનાસિક ल् થાય છે; એટલે न् ને ઠેકાણે ल्ँ थाय છે; **अस्मिन्+लोके=अस्मिल्ँलोके ।**

૨૧. પદને અંતે ङ्, ण्, न् આવે અને એની પૂર્વે હ્રસ્વ સ્વર હોય, અને એની પછી કોઈ પણ સ્વર હોય તો, એ ङ्, ण्, न् બેવડાય છે; **वसन्+अम्बरात्=वसन्नम्बरात् ।**

૨૨. च् કે ज् પછી અઘોષ વ્યંજન આવે તો એ च्, ज् નો क्, અને અર્ધસ્વર કે અનુનાસિક સિવાયનો ઘોષ વ્યંજન આવે તો ग् થાય છે. આ અક્ષર પદને અંતે આવ્યા હોય તો અર્ધસ્વર કે અનુનાસિક પૂર્વે પણ ફેરફાર થાય છે; **वाच्+यत=वाग्यत ।**

૨૩. સ્વર પછી छ् આવે તો च्छ् લખાય છેઃ **अ+छिद्यन्त=अच्छिद्यन्त;** પણ પદાંતે દીર્ઘ સ્વર હોય તો च्छ् વિકલ્પે લખાય છે; **लक्ष्मी+छाया=लक्ष्मीच्छाया** અથવા **लक्ष्मीछाया । मा** (નહિ) અને **आ** (ઉપસર્ગ) પછી छ् નો च्छ् કરવો જ જોઈએ.

૨૪. પદના અંતભાગમાં જો न् પછી श् ष् स् અથવા ह् આવે તો એ न् નો અનુસ્વાર થાય છે; **विद्वांसौ ।**

૨૫. પદાંત न् પછી च् छ्, त् थ्, અથવા ट् ठ् આવે તો એ न् ને ઠેકાણે અનુસ્વાર અને વિસર્ગ થાય છે; **बिडालान्+ताडयति=बिडालांःताडयति** અને=( ૩૯ મુજબ) **बिडालांस्ताडयति ।**

૨૬. સમાનપદે (એક ને એક જ શબ્દમાં) ऋ, र्, ष् પછી લાગલો જ न् આવ્યો હોય તો એ न् નો ण् થાય છે; વળી ऋ, र्, ष् અને न् ની વચ્ચે સ્વર, ल् સિવાયનો અર્ધસ્વર, મહાપ્રમાણ ह्, તેમજ કંઠ્ય કે ઓષ્ઠ્ય વર્ણનો વ્યંજન હોય તો પણ न् નો ण् થાય છે; **गृहाणि ।** પરંતુ જો न् પદાંતે આવ્યો હોય, તો એ न् નો ण् થતો નથી; **नरान् ।**

૨૭. પદાંત म् પછી કોઈ પણ વ્યંજન આવ્યો હોય તો એ म् ને બદલે વિકલ્પે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર થાય છે, અથવા म् ને ઠેકાણે પછીના વ્યંજનના સ્થાનનો અનુનાસિક થાય છે; જો પદાંત म् પછી ह्

**व्** કે **ल्** હોય તો **म्** ને બદલે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર, અથવા વિકલ્પે **म्** ને ઠેકાણે અનુક્રમે નાસિકાસ્થાને બોલાતો **य्**; **व्** કે **ल्** થાય છે; પરંતુ જો પદાંત **म्** પછી **श्**, **ष्**, **स्**, **र्** કે **ह्** હોય તો **म्** ને બદલે અવશ્યે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર જ લખાય છે; **सम्+गच्छते=संगच्छते** અથવા **सङ्गच्छते**, **सम्+वदति=संवदति** અથવા **सवँवदति**, **सम्+यमः=संयमः** અથવા **सयँयमः**, **सम्+हरति=संहरति** ।

૨૮. પદાંત **र्** નો અઘોષ વ્યંજનની પહેલાં, અગર કશુંયે ન આવે, તો વિસર્ગ થાય છે; **मातर्+पश्य=मातः पश्य** ।

૨૯. **र्** ની પછી **र्** આવે તો પૂર્વ (પહેલાનો) **र्** લોપાય છે તથા એની પહેલાંનો (**ऋ** સિવાયનો) સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થાય છે; **धूर्जटिः+रक्षति**=(નિયમ ૩૮ મુજબ) **धूर्जटिर्+रक्षति=धूर्जटी रक्षति** ।

૩૦. જો શબ્દ વા રૂપને છેડે કોઈપણ વર્ગના પહેલા ચાર વર્ણોમાંનો એક વર્ણ આવ્યો હોય ને એ વર્ણ પાછળ **श्** આવ્યો હોય અને એ **श्**ની પોતાની પાછળ કોઈ સ્વર, અર્ધસ્વર કે અનુનાસિક આવ્યો હોય, તો **श्** નો વિકલ્પે **छ्** થાય છે; **अवदत्+शठः**=(નિયમ ૧૯ મુજબ) **अवदच् शठः** અથવા **अवदच्छठः** ।

૩૧. **स्था** ધાતુના **स्** નો **उद्** ઉપસર્ગની પૂર્વે લોપ થાય છે; **उद्+स्था+य=उद्+थाय**= (નિયમ ૧૬ મુજબ) **उत्थाय**.

૩૨. વર્ગના પહેલા ચાર વ્યંજનના કોઇ પણ વ્યંજન પછી **ह्** આવે તો **ह्** ને ઠેકાણે પૂર્વ વ્યંજનના વર્ગનો ચોથો અક્ષર વિકલ્પે થાય છે; **उद्यमाद्** (નિયમ ૧૭ મુજબ) **+हरेः=उद्यमाद् हरेः** અથવા **उद्यमाद्धरेः** ।

૩૩. **उपानह्** શબ્દના **ह्** નો અઘોષ વ્યંજનાદિ પ્રત્યય પર હોતાં **त्** થાય છે, ઘોષ વ્યંજનાદિ પ્રત્યય પર હોતાં **द्** થાય છે, અને પદાન્તે **त्** અથવા **द्** થાય છે.

૩૪. જો પ્રત્યયના **स्** ની પૂર્વે **अ** કે **आ** સિવાયનો કોઈપણ સ્વર કે કંઠ્ય વ્યંજન કે **र्** આવ્યો હોય તો, ઘણું કરીને, **स्** નો **ष्** થાય છે; **वाक्** (નિયમ ૨૨ મુજબ) **+सु=वाक्षु** ।

૩૫. પદને અંતે स् હોતાં એની પછી કશું યે આવ્યું હોય વા ન આવ્યું હોય તો स् નો વિસર્ગ થાય છે; वदामस्=वदामः ।

स् અથવા વિસર્ગ

૩૬. વિસર્ગની પૂર્વે अ હોય, તેમજ એની પછી अ કે ઘોષ વ્યંજન આવ્યો હોય ત્યારે વિસર્ગનો उ થાય છે; અને એ उ પૂર્વના (પહેલાંના) अ માં મળી ओ (નિયમ ૬ મુજબ) થાય છે; नृपः+जयति=नृपो जयति ।

૩૭ વિસર્ગની પૂર્વે आ હોય ને પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો વિસર્ગ ઊડી જાય છે; વળી વિસર્ગની પૂર્વે अ હોય ને પછી अ સિવાયનો કોઈપણ સ્વર હોય તોપણ વિસર્ગ લોપાય; नराः+इमे=नरा इमे, बुधः+इच्छति=बुध इच्छति ।

૩૮. स् અથવા વિસર્ગની પહેલાં अ કે आ સિવાયનો કોઈપણ સ્વર હોય ને પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો એ स् અથવા વિસર્ગનો र् થાય છે; नृपतिः+यजति=नृपतिर्यजति ।

૩૯. વિસર્ગની પછી च् કે छ् આવે તો વિસર્ગનો श् થઈ જાય છે, त् કે थ् આવે તો स् થઈ જાય છે, ને ट् કે ठ् આવે તો ष् થઈ જાય છે; हरिः+चरति=हरिश्चरति, रामः+तरति=रामस्तरति, रामः+टीकते =रामष्टीकते ।

૪૦. વિસર્ગની પછી श्, ष् કે स् આવે તો વિસર્ગ કાયમ રહે છે; અથવા એ વિસર્ગને બદલે અનુક્રમે વિકલ્પે श्, ष् કે स् મુકાય છે; ऋषयः +शाम्यन्ति=ऋषयः शाम्यन्ति અથવા ऋषयश्शाम्यन्ति ।

૪૧. વાક્યમાં सः અને एषः પછી કોઈપણ વ્યંજન આવે તો એઓના વિસર્ગનો અથવા स् નો લોપ થાય છે; स पुरुषः ।

૪૨. भोस् પછી કોઈ પણ સ્વર કે ઘોષ વ્યંજન આવે તો स् નો લોપ થાય છે; भोस्+नृत्यम्=भो नृत्यम् ।

# વાક્યરચના

જે નામને **सह** અવ્યય જોડવામાં આવે છે તે નામ તૃતીયા વિભક્તિમાં મૂકવું જોઈએ; **पुत्रैः सह**।

કેટલાક ધાતુ દ્વિકર્મક છે; જેમકે **नी, प्रच्छ्, याच्**; વળી આ ધાતુના જેવા અર્થવાળા બીજા ધાતુ પણ દ્વિકર્મક છે. **सैनिकान् नगरं नयति**।

ક્રિયાપદ ગતિવાચક હોય તો, જે સ્થાને જવાનું હોય તે સ્થાન બતાવનાર શબ્દ દ્વિતીયા વિભક્તિમાં, ને કોઈ વખત ચતુર્થી વિભક્તિમાં આવે છે; **नगरं** અથવા **नगराय गच्छामि**।

જ્યારે **धृ** ધાતુનો અર્થ "દેણદાર હોવું" થાય છે ત્યારે લેણદારનું નામ ચતુર્થીમાં આવે છે, અને લેણું બતાવનાર શબ્દ દ્વિતીયામાં આવે છે, તથા દેવાદાર પ્રથમામાં આવે છે; **निष्कान् धारयति रामाय हरिः**।

જે નામને છેડે **नमः** કે **स्वस्ति** જોડવામાં આવે તે ચતુર્થીમાં આવે છે; **विना** જોડવામાં આવે તે બીજી, ત્રીજી, કે પાંચમીમાં આવે છે; **नमो देवेभ्यः; वधं, वधेन** અથવા **वधाद् विनारिर्न शाम्यति**।

ક્રોધ, દ્રોહ (=દ્વેષ), ઈર્ષ્યા (=ચડસાચડસી), કે અસૂયા (=અદેખાઈ) ના અર્થનાં ક્રિયાપદો સાથે, ક્રોધ વગેરે જેના પ્રત્યે બતાવવામાં આવે છે તેને ચતુર્થી લગાડવામાં આવે છે. **स्पृह्** ક્રિયાપદની સાથે ઈચ્છિત વસ્તુવાચક શબ્દ પણ ચોથીમાં આવે છે; **हरये कुप्यति; मोदकेभ्यः स्पृहयति**।

જે પદો જોડવાનાં હોય કે છૂટાં પાડવાનાં હોય, તે સઘળાંને છેડે એક જ વાર, કે દરેકને છેડે જુદી જુદી વાર **च** કે **वा** મુકાય છે; **हरिश्च गोविन्दश्च, हरिर्गोविन्दश्च जल्पतः**।

**रुच्** અને એવા અર્થનાં બીજાં ક્રિયાપદો સાથે, ખુશ કરનાર પુરુષ કે વસ્તુ પ્રથમામાં આવે છે, અને ખુશ થનારનું નામ ચતુર્થીમાં આવે છે; **मोदको बालकाय रोचते**।

**कथ्** ધાતુનાં બન્ને કર્મ કેટલીય વાર દ્વિતીયામાં મૂકવામાં આવે છે; અથવા અનુપસ્થ (ગૌણ) કર્મ ચોથીમાં કે છઠ્ઠીમાં મુકાય છે; **नृपं, नृपाय, नृपस्य कथयति वार्ताम्**।

# સંસ્કૃત ગુજરાતી શબ્દકોશ

**अ**

**अकाल** ( **अ+काल** ) પું. અયોગ્ય વખત

**अक्षमा** સ્ત્રી. અદેખાઈ, હરીફાઈ

**अक्षर** વિશે. બદલાય નહિ એવું, અવિકારી, સ્થિર, નિત્ય; પું. પરમાત્મા

**अखिल** વિશે. બધું, સઘળું

**अगद** પું. ઓસડ

**अग्नि** પું. અગ્નિ, દેવતા

**अग्र** ન. અગ્ર, ટોચ

**अङ्ग्ल**–(**आङ्ग्ल**) પું. અંગ્રેજ

**अङ्ग्ल**–(**आङ्ग्ल**)**भूमि** સ્ત્રી. ઈંગ્લાંડ

**अचिरात्** (અવ્યય) જલદી

**अज** પું. બકરો

**अज्ञान** ન. અજ્ઞાન

**अट्** ગ. ૧, પરસ્મૈ. આંટા મારવા, ભટકવું, ભમવું

**अटवी** સ્ત્રી. જંગલ, વન

**अतः** (અવ્યય) આથી, તેથી

**अतिथि** પું. પરોણો

**अतीव** (અવ્યય) અત્યંત

**अत्यय** પું. નાશ; જવું એ

**अत्र** (અવ્યય) અહીં

**अथवा** (અવ્યય) અથવા, કે કિંવા

**अद्** ગ. ૨, પરસ્મ. ખાવું

**अद्य** (અવ્યય) આજ

**अधमर्ण** પું. કરજદાર, દેવાદાર

**अधर्म** પું. અધર્મ, પાપ

**अधिपति** પું. અધિપતિ, ઉપરી

**अधुना** (અવ્યય) હમણાં

**अध्ययन** ન. અધ્યયન, અભ્યાસ

**अध्यूषिवस्** વિશે. વસેલું, રહેલું

**अध्रुव** વિશે. અનિશ્ચિત

**अध्वखेद** પું. ( **अध्वन्** પું. રસ્તો +**खेद** પું. થાક ) મુસાફરીનો થાક

**अनन्तरम्** (અવ્યય) પછી

**अनर्थ** પું. અનર્થ, અનિષ્ટ

**अनल** પું. અગ્નિ

**अनिष्ट** ન. સંકટ, અનિષ્ટ, દુઃખ

**अनुजीविन्** વિશે. ચાકરી કરનાર, ચાકર, સેવક, આશ્રિત

**अनुज्ञा** સ્ત્રી. પરવાનગી, રજા

**अनुरञ्जन** ન. મનોરંજન, પ્રસન્નતા

**अनुराग** પું. પ્રીતિ

**अनुष्ठान** ન. કરવું એ, કૃત્ય, કામ

**अनृत** ન. અસત્ય; જૂઠું; વિશે. અસત્ય, જૂઠું

**अनेकशस्** (અવ્યય) વારંવાર

**अन्तःकरण** न. અંતઃકરણ
**अन्तःपुर** न. જનાનખાનું
**अन्तरात्मन्** पुं. અંદરનો જીવ, આત્મા
**अन्न** न. અન્ન
**अन्यत्र** (અવ્યય) અન્ય-બીજે ઠેકાણે
**अपण्डित** पुं. પંડિત નહિ તે, મૂર્ખ
**अपराध** पुं. અપરાધ, વાંક, ગુનો
**अपराधलव** पुं. થોડો અપરાધ
**अपराधिन्** વિશે. અપરાધી, ગુનેગાર
**अपाय** पुं. અપાય, નુકસાન, હરકત
**अपि** (અવ્યય) વળી, પણ
**अप्रिय** વિશે. અપ્રિય
**अभिधान** न. નામ
**अभिभूत** (**अभि+भू**નું ભૂ. કૃ.) હરાયેલું, જિતાયેલું
**अभिरुचि** સ્ત્રી. રુચિ, ઇચ્છા
**अभिलाष** पुं. ચાહના, ઇચ્છા
**अभिषेक** पुं. અભિષેક
**अभिषेक्तुम्** (**अभि+सिच्** નું હે. કૃ.) અભિષેક કરવાને, રાજા બનાવવાને
**अभूमि** સ્ત્રી. અવિષય, અગોચર
**अभ्युदय** पुं. ઉદય, ચડતી
**अमरावती** સ્ત્રી. ઇંદ્રની રાજધાની
**अमात्य** पुं. પ્રધાન
**अम्बर** न. આકાશ
**अयोध्या** સ્ત્રી. અયોધ્યા
**अरण्य** न. અરણ્ય, જંગલ
**अरि** पुं. શત્રુ
**अरुन्धती** સ્ત્રી. વસિષ્ઠ ઋષિની સ્ત્રી
**अर्घ्य** न. પૂજાનો સામાન
**अर्चन** न. પૂજા, અર્ચા
**अर्जुन** पुं. અર્જુન
**अर्थ्** ગ. ૧૦, આત્મને. (**प्र** અથવા **अभि** ઉપસર્ગ સાથે) પ્રાર્થના કરવી, વીનવવું
**अर्थ** पुं. પૈસો, ધન, વસ્તુ, બનાવ
**अर्ह्** ગ. ૧, પરસ્મૈ. લાયક થવું
**अलंकार** पुं. અલંકાર, ઘરેણું
**अलङ्घनीय** વિશે. ન ઓળંગાય એવું
**अलम्** (અવ્યય) પૂરતું, બસ (તૃતીયા વિભક્તિ સાથે વપરાય છે.)
**अलि** पुं. ભમરો
**अल्प** વિશે. અલ્પ, નાનું
**अव्** ગ. ૧, પરસ્મૈ. રક્ષવું
**अवकाश** पुं. અવકાશ, જગ્યા
**अवचय** पुं. જથ્થો, એકઠું કરવું
**अवतरत्** (**अव+तॄ** ગ. ૧, પરસ્મૈ. નું વ. કૃ.) ઊતરતું
**अवदात** વિશે. સ્વચ્છ, ઉચ્ચ
**अवधीरणा** સ્ત્રી. અવજ્ઞા
**अवन्ती** સ્ત્રી. ઉજ્જયિની
**अवलोक्य** (**अव+लोक्**નું સંબંધક ભૂ. કૃ.) અવલોકન કરીને, જોઈને

**अवस्तु** ન. વસ્તુ નહિ તે, મિથ્યા પદાર્થ
**अवस्त्वारोप** પું. મિથ્યા પદાર્થની કલ્પના
**अविचलित** (अ+विचलित, वि +चल्‌નું ભૂતકૃદંત) સ્થિર, હાલેચાલે નહિ એવું
**अविश्वास्य** વિશે. વિશ્વાસ મૂકવાને નાલાયક, અણભરોસાદાર
**अशरण** વિશે. જેનું શરણ (=રક્ષણ કરનાર) નથી તે, અનાથ
**अश्मन्** પું. પથ્થર
**अश्रु** ન. અશ્રુ, આંસુ
**अश्व** પું. અશ્વ, ઘોડો
**अश्वपति** પું. વિશેષનામ
**अस्** ગ. ૨, પરસ્મૈ. હોવું
**अस्** ગ. ૨, પરસ્મૈ. ફેંકવું **निर्+अस्=निरस्** વિખેરવું **प्र+अस्=प्रास्** ફેંકવું
**असंख्येय** વિશે. અસંખ્ય, અગણિત
**असत्य** ન. અસત્ય, જૂઠું
**असारता** સ્ત્રી. નિરુપયોગિતા
**असि** પું. તલવાર
**असुर** પું. અસુર, દૈત્ય
**अस्त्र** ન. અસ્ત્ર, ચમત્કારી હથિયાર
**अहित** ન. હિત નહિ તે, નુકસાન, ઈજા

**आ**

**आकाश** પું. ન. આકાશ
**आङ्ग्ल** પું. અંગ્રેજ
**आचार** પું. આચાર, ચાલ, યોગ્ય વર્તણૂક
**आचार्य** પું. આચાર્ય, ગુરુ
**आज्ञा** સ્ત્રી. આજ્ઞા, હુકમ
**आतप** પું. તડકો
**आत्मज** પું. દીકરો
**आत्मजा** સ્ત્રી. દીકરી
**आत्मन्** પું. આત્મા, પોતે
**आत्मीय** વિશે. પોતાનું
**आदर** પું. આદર, સત્કાર
**आदेश** પું. હુકમ
**आध्यात्मिक** વિશે. આધ્યાત્મિક
**आध्यान** ન. ધ્યાન
**आप्** મેળવવું; **प्र** કે **अव** ઉપસર્ગ સાથે, મેળવવું, પામવું; **वि** ઉપસર્ગ સાથે, વ્યાપવું
**आपद्** સ્ત્રી. આપત્તિ, આફત
**आम्र** ન. કેરી
**आयास** પું. પ્રયત્ન, શ્રમ
**आयुष्मत्** વિશે. લાંબી આવરદાવાળું
**आरम्भ** પું. આરંભ, શરુઆત
**आराधना** ન. આરાધના, મહેરબાની મેળવવી એ
**आरोप** પું. આરોપ

**आरोपण** ન. રોપવું એ, વાવવું એ
**आर्य** પું. આર્ય, આબરૂદાર માણસ
**आर्या** સ્ત્રી. શાણી સ્ત્રી
**आवरण** ન. આચ્છાદન, અંતરાય, ઢાંકવું એ
**आशा** સ્ત્રી. આશા
**आशीर्वाद** પું. આશીર્વાદ
**आश्रम** પું. આશ્રમ, મઠ
**आसन** ન. આસન
**आह्लादक** વિશે. ખુશકારક

**इ**

**इच्छा** સ્ત્રી. ઇચ્છા
**इति** (અવ્યય) ઇતિ, એમ
**इत्थम्** (અવ્યય) એવી રીતે
**इन्दु** પું. ચંદ્ર
**इन्द्र** પું. ઇંદ્ર
**इन्द्राणी** સ્ત્રી. ઇંદ્રની સ્ત્રી
**इन्धन** ન. બળતણ
**इव** (અવ્યય) પેઠે, જાણે
**इष्** (**इच्छ्**) ગ. ૬, પરસ્મૈ. ઇચ્છવું
**इष्** ગ. ૪, પરસ્મૈ. ( **अनु** ઉપ. સાથે ) શોધવું
**इषु** પું. તીર
**इष्ट** (**इष्**નું ભૂ. કૃ.) ઇષ્ટ, ઇચ્છેલું
**इह** (અવ્યય) અહીં

**ई**

**ईक्ष्** ગ. ૧, આત્મને. જોવું
**अप+ईक्ष्** આશા રાખવી, **प्र+ईक्ष्** પેખવું; **परि+ईक्ष्** પરીક્ષા લેવી, તપાસવું; **उप+ईक्ष्** ઉવેખવું; બેદરકાર રહેવું
**ईश्वर** પું. ઈશ્વર, પરમેશ્વર

**उ**

**उक्त** (**वच्** નું ભૂ. કૃ.) કહેલું, બોલેલું
**उचित** વિશે. ઉચિત, યોગ્ય
**उच्चैस्** (અવ્યય) ઊંચેથી
**उज्जयिनी** સ્ત્રી. એક નગરીનું નામ, ઉજ્જેન
**उज्ज्वलम्** ( અવ્યય ) ચળકાટથી, પ્રકાશિત રીતે
**उञ्छ्** ગ. ૬, પરસ્મૈ. વીણવું
**उटज** પું. ઝૂંપડું
**उत** (અવ્યય) કે, અથવા
**उत्कण्ठा** સ્ત્રી. ઉત્કંઠા, ઇચ્છા
**उत्खात** (**उद्+खन्**નું ભૂ. કૃ.) ખોદેલું
**उत्थाय** (**उद्+स्था** નું સંબંધક ભૂ. કૃ. ) ઊઠીને
**उत्सङ्गवर्तिन्** વિશે. પું. ન. (**उत्सङ्ग** પું. ખોળો ) ખોળામાં બેઠેલું
**उत्सव** પું. ઓચ્છવ
**उत्साह** પું. ઉત્સાહ
**उदक** ન. ઉદક, પાણી
**उदधि** પું. સમુદ્ર, દરિયો

**उद्गम** પું. ઉદ્‌ભવવું એ, દેખાવ
**उद्धत** (**उद्+हन्** નું કર્મણિ ભૂત-
કૃદંત) ઉદ્ધત, ગર્વિષ્ઠ, તોછડો
**उद्भव** પું. ઉદ્‌ભવ, જન્મ
**उद्यत** ( **उद्+यम्** નું કર્મણિ ભૂ.
કૃ. ) તૈયાર, તત્પર
**उद्यमसम** વિશે. (**सम** વિશે. જેવું)
ઉદ્યમ જેવું
**उद्यान** ન. વાડી
**उद्योग** પું. ઉદ્યોગ
**उपकार** પું. ઉપકાર
**उपदेश** પું. ઉપદેશ
**उपवन** ન. બાગ, વાડી
**उपहार** પું. ભેટ
**उपानह्** સ્ત્રી. જોડો, ખાસડું
**उपाय** પું. ઉપાય
**उपालम्भ** પું. ઠપકો
**उर्वशी** સ્ત્રી. વિશેષનામ

## ऋ

**ऋजुता** સ્ત્રી. પ્રામાણિકપણું
**ऋतुपर्ण** પું. વિશેષનામ, એક રાજા
**ऋत्विज्** પું. યજ્ઞ કરનારો
**ऋध्** ગ. ૪, પરસ્મૈ. **सम्+ऋध्**
આબાદ થવું
**ऋषि** પું. ઋષિ
**ऋष्यशृङ्ग** પું. રામનો બનેવી

## ए

**एक** સર્વ. એક
**एतादृश** વિશે. આ જાતનું, આવું
**एलापुर** ન. શહેરનું નામ, વેરુળ
**एव** (અવ્યય) નક્કી, જ
**एवम्** (અવ્યય) એ પ્રમાણે

## ओ

**ओदन** પું. ભાત

## औ

**औषध** ન. ઔષધ, ઓસડ

## क

**कञ्चुकिन्** પું. કંચુકી, અંતઃપુરનો
વડો અધિકારી
**कट** પું. સાદડી
**कण्टक** પું. કાંટો
**कण्ठ** પું. કંઠ, ગળું
**कत्थ्** ગ. ૧, આત્મને. વખાણવું,
ખુશામત કરવી
**कथ्** ગ. ૧૦, કથન કરવું, કહેવું
**कथम्** (અવ્યય) કેમ શી રીતે
**कथा** સ્ત્રી. કથા, વાત
**कदर्य** પું. કંજૂસ માણસ
**कदा** (અવ્યય) ક્યારે
**कनीयस्** વિશે. વધારે નાનું, નાનું
**कन्या** સ્ત્રી. કન્યા, કુમારિકા
**कपट** ન. કપટ
**कपि** પું. વાંદરો

**कपिल** પું. એક ઋષિનું નામ
**कपोल** પું. ગાલ
**कबरी** સ્ત્રી. અંબોડો, વેણી
**कम्प्** ગ. ૧, આત્મને. કંપવું, હાલવું
**कमल** ન. કમળનું ફૂલ
**कर** પું. હાથ
**करभक** પું. હાથીનું બચ્ચું
**कर्ण** પું. કાન, કર્ણ રાજા
**कर्तव्य** ન. કર્તવ્ય
**कर्तृ** વિશે. કર્તા, કરનાર
**कर्पूरतिलक** પું. વિશેષનામ
**कर्पूरतिलकसमीपम्** કર્પૂરતિલકની પાસે
**कर्मन्** ન. કર્મ, કામ
**कलङ्क** પું. કલંક, ડાઘ
**कलह** પું. કલહ, કજિયો, કંકાસ
**कला** સ્ત્રી. કળા
**कलि** પું. કળિ, ટંટો
**कल्याण** ન. કલ્યાણ
**कवि** પું. કવિ
**कवीश** પું. (**कवि+ईश** પું. રાજા) કવિરાજ
**काञ्चन** ન. સોનું
**कान्ता** સ્ત્રી. વહાલી, વહુ
**कान्ति** સ્ત્રી. કાંતિ, શોભા
**काम** પું. ઇચ્છા
**कारण** ન. કારણ
**कारागृह** ન. કારાગૃહ, કેદખાનું, જેલ
**कारुणिक** વિશે. કરુણાયુક્ત, દયાળુ
**कारुण्य** ન. કરુણા, દયા
**कार्तिक** પું. કાર્તિક મહિનો
**कार्य** ન. કાર્ય, કામ
**काल** પું. કાળ, વખત
**काश्** ગ. ૧, આત્મને. (**प्र** ઉપ. સાથે) પ્રકાશવું, ચળકવું
**काष्ठ** ન. કાષ્ઠ, લાકડું
**कासार** પું. તળાવ
**किङ्कर** પું. ચાકર
**किन्तु** (અવ્યય) પરન્તુ, પણ
**किरि** પું. ભૂંડ
**किल** (અવ્યય) ખરેખર
**कीचक** પું. વિરાટરાજાનો સેનાપતિ
**कीर्ति** સ્ત્રી. કીર્તિ
**कुटुम्बिन्** પું. કુટુંબનું માણસ
**कुण्ठित** ( **कुण्ठ्** નું ભૂ. કૃ. ) અટકાયેલું, રોકાયેલું
**कुतः** (અવ્યય) ક્યાંથી
**कुत्र** (અવ્યય) ક્યાં
**कुप्** ગ. ૪, પરસ્મૈ. કોપ કરવો, ગુસ્સે થવું
**कुमारी** સ્ત્રી. કુંવારી, કુમારિકા
**कुम्भकार** પું. કુંભાર
**कुरु** પું. (બ. વ.) એક દેશનું નામ
**कुर्वत्** (**कृ**નું પરસ્મૈ. વ. કૃ.) કરતું

**कुर्वाण** (कृनुं આત્મને. વ. કૃ.) કરતું
**कुलीन** વિશે. કુળવાન
**कुश** પું. રામના પુત્રનું નામ
**कुशलिन्** વિશે. કુશળ, સુખી
**कुस्** ગ. ૪. પરસ્મૈ. ભેટવું
**कुसुम** ન. ફૂલ
**कूप** પું. કૂવો
**कूर्म** પું. કાચબો
**कृ** કરવું; **अधि+कृ** અધિકાર આપવો, ઠરાવવું; **अलम्+कृ** અલંકૃત કરવું, શણગારવું; **आविस्+कृ** (**आविष्कृ**) દેખાડવું, બતાવવું
**कृत** (कृनुं ભૂ. કૃ.) કરાયેલું
**कृतज्ञता** સ્ત્રી. કૃતજ્ઞતા
**कृति** સ્ત્રી. કૃત્ય, કામ
**कृते** (અવ્યય) માટે, સારુ, વાસ્તે
**कृपा** સ્ત્રી. કૃપા, મહેરબાની
**कृष्** ગ. ૧, પરસ્મૈ. અથવા ગ. ૬, ઉભય. આકર્ષણ કરવું, ખેડવું
**कृषीवल** પું. ખેડૂત
**कृष्ण** પું. કૃષ્ણ
**क्लृप्** ગ. ૧, આત્મને. સમર્થ થવું
**केवल** વિશે. કેવળ
**केवलम्** (અવ્યય) કેવળ, માત્ર
**कैकेयी** સ્ત્રી. દશરથ રાજાની એક રાણીનું નામ
**कोश** પું. ભંડાર
**कौमुदी** સ્ત્રી. ચાંદની
**कौशल** ન. કુશળતા, હોશિયારી, પ્રવીણતા
**कौशाम्बी** સ્ત્રી. એક શહેર
**कौशिक** પું. **कुशिक**નો વંશજ
**क्रमेण** (**क्रम** શબ્દની તૃતીયાનું એકવચન) ધીમેધીમે, આસ્તે
**क्रीड्** ગ. ૪, પરસ્મૈ. ક્રીડા કરવી, ખેલવું, રમવું
**क्रीडा** સ્ત્રી. ક્રીડા, રમત
**क्रीत** (**क्री**નું ભૂ કૃ.) વકરાથી લીધેલું. ખરીદેલું
**क्रुध्** ગ. ૪, પરસ્મૈ. ક્રોધ કરવો, ગુસ્સે થવું
**क्रोध** પું. ક્રોધ
**क्रोश** પું. કોશ, ગાઉ
**क्लेश** પું. ક્લેશ, દુઃખ
**क्व** (અવ્યય) ક્યાં
**क्षम्** ગ. ૧, આત્મને. ક્ષમા કરવી, માફ કરવું, ખમવું
**क्षम्** (**क्षाम्**) ગ. ૪, પરસ્મૈ. ક્ષમા કરવી, માફ કરવું
**क्षमा** સ્ત્રી. ક્ષમા, માફી
**क्षयिन्** વિશે. ક્ષય પામતું, ઓછું થતું
**क्षल्** (**क्षाल्**) ગ. ૧૦, ધોવું; **प्र+क्षल्** પખાળવું ધોવું
**क्षि** (**क्षिय्**) ગ. ૧, પરસ્મૈ. ક્ષય થવો, ઘસાઈ જવું

**क्षिप्** ग. ६, ઉભય. ફેંકવું
**क्षुद्र** વિશે. ક્ષુદ્ર, તુચ્છ, હલકું
**क्षुभ्** ગ. ४, પરસ્મૈ. ખળભળવું, ગભરાવું
**क्षुधित** વિશે. ક્ષુધિત, ભૂખ્યો
**क्षेत्र** ન. ક્ષેત્ર, ખેતર
**क्षेत्रगामिन्** વિશે. તીર્થ ભણી જતું

**ख**

**खञ्ज** પું. લંગડો; વિશે. લંગડું
**खड्ग** પું. ખડગ, તલવાર
**खन्** ગ. ૧, ઉભય. ખણવું, ખોદવું, **उद्+खन्** ખોદવું
**खनित्र** ન કોદાળો
**खल** પું. લુચ્ચો

**ग**

**गङ्गा** સ્ત્રી. ગંગા નદી
**गच्छत्** (**गम्** ગ. ૧, પરસ્મૈ.નું વ. કૃ.) જતું.
**गज** પું. હાથી
**गण्** ગ. ૧૦, ગણવું, ધારવું, ગણકારવું
**गत** ( **गम्**નું ભૂ. કૃ. ) ગયેલું
**गति** સ્ત્રી. ગતિ
**गन्तृ** વિશે. ગમન કરનાર, જનાર
**गन्धर्व** પું. ગંધર્વ, સ્વર્ગમાં રહેનારા દેવોની એક જાત
**गम्** [**गच्छ्**] ગ. ૧, પરસ્મૈ. ગમન કરવું, જવું; **अधि+गम्** મેળવવું **अनु+गम्** અનુસરવું, પાછળ જવું; **अव+गम्** જાણવું; **निर्+गम्** નીકળવું; **शरणम्** કે **वशम्+गम्** શરણે જવું, તાબે થવું **सम्+गम्** (આત્મને.) એકઠા થવું, મળવું; **प्रति+आ+गम्** પાછા આવવું
**गमन** ન. ગમન, જવું એ
**गर्ता** સ્ત્રી. ખાડો
**गर्ह्य** વિશે. નિંદવા લાયક
**गल्** ગ. ૧, પરસ્મૈ. ગળવું, ટપકવું
**गल्भ्** ગ. ૧, આત્મને. ( **प्र** સાથે ) બડાઈ મારવી
**गात्र** ન. અવયવ
**गान** ન. ગાયન
**गाह्** ગ. ૧, આત્મને. (**अव** સાથે) નાહવું
**गायक** પું. ગાયક, ગવૈયો
**गिरि** પું. ગિરિ, પર્વત
**गीत** ન. ગીત
**गुण** પું. ગુણ
**गुणज्ञ** વિશે. (**गुण** ગુણ+**ज्ञा** જાણવું) ગુણ જાણનાર
**गुणवत्** વિશે. ગુણવાન
**गुणिन्** વિશે. ગુણવાન
**गुरु** વિશે. ગુરુ, લાંબું
**गुरु** પું. ગુરુ, આચાર્ય, પૂજ્ય માણસ

**गृध्रराज** પું. ગીધ પક્ષીઓનો રાજા, જટાયુ જે દશરથનો મિત્ર થાય
**गृह** ન. ઘર
**गेहिनी** સ્ત્રી. વહુ
**गै** ગ. ૧, પરસ્મૈ. ગાવું
**गोत्र** ન. ગોત્ર, કુળ
**गोदावरी** સ્ત્રી. ગોદાવરી નદી
**गोप** પું. ગોપ, ગોવાળ
**गोष्ठ** પું. ન. ગાયની ગમાણ
**ग्रथन** ન. ગૂંથવું એ
**ग्रन्थ** પું. ગ્રંથ, પુસ્તક
**ग्रहण** ન. ગ્રહણ કરવું એ, પકડવું એ
**ग्राम** પું. ગામ
**ग्रीष्म** પું. ગ્રીષ્મઋતુ, ઉનાળો

### घ

**घट** પું. ઘડો
**घुष्** ગ. ૧૦, જાહેર કરવું
**घृत** ન. ઘી

### च

**च** (અવ્યય) અને
**चकोर** પું ચકોર પક્ષી
**चक्र** ન. ચક્ર, પૈડું
**चक्षुस्** ન. ચક્ષુ, આંખ
**चञ्चल** વિશે. ચંચળ, ચપળ
**चण्ड** વિશે. પ્રચંડ, ઉગ્ર
**चन्द्र** પું. ચંદ્ર
**चन्द्रापीड** પું. એક રાજપુત્રનું નામ
**चर्** ગ. ૧. પરસ્મૈ. ચાલવું; **आ+चर्** આચરણ કરવું
**चरित** ન. ચરિત્ર, આચરણ
**चर्मन्** ન. ચામડું
**चल्** ગ. ૧, પરસ્મૈ. ચાલવું, વળવું
**चातुर्य** ન. ચતુરાઈ
**चाप** પું. કામઠું
**चारु** વિશે. સુંદર
**चित्त** ન. ચિત્ત
**चित्रकूट** પું. એક પહાડનું નામ
**चिन्त्** ગ. ૧૦, ચિંતન કરવું, વિચારવું
**चिन्ता** સ્ત્રી. ચિંતા, ફિકર
**चिन्तित** (**चिन्त्**નું ભૂ. કૃ.) ચિંતિત, ચિંતન કરેલું, વિચારાયેલું
**चिर** વિશે. ચિરકાળનું, લાંબા વખતનું
**चिरम्** (અવ્યય) ચિરકાળ, લાંબા વખત સુધી
**चिह्न** ન. ચિહ્ન
**चुर्** (**चोर्**) ગ. ૧૦, ચોરવું
**चोदयत्** (**चुद्** ગ. ૧૦, નું વર્તમાન કૃદંત) પ્રેરતું, હાંકતું
**चोर** પું. ચોર
**चौर्य** ન. ચોરી

### छ

**छन्दस्** ન. છંદ, વેદ
**छन्न** ( **छद्**નું કર્મણિ ભૂતકૃદંત ) ઢાંકેલું, સંતાડેલું

**छात्र** પું. વિદ્યાર્થી, શિષ્ય
**छाया** સ્ત્રી. છાયા
**छिद्** (કર્મણિપ્રયોગમાં) કપાવું

**ज**

**जगत्** ન. જગત
**जगत्कर्तृ** પું. જગતનો રચનાર, પરમેશ્વર
**जन्** [**ज्ञा**] ગ. ૪, આત્મને. જન્મવું, ઉત્પન્ન થવું
**जन** પું. (એક) જણ, માણસ, લોક
**जनक** પું. બાપ, સીતાનો બાપ
**जननी** સ્ત્રી. મા
**जम्बूक** પું. શિયાળ
**जयत्** (**जि** ગ. ૧, પરસ્મૈ. નું વ. કૃ.) જીતતું, વિજયી
**जयन्त** પું. ઇંદ્રનો પુત્ર
**जरठ** પું. ઘરડો માણસ
**जरा** સ્ત્રી. ઘડપણ
**जल** ન. જળ, પાણી
**जल्प्** ગ. ૧, પરસ્મૈ. બડબડવું
**जव** પું. ઉતાવળ, ત્વરા
**जाड्य** ન. આળસ, સુસ્તી
**जात** (**जन्**નું ભૂ. કૃ.) જન્મેલું
**जाति** સ્ત્રી. જાતિ
**जामातृ** પું. જમાઈ
**जायापति** પું. (દ્વિ.) વરવહુ
**जाल** ન. જાળ
**जाल्म** પું. લુચ્ચો, ઠગ
**जि** ગ. ૧, પરસ્મૈ. જય પામવો જીતવું; **वि+जि** આત્મને. વિજય પામવો, જીતવું
**जिह्वा** સ્ત્રી. જીભ
**जिह्वाग्र** ન. (**जिह्वा** સ્ત્રી. જીભ+**अग्र** ન. ટોચ) જીભનું ટેરવું
**जीर्ण** (**जॄ** નું ભૂ. કૃ.) જીર્ણ
**जीव्** ગ. ૧, પરસ્મૈ. જીવવું
**जीव** પું. જીવ
**जीविका** સ્ત્રી. આજીવિકા
**जीवित** ન. જીવિત, જિંદગી
**जेतृ** વિશે. જીતનાર
**ज्यायस्** વિશે. વધારે મોટું
**ज्योत्स्ना** સ્ત્રી. ચાંદની
**ज्ञा** જ્ઞાન થવું, જાણવું
**ज्ञाति** સ્ત્રી. સગું
**ज्ञान** ન. જ્ઞાન
**ज्ञानामृत** ન. (**ज्ञान** ન. જ્ઞાન + **अमृत** ન. અમૃત) જ્ઞાનરૂપી અમૃત

**ड**

**डिम्भ** પું. બાળક
**डी** ગ. ૧, આત્મને. ઊડવું

**त**

**तड्** (**ताड्**) ગ. ૧૦, તાડન કરવું, મારવું

**तडाग** પું. તળાવ
**तण्डुल** પું. ચોખા
**ततः** (અવ્યય) તેથી, પછી
**तत्त्व** ન. તત્ત્વ
**तत्र** (અવ્યય) ત્યાં
**तथा** (અવ્યય) તે પ્રમાણે
**तदा** (અવ્યય) ત્યારે
**तनय** પું. તનય, દીકરો
**तनु** વિશે. નાનું, થોડું
**तन्त्र्** ગ. ૧૦, આત્મને. સાંભળવું, રક્ષણ કરવું
**तप्** ગ. ૧, પરસ્મૈ. તપવું
**तपस्** ન. તપ
**तमस्** ન. તમ, અંધારું
**तमिस्रा** સ્ત્રી. રાત
**तरु** પું. ઝાડ
**तस्थिवस्** વિશે. ઊભેલું
**ताडन** ન. મારવું એ
**तारक** ન. તારો
**तारागण** પું. (**तारा** સ્ત્રી. તારો + **गण** પું. જથ્થો) તારાનો જથ્થો
**तालु** ન. તાળવું
**तिल** પું. તલ
**तीर** ન. તીર, તટ, કાંઠો
**तु** (અવ્યય) પરંતુ પણ, (વાક્યની શરૂઆતમાં વપરાતો નથી)
**तुद्** ગ. ૬, ઉભય. કનડવું, દુઃખ દેવું
**तुल्** (**तोल्**) ગ. ૧૦, તોળવું
**तुल्य** વિશે. તુલ્ય, સરખું
**तुष्** ગ. ૪, પરસ્મૈ. સંતોષ પામવો, ધરાવું
**तूल** પું. કપાસ, રૂ
**तूष्णीम्** (અવ્યય) મૂંગાં, શાંતતાથી
**तृण** ન. તરણું, તણખલું
**तृषित** વિશે. તરસ્યું
**तृष्णा** સ્ત્રી. તૃષ્ણા, તરસ, ઇચ્છા, લોભ
**तॄ** ગ. ૧, પરસ્મૈ. તરવું, ઓળંગવું; **अव+तॄ** ઊતરવું
**तेजस्** ન. તેજ
**त्यज्** ગ. ૧, પરસ્મૈ. તજવું
**त्याग** પું. ત્યાગ
**त्वर्** ગ. ૧, આત્મને. ઉતાવળ કરવી, અધીરા થવું
**त्वष्टृ** પું. વિશ્વકર્મા, દેવોનો શિલ્પી

## द

**दक्ष** વિશે. ઉદ્યોગી, ખંતીલું, મહેનતુ
**दक्षिणा** સ્ત્રી. દક્ષિણા
**दण्ड्** ગ. ૧૦, દંડવું, સજા કરવી
**दण्ड** પું. લાકડી; શિક્ષા
**दण्डका** સ્ત્રી. એ નામનું વિંધ્યાચળ ઉપરનું જંગલ
**दरिद्र** વિશે. દરિદ્રી, ગરીબ
**दर्शन** ન. દર્શન, દેખાવ

**दर्शनीय** વિશે. દર્શન કરવા યોગ્ય, ખૂબસૂરત
**दशरथ** પું. સૂર્યવંશી રાજા, રામનો બાપ
**दह्** ગ. ૧, પરસ્મૈ. દાહ કરવો, બાળવું
**दा** (કર્મણિરૂપ **दी**) દાન કરવું, આપવું
**दा [यच्छ्]** ગ. ૧, પરસ્મૈ. દાન કરવું આપવું; **प्र+दा** આપવું; દાન કરવું; **प्रति+दा** બદલે આપવું
**दातृ** વિશે. દાતા, દાતાર, આપનાર
**दारिद्र्य** ન. દળદર, ગરીબપણું
**दारुण** વિશે. ભયંકર, ઘોર
**दासजन** પું. (**दास** પું. દાસ+**जन** પું. જણ, માણસ) દાસ, ચાકર
**दासी** સ્ત્રી. દાસી
**दिन** ન. દિવસ
**दिवा** (અવ્યય) દિવસે
**दिवौकस्** પું. દેવ
**दिश्** સ્ત્રી. દિશા
**दिश्** ગ. ૬, ઉભય. દેખાડવું, બતાવવું **आ+दिश्** ફરમાવવું; **उप+दिश्** ઉપદેશ કરવો, સમજાવવું શિખવવું; **निर्+दिश्** બતાવવું દેખાડવું
**दीन** વિશે. દીન, ગરીબ
**दीप** પું. દીવો
**दीर्घ** વિશે. દીર્ઘ, લાંબુ
**दुःख** ન. દુઃખ
**दुःखित** વિશે. દુઃખી
**दुःखोदधि** પું. (**दुःख** ન. દુઃખ + **उदधि** પું. સમુદ્ર) દુઃખનો દરિયો
**दुराचार** પું. દુષ્ટઆચાર, ખરાબચાલ
**दुराप** વિશે. દુર્લભ, મુશ્કેલીથી મળી શકે એવું
**दुर्ग** ન. સંકટ, કિલ્લો
**दुर्गा** સ્ત્રી. દુર્ગા, દેવીનું નામ
**दुर्जन** દુર્જન, ખરાબ માણસ
**दुर्दशा** સ્ત્રી. અવદશા, માઠી હાલત
**दुर्भिक्ष** ન. દુકાળ
**दुर्वासस्** પું. દુર્વાસા ઋષિ
**दुष्कृत** ન. દુષ્કૃત, દુષ્ટ કામ
**दुष्कृति** સ્ત્રી. ખરાબ કામ
**दुष्ट** (**दुष्** ગ. ૪, પરસ્મૈ. નું ભૂ. કૃ.) દુષ્ટ
**दुहितृ** સ્ત્રી. દીકરી
**दूत** પું. દૂત, જાસૂસ
**दूर** વિશે. દૂર
**दूरम्** (અવ્યય) દૂર
**दूषित** (**दुष्** પ્રેરકનું ભૂ. કૃ.) દોષવાળું, અપવિત્ર કરાયેલું
**दृढम्** (અવ્યય) દઢ, મજબૂત રીતે

**दृश्** (**पश्य्**) ગ. ૧, પરસ્મૈ. દર્શન કરવું, જોવું
**दृषद्** સ્ત્રી. પથ્થર
**दृष्ट** (**दृश्** નું ભૂ. કૃ.) દીઠેલું
**दृश्य** વિશે. દશ્ય, દેખાય એવું
**दृष्टिप्रसाद** પું. (**दृष्टि** સ્ત્રી. નજર **प्रसाद** પું. મહેરબાની) જોવાની મહેરબાની, નિધા
**दृ** (**दार्**) ગ. ૧૦, ફાડવું
**देव** પું. દેવ, ઈશ્વર
**देवता** સ્ત્રી. દેવ
**देवदत्त** પું. વિશેષનામ
**देवदारु** પું. દેવદાર
**देवायतन** ન. દેવાલય, દેવળ
**देवी** સ્ત્રી. દેવી
**देवृ** પું. દિયર
**देश** પું. દેશ
**देह** પું. દેહ
**दैन्य** ન.દીનપણું,ગરીબપણું,હલકાપણું
**दैव** ન. દૈવ, નસીબ
**द्यावापृथिवी** સ્ત્રી. (દ્વિવચનમાં) આકાશ અને પૃથ્વી
**द्युत्** ગ. ૧, આત્મને. પ્રકાશવું
**द्रव्य** ન. દ્રવ્ય, ધન
**द्रष्टृ** વિશે. દર્શન કરનાર, જોનાર
**द्रु** ગ. ૧, પરસ્મૈ. ગળવું, પીગળવું, દયાથી પીગળવું
**द्रुतम्** (અવ્યય) જલદી, તરત
**द्रुह्** ગ. ૪, પરસ્મૈ. દ્રોહ કરવો
**द्वारका** સ્ત્રી. એક શહેરનું નામ
**द्विज** પું. બ્રાહ્મણ
**द्वीप** પું. દ્વીપ, બેટ; ખંડ
**द्वेष्टृ** પું. શત્રુ; વિશે. દ્વેષી, દ્વેષ કરનાર

## ध

**धन** ન. ધન
**धनपति** પુ. કુબેર
**धनभाज्** વિશે. ધનાઢ્ય
**धनिक** પું. ધનિક; વિશે. ધનાઢ્ય
**धनुस्** ન. ધનુષ, કામઠું
**धर्म** પું. ધર્મ, ફરજ,
**धा** ( **धी** કર્મણિ પ્રયોગમાં ) **अभि+धा** બોલાવવું, નામ દેવું–આપવું; **नि+धा** મૂકવું
**धातृ** પું. પેદા કરનાર, પરમેશ્વર
**धान्य** ન. ધાન્ય, અનાજ,
**धार्तराष्ट्र** પું. ધૃતરાષ્ટ્રનો પુત્ર
**धाव्** ગ. ૧, પરસ્મૈ. ધાવું, દોડવું
**धीमत्** વિશે. ડાહ્યું, બુદ્ધિમાન
**धीर्** ગ. ૧૦, **अव+धीर्** તિરસ્કારવું
**धीर** વિશે. ધીર, ધીરજવાન, હિંમતવાળું
**धीर** પું. ધૈર્યવાન માણસ,ડાહ્યો માણસ
**धूर्जटि** પું. શિવ
**धृ** ગ. ૧૦ ઉભય. ધારવું, ધીરવું

**धृ** ગ. ૧, ઉભય. પકડવું; **उद्+धृ** ઉદ્ધાર કરવો, છોડાવવું
**धृति** સ્ત્રી. ધીરજ, હિંમત
**धेनु** સ્ત્રી. ધેનુ, ગાય
**ध्यान** ન. ધ્યાન
**ध्रुव** વિશે. સ્થિર
**ध्वंस्** ગ. ૧, આત્મને. નાશ પામવું
**ध्वनि** પું. અવાજ, શબ્દ

## न

**न** (અવ્યય) નહિ
**न कदापि** (અવ્યય) કદીએ નહિ
**नख** ન. નખ
**नगर** ન. નગર, શહેર
**नगरी** સ્ત્રી. શહેર
**नटी** સ્ત્રી. નટી
**नद** પું. નદી
**नदी** સ્ત્રી. નદી
**ननान्दृ** સ્ત્રી. નણંદ
**नन्द्** ગ. ૧, પરસ્મૈ. **अभि+नन्द्** ખુશ થવું, આનંદ પામવો, ચાહવું
**नन्दिनी** સ્ત્રી. છોકરી
**नप्तृ** પું. દીકરાનો દીકરો, પૌત્ર
**नभस्** ન. આકાશ
**नम्** ગ. ૧, પરસ્મૈ. નમવું; **अव+नम्** નમવું, નમી જવું
**नमस्** (અવ્યય) નમસ્કાર
**नयन** ન. નયન, નેણ, આંખ
**नर** પું. નર, પુરુષ
**नल** પું. નળરાજા
**नव** વિશે. નવું
**नश्** ગ. ૪, પરસ્મૈ. નાશ પામવું
**नष्ट** (**नश्**નું ભૂ. કૃ.) નાશ પામેલું
**नाग** પું. હાથી
**नाट्** ગ. ૧૦, ઉભય. ભજવવું
**नाटक** ન. નાટક
**नाम** (અવ્યય) નામે, એટલે કે
**नामन्** ન. નામ
**नायक** પું. નાયક, આગેવાન
**नारद** પું. એક દેવઋષિ
**नारायण** પું. વિશેષનામ
**नारी** સ્ત્રી. નારી, સ્ત્રી
**नाविक** પું. નાવ ચલાવનાર, ખલાસી
**नाश** પું. નાશ
**नित्यम्** (અવ્યય) નિત્ય, નિત, હમેશ
**निधि** પું. ભંડાર
**निन्द्** ગ. ૧, પરસ્મૈ. નિંદવું
**निन्दा** સ્ત્રી. નિંદા
**निपुण** વિશે. હોશિયાર
**निमग्न** (**नि+मस्ज्**નું ભૂ. કૃ.) ડૂબેલું
**निमित्त** ન. નિમિત્ત, કારણ, હેતુ
**निरतिशय** વિશે. પૂર્ણ, અપ્રતિમ, અનુપમ, જેનાથી બીજું ચડિયાતું ન હોય તેવું
**निरस्त** (**निर्+अस्** ગ. ૪, પરસ્મૈ.નું ભૂ.કૃ.) વિખરાયેલું, નાશ કરાયેલું

**निरूपित** (**नि+रूप्**નું ભૂ. કૃ.) જોવાયેલું, ખોળી કઢાયેલું
**निर्देश** પું. સૂચના
**निर्बन्ध** પું. કાલાવાલા, આજીજી
**निर्मित** (**निर्+मा**નું ભૂ. કૃ.) નિર્માણ કરેલું, સરજાયેલું, ઉપજાવાયેલું કરાયેલું
**निर्वृतिमत्** વિશે. નિરાંતવાળું
**निवृत्त** (**नि+वृत्**નું ભૂતકૃદંત) પાછું આવેલું
**निवेशित** (**नि+विश्**ના પ્રેરક પ્રયોગનું કર્મણિ ભૂતકૃદંત) મૂકેલું
**निशा** સ્ત્રી. રાત
**निशाचर** પું. દૈત્ય
**निशित** વિશે. તીક્ષ્ણ ધારવાળું
**निश्चेष्ट** વિશે. સ્તબ્ધ, સ્થિર, નિશ્ચળ
**निषण्ण** ( **नि+सद्** નું ભૂતકૃદંત ) બેઠેલું
**निष्क** પું. સોનામહોર
**निष्णात** (**नि+स्ना**નું ભૂ. કૃ.) પ્રવીણ
**निष्फल** વિશે. ફળરહિત, અર્થ વિનાનું
**नी** ગ. ૧, ઉભય. લઈ જવું, દોરી જવું; **आ+नी** આણવું, લાવવું; **परि+नी** પરણવું; **प्र+नी** રચવું **अप+नी** ખસેડવું; **वि+नी** શિખવવું, વિનય શિખવવો
**नीचैराख्य** વિશે. (**नीचैस्+आख्या** સ્ત્રી. નામ) જેનું નામ **नीचैस्** છે તે
**नीति** સ્ત્રી. નીતિ, રાજનીતિ
**नृ** પું. નર, પુરુષ
**नृत्** ગ. ૪, પરસ્મૈ. નૃત્ય કરવું
**नृत्य** ન. નૃત્ય
**नृप** પું. રાજા
**नृपति** પું. રાજા
**नृपत्व** ન. રાજાપણું
**नृशंस** વિશે. ક્રૂર, દુષ્ટ
**नेत्र** ન. નેત્ર, આંખ
**नैयायिक** પું. ન્યાયશાસ્ત્રી
**नौ** સ્ત્રી. વહાણ; **कायनौ** સ્ત્રી. શરીર-રૂપી વહાણ
**न्याय** પું. ન્યાયશાસ્ત્ર
**न्यायसभा** સ્ત્રી. (**न्याय** પું. ઈન્સાફ અને **सभा** સ્ત્રી. કચેરી ) ઇન્સાફની કચેરી

**प**

**पक्षिन्** પું. પક્ષી, પંખી
**पङ्क** પું. કાદવ
**पच्** ગ. ૧, ઉભય. પાક કરવો, રાંધવું
**पञ्चवटी** સ્ત્રી. પંચવટી
**पञ्जर** પું. પાંજરું
**पठ्** ગ. ૧, પરસ્મૈ. પાઠ શીખવો, ભણવું, શીખવું
**पण्डित** પું. પંડિત

**पण्य** ન. મૂલ્ય, **पुण्यपण्य** ન. પુણ્યરૂપી કીમત
**पत्** ગ. ૧, પરસ્મૈ. પતન પામવું, પડવું; **आ+पत्** બનવું; **उद्+पत्** ઊડવું; ફરવું
**पतन** ન. પડવું એ
**पतित** (**पत्**નું ભૂ. કૃ.) પડેલું
**पत्ति** પું. પાળો
**पत्नी** સ્ત્રી. પત્ની, વહુ
**पथ्य** ન. શરીરને સુખ કરી આપે એવું ઓસડ, હિતકારક વસ્તુ
**पद्** ગ. ૪, આત્મને. **उद्+पद्** ઊપજવું, ઉત્પન્ન થવું; **निस्+पद्** નીપજવું, **प्रति+पद्** તરફ જવું, કરવું
**पद** ન. પગલું
**पद्म** ન. કમળ
**पयस्** ન. પાણી
**पर** વિશે. પરમ, શ્રેષ્ઠ
**परकीय** વિશે. પારકું
**परम्** (અવ્યય) તોપણ
**परम** વિશે. પરમ, અત્યંત
**परवत्** વિશે. પરાધીન
**परशु** પું. ફરશી, કુહાડો
**परशुराम** પું. પૃથ્વી નક્ષત્રી કરનાર બ્રાહ્મણ યોદ્ધો
**पराक्रम** પું. પરાક્રમ
**परार्ध** પું. પાછલો અર્ધ ભાગ
**परिणाम** પું. પરિણામ
**परिहर्तव्य** વિશે. તજવા લાયક
**परिहित** (**परि+धा**નું ભૂ. કૃ.) પહેરેલું
**पर्ण** ન. પાંદડું
**पर्याकुल** વિશે. વ્યાકુલ થયેલું, ગભરાયેલું
**पर्वत** પું. પર્વત
**पल्लव** પું. પલ્લવ, ફણગો
**पल्वल** પું. ન. તળાવડું
**पवन** પું. પવન
**पवि** પું. વજ્ર
**पशु** પું. પશુ
**पश्चात्** (અવ્યય) પછી
**पश्यत्** (**दृश्** ગ. ૧, પરસ્મૈ. નું વ. કૃ.) જોતું
**पा** [**पिब्**] ગ. ૧, પરસ્મૈ. પાન કરવું, પીવું (કર્મણિરૂપ **पी**)
**पांसु** પું. ધૂળ
**पाठ** પું. પાઠ
**पाठशाला** સ્ત્રી. પાઠશાળા
**पाणि** પું. હાથ
**पाण्डव** પું. પાંડુ રાજાનો પુત્ર
**पात** પું. પડવું એ, પતન
**पात्र** ન. યોગ્ય માણસ, યોગ્ય વસ્તુ
**पाद** પું. પગ
**पादप** પું. ઝાડ

पान्थ પું. મુસાફર, પંથે ચાલનારો
पाप ન. પાપ; વિશે. પાપી
पाप પું. પાપી માણસ
पार् ગ. ૧૦, પાર પામવું, ઓળંગવું
पार પું. પાર, છેડો
पारितौषिक ન. ઈનામ
पार्थिव પું. રાજા
पालक વિશે. પાળનાર
पिण्ड પું. પિંડ, પ્રેતને બળિદાનમાં આપેલો ભાતનો ગોળો
पितृ પું. પિતા, બાપ; દ્વિ. માબાપ
पितृव्य પું. કાકો
पीड् ગ.૧૦, પીડવું
पुच्छकावलम्बन ન. (पुच्छक ન. પૂંછડું + अवलम्बन ન. ટેકો) પૂંછડાનો ટેકો
पुण्य ન. પુણ્ય; વિશે. પવિત્ર
पुण्यवत् વિશે. પુણ્યવાન, પુણ્યશાળી
पुत्र પું. પુત્ર, દીકરો
पुत्रजन्मसम વિશે. દીકરાના જન્મ જેવું
पुत्रीकृत વિશે. ( पुत्र દીકરો +कृत કરેલું ) દીકરા તરીકે માનેલું, દત્તક લીધેલું
पुनर् (અવ્યય) ફરી
पुरस् (અવ્યય) આગળ, સામે
पुरतस् (અવ્યય) આગળ, સમક્ષ, રૂબરૂ
पुरा (અવ્યય) પૂર્વે
पुराण ન. પુરાણ; વિશે. પુરાણું
पुरी સ્ત્રી. પુરી, શહેર
पुरुष પું. પુરુષ, મરદ
पुष् ગ. ૪, પરસ્મૈ. પોસવું
पुष्पधारिन् વિશે. પુષ્પ ધરાવનારું, ફૂલવાળું
पुष्पित વિશે. પુષ્પવાળું, ફૂલેલું
पुस्तक ન. પુસ્તક
पूज् ગ. ૧૦, પૂજવું
पूज्य વિશે. પૂજ્ય
पूजा સ્ત્રી. પૂજા
पूजास्थान ન. સત્કારનું કારણ, પાત્ર
पूत (पूનુ ભૂ. કૃ.) પવિત્ર કરાયેલું, પાવન
पूर् ગ. ૧૦, પૂર્ણ કરવું, ભરવું
पूर्वार्ध પું. પહેલો અર્ધ ભાગ
पृथ्वी સ્ત્રી. પૃથ્વી
पृष्ट (प्रच्छ्નું ભૂ. કૃ.) પુછાયેલું
पौर પું. પુરવાસી, નગરવાસી
प्रकर्ष પું. ઉત્કૃષ્ટતા, અત્યંતતા
प्रकाश પું. પ્રકાશ
प्रकृति સ્ત્રી. પ્રધાનમંડળી, પ્રધાન; પ્રકૃતિ, સ્વભાવ
प्रकृतिसिद्ध વિશે. ( प्रकृति સ્ત્રી. સ્વભાવ + सिद्ध, सिध् ગ. ૧, કે ગ. ૪ નું ભૂ. કૃ.) સિદ્ધ થયેલું, સ્વભાવસિદ્ધ, સ્વાભાવિક

**प्रच्छ्** [पृच्छ्] ગ. ૬, પરસ્મ. પ્રશ્ન કરવો, પૂછવું; **आ+प्रच्छ्** (આત્મને.) નીકળતી વેળાએ પૂછવું, વિદાય લેવી
**प्रजा** સ્ત્રી. પ્રજા, રૈયત; સંતતિ
**प्रज्ञ** પુ. ડાહ્યો માણસ
**प्रतनु** વિશે. થોડું, નાનું
**प्रतिकृति** સ્ત્રી. છબી, નકલ
**प्रतिक्रिया** સ્ત્રી. બદલો, વેર વાળવું એ, વેર લેવાની રીત
**प्रतिज्ञात** ( **प्रति+ज्ञा**નું ભૂ. કૃ. ) પ્રતિજ્ઞા કરીને કહેલું, કબૂલેલું
**प्रतिपद्** સ્ત્રી. પડવો
**प्रतिष्ठापन** ન. સ્થાપના
**प्रतिहत** (**प्रति+हन्** નું કર્મણિ ભૂતકૃદંત) અડચણ કરેલી છે એવું, અટકાવેલું, બંધ કરેલું
**प्रत्यय** પું. વિશ્વાસ
**प्रथ्** ગ. ૧૦, પ્રસિદ્ધ કરવું
**प्रथम** વિશે. પ્રથમ, પહેલું
**प्रथमसुकृत** ન. (**प्रथम** પહેલું + **सुकृत** સત્કર્મ) પૂર્વનું સત્કર્મ
**प्रदेय** વિશે. આપવાનું, લગ્નમાં આપવા યોગ્ય
**प्रपन्न** ( **प्र+पद्** ગ. ૪, નું કર્મણિ ભૂતકૃદંત ) જોડાયેલું, યુક્ત
**प्रबल** વિશે. પ્રબળ, મજબૂત
**प्रभव** પું. ઉત્પત્તિસ્થાન, ઉત્પત્તિ
**प्रभा** સ્ત્રી. પ્રભા, તેજ
**प्रभु** પું પ્રભુ, ઈશ્વર
**प्रभूत** વિશે. પુષ્કળ
**प्रमदा** સ્ત્રી. જુવાન સ્ત્રી
**प्रमाण** ન. પ્રમાણ
**प्रयाग** ન. પ્રયાગ, અલાહાબાદ
**प्रवर्तन** ન, પ્રેરણા; સ્થાપના
**प्रवाह** પું. પ્રવાહ, વહેણ
**प्रविष्ट** (**प्र+विश्** નું ભૂ. કૃ.) પ્રવેશ કરેલું
**प्रवृत्ति** સ્ત્રી. પ્રવૃત્તિ, વલણ, માહિતી, ખબર
**प्रशस्य** વિશે. પ્રશંસાને પાત્ર, વખાણવા લાયક
**प्रश्रय** પું. સભ્યતા, વિનય
**प्रसन्न** **प्र+सद्**નું ભૂ. કૃ.) પ્રસન્ન, ખુશ
**प्रसाद** પું. કૃપા, મહેરબાની
**प्रस्थापित** ( **प्र+स्था**ના પ્રેરક પ્રયોગનું કર્મણિ ભૂ. કૃ.) મોકલેલું
**प्राची** સ્ત્રી. પૂર્વ દિશા
**प्राज्ञ** પુ. ડાહ્યો માણસ
**प्राण** પું. (બહુવચનમાં) પ્રાણ, જીવ
**प्राणिन्** પું. પ્રાણી
**प्रातर्** (અવ્યય) પ્રાતઃકાળે, પરોઢિયે સવારે
**प्राप्त** (**प्र+आप्** નું ભૂ. કૃ.) પ્રાપ્ત થયેલું, પામેલું, પહોંચેલું

प्रायस् (અવ્યય) ઘણું કરીને
प्रावीण्य ન. પ્રવીણતા હોંશિયારી
प्राश्निक પું. પ્રશ્ન કરનારો
प्रासाद પું. મહેલ
प्रासादतल ન. (प्रासाद પું. મહેલ +तल ન. પૃષ્ટ, મહેલની અગાશી
प्रिय વિશે. પ્રિય, વહાલું
प्रियंवदा સ્રી. શકુન્તલાની સખીનું નામ
प्रियतमा સ્રી. અતિપ્રિય સ્રી
प्रियवादिन् વિશે. મીઠું બોલનાર
प्रियवादित्व ન. મીઠાબોલાપણું
प्रियाप्रवृत्ति સ્રી. (प्रिया સ્રી. વહાલી +प्रवृत्ति સ્રી. ખબર) વહાલીની ખબર
प्री [प्रीण्] ગ. ૧૦, પ્રસન્ન કરવું, ખુશ કરવું
प्रीति સ્રી. પ્રીતિ, પ્રસન્નતા
प्रेमन् પું. ન. પ્રેમ, પ્રીતિ
प्रेयस् વિશે. વધારે પ્રિય, વધારે વહાલું, વહાલું

फ

फल ન. ફળ
फल् ગ. ૧, પરસ્મૈ. ફળરૂપ થવું, ફળદાયક થવું
फलाशिन् વિશે. ફળ ખાનાર

ब

बन्धु પું. બંધુ સગો
बल પું. બળ; લશ્કર
बलि પું. બળિદાન
बलि પું. બલિરાજા
बहिस् (અવ્યય) બહાર
बहु વિશે. બહુ
बहुशस् (અવ્યય) ઘણી વખત, વારંવાર
बाण પું. બાણ, તીર
बान्धव પું ભાઈ, સગો
बाल પું. બાળક, છોકરો
बाहु પું. બાહુ, હાથ
बाहुल्य ન. પુષ્કળતા, બહુપણું બહુ
बिडाल પું બિલાડો
बिन्दु પું. ટપકું, ટીપું
बिम्ब ન. બિંબ
बीज ન. બીજ, બી
बुद्धि સ્રી. બુદ્ધિ
बुद्धिप्रभाव પું. (बुद्धि બુદ્ધિ प्रभाव પું. શક્તિ) બુદ્ધિ શક્તિ
बुध् ગ. ૧, ઉભય. બોધ થવો જાણવું, સમજવું
बुध પું ડાહ્યો માણસ
ब्रह्मन् પું બ્રહ્મા; ન. પરબ્રહ્મ
ब्रह्मविद् વિશે. બ્રહ્મને જાણનાર તત્ત્વજ્ઞાની

ारण्य ન. એક જંગલનું નામ

ह्मण પું. બ્રાહ્મણ

ते (ब्रू ગ. ૨નું આત્મને. વર્ત- પુ. ૩ નું એક વ.) કહે છે.

भ

क्त (भज्‌નું ભૂતકૃદંત) તલ્લીન, તત્પર, પરાયણ

क्त પું. ભક્ત, ભગત

क्ति સ્ત્રી. ભક્તિ

क्ष् ગ. ૧૦, ભક્ષણ કરવું, ખાવું

गवत् વિશે. દિવ્ય, પૂજ્ય

गिनी સ્ત્રી. બ્હેન

गीरथ પું. એક સૂર્યવંશી રાજા

ङ्ग પું. ભંગ

ज् ગ. ૧, ઉભય. ભજવું, સેવવું, આશરો લેવો, પકડવું

द्र ન. ભલું, સુખ, કલ્યાણ

य ન. ભય

यंकर વિશે. ભયંકર

: પું. ભાર, વજન

र्तृ પું. ભર્તા, ધણી, શેઠ

वत् સર્વ. તું, તમે, આપ

वत्सकाश પું. ( भवत् આપ+ सकाश પું. પડોશ) આપની હજૂર

विष्यति (भूના ભવિષ્યકાળના પુ. ૩ નું એ. વ.) થશે

भागीरथी સ્ત્રી. ભાગીરથી, ગંગા

भार પું. ભાર

भारतवर्षीय પું. ભારતવર્ષનો એટલે હિંદુસ્તાનનો રહેવાસી

भार्या સ્ત્રી. ભાર્યા. વહુ

भावय (भूના પ્રેરકના આજ્ઞાર્થ પુ. ૨નું એ.વ.)કર, સમજ, બનાવ; संभाव्यते (પ્રેરક કર્મણિરૂપ) સંભવતું જણાય છે.

भाविन् વિશે. ભાવિ, થનાર, થવાનું

भाष् ગ. ૧, આત્મને. કહેવું; प्रति+भाष् જવાબ આપવો, ઉત્તર આપવો

भास्वरशुक्ल વિશે. ચળકતો ધોળો (રંગ)

भिक्ष् ગ. ૧, આત્મને. ભિક્ષા માગવી, ભીખવું

भिक्षा સ્ત્રી. ભિક્ષા

भिक्षुक પું. ભિક્ષુક, માગનાર, યાચક

भिद् ભેદવું

भीति સ્ત્રી. ભીતિ, બીક

भीम પું. પાંડુના બીજા દીકરાનું નામ

भीरु સ્ત્રી. બીકણ સ્ત્રી

भू ગ. ૧, પરસ્મૈ. હોવું, થવું; अनु+भू અનુભવવું; उद्+भू ઉત્પન્ન થવું, નીપજવું

भूत ન. પ્રાણી

**भूतार्थ** પું. સત્ય, વસ્તુતા
**भूति** સ્ત્રી. ચડતી, આબાદી
**भूप** પું. ભૂપ, રાજા
**भूभृत्** પું. રાજા, પર્વત
**भूमि** સ્ત્રી. ભૂમિ, ભોંય, પૃથ્વી
**भूयस्** વિશે. બહુ મોટું, વધારે મોટું
**भूरि** વિશે. બહુ
**भूष्** ગ. ૧૦, ભૂષિત કરવું, શણગારવું, શોભાવવું
**भूषण** ન. ભૂષણ, ઘરેણું
**भृ** ગ. ૧, ઉભય. ભરવું (કર્મણિરૂપ **भ्रियते**)
**भृत्य** પું. ચાકર
**भोग** પું. ઉપભોગ
**भोजन** ન. ભોજન, જમણ
**भोस्** (અવ્યય) અરે, અહો
**भ्रमर** પું. ભમરો, મધમાખ
**भ्रातृ** પું. ભ્રાતા, ભાઈ
**भ्रान्त** (**भ्रम्**નું ભૂ. કૃ.) ભ્રમમાં પડેલું, બાવરું

## म

**मणि** પું. મણિ
**मणिकार** પું. ઝવેરી
**मण्डप** પું. મંડપ, માંડવો
**मति** સ્ત્રી. મતિ, બુદ્ધિ
**मत्स्य** પું. માછલું
**मद्** [**माद्**] ગ. ૪. પરસ્મૈ. મ: હોવું, ગાંડા થવું, ભૂલ ખા **प्र+मद्** [**प्रमाद्**] ભૂલ કર ભૂલ ખાવી
**मद** પું. મદ
**मदन** પું. મદન, કામદેવ
**मदिरा** સ્ત્રી. મદિરા, દારૂ
**मदिराक्षी** સ્ત્રી. મનોહર નેત્રવાળી
**मधु** ન. મધ
**मधुकर** પું. મધ કરનારો, ભ્ર
**मधुरम्** (અવ્યય) મધુરે રીતે
**मन्** ગ. ૪, આત્મને. મા વિચારવું; **अनु+मन्** ક રાખવું; **अव+मन्** અપમ કરવું; અવજ્ઞા કરવી, તિરસ્ક કરવો
**मनःसंयम** પું. (**संयम** પું. નિગ્રહ મનને કબજામાં રાખવું એ
**मनस्** ન. મન
**मनु** પું. વિશેષનામ
**मन्त्र्** ગ. ૧૦, આત્મને. વિચાર **नि+मन्त्र्** ગ. ૧૦, નિમંત્ર કરવું, નોતરવું
**मन्त्र** પું. મંત્ર
**मन्द** વિશે. મંદ, ધીમું
**मयूर** પું. મોર
**मरण** ન. મરણ, મોત

ाहत् पुं. पवन, वायुदेव, देव
ाहत् विशे. महा, महान, मोटुं
ाहात्मन् पुं. महात्मा, महापुरुष
ाहारिपु पुं. ( रिपु पुं. शत्रु ) मोटो शत्रु
ाहिमन् पुं. महिमा
ाहिष पुं. पाडो
ाहिषासुर पुं. एक दैत्यनुं नाम
ाहिषी स्त्री. पटराणी
ाही स्त्री. पृथ्वी
ाहोत्सव पुं. महोत्सव
ा (अव्यय) ना, नहि
ा(निर् साथे) निर्माण करवुं, निपजाववुं; निर्मीयते (कर्मणिरूप)
ांस न मांस
ाणवक पुं. विशेषनाम
ातृ स्त्री. माता, मा
ाधुर्य न. मधुरपणुं, मीठाश
ानव पुं. माणुस, मानवी
ानिनी स्त्री. मानवाळी स्त्री
ारुत पुं. पवन, वायुदेव
ार्ग् ग. १०, परस्मै. शोधवुं
ार्ग पुं. मार्ग, रस्तो
ाला स्त्री, माळा
ाष पुं. अडद
ास पुं. मास, महिनो
ासचतुष्टय न. (मास पुं. महिनो +चतुष्टय न. चोकडुं ). चार महिना
मित्र न. मित्र
मित्रता स्त्री. मित्रता, मित्राई
मिलित्वा (मिल्नुं संबंधकभू. कृ.) मळीने
मुक (मुच्नुं भू. कृ. मुक्त), छूटुं थयेलुं
मुक्ता स्त्री. मोती
मुक्ति स्त्री. मुक्ति, मोक्ष
मुख न. मुख, मों
मुख्य विशे. मुख्य
मुच् [मुञ्च्] ग. ६, उभय. मुक्त करवुं, मूकवुं, छूटा करवुं
मुद् ग. १, आत्मने. खुश थवुं
मुष्टि पुं. मूठी
मुह् ग. ४, परस्मै. मोह पामवो, घेला थवुं, बेभान थवुं
मूक विशे. मूंगो, शांत
मूर्ख पुं. मूर्ख, मूरख
मूर्खशत न. ( शत न. सो ) सो मुर्खाओ
मूर्च्छ् ग. १, परस्मै. मूर्छा आववी, बेभान थवुं
मूर्ति स्त्री. मूर्ति, प्रतिमा
मूर्तिमत् विशे. मूर्तिमान, साक्षात्, प्रत्यक्ष

**मूर्धन्** પું. માથું, મસ્તક
**मूल** ન. મૂળ, તળિયું
**मृ [म्रिय्]** ગ. ૬, આત્મને. મરવું
**मृग्** ગ. ૧૦. આત્મને. શોધવું
**मृग** પું. હરણ
**मृत्यु** પું. મૃત્યુ, મોત
**मृद्** સ્ત્રી. માટી, મટોડી
**मृश्** ગ. ૬, પરસ્મૈ. **वि+मृश्** પારખ કરવી, પરીક્ષા કરવી
**मेघ** પું. મેઘ, વાદળું
**मेघजाल** ન. વાદળાનો જથ્થો
**मेदिनी** સ્ત્રી. પૃથ્વી
**मेधाविन्** વિશે. બુદ્ધિમાન, ડાહ્યું
**मेल** પું. મેળાપ, સંઘ
**मैत्रावरुण** પું. સોમયજ્ઞ કરાવનાર-માંનો એક ગોર
**मोक्ष** પું. મોક્ષ
**मोदक** પું. લાડુ
**मौक्तिक** ન. મોતી
**मौन** ન. મૂંગાપણું.

**य**

**यक्ष** પું. કુબેરનો સેવક
**यज्** ગ. ૧, ઉભય. યજ્ઞ કરવો, પૂજવું
**यजमान** પું. યજમાન, યજ્ઞ કરનાર
**यज्ञिय** વિશે. યજ્ઞ સંબંધી
**यत्** ગ. ૧, આત્મને. યત્ન કરવો, મથવું, મહેનત કરવી
**यत्** ( **उद्** સાથે=**उद्यत्** વર્ત. કૃદંત ), ઊગતું, તૈયાર થતું
**यति** પું. જતી, યોગી
**यतः** (અવ્યય) જેથી, કારણ કે
**यत्न** પું. યત્ન
**यत्र** (અવ્યય) જ્યાં
**यथा** (અવ્યય) જે પ્રમાણે, જેમ
**यदा** (અવ્યય) જ્યારે
**यदि** (અવ્યય) જો
**यन्त्र** ન. યંત્ર, સાંચો
**यशस्** ન. યશ, જશ
**यशस्वत्** વિશે. જશવાળું, પ્રખ્યાત
**याच्** ગ. ૧, ઉભ૰. યાચના કરવી, યાચવું, માગવું
**याचक** પું. યાચક, માગનાર
**यात** ( **या**નું ભૂ. કૃ. ) ગયેલું
**या**—**आ+या** આવવું; **सम्+आ+या** આવવું ( **समायात** ભૂ. કૃ. )
**यातृ** સ્ત્રી. દેરાણી, જેઠાણી
**यात्रिक** પું. યાત્રાળુ
**यावत्** (અવ્યય) જ્યાંસુધી
**युक्त** (**युज्**નું ભૂ. કૃ.) યુક્ત, જોડાયેલું
**युद्ध** ન. યુદ્ધ, લડાઈ
**युध्** સ્ત્રી. યુદ્ધ, લડાઈ
**युध्** ગ. ૪, આત્મને. યુદ્ધ કરવું, લડવું
**यूथ** ન. જથ્થો, ટોળું

**योगिन्** પું. યોગી, જોગી
**योजन** ન. જોજન, ચાર ગાઉ
**योध** પું. જોધો, લડવૈયો

**र**

**रक्ष्** ગ. ૧, પરસ્મૈ. રક્ષણ કરવું બચાવવું
**रक्षण** ન. રક્ષણ, બચાવ
**रक्षस्** ન. રાક્ષસ
**रक्षा** સ્ત્રી. રક્ષા, બચાવ, રક્ષણ
**रक्षित** (**रक्ष्**નું ભૂ. કૃ.) રક્ષાયેલું, બચાવાયેલું
**रक्षितृ** પું. રક્ષક; વિશે. રક્ષણ કરનાર
**रक्त** વિશે. રાતું, લાલ
**रघु** પું. (બહુ.) રઘુ રાજાના વંશજ
**रघुनाथ** પું. રઘુઓમાં શ્રેષ્ઠ, રામ
**रच्** ગ. ૧૦, રચવું, ગોઠવવું
**रजनी** સ્ત્રી. રાત
**रजस्** ન. રજ, ધૂળ, પરાગ
**रज्जु** સ્ત્રી. દોરડી
**रति** સ્ત્રી. કામદેવની સ્ત્રીનું નામ ખુશી, મજા
**रत्न** ન. રત્ન
**रथ** પું. રથ
**रथ्य** પું. ઘોડો
**रथ्या** સ્ત્રી. શેરી
**रभ्** ગ. ૧. આત્મને. આરંભ કરવો, હાથમાં લેવું; **आ+रभ्** શરુ કરવું
**रम्** ગ. ૧, આત્મને. રમવું, આનંદ થવો; **वि+रम्** પરસ્મૈ. થોભવું, બંધ થવું
**रमण** પું. વહાલો, ધણી
**रमा** સ્ત્રી. લક્ષ્મી
**रवि** પું. રવિ, સૂર્ય
**रस** પું. રસ
**राक्षस** પું. રાક્ષસ, દુષ્ટ પુરુષ
**राज्** ગ. ૧, પરસ્મૈ. અને આત્મને; **वि+राज्** વિરાજમાન થવું, શોભાયમાન દેખાવું
**राजद्वार** ન. ( **द्वार** ન. બારણું ) દરબાર, સરકાર, કચેરી
**राजन्** પું. રાજા
**राजपुत्र** પું. રાજાનો કુંવર
**राजपुरुष** પું. રાજાનો માણસ, અધિકારી
**राज्ञी** સ્ત્રી. રાણી
**राज्य** ન. રાજ્ય
**राज्यलोभाकृष्ट** વિશે. ( **राज्य** ન. રાજ્ય+**लोभ** પું. લોભ+**आकृष्ट** ખેંચાયેલું ) રાજ્યના લોભથી ખેંચાયેલું
**रात्रि** સ્ત્રી. રાત્રિ, રાત
**राम** પું. વિશેષનામ
**रावण** પું. રામનો શત્રુ, લંકાનો રાજા
**राशि** પું. ઢગલો

**राष्ट्र** ન. દેશ.
**रीति** સ્ત્રી. રીત
**रुच्** ગ. ૧, આત્મને. રુચિ થવી, ગમવું
**रुद्** રડવું
**रुध्** ગ. ૪, આત્મને. **अनु+रुध्** માનવું, તાબે થવું; **निरुध्** (કર્મણિ પ્રયોગમાં) અટકવું, થોભવું
**रुह्** ગ. ૧, પરસ્મૈ. ચડવું; **प्र+रुह्** ઊગવું
**रे रै** (અવ્યય) અરે !
**रोदन** ન. રુદન, રડવું એ

**ल**

**लक्ष्** ગ. ૧૦, **सम+लक्ष्** લક્ષ્ય આપવું, જોવું, પરીક્ષા કરવી, સાબિત કરવું
**लक्ष्मण** પું. રામનો ભાઈ
**लक्ष्मी** સ્ત્રી. લક્ષ્મી
**लग्नवेला** સ્ત્રી. મુહૂર્તની ઘડી
**लघिमन्** પું. થોડાપણું, હલકાપણું
**लघु** વિશે. લઘુ, થોડું, નાનું
**लङ्घ्** ગ. ૧, આત્મને; ઓળંગવું હરાવવું
**लज्ज्** ગ. ૬, આત્મને. લજ્જા પામવી, લાજવું, શરમાવું
**लज्जा** સ્ત્રી. લજ્જા, લાજ
**लता** સ્ત્રી. લતા, વેલ
**लतागृह** ન. લતામંડપ, વેલનો માંડવો
**लभ्** ગ. ૧, આત્મને. લાભ થવો, મેળવવું
**लम्ब्** ગ. ૧, આત્મને; **अव+लम्ब्** આશરો લેવો, પકડવું
**ललना** સ્ત્રી. સ્ત્રી
**लव** પું. રામનો પુત્ર
**लव** પું. લવલેશ, રજકણ, અણુ
**लवण** ન. લૂણ, મીઠું; વિશે. ખારું
**लाङ्गूल** ન. પૂછડું
**लाभ** પું. લાભ
**लिङ्ग** ન. જાતિ (સ્ત્રીવર્ગમાં કે પુરુષવર્ગમાં હોવાપણું)
**लुट्** ગ. ૪, પરસ્મૈ. લોટવું, આળોટવું
**लुभ्** ગ. ૪ તથા ૬, પરસ્મૈ. લોભ કરવો-રાખવો, તકાસવું, મોહિત થવું
**लोक** પું. લોક, દુનિયા
**लोभ** પું. લોભ

**व**

**वंश** પું. વંશ, કુળ
**वक्तृ** વિશે. વક્તા
**वक्षस्** ન. છાતી
**वचन** ન. વચન, ઉપદેશ, વિનંતિ

**वचनीय** વિશે. નિંદ્ય; ન. નિંદા, જે કોઇ નિંદ્ય હોય તે
**वचस्** ન. વચન
**वञ्चक** પું. ઠગારો
**वत्स** પું. બચ્ચું
**वद्** ગ. ૧, પરસ્મૈ. વદવું, કહેવું
**वध** પું. વધ, મારવું એ
**वधू** સ્ત્રી. વહુ, જુવાન સ્ત્રી
**वन** ન. વન
**वनवासिन्** વિશે. વનમાં વસનાર –રહેનાર
**वनौकस्** પું. વનમાં રહેનાર
**वन्द्** ગ. ૧, આત્મને. વંદન કરવું નમવું
**वयस्** ન. વય, ઉમર
**वयस्य** પું. મિત્ર
**वर** પું. વરદાન, બક્ષિસ, પ્રસાદ
**वरतनु** વિશે. ખૂબસૂરત અંગવાળું
**वरम्** (અવ્યય) વારુ, બહેતર; ઠીક
**वराह** પું. ડુક્કર, ભૂંડ
**वर्ण्** ગ. ૧૦, વર્ણવવું, વખાણવું
**वर्ण** પું. વર્ણ, જાત, રંગ
**वर्त्मन्** ન. રસ્તો
**वल्लभ** પું. વહાલો, ધણી
**वशा** સ્ત્રી. હાથણી, હાથીની પત્ની
**वस्** ગ. ૧, પરસ્મૈ. વસવું, રહેવું; **अधि+वस्** રહેવું
**वसत्** (**वस्**નું વ. કૃ.) વસતું
**वसति** સ્ત્રી. વાસ, રહેઠાણ
**वसन** ન. વસ્ત્ર
**वसन्त** પું. વસન્ત ઋતુ
**वसु** ન. વસુ, ધન
**वसुदेव** પું. કૃષ્ણનો બાપ
**वसुधा** સ્ત્રી. પૃથ્વી
**वस्तु** ન. વસ્તુ, વાસ્તવિક પદાર્થ
**वस्त्र** ન. વસ્ત્ર
**वह्** ગ. ૧, ઉભય. વહેવું, લઈ જવું
**वा** (અવ્યય) અથવા
**वाक्पटुता** સ્ત્રી. (**पटुता** સ્ત્રી. હોશિયારી) બોલવાની છટા
**वाक्य** ન. વાક્ય, શબ્દ
**वाच्** સ્ત્રી. વાચા, વાણી
**वाचा** સ્ત્રી. વાચા, વાણી
**वाञ्छ्** ગ ૧, પરસ્મૈ. ઈચ્છવું
**वाणी** સ્ત્રી. વાણી
**वात** પું. વા, પવન
**वातायन** ન. બારી
**वाद्** ગ. ૧૦, આત્મને **अभि+वाद्** નમવું
**वापी** સ્ત્રી. વાવ
**वायस** પું. કાગડો
**वायु** પું. વાયુ
**वारि** ન. પાણી
**वार्ता** સ્ત્રી. વાર્તા, વાત

**वास** પું. વાસ
**वासस्** ન. વસ્ત્ર, કપડું
**वासित** વિશે. ખુશબોદાર થયેલું
**वासुदेव** પું કૃષ્ણ
**विकार** પું. વિકાર, રૂપાંતર, ફેરફાર
**विकास** પું વિકાસ, પ્રકાશ, વિસ્તાર
**विग्रहसंधि** પું. (**विग्रह** પું. લડાઈ +**संधि** પું. સલાહ) લડાઈ અને સલાહ
**विघ्न** પું. વિઘ્ન, અડચણ
**विचित्र** વિશે. વિચિત્ર, રંગબેરંગી
**वित्त** ન. દોલત, ધન, વિત્ત
**विद्** [**विन्द्**] ગ. ૬, ઉભય. મેળવવું
**विद्** ગ. ૪, આત્મને. વિદ્યમાન હોવું, હોવું
**विद्या** સ્ત્રી. વિદ્યા
**विद्युत्** સ્ત્રી. વીજળી
**विद्वत्त्व** ન. વિદ્વત્તા, વિદ્વાનપણું
**विद्वस्** વિશે. વિદ્વાન, ભણેલું
**विधि** પું. વિધિ, ધર્મશાસ્ત્રની આજ્ઞા
**विधृत** (**वि**+**धृ**નું કર્મણિ ભૂત-કૃદંત) ઊંચકી રાખેલું, આધાર –આશરો આપેલું
**विधेय** વિશે કરવા યોગ્ય
**विनय** પું. વિનય, નમ્રતા
**विना** (અવ્યય) વિના, સિવાય
**विनाश** પું. નાશ.
**विपत्ति** સ્ત્રી. વિપત્તિ, આફત
**विपद्** સ્ત્રી. વિપત્તિ, આફત
**विप्रिय** ન. અપ્રિય કામ, તકસીર, વિશે. અણગમતું
**विभव** પું. ધન, દોલત, વૈભવ
**विमार्ग** પું. આડો માર્ગ–રસ્તો
**विमुख** વિશે અવળા મોંવાળું
**वियत्** ન. આકાશ
**वियोग** પું. વિયોગ
**विरात्र** પું. ચીસ
**विरूप** વિશે. કદરૂપું
**विवर** ન. ગુફા
**विवाह** પું. વિવાહ, વેશવાળ
**विविध** વિશે. વિવિધ તરેહનું
**विश्** ગ. ૬, પરસ્મૈ. પ્રવેશ કરવો પેસવું; **उप**+**विश्** બેસવું
**विशुद्ध** (**वि**+**शुध्** ગ. ૪, પરસ્મૈ. નું ભૂ. કૃ.) શુદ્ધ
**विशुद्धि** સ્ત્રી. શુદ્ધિ, સ્વચ્છતા
**विश्रामहेतोः** (**विश्राम** પું વિસામો +**हेतु** પું સબબ. એ શબ્દનો સમાસ **विश्रामहेतु** પું. એની પંચમી વિભક્તિનું એકવચન) વિસામો ખાવાના સબબથી
**विश्व** સર્વ. વિશ્વ બધું
**विश्वकर्मन्** પું વિશ્વકર્મા
**विश्वामित्र** પું. એક ઋષિ

**विश्वासकारण** ન. (**विश्वास** પું. ભરોસો+**कारण** ન. કારણ) વિશ્વાસનું કારણ
**विष** ન. વિષ, ઝેર
**विष्णु** પું. વિષ્ણુ
**विहग** પું. પક્ષી
**विहित** (**वि**+**धा**નું ભૂ. કૃ.) ફરમાવેલું, સ્થાપેલું, કરેલું
**वीथि** સ્ત્રી. રસ્તો, શેરી
**वीर** પું. વીર, શૂરો, લડવૈયો
**वीर्य** ન. વીર્ય, પરાક્રમ
**वृ** (ઉપસર્ગ **परि** સાથે) વીંટાળવું, ઘેરવું
**वृक्ष** પું. વૃક્ષ, ઝાડ
**वृत्** ગ. ૧, આત્મને. વર્તવું, હોવું **निवृत्** પાછા આવવું; **प्र+वृत्** શરૂ કરવું, લઈ બેસવું; **परा+वृत्** પાછા વળવું, **परावृत्य** સં. ભૂ. કૃ. પાછા વળીને; **प्रति+नि+वृत्** પાછા આવવું
**वृथा** (અવ્યય) વૃથા, ફોગટ
**वृद्धिमत्** વિશે. વધતું, લંબાતું
**वृध्** ગ. ૧, આત્મને. વૃદ્ધિ થવી, વધવું; **सम्+वृध्** વૃદ્ધિ થવી, વધવું; આબાદ થવું
**वृन्त** ન. થડ, સાંઠો, ડાંખળી
**वृष** પું. બળદ
**वृषभध्वज** પું. મહાદેવ
**वेद** પું. વેદ
**वेधस्** પું. બ્રહ્મા
**वेप्** ગ. ૧. આત્મને. ધ્રૂજવું, થરથર
**वैकुण्ठ** ન. વિષ્ણુનું રહેવાનું ઠેકાણું
**वैयात्य** ન. અસભ્યતા, ધૃષ્ટતા
**वैर** ન. વેર, શત્રુત્વ, દુશ્મનાઈ
**व्यथा** સ્ત્રી. વ્યથા, પીડા, ઈજા
**व्यसन** ન. વ્યસન, દુઃખ, સંકટ ટેવ, લત
**व्याख्येय** વિશે. અર્થ સમજાવવા યોગ્ય, અર્થ કરવા યોગ્ય
**व्याघ्र** પું. વાઘ
**व्याध** પું. પારધી
**व्याधि** પું. રોગ
**व्याली** સ્ત્રી. વાઘણ; સાપણી
**व्रज्** ગ. ૧, પરસ્મૈ. જવું
**व्रीहि** પું. ચોખા કે ચોખાનો દાણો

**श**

**शंस्** ગ. ૧, પરસ્મૈ. પ્રશંસા કરવી, વખાણવું, કહેવું, **आ+शंस्** ગ. ૧, આત્મને. આશા રાખવી, તકાસવું
**शकुन्तला** સ્ત્રી. વિશેષનામ
**शङ्क्** ગ. ૧, આત્મને. શંકા લાવવી, વહેમ આણવો
**शङ्का** સ્ત્રી. શંકા, વહેમ

**शठ** પું. લુચ્ચો, ઠગ
**शत** ન. સો. શતક
**शत्रु** પું. શત્રુ, દુશ્મન
**शत्रुविग्रह** પું. શત્રુ, સાથે લડાઈ
**शनैस्** (અવ્યય) ધીમેધીમે, હળવે હળવે
**शम्** [**शाम्**] ગ. ૪, પરસ્મૈ. શાંત થવું
**शम्बूक** પું. વિશેષનામ
**शम्भु** પું. શંભુ, શિવ, મહાદેવ
**शय्या** સ્ત્રી. સેજ, પથારી
**शर** પું. તીર
**शरद्** સ્ત્રી. શરદ ઋતુ
**शरीर** ન. શરીર
**शरीरस्थ** વિશે. શરીરમાં રહેતું
**शव** પું. ન. શબ, મડદું
**शस्त्र** ન. શસ્ત્ર, હથિયાર
**शाखा** સ્ત્રી. શાખા, ડાળી
**शान्ता** સ્ત્રી. રામની બહેન
**शान्ति** સ્ત્રી. શાંતિ
**शाला** સ્ત્રી. શાળા
**शास्** રાજ્ય ચલાવવું
**शासत्** (**शास्** નું વ. કૃ.) રાજ્ય ચલાવતું
**शासन** ન. શાસન, હુકમ
**शास्त्र** ન. શાસ્ત્ર
**शिक्ष्** ગ. ૧, આત્મને. શીખવું
**शिखर** પું. ન. શિખર
**शिखरिन्** પું. પર્વત
**शिरस्** ન. શિર, માથું
**शिला** સ્ત્રી. શિલા, પથ્થર
**शिव** ન. કલ્યાણ, સુખ
**शिवालय** ન. શિવનું દેરું
**शिशिर** પું. શિશિર ઋતુ
**शिशु** પું. બાળક
**शिष्य** પું. શિષ્ય, વિદ્યાર્થી
**शीर्ष** ન. શીશ, માથું
**शुक** પું. સૂડો, પોપટ
**शुक्लपक्ष** પું. (**शुक्ल** વિશે. ધોળું +**पक्ष** પું. પખવાડિયું) શુક્લ પક્ષ, સુદિ, અજવાળિયું
**शुच्** ગ. ૧, પરસ્મૈ. શોચવું, શોક કરવો
**शुभ्** ગ. ૧, આત્મને. શોભવું, ઘટારત હોવું
**शुभ** વિશે. શોભા આપનારું, સારું
**शुष्** ગ. ૪, પરસ્મૈ. સુકાવું
**शूद्र** પું. શૂદ્ર
**शूद्रक** પું. વિશેષનામ
**शूलिन्** પું. શિવનું નામ
**शृगाल** પું. શિયાળ
**शोभन** વિશે. શોભા આપનારું, સારું
**शोभा** સ્ત્રી. શોભા
**शौर्य** ન. શૌર્ય, પરાક્રમ

**श्मशान** ન. સ્મશાન, મસાણ

**श्याम** વિશે. શ્યામ, કાળો

**श्यामिका** સ્ત્રી. મેલ, અસ્વચ્છતા

**श्रद्धा** સ્ત્રી. શ્રદ્ધા, વિશ્વાસ

**श्रद्धेय** વિશે. વિશ્વાસ રાખવા યોગ્ય, વિશ્વાસનીય

**श्रम्** [**श्राम्**] ગ. ૪, પરસ્મૈ. શ્રમ કરવો, થાકવું; **वि+श्रम** [**श्राम्**] વિશ્રામ લેવો, વિશ્રાન્તિ લેવી થાક ખાવો

**श्रम** પું. શ્રમ, મહેનત

**श्रवण** ન. શ્રવણ કરવું એ. સાંભળવું એ

**श्रि** ગ. ૧, ઉભય, **आ+श्रि** આશ્રય લેવો, આશરે જવું–રહેવું; શરણે જવું

**श्रीमत्** વિશે. શ્રીમંત, આબાદ, સુખી

**श्रीषेण** પું. વિશેષનામ

**श्रु** શ્રવણ કરવું. સુણવું, સાંભળવું

**श्रुति** સ્ત્રી. ધર્મશાસ્ત્ર, વેદ; સાંભળવું એ; કાન

**श्रुतिमत्** વિશે. વેદ જાણનાર, વેદપારંગત

**श्रेष्ठ** વિશે. શ્રેષ્ઠ

**श्रेयस्** વિશે. બહેતર, કલ્યાણકારક, ન. કલ્યાણ

**श्रोतृ** વિશે. શ્રોતા, સાંભળનાર

**श्लथ** વિશે. ઢીલું થયેલું

**श्लाघ्** ગ. ૧, આત્મને. વખાણવું

**श्लिष्** ગ. ૪, પરસ્મૈ. ભેટવું; **आ+श्लिष्** ભેટવું

**श्लोक** પું. શ્લોક, કવિતા, છંદ

**श्वश्रू** સ્ત્રી. સાસુ

**श्वस्** (અવ્યય) આવતી કાલે

**श्वापद** પું. શિકારી, પ્રાણી

**श्वेत** વિશે. સફેદ, ધોળું

## स

**संकट** ન. સંકટ, સંકડામણ

**संगत** પું. સંગત, મેળાપ

**संगम** પું. સંગમ

**संगीत** ન. સંગીત, ગાયન

**संगमोत्सुक** વિશે. મેળાપને માટે આતુર, મળવાને ઈન્તેજાર

**संघात** પું. જથ્થો, સમુદાય

**संचलन** ન. આમતેમ ચાલવું એ

**संतप्त** (**सम+तप्**નું ભૂ. કૃ.) તપેલું બળેલું

**संदेश** પું. સંદેશો

**संदेह** પું. સંદેહ, શંકા

**संनिधि** પું. પાડોશ

**संपद्** સ્ત્રી. સંપત્તિ, આબાદી

**संपर्क** પું. સંબંધ, સંસર્ગ

**संभार** પું. તૈયારી, સામગ્રી

**संमार्जन** ન. વાસીદું વાળવું એ, કચરો કાઢવો એ

**संश्रय** પું. આશ્રય
**संसार** પું. સંસાર, ભવ, દુનિયા
**सखि** પું. મિત્ર, દોસ્ત
**सखी** સ્ત્રી. બહેનપણી
**सगर** પું. સૂર્યવંશી રાજાનું નામ
**सचिव** પું. પ્રધાન
**सत्** (अस् હોવું, થવું એ ધાતુનું વર્તમાનકૃદંત) છતાં, સારું, ભલું; પું. સજ્જન
**सत्तत्त्व** ન. ખરેખરું તત્ત્વ
**सत्त्व** ન. સત્ય; ભલમનસાઈ, પું. પ્રાણી
**सत्य** ન. સત્ય; વિશે. ખરું, સત્ય
**सत्यम्** (અવ્યય) ખરેખર
**सत्वरम्** (અવ્યય) સત્વર, જલદી
**सद्** [सीद्] ગ. ૧, પરસ્મૈ. **अव** + **सद्** [सीद्] દુઃખી થવું; **नि+सद्** [निषीद्] બેસવું
**सदस्** ન. સભા
**सदा** (અવ્યય) સદા, સર્વકાળ, હંમેશાં
**सदाचार** પું. સદાચાર
**सदैव=सदा+एव** (અવ્યય) હંમેશ, સદા
**सद्मन्** ન. ઘર
**सन्** (अस् ગ. ૨, ના વ. કૃ. सत्‌નું પું. પ્રથમા એ. વ.) છતાં
**सभा** સ્ત્રી. સભા, ઘર
**समचित्त** વિશે. (**सम** વિશે. સરખુ+**चित्त** ન ચિત્ત) સરખા દિલવાળું, સમાન ગણતું
**समराङ्गण** ન. રણભૂમિ
**समर्थ** વિશે. સમર્થ, બળવાન, જોરાવર
**समाज** પું. સમાજ, સભા, મંડળ
**समुद्र** પું. સમુદ્ર, દરિયો
**समूह** પું સમૂહ, સમુદાય
**समृद्धि** સ્ત્રી. સમૃદ્ધિ, વિપુલતા
**सम्यक्** (અવ્યય) સારું, ઠીક
**सरस्** ન. સરોવર
**सर्प** પું. સર્પ, સાપ
**सर्वत्र** (અવ્યય) સર્વ ઠેકાણે, બધે
**सर्वथा** (અવ્યય) સર્વથા, સર્વ રીતે
**सर्वदा** (અવ્યય) સર્વદા, સદા, હમેશાં
**सवितृ** પું સવિતા, સૂર્ય
**सव्येष्टृ** પું સારથિ
**सह्** ગ. ૧. આત્મને. સહન કરવું, સહેવું
**सहचरी** સ્ત્રી. સહિયર, સોબતણ, સોબતમાં રહેનારી
**सहसा** (અવ્યય) એકદમ, એકાએક
**साक्षिन्** પું સાક્ષી
**साधयितव्य** વિશે સાધી શકાય તેવું, કર્તવ્ય (વસ્તુ)
**साधु** પું. સાધુ, સત્પુરુષ; વિશે. સારું

**साध्य** વિશે. મળી શકે એવું, કરી શકાય એવું, લભ્ય
**सान्त्व्** ગ. ૧૦, શાંત પાડવું
**सामर्थ्य** ન. સામર્થ્ય, જોર
**सारङ्ग** પું. એક જાતનું પક્ષી
**सारथि** પું. સારથિ
**सारमेय** પું. કૂતરો
**सार्थ** પું. સાથ, ટોળું, કાફલો
**साशङ्क** વિશે. શક ભરેલું
**साष्टाङ्गपातम्** (સામાસિક અવ્યય) સાષ્ટાંગ નમસ્કાર કરીને
**साहस** ન. સાહસ, જોખમનું કામ
**सिंह** પું. સિંહ
**सिंहासन** ન. સિંહાસન
**सिच्** [ **सिञ्च्** ] ગ. ૧, ઉભય. અભિષેક કરવો, સીંચવું, છાંટવું
**सीता** સ્ત્રી. વિશેષનામ
**सीमन्** સ્ત્રી. સીમા, હદ
**सु** (નામને આરંભે અવ્યય તરીકે) સારું
**सुकृत** ન.
**सुकृति** સ્ત્રી. } સત્કર્મ
**सुचरित** ન.
**सुख** ન. સુખ, સ્વસ્થતા, નિરાંત
**सुखभाज्** વિશે. સુખી
**सुखलेश** પું. ( **लेश** પું. અંશ) સુખનો અંશ
**सुगन्धि** વિશે. સુગંધી, સુવાસિત, ખુશબોદાર
**सुजन** પું. સજ્જન, સારો માણસ
**सुमन्त्र** પું. રામનો સારથિ
**सुरभि** વિશે. ખુશબોદાર
**सुवर्ण** ન. સોનું
**सुवर्णकार** પું. સોની
**सुवृत्त** વિશે. સારી ચાલનું
**सुष्ठु** (અવ્યય) સારું, ઠીક
**सुहृद्** પું. મિત્ર
**सूक्त** ન. વેદનો મંત્ર
**सूत्रधार** પું. સૂત્રધાર
**सूद्** ગ. ૧૦, **नि+सूद्** [ **निषूद्** ] નાશ કરવો, ફના કરવું
**सूद** પું. રસોઈયો
**सूनु** પું. દીકરો
**सूर्य** પું. સૂર્ય
**सृ** (**सर्**) ગ. ૧, પરસ્મૈ. સરકવું, ખસવું, જવું; **प्र+सृ** પ્રસાર થવો, પસરવું, ફેલાવું; **अनु+सृ** અનુસરવું, પાછળ જવું
**सृज्** ગ. ૬ પરસ્મૈ. સરજવું, નિપજાવવું; મૂકી–છોડી દેવું; **अति+सृज्** આપવું
**सृष्टि** સ્ત્રી. સૃષ્ટિ
**सेना** સ્ત્રી. સેના, લશ્કર
**सेनापति** પું. સેનાપતિ, લશ્કરનો સરદાર

**सेव्** ગ. ૧, આત્મને. સેવા કરવી, સેવવું; **परि+सेव्** સેવવું
**सैनिक** પું લશ્કરી સિપાઈ, લડવૈયો
**सोत्कण्ठ** વિશે. ચિંતાતુર
**सोम** પું. સોમવલ્લી કે સોમરસ
**सोमवासर** પું. સોમવાર
**सोढ** (**सह्**નું ભૂ. કૃ.) સહેવાયેલું
**सौन्दर्य** ન. સુંદરપણું, ખૂબસૂરતી
**स्तुति** સ્ત્રી. સ્તુતિ, વખાણ, પ્રાર્થના
**स्तेन** પું. ચોર
**स्त्रीरत्न** ન. રત્નરૂપી સ્ત્રી
**स्था** [**तिष्ठ्**] ગ. ૧, પરસ્મૈ. સ્થિતિ હોવી, ઊભા રહેવું; (કર્મણિરૂપ સ્થી); **अनु+स्था** પ્રમાણે વર્તવું, હુકમ બજાવવો; **उद्+स्था** ઊઠવું; **प्र+स्था** આત્મને. નીકળવું, બહાર જવું
**स्थान** ન. સ્થાન, જગ્યા, ઠેકાણું
**स्निह्** ગ. ૪, પરસ્મૈ. સ્નેહ રાખવો
**स्निग्ध** (**स्निह्**નું ભૂતકૃદંત) માયાળુ, મમતાળુ, સ્નેહશીલ
**स्नेह** પું. સ્નેહ
**स्पन्द्** ગ. ૧, આત્મને. ફરકવું, ધડકવું
**स्पर्ध्** ગ. ૧, આત્મને. બરોબરી કરવી, સરસાઈ કરવી
**स्पृश्** ગ. ૬, પરસ્મૈ. સ્પર્શ કરવો, અડકવું
**स्पृष्ट** (**स्पृश्**નું ભૂ. કૃ.) સ્પર્શ કરેલું, અડકેલું
**स्पृह्** ગ. ૧૦, ઝંખવું, તૃષ્ણા રાખવી
**स्फुर्** ગ. ૬, પરસ્મૈ. ફરકવું, તરફડવું
**स्मि** ગ. ૧, આત્મને. હસવું, મોં મલકાવવું; **वि+स्मि** વિસ્મય પામવો, આશ્ચર્ય પામવું
**स्मृ** (**स्मर्**) ગ. ૧, પરસ્મૈ. સ્મરણ કરવું, સંભારવું, યાદ રાખવું; **वि+स्मृ** (**स्मर्**) વીસરવું, ભૂલી જવું
**स्मृति** સ્ત્રી. સ્મરણ, યાદદાસ્ત, સ્મૃતિ (ધર્મશાસ્ત્ર)
**स्रंस्** ગ. ૧, આત્મને. ખરવું, નીચે પડવું
**स्रष्टृ** પું. સૃષ્ટિકર્તા; વિશે. સરજનહાર
**स्वकृत्य** ન. પોતાની ફરજ
**स्वदेश** પું. (**स्व** પોતાનો+**देश** પું. મુલક) સ્વદેશ
**स्वप्न** પું. સ્વપ્ન, શમણું
**स्वर्ग** પું. સ્વર્ગ
**स्वविषय** પું. (**विषय** પું. મુલક) પોતાનો મુલક
**स्वसृ** સ્ત્રી. બહેન
**स्वस्ति** (અવ્યય) સ્વસ્તિ, અખંડ કલ્યાણ
**स्वस्थ** વિશે. સ્વસ્થ, શાંત

**स्वाद्** ગ. ૧, આત્મને. સ્વાદ પડવો, ચાખવું, ભાવવું
**स्वादु** વિશે. સ્વાદવાળું
**स्वामिगुणोपेत** વિશે. ( **स्वामिन्** ધણી+**गुण** ગુણ+**उपेत** યુક્ત ) ધણીના ગુણોથી યુક્ત
**स्वामिन्** પું. સ્વામી, ધણી
**स्वास्थ्य** ન. સ્વસ્થતા, શાંતિ
**स्वीय** વિશે. પોતાનું

**ह**

**हन्** હણવું, મારવું
**हरण** ન. હરણ કરવું એ, લઈ જવું એ
**हरि** પું. વિશેષનામ
**हरिण** પું. હરણ
**हर्म्य** ન. હવેલી
**हलाहल** ન. હળાહળ, ઝેર
**हविस्** ન. બળિદાન
**हस्** ગ. ૧, પરસ્મૈ. હસવું **वि+हस्** મશ્કરીમાં હસવું, મશ્કરી કરવી
**हस्त** પું. હાથ
**हि-प्र+हि** મોકલવું
**हित** વિશે. હિતકારક; ન. હિત, ભલું
**हितकर** વિશે. હિતકર, ફાયદાકારક
**हिम** ન. બરફ.
**हुतभुज्** પું. અગ્નિ
**हृ** ગ. ૧, ઉભય. હરણ કરવું, લઈ જવું, હરી જવું; **आ+हृ** આહાર કરવો, ખાવું; ( યજ્ઞ ) કરવો; **परि+हृ** ખસેડવું, દૂર કરવું, **प्र+हृ** પ્રહાર કરવો, મારવું; **वि+हृ** ક્રીડા કરવી
**हृदय** ન. હૃદય, હૈયું
**हे** (અવ્યય) અહો, અરે
**हेमन्** ન. સોનું
**होतृ** પું. પુરોહિત, ગોર, હવન કરનારો
**ह्यस्** (અવ્યય) ગઈ કાલે
**ह्लाद्** ગ. ૧૦; **आ+ह्लादय्** ખુશ કરવું, આનંદ આપવો; આહ્લાદિત કરવું
**ह्वे** ગ. ૧, ઉભય. બોલાવવું

# ગુજરાતી સંસ્કૃત શબ્દકોશ

અખંડ કલ્યાણ स्वस्ति (અવ્યય)
અગ્નિ अग्नि પું., हुतभुज् પું.,
  अनल પું.
અગ્ર अग्र ન.
અંગ્રેજ अङ्गल પું., आङ्गल પું.
અગણિત असंख्येय વિશે.
અગાશી प्रासादतल ન. (प्रासाद મહેલ+तल તળિયું, પૃષ્ઠ)
અગોચર अभूमि સ્ત્રી.
અંગીકાર કરવું परि+सेव् ગ. ૧, આત્મને.
અજવાળિયું शुक्लपक्ष પું.
અજ્ઞાન अज्ञान ન.
અટકવું वि+रम् ગ. ૧, પરસ્મૈ.
અટકાવવું नि+रुध् (કર્મણિ પ્રયોગમાં)
અટકાયેલું कुण्ठित (कुण्ठ् નું કર્મણિ ભૂ. કૃ.)
અટકાવાયેલું प्रतिहत (प्रति+हन् નું કર્મણિ ભૂ. કૃ.)
અડકવું स्पृश् ગ. ૬, પરસ્મૈ.
અડચણમાં આવેલું प्रतिहत (प्रति+हन् નું કર્મણિ ભૂ. કૃ.)
અડકેલું स्पृष्ट (स्पृश् નું ભૂ. કૃ.)
અડદ माष પું.
અણગમતું विप्रिय વિશે.
અણુભરોસાદાર अविश्वास्य વિશે.
અતિશય } अतीव (અવ્યય)
અત્યંત } परम વિશે.
અત્યંતતા प्रकर्ष પું.
અથવા अथवा (અવ્યય), उत (અવ્યય), वा (અવ્યય)
અદેખાઈ अक्षमा સ્ત્રી.
અધર્મ अधर्म પું.
અધિકારી राजपुरुष પું.
અધિકાર આપવો अधिकृ (अधि+कृ)
અધિપતિ अधिपति પું., भर्तृ પું.
અધીરા થવું त्वर् ગ. ૧, આત્મને.
અનર્થ अनर्थ પું.
અનાજ धान्य ન.
અનાથ अशरण વિશે.
અનિષ્ટ अनर्थ પું., अनिष्ट ન.
અનુભવવું अनु+भू ગ. ૧, પરસ્મૈ. भावय (भू ના પ્રેરક પ્રયોગના આજ્ઞાર્થનું દ્વિ. પુ. એકવચન)
અનુસરવું अनु+सृ (सर्) ગ. ૧, પરસ્મૈ. अनु+गम् [गच्छ्] ગ. ૧. પરસ્મૈ.
અને च (અવ્યય)
અંતઃકરણ अन्तःकरण ન.
અંતપુરનો વડો અધિકારી कञ्चुकिन् પું.

અંતરાય आवरण ન.
અંદરનો આત્મા-જીવ अन्तरात्मन् પું.
અંધારું तमस् ન.
અપરાધનો લેશ अपराधलव પું.
અપવિત્ર કરાયેલું दूषित ( दुष्ના પ્રેરકનું ભૂ. કૃ. )
અપ્રિય अप्रिय વિશે.
અભિષેક अभिषेक પું.
અભિષેક કરવાને अभिषेक्तुम् (अभि+सिच् ગ. ૬, ઉભય.નું હે. કૃ. )
અભ્યાસ अध्ययन ન.
અમૃત अमृत ન.
અંબોડો कबरी સ્ત્રી.
અરે भोस् (અવ્યય), हा, (અવ્યય) हे (અવ્યય), रे रे (અવ્યય)
અર્ધ્ય अर्ध्य ન.
અર્થ કરવા યોગ્ય व्याख्येय વિશે.
અવકાશ अवकाश પું.
અવજ્ઞા अवधीरणा સ્ત્રી.
અવજ્ઞા કરવી अव+मन् ગ. ૪, આત્મને.
અવદશા दुर्दशा સ્ત્રી.
અવયવ गात्र ન.
અવળા મોં વાળું विमुख વિશે.
અવાજ ध्वनि પું.
અવિષય अभूमि સ્ત્રી.
અંશ लेश પું.
અશુદ્ધ दूषित (दुष् પ્રેરકનું ભૂ. કૃ.)
અસત્ય अनृत ન., असत्य ન.
અસ્થિર अध्रुव વિશે.
અસભ્યતા वैयात्य ન.
અસ્વચ્છતા श्यामिका સ્ત્રી.
અહીં अत्र (અવ્યય)
અહિંયાં इह (અવ્યય)
અહો भोस् (અવ્યય), हे (અવ્યય) रे रे (અવ્યય)

આ

આંખ नयन ન. चक्षुस् ન., नेत्र ન.
આંસુ अश्रु ન.
આકાશ अम्बर ન., वियत् ન., नभस् ન.
આકાશ અને પૃથ્વી द्यावापृथिवी સ્ત્રી. (દ્વિવચનમાં)
આગળ पुरस् (અવ્યય), पुरतस् (અવ્યય)
આગેવાન नायक પું.
આચરવું आ+चर् ગ. ૧, પરસ્મૈ.
આચાર્ય आचार्य પું., गुरु પું.
આચ્છાદન आवरण ન.
આજ अद्य (અવ્યય)
આ જાતનું एतादृश વિશે.
આજીજી निर्बन्ध પું.

આડો રસ્તો विमार्ग પું.
આણવું आ+नी ગ. ૧, ઉભય.
આત્મા आत्मन् પું., अन्तरात्मन् પું.
આતુર सोत्कण्ठ વિશે.
આથી अतः (અવ્યય)
આદર आदर પું.
આધ્યાત્મિક आध्यात्मिक વિશે.
આનંદ થવો रम् ગ. ૧, આત્મને.
આનંદ પામવો अभि+नन्द् ગ. ૧, પરસ્મૈ.
આપ भवत् સર્વનામ
આપનાર दातृ વિશે.
આપની હજૂર भवत्सकाश પું. (भवत् સર્વ. આપ+सकाश પું. પાડોશ)
આપવું दा [यच्छ्] ગ. ૧, પરસ્મૈ. अति+सृज् ગ. ૬, પરસ્મૈ., प्र+दा (કર્મણિ ૩૫ દી)
આપવા યોગ્ય प्रदेय વિશે.
આફત आपद् સ્ત્રી., विपद् સ્ત્રી., विपत्ति સ્ત્રી.
આબરૂદાર માણસ आर्य પું.
આબાદ श्रीमत् વિશે.
આબાદ થવું सम्+ऋध् ગ. ૪, પરસ્મૈ.
આબાદી भूति સ્ત્રી., संपद् સ્ત્રી., समृद्धि સ્ત્રી.
આમતેમ ચાલવું એ संचलन ન.
આયુષ जीवित ન.
આરાધના आराधन ન.
આરંભ आरम्भ પું.
આરોપ आरोप પું.
આર્ય आर्य પું.
આવવું आ+या, सम्+आ+या
આવતી કાલે श्वस् (અવ્યય)
આશરે જવું आ+श्रि ગ. ૧, ઉભય.
આશરો આપેલો विधृत (वि+धृનું કર્મણિ ભૂ. કૃ.)
આશરો લેવો अव+लम्ब् ગ. ૧, આત્મને., भज् ગ. ૧, ઉભય. नि+सेव् ગ. ૧, આત્મને.
આશા आशा સ્ત્રી.
આશા રાખવી आ+शंस् ગ. ૧, આત્મને.
આશ્ચર્ય પામવું वि+स्मि ગ. ૧, આત્મને.
આશીર્વાદ आशीर्वाद પું.
આશ્રય संश्रय પું.
આશ્રિત अनुजीविन् વિશે.
આસન आसन ન.
આસ્તે क्रमेण (क्रमની તૃતીયાનું એકવચન), शनैस् (અવ્યય)
આળસ जाड्य ન.
આળોટવું लुट् ગ. ૪, પરસ્મૈ.

### ઇ - ઈ

ઇંગ્લિશ आङ्ग्लभौम પું., अङ्गल-आङ्गल પું.

ઈંગ્લાંડ आङ्ग्लभूमि સ્ત્રી.

ઇચ્છવું इष् [इच्छ्] ગ. ૬, પરસ્મૈ. वाञ्छ् ગ. ૧, પરસ્મૈ.

ઇચ્છા अभिरुचि સ્ત્રી., अभिलाष પું., इच्छा સ્ત્રી., काम પું. લોભ પું., तृष्णा સ્ત્રી.,

ઇચ્છેલું इष्ट (इष् ગ. ૬, પરસ્મૈ.નું ભૂ. કૃ.)

ઇજા अहित ન, व्यथा સ્ત્રી.

ઇન્સાફની કચેરી न्यायसभा સ્ત્રી.

ઇનામ पारितोषिक ન.

ઇન્દ્રની રાજધાની अमरावती સ્ત્રી.

### ઉ

ઉગ્ર चण्ड વિશે.

ઉતાવળ जव પું.

ઉતાવળથી सत्वरम् (અવ્યય)

ઉત્કંઠા उत्कण्ठा સ્ત્રી.

ઉત્કૃષ્ટતા प्रकर्ष પું.

ઉત્પત્તિ प्रभव પું.

ઉત્પન્ન થવું जन् [जा] ગ. ૪, આત્મને., उद्+भू ગ. ૧, પરસ્મૈ. उद्+पद् ગ. ૪, આત્મને.

ઉત્પન્ન થયેલું जात (ભૂ. કૃ.)

ઉત્પત્તિસ્થાન प्रभव પું.

ઉત્સાહ उत्साह પું.

ઉદ્ધાર કરવો उद्+धृ ગ. ૧, ૧૦, ઉભય.

ઉદ્યમ उद्यम પું.

ઉદ્યમ જેવું उद्यमसम વિશે.

ઉદ્યોગ उद्योग પું.

ઉદ્યોગી दक्ष વિશે.

ઉનાળો ग्रीष्म પું.

ઉપકાર उपकार પું.

ઉપજાવેલું निर्मित (निर्+मानुं ભૂ.કૃ.)

ઉપજીવિકા जीविका સ્ત્રી.

ઉપદેશ उपदेश પું.

ઉપભોગ भोग પું.

ઉપરી अधिपति પું.

ઉપાય उपाय પું.

ઉમર वयस् ન.

ઉવેખવું उप+ईक्ष् ગ. ૧, આત્મને.

### ઊ

ઊગવું रुह् ગ. ૧, પરસ્મૈ., प्र+रुह्

ઊજળો उज्ज्वलम् (અવ્યય)

ઊઠવું उद्+स्था [तिष्ठ्] ગ. ૧, પરસ્મૈ.

ઊઠીને उत्थाय (उद्+स्थानुं સંબંધક ભૂ. કૃ.)

ઊડવું डी ગ. ૧, આત્મને., उद्+डी

ઊતરતું अवतरत् ( अव+तृ ગ. ૧, પરસ્મૈ.નું વ. કૃ )

ઊભા રહેવું स्था [तिष्ठ्] ગ. ૧. પરસ્મૈ.,

ઊભેલું तस्थिवस् વિશે.

ઋ

ઋતુ ऋतु પું.

ઋષિ ऋषि પું.

એ

એ अपि (અવ્યય)

એક एक સર્વ.

એકઠું કરવું એ अन्वय પું.

એકઠા મળવું सम्+गम् [गच्छ्] ગ. ૧, આત્મને.

એકદમ } सहसा (અવ્યય)
એકાએક }

એટલા માટે अतः एव

એ પ્રમાણે एवम् (અવ્યય)

એમ इति (અવ્યય)

એવી રીતે इत्थम् (અવ્યય)

ઓ

ઓચ્છવ उत्सव પું.

ઓછું થતું क्षयिन् વિશે.

ઓપાવવું कत्थ् ગ. ૧. આત્મને.

ઓસડ अगद પું., औषध ન.

ઓળંગવું तृ ગ. ૧, પરસ્મૈ., पार् ગ. ૧૦. लङ्घ् ગ. ૧, આત્મને., सम् કે उद्+तृ ગ. ૧, પરસ્મૈ.

ક

કંકાસ कलि પું., कलह પું.

કંજુસ માણસ कदर्य પું.

કંઠ कण्ठ પું.

કથા कथा સ્ત્રી.

કચરો કાઢવો એ संमार्जन ન.

કચેરી सभा સ્ત્રી.

કદીયે નહિ न कदापि (અવ્યય)

કનડવું तुद् ગ. ૧, ઉભય.

કપટ कपट ન.

કપાવું छिद् (કર્મણિ પ્રયોગમાં)

કપાસ तूल પું.

કબજામાં રાખવું એ संयम પું.

કબૂલ રાખવું अनु+मन् ગ. ૪, આત્મને.

કબૂલેલું प्रतिज्ञात (प्रति+ज्ञा નું ભૂ. કૃ.)

કમળ कमल ન., पद्म ન.

કંપવું कम्प् ગ. ૧, આત્મને.

કર भावय (भू ધાતુના પ્રેરક પ્રયોગનું આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ.)

કરજદાર अधमर्ण પું.

કરતું कुर्वत् (कृ નું પરસ્મૈ. વ. કૃ) कुर्वाण (कृ નું આત્મને. વ. કૃ.)

કરનાર कर्तृ વિશે.

કરવા યોગ્ય विधेय વિશે.

કરાયેલું निर्मित (निर्+मा નું ભૂ. કૃ.)

कृत (कृनुं भू. कृ.), विहित (वि+धानुं भू. कृ.)
કરુણા कारुण्य न., करुणा स्त्री.
કર્તવ્ય कर्तव्य न.
કર્પૂરતિલકની પાસે कर्पूरतिलकसमीपम् (અવ્યય)
કલંક कलङ्क पुं.
કલ્યાણ कल्याण न., भद्र न., शिव न.
કલ્યાણકારક श्रेयस् વિશે.
કવિ कवि पुं.
કવિરાજ कवीश पुं.
કહે છે ब्रूते (ब्रू ગ. ૨, નું આત્મને. વર્તમાનકાળનું તૃ. પુ. એ. વ.)
કહેલું उक्त ( वच्नुं भू. कृ. )
કહેવું कथ् ગ. ૧૦, भाष् ગ. ૧, આત્મને. शंस् ગ. ૧, પરસ્મૈ. वद् ગ. ૧, પરસ્મૈ.
કહ્યા પ્રમાણે ચાલવું अनु+स्था [तिष्ठ्] ગ. ૧, પરસ્મૈ.
કળા कला स्त्री.
કાંટો कण्टक पुं.
કાંઠો तीर न., पार पुं.
કાકો पितृव्य पुं.
કાગડો वायस पुं.
કાચબો कूर्म पुं.
કાદવ पङ्क पुं.
કાન कर्ण पुं. श्रवण न., श्रुति स्त्री.
કાંતિ कान्ति स्त्री.
કાફલો सार्थ पुं.
કામ कर्मन् न., कृति स्त्री., अनुष्ठान न., कार्य न.
કામઠું चाप पुं., धनुष् न.
કામદેવ मदन पुं.
કારણ कारण न., निमित्त न.
કાર્તિક મહિનો कार्तिक पुं.
કાલાવાલા निर्बन्ध पुं.
કાળ काल पुं.
કાળો श्याम વિશે.
કિંવા अथवा (અવ્યય) वा (અવ્યય), उत (અવ્યય)
કીર્તિ कीर्ति स्त्री.
કુંભાર कुम्भकार पुं.
કટુંબનું માણસ कुटुम्बिन् पुं.
કુબેર धनपति पुं.
કુમારિકા कन्या स्त्री., कुमारी स्त्री.
કુશળ कुशलिन् વિશે.
કુળ वंश पुं.
કુળવાન कुलीन વિશે.
કૂતરો सारमेय पुं.
કૂવો कूप पुं.
કૃતજ્ઞતા कृतज्ञता स्त्री.
કૃપા कृपा स्त्री.
કે अथवा (અવ્યય), वा (અવ્યય) उत (અવ્યય)

કેદખાનું कारागृह न.
કેમ कथम् (અવ્યય)
કેરી आम्र न.
કેવલ केवल વિશે., केवलम् (અવ્યય)
કૈકેયી कैकेयी સ્ત્રી. (દશરથ રાજાની
સ્ત્રીનું નામ)
કોદાળો खनित्र न.
કોશ कोश पु. (ગાઉ)
ક્યાં क्व (અવ્યય), कुत्र (અવ્યય)
ક્યાંથી कुतः (અવ્યય)
ક્યારે कदा (અવ્યય)
ક્લેશ क्लेश पुं.
ક્રીડા क्रीडा સ્ત્રી.
ક્રીડા કરવી क्रीड् ગ. ૧, પરસ્મૈ.
ક્રૂર नृशंस વિશે.
ક્રોધ क्रोध पु.
ક્ષમા क्षमा સ્ત્રી.
ક્ષમા કરવી क्षम् [क्षाम्] ગ. ૪,
પરસ્મૈ., क्षम् ગ. ૧, આત્મને.

ખ

ખંડ द्वीप पु.
ખબર वार्ता સ્ત્રી., प्रवृत्ति સ્ત્રી.
ખમવું क्षम् ગ. ૪. આત્મને, क्षम्
[क्षाम्] ગ. ૪, પરસ્મૈ.
ખરવું ध्वंस् ગ. ૧, આત્મને.
ખરાબ કામ दुष्कृति સ્ત્રી.
ખરાબ ચાલ दुराचार पुं.
ખરાબ માણસ दुर्जन पुं.
ખરીદાયેલું क्रीत (क्रीनुं भू. कृ.)
ખરેખર किल (અવ્યય)
ખરેખરું તત્ત્વ सत्तत्त्व न.
ખરેખર सत्यम् (અવ્યય)
ખલાસી नाविक पुं.
ખસવું सृ (सर्) ગ. ૧, પરસ્મૈ.
ખસેડવું परि+हृ ગ. ૧, ઉભય,
अप+नी ગ. ૧, ઉભય.
ખળભળવું क्षुभ् ગ. ૪, પરસ્મૈ.
ખળાયેલું कुण्ठित (कुण्ठ्नुं भू. कृ.)
ખાડો गर्ता સ્ત્રી.
ખારું लवण વિશે.
ખાવું अद् ગ. ૨, પરસ્મૈ. आ+हृ
ગ. ૧, ઉભય., भक्ष् ગ. ૧૦
ખાસડું उपानह् સ્ત્રી.
ખુશ કરવું प्री [प्रीण्] ગ. ૧૦,
आ+ह्लाद् ગ. ૧૦
ખુશકારક आह्लादक વિશે.
ખુશ થવું मुद् ગ. ૧, આત્મને.
प्र+मुद् ગ. ૧, આત્મને.
ખુશબોદાર वासित વિશે., सुगन्धि
વિશે., सुरभि વિશે.
ખુશી रति સ્ત્રી.
ખૂબસૂરત दर्शनीय વિશે.
ખૂબસૂરત સ્ત્રી वरतनु સ્ત્રી.
ખૂબસૂરતી सौन्दर्य न.

ખેંચેલું आकृष्ट (आकृष्‌નું ભૂ. કૃ.)
ખેડવું कृष् ગ. ૬, પરસ્મૈ.
ખેડૂત कृषीवल પું.
ખેતર क्षेत्र ન.
ખેલવું क्रीड् ગ. ૧. પરસ્મૈ.
ખોટા રસ્તો विमार्ग પું.
ખોદવું खन् ગ. ૧, ઉભય., उद्+खन्
ખોદેલું उत्खात (उद्+खन् ભૂ. કૃ.)
ખોળામાં બેઠેલું उत्सङ्गवर्तिन् વિશે. (उत्सङ्ग પું. ખોળો)
ખોળી કઢાયેલું निरूपित (नि+रूप् નું ભૂ. કૃ.)

ગ

ગઈ કાલ ह्यस् (અવ્યય)
ગંગા गङ्गा સ્ત્રી., भागीरथी સ્ત્રી.
ગણવું गण् ગ. ૧૦
ગણકારવું गण् ગ. ૧૦, ईक्ष् ગ. ૧, આત્મને.
ગતિ गति સ્ત્રી.
ગન્ધર્વ गान्धर्व પું (સ્વર્ગમાં રહેનારા દેવોમાંની એક જાત)
ગભરાયેલો भ्रान्त (भ्रम्‌નું ભૂ. કૃ.), पर्याकुल વિશે.
ગભરાવું क्षुभ् ગ. ૪, પરસ્મૈ.
ગમવું रुच् ગ. ૧, આત્મને.
ગયેલું गत (गम्‌નું ભૂ. કૃ.) यात (याનું ભૂ. કૃ.)
ગરમ चण्ड વિશે.
ગરીબ दीन વિશે.
ગરીબપણું दारिद्र्य ન., दैन्य ન.
ગરિષ્ઠ उद्धत (उत्+हन्‌નું કર્મણિ ભૂ. કૃ.)
ગવૈયો गायक પું.
ગળવું गल् ગ. ૧, પરસ્મૈ. द्रु ગ. ૧, પરસ્મૈ.
ગાંડા થવું मद् [माद्] ગ. ૪, પરસ્મૈ.
ગાઉ क्रोश પું.
ગાય धेनु સ્ત્રી.
ગાયન गान ન., संगीत ન.
ગાયની કોડ गोष्ठ પું. ન.
ગાલ कपोल પું.
ગાવું गै ગ. ૧, પરસ્મૈ.
ગીત गीत ન. संगीत ન.
ગુણ गुण પું.
ગુણ જાણનાર गुणज्ञ વિશે.
ગુણવાન गुणवत् વિશે., गुणिन् વિશે.
ગુનેગાર अपराधिन् વિશે.
ગુનો अपराध પું.
ગુફા विवर ન.
ગુરુ गुरु પું. आचार्य પું.
ગુસ્સે થવું कुप् ગ. ૪, પરસ્મૈ. क्रुध् ગ. ૪, પરસ્મૈ.
ગૂંથવું એ ग्रथन ન.
ગોઠવવું रच् ગ. ૧૦

ગોર હોતૃ પું.
ગોત્ર ગોત્ર ન.
ગોવાળ ગોપ પું.

घ

ઘટારત હોવું शुभ् ગ. ૧, આત્મને.
ઘડો घट પું.
ઘણીવાર बहुशस् (અવ્યય)
ઘણું કરીને प्रायस् (અવ્યય)
ઘણું अतीव (અવ્યય), बहु વિશે.
ઘર गृह ન., भवन ન., सद्मन् ન.
ઘડપણ जरा સ્ત્રી.
ઘરડો પુરુષ जरठ પું.
ઘરેણું अलङ्कार પું.
ઘસાઈ જવું क्षि (क्षय्) ગ. ૧, પરસ્મૈ.
ઘી घृत ન.
ઘેરવું परि+वृ
ઘેલા થવું मुह् ગ. ૪, પરસ્મૈ.
ઘોડો अश्व પું., रथ्य પું.

च

ચકોર चकोर પું.
ચડતી ભૂમિ સ્ત્રી. अभ्युदय પું.
ચડવું आ+रुह् ગ. ૧, પરસ્મૈ.
ચડિયાતું જેનાથી બીજું ન હોય એવું निरतिशय વિશે.
ચતુરાઈ चातुर्य ન.
ચપલ चञ्चल વિશે.
ચાંદની कौमुदी સ્ત્રી., ज्योत्स्ना સ્ત્રી.
ચન્દ્ર इन्दु પું. चन्द्र પું. चन्द्रमस् પું.
ચંદ્રાપીડ चन्द्रापीड પું. ( એક રાજપુત્રનું નામ છે )
ચમત્કારિક હથિયાર अस्त्र ન.
ચરિત્ર चरित ન.
ચળકતો ધોળો (રંગ) भास्वर-शुक्ल વિશે.
ચળકવું प्र+काश् ગ. ૧, આત્મને.
ચળકાટથી उज्ज्वलम् (અવ્યય)
ચળવું चल् ગ. ૧, પરસ્મૈ.
ચાકર किङ्कर પું., भृत्य પું.
ચાકર જેવો માણસ दासजन પું. (दास પું. ચાકર+जन પું. માણસ)
ચાકરી કરનાર अनुजीविन् વિશે.
ચાખવું स्वाद् ગ. ૧, આત્મને.
ચામડું चर्मन् ન.
ચારનો જથ્થો चतुष्टय ન.
ચાર મહિના मासचतुष्टय ન.
ચાલ आचार પું.
ચાલવું चर् ગ. ૧, પરસ્મૈ. चल् ગ. ૧, પરસ્મૈ.
ચાહના अभिलाष પું.
ચાહવું स्पृह् ગ. ૧૦, अभि+नन्द् ગ. ૧, પરસ્મૈ.
ચિંતન કરવું चिन्त् ગ. ૧૦.
ચિંતાતુર सोत्कण्ठ વિશે.

ચિત્ત चित्त ન.
ચિહ્ન चिह्न ન.
ચીસ विराव પું.
ચોખા तण्डुल પું.
ચોર स्तेन પું., चोर પું.
ચોરવું चुर् (चोर्) ગ. ૧૦
ચોરી चौर्य ન.

છ

છતાં सन् (अस् ના વ. કૃ. सत् નું. પું. પ્રથમા એ. વ.)
છંદ छन्दस् ન.
છબી प्रतिकृति સ્ત્રી.
છાંટવું सिच् [सिञ्च्] ગ. ૧, પરસ્મૈ.
છાતી वक्षस् ન.
છાયા छाया સ્ત્રી.
છુપાવેલું छन्न (छद् નું કર્મણિ ભૂ. કૃ.)
છૂટું કરવું मुच् [मुञ्च्] ગ. ૧, ઉભય. उद्+धृ ગ. ૧, ૧૦, ઉભય.
છૂટું થયેલું मुक्त (मुच् નું ભૂ. કૃ.)
છેડો पार પું.
છેવટ परिणाम પું.
છોકરી नन्दिनी સ્ત્રી.
છોકરો बाल પું., डिम्भ પું., शिशु પું.
છોડાવવું उद्+धृ ગ. ૧, ૧૦, ઉભય.
છોડી દેવું त्यज् ગ. ૧, પરસ્મૈ. वि+सृज् ગ. ૬, પરસ્મૈ.

જ

જગત जगत् ન.
જગ્યા स्थान ન., शाला સ્ત્રી., अवकाश પું.
જંગલ अटवी સ્ત્રી., अरण्य ન.
જટાયુ गृध्रराज પું.
જતું गच्छत् (गम् ગ. ૧, પરસ્મૈ. વ. કૃ.)
જથ્થો अवचय પું., संघात પું., समुदाय પું.
જનાનખાનું अन्तःपुर ન.
જનાર गन्तृ વિશે.
જન્મ उद्भव પું.
જન્મવું जन् [जा] ગ. ૪, આત્મને.
જન્મેલું जात (जन् નું ભૂ. કૃ.)
જમાઇ जामातृ પું.
જમીન भूमि સ્ત્રી.
જલદી द्रुतम् (અવ્યય), अचिरात् (અવ્યય), सत्वरम् (અવ્યય)
જવાબ આપવો प्रति+भाष् ગ. ૧, આત્મને.
જવું [ક્રિયાપદ] गम् [गच्छ्] ગ. ૧, પરસ્મૈ. व्रज् ગ. ૧, પરસ્મૈ., सृ ગ. ૧, પરસ્મૈ.
જવું [ક્રિયાવાચકનામ] गमन ન., अत्यय પું.
જશ यशस् ન.

જાચક भिक्षुक પુ., याचक પુ.
જાચવું याच् ગ. ૧, ઉભય.
જાણવું ज्ञा, बुध् ગ. ૧, પરસ્મૈ., अव+गम् [गच्छ्] ગ.૧, પરસ્મૈ.
જાણે इव (અવ્યય)
જાતિ वर्ण પુ.
જાતિ जाति સ્ત્રી.
જાત્રાળુ यात्रिक પું.
જાહેર કરવું घुष् [घोष्] ગ. ૧૦
જાસૂસ दूत પુ.
જાળ जाल ન.
જિતાયેલું अभिभूत (अभि+भू નું ભૂ. કૃ.)
જિંદગી जीवित ન.
જીતતું जयत् (जि ગ. ૧, પરસ્મૈ. નું વ. કૃ.)
જીભ जिह्वा સ્ત્રી.
જીભનું ટેરવું जिह्वाग्र ન., (जिह्वा સ્ત્રી. જીભ+अग्र ન. ટોચ).
જીર્ણ जीर्ण (जॄ નું ભૂ. કૃ.)
જીવ जीव પુ.
જીવવું जीव् ગ. ૧, પરસ્મ.
જુદી જુદી જાતનું विविध વિશે.
જુવાન સ્ત્રી. प्रमदा સ્ત્રી.
જૂઠું अनृत ન., असत्य ન.
જેથી यतः (અવ્યય)
પ્રમાણે यथा (અવ્યય)
જેમ यथा (અવ્યય)
જો यदि (અવ્યય)
જોઈને अवलोक्य (अव+लोक्નું સં. ભૂ. કૃ.)
જોજન योजन ન.
જોડાયેલું युक्त (युज्નું ભૂ. કૃ.), प्रपन्न (प्र+पद्નું ભૂ. કૃ.)
જોડા उपानह् સ્ત્રી.
જોતું पश्यत् (दृश् ગ. ૧, પરસ્મૈ. નું વ. કૃ.)
જોનાર द्रष्टृ વિશે.
જોર बल ન., सामर्थ्य ન.
જોરાવર प्रबल વિશે., बलवत् વિશે.
જોવાની મહેરબાની दृष्टिप्रसाद પું. (दृष्टि સ્ત્રી. નજર+प्रसाद પું. મહેરબાની)
જોવાયેલું निरूपित (नि+रूप् નું ભૂ. કૃ.)
જોવું दृश् [पश्य्] ગ. ૧, પરસ્મૈ., ईक्ष् ગ. ૧, આત્મને., प्र+ईक्ष् ગ. ૧, આત્મને, सम्+लक्ष् ગ. ૧૦
જ્ઞાનરૂપી અમૃત ज्ञानामृत ન. (ज्ञान ન. જ્ઞાન+अमृत ન. અમૃત)
જ્યાં यत्र (અવ્યય)
જ્યાં સુધી यावत् (અવ્યય)
જ્યારે यदा (અવ્યય)

ઝ

ઝંખવું स्पृह् ગ. ૧૦
ઝાડ तरु પું., वृक्ष પું., पादप પું.
ઝૂંપડું उटज પું.
ઝેર विष ન.

ટ

ટંટો कलि પું., कलह પું.
ટપકવું गल् ગ. ૧, પરસ્મૈ.
ટપકું बिन्दु પું.
ટેવ व्यसन ન.
ટોચ अग्र ન.
ટોળું यूथ ન.

ઠ

ઠગ शठ પું., जाल्म પું., खल પું., वञ्चक પું.
ઠગારો वञ्चक પું.
ઠપકો उपालम्भ પું.
ઠરાવવું अधि+कृ
ઠીક वरम् (અવ્યય), सम्यक् (અવ્યય)
